Saurashtra University
Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Moridhara, Daxagauri C., 2005, *સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષા ખાતા હેઠળની સંસ્થાઓ દ્વારા બજાવવામાં આવતી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓનો ઇતિહાસ અને તેની અસરો - એક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/267

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

**સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષા ખાતા હેઠળની સંસ્થાઓ દ્વારા બજાવવામાં આવતી સમાજ ઉપયોગી પ્રવૃતિઓનો ઈતિહાસ અને તેની અસરો – એક અધ્યયન**

# "HISTORY OF THE SOCIAL ACTIVITIES USEFUL TO THE SOCIETY PERFORMED BY THE INSTITUTIONS UNDER THE SOCIAL DEFENCE DEPARTMENT IN SAURASHTRA AND THEIR IMPACTS - A STUDY"

THESIS
**Submitted for the defree of**

**Doctor of Philosophy**

**(HISTORY)**
**to the Saurashtra University**
**Rajkot.**

□ □ □ □ □


Guide

**Dr. A. M. Kikani**
**M.A., Ph.D.**
Retd. Professor & Head
P.G. Department of History
Saurashtra University
Rajkot

By

**Daxagauri C. Moridhara**
(Mrs. Daxagauri A. Parmar)
**M.A., M. Phil.**


**August - 2005**

**ડો. એ. એમ. કિકાણી**
નિવૃત પ્રાધ્યાપક અને અધ્યક્ષ

ઈતિહાસ અનુસ્નાતક ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ – ૩૬૦ ૦૦૫.

---

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે **શ્રીમતી દક્ષાગૌરી સી. મોરીધરા** એ મારા માર્ગદર્શન હેઠળ અને સલાહ સુચન પ્રમાણે **"સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષા ખાતા હેઠળની સંસ્થાઓ દ્વારા બજાવવામાં આવતી સમાજ ઉપયોગી પ્રવૃતિઓનો ઈતિહાસ અને તેની અસરો - એક અધ્યયન"** શિર્ષક વાળો શોધ નિબંધ **"ઈતિહાસ"** વિષયમાં પીએચ. ડી. પદવી માટે તૈયાર કર્યો છે.

વિશેષમાં આ શોધ નિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈપણ પદવી માટે કોઈ યુનિવર્સિટીમાં રજુ થયો નથી.

ક્ષેત્રીય માહિતી તેમજ અનુભવજન્ય માહિતી ઉપર આધારીત આ મૌલિક સંશોધન પ્રથમ વખત આ યુનિવર્સિટીમાં **"ઈતિહાસ"** વિષયમાં પીએચ. ડી. ની પદવી માટે રજુ કરવામાં આવે છે.

રાજકોટ.

તારીખ : – ૦૮ – ૨૦૦૫.

**ડો. એ. એમ. કિકાણી**
એમ. એ., પીએચ. ડી.
નિવૃત પ્રાધ્યાપક અને અધ્યક્ષ
ઈતિહાસ અનુસ્નાતક ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ – ૩૬૦ ૦૦૫.

# નિવેદન

આપણે જાણીએ છીએ કે ગ્રીક શબ્દ **IOROPIA** માંથી **HISTORY** શબ્દ ઉતરી આવ્યો છે. **IOROPIA** નો અર્થ **Learning** થાય છે. અને **To Learn** એટલે શિખવું, મનુષ્યના અસ્તિત્વનો વિશ્વમાં જયારથી ઉદ્‌ભવ થયો ત્યારથી જ માનવ પોતાના માનવસહજ સ્વભાવ અને કુતુહલતાના વિચારોને કારણે પોતાના જીવન પર્યંત સુધી કંઈ ને કંઈ નવું ને નવું જાણવાની ઉત્કંઠા રાખે છે. અને આ ઉત્કંઠાને સંતોષવા જે કંઈ પ્રયત્નો કે કાર્યો મનુષ્ય કરે છે તે કોઈને કોઈ પ્રકારે શોધ ગણાય છે.

આજે ૨૧ મી સદીમાં મનુષ્ય પોતાની જાતને સંપૂર્ણ પણે સુશિક્ષિત ગણાવી રહયો છે. પરંતુ મનુષ્ય પોતાના જન્મથી મૃત્યું પર્યંત જે સમાજમાં તે રહે છે તે સમાજની કથળેલી અને દિવસેને દિવસે વધુ કથળતી જતી પરિસ્થિતિના ખ્યાલોથી વંચિત રહયો હોય તેવું જણાય છે.

સવારના પ્રાતઃ સમયે જયારે દિનચર્યાના પ્રથમ તબકકા રૂપે સમાચારપત્રો પર નજર ફેરવીએ છીએ ત્યારે તેમાં અત્યાચારો, હત્યાઓ, લૂંટફાટ અને માનસિક રીતે ક્ષુબ્ધ બની જવાય તેવા સમાચારો વાંચવા મળે છે. ત્યારે મનમાં પ્રશ્ન ઉદભવ્યા વિના રહેતો નથી કે શું સમાજ ખરેખર સુશિક્ષિત બન્યો છે ? કેમ કે મનુષ્ય આખરે તો સમાજનું જ એક અંગ છે ને ?

મનુષ્યે આ સાંપ્રત સમાજને આધુનિકતા અને ઉચ્ચ જીવન શૈલી ભલે બક્ષી, પરંતુ પોતાનીજ આજુબાજુનો સમાજ જે રીતે વધુ સુસંગઠિત અને નિષ્કલંકિત જીવન જીવતો થવો જોઈએ. તે બની શકયું નથી ઉલટાનું માનવ સમાજનું સ્તર નૈતિકતા, પવિત્રતા, કર્મનિષ્ઠતા, પરોપકારિતા વગેરે જેવા પાસાઓની દ્રષ્ટીએ

દિવસે ને દિવસે વધુ ને વધુ કથળતું જાય છે. આજે સમાજ સુરક્ષાને લગતી તમામ બાબતે અસુરક્ષાનો અનુભવ કરે છે.

આદિકાળથી આજ પર્યત સુધી વિશ્વના લગભગ તમામ દેશમાં અનેક સંસ્થાઓ સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષાને લગતી પ્રવૃતિઓમાં ગળાડુબ છે. વળી જે તે દેશની સરકાર પણ આ સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષાને લગતી તમામ બાબતો કે પાસાઓ પર સઘન કામગીરી ચલાવી રહી છે. તેમ છતા સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષાને લગતા તમામ પાસાઓ જેવા કે બાળ કલ્યાણ, બાળ અપરાધ, સ્ત્રી કલ્યાણ, વૃધ્ધ કલ્યાણ, સ્ત્રી સહાય, વિધવા સહાય, રોજગારી, આર્થિક ઉત્થાન વગેરે બાબતોની કથળેલી પરિસ્થિતિ આજના આ સાંપ્રત સમાજમાં આજે પણ ઠેરની ઠેર જ છે.

વર્તમાન સમયમાં સામાજિક સમસ્યાના મહત્વના એક પરિબળ બેકારીના નિવારણ માટે સરકારી પગલા રૂપે કાર્ય કરતી કચેરી એટલે કે રોજગાર વિનિમય કચેરી, રાજકોટ ખાતે જુનિયર કલાર્ક તરીકે હું છેલ્લા ૨૦ વર્ષથી ફરજ બજાવું છું. આ સમયગાળા દરમિયાન મારી ફરજના ભાગરૂપે બેરોજગાર ઉમેદવારોની નામ–નોંધણીની પ્રક્રિયા વખતે મારા પૂછવામાં આવેલા પ્રશ્નના પ્રત્યુતરમાં એક ઉમેદવારે જણાવેલ કે બહેન મારે કોઈ ઘર નથી, હું તો સ્પેશ્યલ હોમ ફોર બોયઝ સંસ્થામાં રહીને અભ્યાસ કરૂ છું. આમ, ઉમેદવારના એક પ્રત્યુતરે મારા માનસમાં અનેક પ્રશ્નો ઉત્પન્ન કર્યા, અને વર્તમાન સમયમાં આવા બાળકોના જીવનમાં ડોકીયું કરવામાં હું કૃતનિશ્ચયી બની.

ઓફિસની કામગીરીમાં જ અપંગ વ્યકિતઓની નોંધણીનો અલગ વિભાગ છે. તેમની નામ નોંધણી કરતા જણાયું કે આવી અપંગ વ્યકિતઓ જેવી કે

અંધ, બહેરા–મૂંગા, પોલીયોગ્રસ્ત, હાડકાની ખોડખાંપણવાળા વ્યકિતઓની સમસ્યાઓ તો સમાજમાં ઘણી રહેલી છે. તેમના પુર્નવસન માટે કાર્ય કરતી સંસ્થાઓમાં જઇ તેમના જીવનમાં ડોકીયું કરવાની પ્રબળ ઈચ્છા થઈ આવી અને આવી સંસ્થાઓ વિશે માહિતી મેળવવા સઘન પ્રયાસ કરી તપાસ કરતા માલુમ પડયું કે રાજય સરકારના સમાજ સુરક્ષાખાતા હેઠળ સરકારી અને ગ્રાન્ટ લેતી સંસ્થાઓ કાર્યરત છે. આમ સમાજના ઉપેક્ષિત વર્ગની વ્યકિતઓ અને સંસ્થાઓની સમસ્યાઓનો અભ્યાસ કરવાની મને ઉત્કંઠા વધી ગઈ. હું પોતે આવી સમસ્યાના પરિપાકરૂપ જન્મેલા બેરોજગારીના ગંભીર પ્રશ્નનો હલ શોધવા કાર્યરત એવું સંસ્થામાં કાર્ય કરી રહી હોવાથી મને આ અંગે વિસ્તૃત સંશોધન કરવાની એક સ્વાભાવિક ઈચ્છા થઈ. વળી આ ક્ષેત્રે સંશોધન કરવાથી બહુ ઓછા ખેડાયેલા એવા સૌરાષ્ટ્રના સામાજિક સુરક્ષાના ક્ષેત્રે કોઈ નવું જ કાર્ય થઈ શકશે. તેવું મને લાગ્યું તેથી મારો આ વિચાર મે મારા આત્મીય ગુરૂવર્ય અને પથદર્શક આદરણીય ડો. એ. એમ. કિકાણી સાહેબ સમક્ષ રજુ કર્યો અને વિચક્ષણ સરળતાના પ્રતિનિધી સમાન ડો. એ. એમ. કિકાણી સાહેબશ્રીએ મારા માર્ગદર્શક બનવાનું સ્વીકારી મને ઉપકૃત કરી. મારા આ સમગ્ર મહાશોધ નિબંધના માનનીય રાહબરને સાદર વંદન કરી હું તેમનો ઋણ સ્વીકાર કરું છું.

પ્રસ્તુત મહાનિબંધમાં સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષાખાતા હેઠળની સંસ્થાઓ દ્વારા બજાવવામાં આવતી સમાજ ઉપયોગી પ્રવૃત્તિનો ઈતિહાસ તેના પ્રારંભની પૂર્વભૂમિકા આવરી લઈ તેના વિકાસના પરિબળો અને વિવિધ સોપાનો દર્શાવી તેમાં રહેલા અવરોધો, તે ક્ષેત્રે મળેલી સિધ્ધીઓ તથા તેની અસરો વગેરેનું વિવેચાત્મક પરીક્ષણ કરી તેનું આલેખન કરવામાં આવ્યું છે.

સંશોધનની શરૂઆત સામાન્ય પ્રશ્ન અથવા સમસ્યાથી થાય છે. જેના મૂળમાં

કુતુહલવૃત્તિ, જિજ્ઞાસા, સર્જકતા, અવલોકન માટેનું પ્રબળ વલણ વગેરે જેવા માનસિક ગુણો રહેલા છે. મનમાં ઉઠતા પ્રશ્નો સંશોધનનો પ્રેરણા સ્તોત્ર છે. આમ આ એક જ્ઞાન પ્રાપ્તિ માટેની પ્રક્રિયા છે. સંશોધનકારમાં સહનશીલતા, બૌધ્ધિકતા, રચનાત્મકતા, ત્વરીત નિર્ણય શકિત, વ્યવહાર કુશળતા અને ખાસ આત્મસંયમ હોવી જરૂરી છે. જે બાબતોને મે મારા આ મહાનિબંધના કાર્ય દરમિયાન અહેમ મહત્વ આપ્યું છે.

વ્યકિતગત સંશોધન પધ્ધતિ અલગ અલગ હોઈ શકે પરંતુ અંતિમ ધ્યેય દરેકનું એક સરખું જ હશે. આથી સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષાખાતા હેઠળની સંસ્થાઓ દ્વારા બજાવવામાં આવતી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓનો ઈતિહાસ અને તેની અસરો એક અધ્યયનના માર્ગે ચાલીને તેમની સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓનું સમાજને દર્શન કરાવવાનો પ્રયાસ આ સંશોધનનો છે તેમ કહેવું યોગ્ય ગણાશે. સમાજ ઉપયોગી પ્રવૃત્તિના આ પવિત્ર કાર્યોને સમાજ સમક્ષ રજૂ કરવા માટે સહયોગ આપનાર સર્વેનો આદર વ્યકત કરવાનું હું પહેલા સ્વીકારુ છું.

મારા આ ઉપર્યુકત મહાનિબંધ માટે કાર્ય કરવાની મંજૂરી આપવા માટે હું મારી કચેરીના નિયામકશ્રી, રોજગાર અને તાલીમ તથા મારા શોધનિબંધના કાર્યક્ષેત્રના નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, અમદાવાદની કાયમી ઋણી રહીશ. આ સાથે જ મારા આ કાર્ય માટે સમાજ સુરક્ષા વિભાગ, ગુજરાત રાજય હેઠળના સૌરાષ્ટ્રના તમામ સમાજ સુરક્ષા અધિકારીશ્રી તેમજ તેમની હેઠળની ઉક્ત બધી જ સંસ્થાઓના અધિક્ષકો, નાયબ અધિક્ષકો તથા સમગ્ર કર્મચારીગણનો અને સ્વૈચ્છિક સંસ્થાઓના તમામ સ્ટાફનો હું આ તબકકો અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કરું છું, કે જેઓએ મને સંસ્થાઓની વારંવારની મુલાકાતો દરમિયાન નિષ્ઠાપૂર્વક સાથ સહકાર આપેલ છે અને મારા કાર્યના પથમિત્રો બનેલ છે.

સૌરાષ્ટ્ર યુનિર્વસિટી રાજકોટના એમ. એસ. ડબલ્યુ. ભવનના વડા શ્રી વાધાણી સાહેબના વિનમ્રતાભર્યા મંતવ્યોએ મારા આ મહાનિબંધને ઘાટ આપ્યો છે. તો ગુજરાત વિધાપીઠ, અમદાવાદના એમ. એસ. ડબલ્યુ. વિભાગના વડા ડો. સાનંદ સાહેબશ્રી સાથેની મારી ટૂંકી મુલાકાત દરમિયાન પણ આ શોધનિબંધ અંતર્ગત મારા મનમાં ઉઠતા સાહજિક પ્રશ્નોનો ઉકેલ સાપડયો છે. આ માનનીય વ્યકિતત્વોને હું આદરની લાગણી સમર્પિત કરું છું.

મારી કર્મભૂમિરૂપ મારી કચેરી જેના વડાશ્રી તથા તમામ સહ કર્મચારીગણ અને મારી સાથી મિત્રોએ મને આ કાર્ય માટે પ્રેરણાસભર ઉત્સાહ પૂરો પાડયો છે, તે બદલ તેમની હું કાયમી ઋણી રહીશ.

મારા આ મહાનિબંધ અને મારી અધ્યયન શીલતા માટે મને આકરી પ્રેરણા આપનાર મારા જીવનસાથી પ્રિયજન, મિત્ર અને માર્ગદર્શક અશોક પરમાર પ્રત્યે હું અહોભાવ દર્શાવું છું. મારા પુત્ર જયરાજનો લાગણીશીલ અને વિષયરૂપ રસ મારા સંશોધનનું પ્રેરણાબળ બનેલ છે. અમારી ત્રિપુટીએ આ અભ્યાસગાળાની શિક્ષણ સાધનાને આદરપૂર્વક માણી છે, તેનો મને સંતોષ છે.

મારા પૂજય માતૃતુલ્ય પ્રેમાળ સાસુ શ્રીમતિ મયાકુંવરબેન અને મારા પિતાશ્રી છગનભાઈ તેમજ મારા માતુશ્રી મુકતાબેનના મૌન આશિષોએ મને કાર્ય સંપન્ન કરવામાં સંકલ્પ બળ પૂરું પાડયું છે. જેઓને મારા પ્રણામ પાઠવી ઋણ અદા કરૂ છું.

અંતમાં મારા સમગ્ર સંશોધન કાર્ય દરમિયાન મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય કરનાર તમામ નામી, અનામી, ગુરૂજનો, સ્નેહીજનો, સ્વજનો તથા

સહૃદયી મિત્રોનો ઋણ સ્વીકાર કરું છું.

મારા ઉપરોકત વિષયના મહાનિબંધના કાર્ય દરમિયાન કયાંય પણ કોઈ ક્ષેત્રે કોઈને પણ ઠેસ પહોચાડવાનો મારો લેશ માત્ર ઈરાદો નથી. કેમ કે ઈતિહાસના વિધાર્થીની તરીકે સારૂ કહેવા કરતા સાચું કહેવામાં હું વિશેષ માનું છું. તેથી તે જાહેરમાં કબુલુ છું. જે માટેની મારી આ લાગણીનો સ્વીકાર કરવા સાદર વિનંતી કરું છું.

સંશોધનના માર્ગે મે આ સૌરાષ્ટ્રમાં સમાજ ઉપયોગી પ્રવૃત્તિ કરતી સંસ્થાઓને સમાજ સમક્ષ લાવવાનો પ્રયત્ન કર્યો છે. મારા આ સંશોધન દ્વારા સમાજના આ ઉપેક્ષિત વર્ગ તરફના દ્રષ્ટિકોણમાં સમાજ દ્વારા બદલાવ આવશે તો આ સંશોધનમાં મે લીધેલો રસ અને શ્રમ સાર્થક બની રહેશે અને તે મારા કાર્યની સરાહના ગણાશે.

**રાજકોટ** **દક્ષાગૌરી છગનલાલ મોરીધરા**

**ઉર્ફે**

**તારીખઃ–** **(શ્રીમતી દક્ષાગૌરી એ. પરમાર)**

# પ્રકરણ – ૧
## પ્રાસ્તાવિક

### પ્રસ્તાવના :–

સામાજિક સમસ્યાનો ઈતિહાસ માનવ સમાજ જેટલો જ જુનો છે  સમાજના ઉદભવ સાથે જ સામાજિક હુંફ, પ્રેમ, કાર્ય, એક બીજાને મદદ દાન અને વિશ્વપ્રેમના બીજ પણ પ્રાચીનકાળથી જ રોપાયેલા છે. અને એજ રીતે સામાજિક સુરક્ષાનો અર્થ "મારિસ સ્ટેક" ના શબ્દમાં જોઈએ તો મોટે ભાગે એવો ગણી શકાય કે આકસ્મિક મુશ્કેલીઓના સમયમાં જે કાર્ય દ્વારા તેમના પ્રત્યે કામ કરવામાં આવે છે તે કાર્યને સામાજિક સુરક્ષા ગણી શકાય.[૧]

પ્રાચીન કાળમાં પણ સામાજિક સમસ્યાઓ હતી જ. માનવ સંબંધોમાં વિખવાદ, નિરક્ષરતા, શોષણ અને અત્યાચાર વગેરે પરિસ્થિતિ પહેલા પણ હતી જ પરંતુ તે વખતે માનવીની સામાજિક સભાનતાનો વિકાસ ઓછો થયો હતો તેથી એવી અનેક પરિસ્થિતિઓ કે જે, લોકોના જીવન માટે હાનિકારક હતી તેને પણ લોકો સામાજિક સમસ્યા તરીકે સ્વીકારતા ન હતા.

પ્રાચીન કાળમાં વસ્તી ઓછી હતી, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, યાંત્રીકરણ વગેરે પ્રક્રિયાઓ વિકસી ન હતી. આથી વિપરીત અસરોમાંથી લોકો મૂકત હતા. પ્રાચીનકાળના લોકો મહદ અંશે ઉપભોગવાદી નહિ પણ ઉપયોગીતાવાદી જીવન જીવતા, આથી તે વખતના સમયમાં સમસ્યાઓનું પ્રમાણ, તીવ્રતા અને ગંભીરતા

---

૧. પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે. – ભારતની સામાજિક સમસ્યાઓ – અનડા પ્રકાશન, અમદાવાદ – ૨૦૦૦, પાના નં. – ૩.

ઓછા હતા. લોકો રૂઢીઓ અને પરંપરાઓ અનુસાર જીવન જીવતા હતા. સમાજનું કદ નાનું હોવાથી લોકોના વર્તન પર સમાજનું અનૌપચારિક નિયંત્રણ અસરકારક બનતું પરંતુ વર્તમાન સમયમાં નવી વિચારસરણી અને વ્યકિતગત મૂલ્યો વિકસતા શહેરીકરણ, ઉદ્યોગીકરણ, યાંત્રીકરણ વગેરે પ્રક્રિયાઓ ઉત્તરોતર ઝડપી બનવા લાગી છે અને આ બધી પ્રતિક્રિયાઓની વિપરીત અસરો માનવીના જીવનમાં બધી જ રીતે બધી જ બાબતોમાં વ્યાપક પ્રમાણમાં દેખાવા લાગી છે.

વર્તમાન પરિસ્થિતિમાં માણસની જરૂરીયાતો અતિશય વધી  જવા પામી છે. માણસ અતિશય ભૌતિકવાદી બન્યો છે. જીવનમાં દરેક ક્ષેત્રમાં આગળ વધવાની, દરજ્જો ઉંચો લઈ જવાની ગળાકાપ સ્પર્ધા અને ચંચળતા ઉદભવી છે. આની વિપરીત અને ઘાતક અસરો માનવીના તન, મન અને માનવ માનવ  વચ્ચેના  સામાજિક સંબંધો પર પડી છે. સામાજિક અને આર્થિક મૂલ્યો વિશેનો ખ્યાલ જ બદલાઈ ગયો છે વસ્તીનો વિસ્ફોટ થયો છે.  ભૌતિક સમૃધ્ધિના વધારાને માણસ સુખ પ્રાપ્તિના સાધન તરીકે સ્વીકારતો થયો છે.  જેના પરિણામે મનુષ્યની આસપાસની જૈવિક અને પ્રાકૃતિક પર્યાવરણની સમતુલા સામે ભયંકર જોખમ ઉભું થયું છે અને આના પરત્વે મનુષ્યને પુરી સભાનતા ઉદભવી નથી. આ ઉપરાંત ભૌતિકવાદી મનોવલણ અને પ્રવૃતિએ સમાજમાં બીજી ઘણી સમસ્યાઓને જન્મ આપ્યો છે, જેવી કે, વ્યાપક ગરીબી, બેકારી, નશીલા દ્રવ્યોનું સેવન, કૌટુંબિક વિઘટન, આપઘાત, ગુનાખોરી, માનસિક રોગો, બાળ–અપરાધ,વૈશ્યાલયો, જાતિયરોગો, દાણચોરી, કરચોરી, કાળાબઝાર, ભ્રષ્ટાચાર, ભેળસેળ, ભાવવધારો, સામાજિક તનાવ અને સંઘર્ષ વગેરે પ્રશ્નો ઉભા થાય છે.

આધુનિક સમાજશાસ્ત્રીઓ માનવસમાજમાં ઉદભવેલી આવી સમસ્યારૂપ પરિસ્થિતિઓને વૈજ્ઞાનિક રીતે સમજવા પ્રયત્નશીલ થયા છે. જેને પરિણામે સામાજિક

સમસ્યાઓ પરત્વેની સમજ સમાજમાં ઉદભવી છે વળી આવા અભ્યાસો અને સંશોધનોને પરિણામે સામાજિક સમસ્યાઓનો વૈજ્ઞાનિક ખ્યાલ સ્પષ્ટ થવા પામ્યો છે અને સામાજિક સમસ્યાઓના વૈજ્ઞાનિક અને વસ્તુલક્ષી અભ્યાસને પરિણામે સામાજિક સમસ્યાઓના વાસ્તવિક કારણો કે ઉદભવેલા પરિબળો વિશે જાણકારી પ્રાપ્ત થતા એના નિવારણ માટેના બુધ્ધિપૂર્વકના અને તાર્કિક પગલા લેવાનું શકય બન્યું છે.

## સામાજિક કાર્ય અને સામાજિક સુરક્ષા :

આપણે ઉપર જોયુ તે પ્રમાણે સામાજિક સુરક્ષાનો અર્થ, "આકસ્મિક મુશ્કેલીઓના સમયમાં જે કાર્ય દ્વારા તેમના પ્રત્યે કામ કરવામાં આવે છે તે કાર્યક્રમ મોટા ભાગે ગણી શકાય.[૨] ઔદ્યોગિક દુર્ઘટના અને એનાથી આવતી અપંગતા વગેરે ગણાવી શકાય. આવીઅપંગતા વિશે વ્યકિતએ કયારેય કલ્પના પણ ન કરી હોય."

આવી મુશ્કેલીઓના નિવારણ માટે લોકોની સહાય, સામાજિક સુરક્ષા આપતી લોક કલ્યાણ સંસ્થાઓ દ્વારા થઈ શકે આવી સેવાઓ સમાજકલ્યાણનો મહત્વનો ભાગ છે.

## સામાજિક કાર્યનો ઉદ્દેશ :

* વ્યકિતને સંતોષ પ્રાપ્ત થાય અને સમાજને અનુકૂળ બનીને જીવન જીવે.
* સામાજિક અને વ્યકિતગત સમસ્યાઓનો ઓછામાં ઓછો ઉદભવ થાય.
* સમાજના ઉપેક્ષિત વર્ગને એવો અહેસાસ થાય કે, પોતાનું પણ કોઈ આગવું અસ્તીત્વ છે. પોતે પણ સ્વસ્થ સમાજના એક અંગ છે એવો અહેસાસ અપાવવો.[૩]

---

૨. મોરીક સ્ટેક – The Meaning of Social Security - 1948, Page No - 41.

૩. મદન જી. આર. – સમાજકાર્ય, વિવેક પ્રકાશન – દિલ્હી – ૧૯૯૬, પાના નં. – ૧૮.

સંયુકત રાષ્ટ્રસંઘ (United Nation Organation) નું ત્રીજુ આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણ સમાજકાર્યના અભ્યાસ વિષય પર થયેલ હતું જેમાં નીચે જણાવ્યા પ્રમાણેના ઉદેશ્યો રહેલા હતા.

(અ) વ્યકિતનું લેવલ, જાતિ, ધર્મ, રાજનીતિક વિચાર અને સ્વભાવ પર ધ્યાન ન આપતા તેનો માનવના સ્વરૂપમાં સ્વીકાર કરવો. તથા એવા તમામ કાર્યો કરવા જેનાથી તેમના ગૌરવ, ચારિત્ર્ય અને આત્મ સન્માનમાં વૃધ્ધી થાય.

(બ) સમાજથી ભીન્ન વર્ગના વ્યકિત સમુહને આદરની દ્રષ્ટિથી જોવો અને સમાજ સાથે તાલમેલ થાય એવા કાર્યો કરવા જેથી તેમનું કલ્યાણ થાય.

(ક) વ્યકિતમાં આત્મ વિશ્વાસ (Self Confidance) ની ભાવનાને બળ અને પ્રોત્સાહન દેવું જેથી વ્યકિતના આત્મ વિશ્વાસમાં વધારો થાય અને તે પોતાની જવાબદારી સભાળી શકે.

(ડ) વ્યકિત સમુહ અને સમુદાયને વિષમ પરિસ્થિતિ અને કઠિનાઈઓમાં એવો મોકો આપવો કે જેથી એમનું જીવન સંતોષપ્રદ બની શકે.

(ઈ) વ્યકિત પોતાની ઈચ્છા અને આવશ્યકતાઓની પૂર્તિ માટે સારામાં સારું વાતાવરણ અને અવસર પ્રાપ્ત કરી પોતાની શકિતઓનો પ્રયોગ કરીને સંતોષ પ્રાપ્ત કરે એવી જોગવાઈ કરવી.

આમ, સામાજિક સમસ્યાઓથી પીડાતા સમુદાયની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય સંયુકત રાષ્ટ્રસંઘની સંસ્થાઓ દ્વારા માનવ સમાજની ગરિમાના પુનઃ સ્થાપનાના કાર્યને વેગવંતુ બનાવવાના સૂચનો અમલી બનાવવામાં આવ્યા.[૪]

ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોવા જઈએ તો આ કાર્યની શરૂઆત વિશ્વમાં કયારે થઈ એ પ્રશ્નો સહજ ઉદભવ્યા વિના રહી શકે નહિ.

૪. મદન જી. આર. – સમાજકાર્ય, વિવેક પ્રકાશન – દિલ્હી – ૧૯૯૬, પાના નં. – ૨૦

## ઈંગ્લેન્ડમાં સામાજિક કાર્યની શરૂઆતનો ઈતિહાસ :–

ઈ.સ. ૧૨૦૦ થી ૧૫૦૦ સુધી ઈંગ્લેન્ડમાં ધર્મ અને ધાર્મિક ગુરૂઓ અને પાદરીઓએ નિ:સહાય વિધવાઓ, નિરાધારો અને બિમાર વ્યકિતઓની સહાયતા અને સુરક્ષા પ્રદાન કરવાનું નેતૃત્વ લીધું. ધાર્મિક ભાવનાઓએ મદદ અને દાનને પ્રોત્સાહન આપ્યુ, ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવાની ઈચ્છાથી દાનને પ્રોત્સાહન મળ્યુ, વિધવાઓ અને નિરાધારો પ્રત્યે સાચી સહાનુભૂતિની ભાવનાને કારણે ગીરજાઘરો દ્વારા માંગવામાં આવેલા દાનમાં લોકોએ ઘણી જ સહાયતા કરી પરંતુ મધ્યકાલીન ગીરજાઘરો કે ચર્ચોએ ગરીબોની મદદ કરવાનું કામ ધર્મગુરૂઓ અને પાદરીઓને સોપી દીધું હતું.

તેરમી અને ચૌદમી સદીમાં ચર્ચ અને ધાર્મિક સંસ્થાઓએ પેરીસના ચર્ચને આ ઉત્તરદાયીત્વ સોંપ્યુ. આમ બારમી થી પદરમી સદી સુધી આ સુરક્ષાનું કાર્ય ચર્ચો અને ધાર્મિક સંસ્થાઓના નેજા હેઠળ ચાલતું હતું. અમીરવર્ગ ધાર્મિક સંસ્થાઓને નાણાંકીય સહાય પૂરી પાડતો હતો. બધી જ ધાર્મિક સંસ્થાઓમાં ગરીબોની સેવા માટે ચર્ચ કે ગીરજાઘરો મુખ્ય હતા.

ઈ.સ. ૧૫૩૧ માં હેન્રી આઠમાંએ ગરીબોની મદદનો સૌ પ્રથમ કાયદો ઈંગ્લેન્ડમાં બહાર પાડયો. જેમાં ભીખારીઓને સ્વીકૃતી આપવામાં આવી અને આ કાયદામાં સુધાર વધારાની જોગવાઈ સાથે ઈંગ્લેન્ડની સરકારે ઈ.સ. ૧૫૩૫ માં એક બીજો કાયદો અમલમાં મૂકયો અને તે દ્વારા ગરીબોની મદદની જોગવાઈ કરી. આ કાયદામાં ભીખારીઓ ઉપરાંત ગરીબો અને બાળકોની સુધારણાઓની જોગવાઈ કરવામાં આવી.

ઈ.સ. ૧૬૦૧ માં કવીન એલીઝાબેથનો POOR LAW ACT

(પુઅર લો એકટ) અમલમાં આવ્યો. આ કાયદાએ ગરીબોની મદદ સંબંધી આગલા બધા જ કાયદાને એકસુત્રમાં બાંધી દીધા હતા. આ કાયદાની એક વિશિષ્ટતા રહેલી હતી. આ કાયદાનુસાર એવું નકકી કરવામાં આવ્યુ હતું કે, જે વડીલોને સહાય (મદદ) ની જરૂર હોય અને એમના પુત્રો કે પૌત્રો આવી મદદ કરવા શકિતમાન હોય તો આવા યુવાનોને તેમના માતાપિતા અને દાદાઓના જીવન નિર્વાહ માટેની જવાબદારી સોંપવામાં આવી.[૫] પરંતુ આમાં એવી એક જોગવાઈ રાખવામાં આવી હતી કે એવા યુવાનોને આ જવાબદારી સોપવામાં આવી હતી કે જેઓ આવી મદદ કરવા માટે શકિતમાન હોય.

આ POOR LAW ACT કાયદા હેઠળ શારીરીક રીતે સ્વસ્થ ભીખારીઓને સુધારાગૃહોમાં રાખવામાં આવે અને તેની પાસેથી ફરજીયાત કામ કરાવવામાં આવે અને લોકો તેમને કયારેય પણ ભીખ ન આપે એવી આ કાયદાની કલમમાં જોગવાઈ કરવામાં આવી હતી.

બીમાર, વૃધ્ધ, આંધળા, બહેરા–મૂંગા અને બાળકો તથા ખૂબ જ નાના બાળકોની માતાઓ વગેરે અને કામ કરવા માટે અશકિતમાન લોકોને ભિક્ષાગૃહમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી તેમજ આ લોકો પૈકી જે લોકો પાસે પોતાની રહેવાની સગવડતા હોય તેમને તેમના ધરે જ સહાયતા પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી.

જે બાળકોને ગરીબીને કારણે માતાપિતાએ છોડી દીધા હોય કે તેમના માતાપિતા મૃત્યૃ પામ્યા હોય એવા બાળકોને તેમનો સ્વીકાર કરે તેવી વ્યકિતઓને આપવાની જોગવાઈ કરવામાં આવી, એટલે કે કહી શકાય કે અત્યારે દત્તક સંતાનોને

૫. મદન જી. આર. – સમાજકાર્ય, વિવેક પ્રકાશન – દિલ્હી – ૧૯૯૬, પાના નં. – ૩૨.

આપવાની પ્રથા ચાલુ છે તેની શરૂઆત આ પુઅર લો એકટમાં રહેલી જોગવાઈ ઈ.સ.૧૬૦૧ માંથી થઈ હતી.ઈ.સ. ૧૮૬૭ માં બ્રિટનમાં (ઈંગ્લેન્ડમાં) બોસ્ટલ નામના સ્થળે ઓછી ઉંમરના અપરાધી (બાળ અપરાધીઓ) માટે એક નવી સંસ્થાની સ્થાપના કરવામાં આવી અને એમાં એવા કાર્ય કર્તાઓની નિયુક્તિ કરવામાં આવી કે જે જેલમાંથી છૂટેલા બાળ અપરાધીઓની ક્રિયા પર ધ્યાન રાખતા હતા. ઈ.સ. ૧૯૧૨ સુધી બાળ અપરાધીઓ ઉપર કેસ સામાન્ય કોર્ટમાં ચલાવવામાં આવતો હતો પરંતુ ઈ.સ. ૧૯૧૨ થી બાળકો માટે એક અલગ કોર્ટની જોગવાઈ કરવામાં આવી આ બાળ અદાલત અમેરિકાની જુવેનાઈલ કોર્ટના અધ્યયન પછી સ્થાપવામાં આવી.[૬]

વર્તમાન પરિસ્થિતિમાં હાલના તબકકે ઈ.સ. ૧૯૪૪ ના બેવરીજ રીપોર્ટના આધારે સામાજિક સુરક્ષાના આધુનિક કાર્યક્રમ અંતર્ગત બ્રિટનમાં કામગીરી થઈ રહી છે.

## અમેરિકામાં સમાજ સુરક્ષા કાર્યની શરૂઆતનો ઈતિહાસ :–

(HISTORY OF SOCIAL DEFENCE WORK IN U.S.A.)

ઈ.સ. ૧૯૩૫ સુધી અમેરિકામાં સામાજિક કાર્યનો વિકાસ ઈંગ્લેન્ડની સાથોસાથ હતો અને તેમની પ્રવૃતિ તથા કાર્ય પણ ઈંગ્લેન્ડની પ્રવૃતિ તથા કાર્ય જેવું જ હતું. પરંતુ ઈ.સ. ૧૯૩૫ માં અમેરિકામાં સમાજ કલ્યાણ સેવાઓમાં ક્રાંતીકારી પરિવર્તન આવ્યુ અને ઈંગ્લેન્ડ થી એક પગલુ આગળ આ ક્ષેત્રે અમેરિકાનું કદમ મંડાયુ. ઈંગ્લેન્ડમાં ઈ.સ. ૧૯૪૨ માં બેવરીઝ રીપોર્ટનું પ્રકાશન થયુ અને

૬. પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે. – ભારતની સામાજીક સમસ્યાઓ – અનડા પ્રકાશન, અમદાવાદ – ૨૦૦૦, પાના નં. –૫૭

ઈંગ્લેન્ડની સામાજિક સુરક્ષામાં ગંભીર પરિવર્તન આવ્યુ. અમેરિકાના સમાજ સુરક્ષાના કાર્યક્રમમાં પણ પરિવર્તન આવ્યુ, પરંતુ તે ઈંગ્લેન્ડ કરતા આગવા પ્રકારનું હતું.

ઈ.સ. ૧૮૬૮ માં ન્યુર્યોકમાં સમાજકાર્ય માટેનું પ્રથમ પ્રશિક્ષણ કેન્દ્ર ખોલવામાં આવ્યુ. અંધ–અપંગ, બહેરા–મૂંગા વ્યકિતઓ માટે પ્રશિક્ષણ કેન્દ્ર ખોલવામાં આવ્યુ, જેથી આવી સામાજિક સુરક્ષા ઈચ્છતા સમુદાયનું સમાજમાં પુનઃસ્થાપન થઈ શકે.ઈ.સ. ૧૯૦૯ માં એક વકિલની સલાહનુસાર ત્યારના તત્કાલીન રાષ્ટ્રપતિ થીયોડો રૂઝવેલ્ટે વોંશીંગ્ટનમાં બાળકલ્યાણ માટે એક સભા બોલાવી એમનું નામ હતું Conference on the case of dependent children all.

ઈ.સ. ૧૯૫૭ માં અમેરિકામાં પ્રથમ ભીક્ષાગૃહની ન્યુર્યોકમાં સ્થાપના થઈ ત્યાર પછી બીજા શહેરોમાં પણ ધીમે ધીમે એમની શરૂઆતો થઈ.

ઈ.સ. ૧૯૬૨ માં માનવ શકિત વિકાસ તથા પ્રશિક્ષણ કાયદો અને ૧૯૬૩ માં રાષ્ટ્રીય વ્યવસાય શિક્ષા કાયદો ઘડવામાં આવ્યો જે હાલમાં પણ અમલમાં છે.[૭]

## ભારતમાં સામાજિક સુરક્ષાના કાર્યની શરૂઆતનો ઈતિહાસ :–

ઈ.સ. ૧૭૮૦ માં જયારે પહેલીવાર ઈસાઈ ધર્મ પ્રચારકો દ્વારા સમાજ સુરક્ષાના કાર્યની શરૂઆત થઈ હતી ત્યારબાદ આ કાર્યનો ફેલાવો થયો. પરંતુ એમનું ક્ષેત્ર ભારતમાં તેની સ્વતંત્રતા બાદ જ વધી શકયું અને ભારતીય સંવિધાનમાં ભારતને કલ્યાણકારી રાજય ઘોષિત કરવામાં આવ્યું.

---

૭. મદન જી. આર. – સમાજકાર્ય, વિવેક પ્રકાશન – દિલ્હી – ૧૯૯૬, પાના નં. – ૬૫.

ઈંગ્લેન્ડમાં અને અમેરિકામાં સમાજ કાર્યનો વિકાસ સંસ્થાકીય સેવા તથા સામાજિક સંરક્ષાના સાધનોના રૂપમાં થયો. પરંતુ તે સમયે ભારતમાં રહેલ અંગ્રેજ શાસન અને કેટલાંક સામાજિક અને આર્થિક કારણોને લીધે સમાજ કાર્યનો વિકાસ થઈ શકયો નહિ. સ્વતંત્રતા પછી ભારતમાં સમાજ કાર્યના ક્ષેત્રમાં એક નવીન યુગનો પ્રારંભ થયો પંરતુ વ્યવસાયના રૂપમાં હજી પણ તેના મૂળ ઉંડા ઉતર્યા નથી.

**ભારતમાં થયેલ સામાજિક કાર્યને ત્રણ તબકકામાં મૂલવી શકાય :**

(૧) પ્રાચીન અને મધ્યકાલિન સમાજલક્ષી કાર્ય.
(૨) બ્રિટીશયુગ દરમિયાન સામાજિક કાર્ય.
(૩) સ્વતંત્રતા પછી સામાજિક કાર્ય.

જગતના અન્ય ભાગોની માફક સામાજિક હૂંફ, પ્રેમ, કાર્ય, એકબીજાને મદદ–દાન અને વિશ્વ પ્રેમના બીજ ભારતમાં પણ પ્રાચીન કાળથી રોપાયેલા જ છે.[૮]

દુ:ખીઓની સેવા અને સાથી મિત્રો માટે સારૂ કાર્ય કરવાની ભાવના પ્રાચીનકાળમાં ભારતીયોનો પોતાનો વિશિષ્ટગુણ રહયો છે. ધર્મમાં પણ દાન, વસુધૈવ કુટુંબકમ્ અને પારસ્પરિક મદદની જરૂરિયાતને અધિક મૂલ્ય આપવામાં આવ્યુ છે. ભિક્ષા દેવી, અપંગોને સહાય આપવી અને તેમની દેખભાળ કરવી વગેરે ધાર્મિક કાર્ય માનવામાં આવતા હતા. ખાસ પ્રકારની મદદની જરૂરિયાતવાળી વ્યકિતઓની સંભાળ રાજા, પૈસાદાર લોકો તથા સાધારણ સમુદાયના લોકો સાથે વહેંચી લેતા હતા.

---

૮. Report of the study team on Social Valfare and Velfare of Backward classes 1959, Page No : 17.

ડો. આર. સી. મજમુદારનું કહેવું છે કે, "રાજા, વેપારી, જમીનદાર અને સહાયક મંડળો પોતાની જોગવાઈ અનુંસાર ધર્મના પવિત્ર કાર્ય માટે મદદ કરવા એકબીજાની આગળ નીકળવાની કોશીષ કરતા હતા. આ કાર્ય માટે આ લોકોએ મંદિરો અને આશ્રમની સ્થાપના એમના નિભાવ માટે ધનની મદદ, સંત મહાત્માઓ માટે રહેવાના મકાનોનું નિર્માણ, મંદિરો અને આશ્રમો માટે ભોજન, કપડા, તેલ તથા અન્ય આવશ્યક વસ્તુઓની પૂર્તિ માટે યોગ્ય સંસ્થાઓની સાથે સ્થાયી સંગ્રાહલયોની સ્થાપના વગેરે કરવામાં આવી".[૯]

મંદિર, મઠ, ધર્મશાળા વગેરે ધાર્મિક સંસ્થાઓના બહોળા ફેલાવા સાથે સમાજ સેવા કેન્દ્રોમાં પરિવર્તન થયુ આ ઉપરાંત ગામડાઓમાં સંયુકત પરિવાર, જાતિ સંગઠન અને પંચાયતો, વૃધ્ધો, બિમારો તથા અપંગોની જરૂરિયાતો પૂરી પાડતા ધર્મમાં દાન, વિશ્વ પ્રેમ અને પરસ્પરની મદદના મૂલ્ય ઉપર વધારે જોર આપવામાં આવ્યુ હતું. ભીક્ષા આપવી, નિરાશ્રીતોને ભોજન આપવું અને તેની દેખભાળ કરવાનું વગરે કાર્ય ધાર્મિક કાર્ય માનવામાં આવતું હતું. બેઘરોને મંદિરોમાં આશરો મળતો હતો. વૃધ્ધો બિમારો તથા સમાજના બીજા આશરા વગરના લોકોની જરૂરિયાત પૂરી કરવા માટે સામાજિક સંસ્થાઓમાં વ્યવસ્થા કરવામાં આવતી હતી. વૃધ્ધો શારિરીક રીતે નબળા, જુની બિમારીવાળા અને માનસિક રીતે નિર્બળ લોકોની દેખભાળ સંયુકત પરિવાર દ્વારા કરવામાં આવતી હતી. પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું આ એક ઉલ્લેખનીય કાર્ય હતું. પરોક્ષ રીતે જોવા જઈએ તો આવા સંયુકત પરિવારમાં જ આવી અપંગ કે માનસિક રીતે વિકલાંગ વ્યકિત સમાઈ જતી હતી. એટલે એમના માટેની ખાસ કોઈ અલગ સંસ્થાની જરૂરિયાત રહેતી જ ન હતી. વડીલોની પ્રેમ અને હુંફ તેમજ કાળજીથી આવી વ્યકિતીઓને માનસિક સાત્વંન પ્રાપ્ત

૯. Dr. Majmudar "Social Work in Ancient and Medieval India in History and Philosophy Social Work - 1961, Page No. : 22.

થતું હતું. તો સંયુકત પરિવાર હોવાને પરિણામે આર્થિક બોજાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હતો. આમ આવી વિકલાંગ વ્યકિત સંયુકત કુટુંબનું એક અંગ બની તેમાં સમાયેલી રહેતી હતી.

બૌધ્ધ સમયમાં પણ સમાજલક્ષી કાર્ય કરવામાં આવેલ તેની વાત ફુલવાજાતકમાં કરવામાં આવી છે, તેમ ડો. આર.સી. મજમુદારના સામાજિક કાર્યના લેખમાં નોંધ છે.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ પ્રજાની ભલાઈ માટે કરવામાં આવતા કાર્યોની નોંધ કરવામાં આવેલ છે. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર એ વાત પર પણ પ્રકાશ પાડે છે કે, પ્રાચીનયુગમાં અને આ સમય દરમિયાન બાળકો,વૃધ્ધો તથા રોગીઓની દેખભાળની વ્યવસ્થા કરવામાં આવતી હતી. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વિદ્યાદાન પ્રાચીન ભારતમાં એક મહત્વનું પાસુ હતું વિદ્વાન પુરોહિતો ગરીબ બાળકોને દરરોજ ભોજન પણ આપતા હતા. વિદ્યાદાન બધા જ પ્રકારના દાનો તથા બક્ષિસોમાં શ્રેષ્ઠ માનવામાં આવતું હતું.[૧૦]

પ્રાચીન ભારતના ઈતિહાસમાં જ સમ્રાટ અશોકે કદાચ જગતમાં સૌ પ્રથમ પોતાના રાજયમાં પશુ દવાખાનાની સ્થાપના કરેલ હતી. તેમના શિલાલેખોમાં જણાવ્યા પ્રમાણે તેમણે માણસો તથા પશુઓના દુ:ખોના નિવારણ માટે પોતાના સામ્રાજયમાં જ નહિ પરંતુ ચૌલ, પાંડય, કેરલ, સિલોન, ગ્રીસ જેવા દૂરના રાજયોમાં પણ દવાખાના બાંધ્યા. આ દવાખાના માટે દેશ – વિદેશથી દવાઓ અને વનસ્પતિઓ મંગાવવામાં આવતી હતી. આવા પ્રકારની વ્યવસ્થા કરનાર અશોક કદાચ વિશ્વનો પ્રથમ સમ્રાટ હશે.[૧૧]

---

! VMD 5|SFXl;\C v 5|FlRG EFZTSF .lTOF; v lJ,F; 5a,LS[XG4 lN<OL4 !)*!

!! VMD 5|SFXl;\C v 5|FlRG EFZTSF .lTOF; v lJ,F; 5a,LS[XG4 lN<OL4 !)*!

મધ્યકાલિન ભારતના ઈતિહાસમાં પણ તુગલકવંશ દરમિયાન થયેલા સુલતાનોમાં ફિરોઝ શાહ તુગલકે રોગગ્રસ્ત તથા દુઃખી વ્યકિતઓની સેવા માટે દારૂલ – સફા (દવાખાનું – હોસ્પીટલ) ની સ્થાપના કરેલી તેમાં કોઈ પણ બિમાર વ્યકિતને સરકારના ખર્ચે દવા અને ખોરાકો પૂરા પાડવામાં આવતા હતા. જેમાં દેશવાસી અને નવા આગંતૂક વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો ન હતો. આ દવાખાનામાં યોગ્ય અને લાયક ડોકટરોની નિમણૂંક કરવામાં આવતી. આ ઉપરાંત સુલતાન ફિરોજ શાહ પ્રજા કલ્યાણ માટે પણ કેટલાક લોક ઉપયોગી કાર્યો કરેલા તેણે એક "રોજગારી નિગમ" (Employment Bureay) ની સ્થાપના કરી હતી. આ ખાતુ એક યોગ્ય અધિકારીની દેખરેખ નીચે કામ કરતુ આ ખાતાની કચેરીમાં બેકાર લોકોના નામ રજીસ્ટર કરવામાં આવતાં અને તેમની લાયકાત મુજબ તેમને નોકરી આપવામાં આવતી. ૧૪ મી સદી જેવા યુગમાં સુલતાન ફિરોજશાહે આ પ્રકારની વ્યવસ્થા કરી હતી, એ ભારતના ઈતિહાસમાં એક અદ્વિતીય બનાવ ગણાવી શકાય. વળી તેમણે દિવાન–ઈ– ખૈરાત (દાનધર્મ ખાતું ) ની પણ સ્થાપના કરેલી. આ ખાતું મુસ્લીમ કન્યાઓના લગ્ન માટે પૈસા આપતું અને વિધવાઓ તથા અનાથોનું ભરણપોષણ કરતું.[૧૨]

ઈ.સ. ૧૭૦૭ માં ઔરંગઝેબના મૃત્યૃ પછી ભારતમાં ૧૫૦ વર્ષ સુધી સંઘર્ષયુગ ચાલ્યો. અંગ્રેજોએ ઈ.સ. ૧૮૫૦ સુધીમાં ભારત પર પોતાનો કબજો જમાવી દીધો હતો. ઈ.સ. ૧૮૫૭ ની ક્રાન્તીએ ભારતમાં અંગ્રેજોના પાયાને હચમચાવી નાખ્યા હતાં. અને ઈસ્ટ ઈન્ડીયા કંપની પાસેથી બ્રિટીશ સરકારે પોતાના હસ્તક વહીવટ લઈ લીધો. બંગાળમાં સૌ પ્રથમ ક્રિશ્ચીયન મીશનરીઓએ સુધારણા તેમજ સામાજિક સેવાની શરૂઆત કરી.

૧૨. આચાર્ય નવીનચંદ્ર – 'મધ્યકાલીન ભારત', યુનિ. ગ્રંથ નિમાર્ણ બોર્ડ, અમદાવાદ.

ઈ.સ. ૧૭૭૨ થી ૧૮૩૩ ના સમયગાળા દરમિયાન રાજા રામમોહનરાય એક એવા પ્રથમ ભારતીય હતા, જેમણે સુરક્ષાત્મક માહોલ ઉભો કર્યો અને પોતાની શકિત તથા કાર્યોને એમણે સામાજિક કાર્ય તથા સમાજ સુધારણામાં જોડી દીધા. સતીપ્રથા સામે તેમણે લડત આપી અને ઈ.સ. ૧૮૨૯ માં આ પ્રથા વિરૂધ્ધ ધારો (Regulation Act) પસાર કરવામાં આવ્યો ત્યાં સુધી તે બાબતે તેઓ કાર્યરત રહયા.

હિન્દુ બાળાઓ માટે સૌ પ્રથમ સ્કુલ ઈ.સ. ૧૮૪૯ માં શરૂ કરવામાં આવી. કલકતાના આચાર્ય પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના પ્રયત્નોથી HinduWidow's Remarriage Act (હિન્દુ વિધવા પુર્નઃલગ્ન કાયદો) ઈ.સ. ૧૮૫૬ માં પસાર કરવામાં આવ્યો.

ન્યાયાધીશ રાનડે કે જે એક વિદ્વવાન અને બહુ જ મોટા સમાજ સુધારક હતા તેમણે ઈ.સ. ૧૮૬૧ માં એક વિધવા વિવાહ સંઘની સ્થાપના કરી અને ઈ.સ. ૧૮૦૦ માં પ્રાર્થના સમાજ સાથે જોડાયા. રાનડેનું કાર્યક્ષેત્ર બહુ જ વિસ્તૃત હતું. બાળવિવાહ, દહેજપ્રથાની સમાપ્તી, વિધવાઓની સ્થિતિ, સ્ત્રીશિક્ષણ, દલિતવર્ગનો સુધારો, બક્ષિસ અને દાન પર નિયંત્રણ તેમજ હિન્દુ મુસ્લીમ એકતા પર એમની સંસ્થાએ ઘણું જ કાર્ય કર્યુ.

બાળવિવાહ પ્રતિબંધક ધારો ઈ.સ. ૧૯૨૭ માં હરવિલાશ શારદાના પ્રયત્નોથી પસાર થયો. કાનૂન વિરૂધ્ધ કામ કરવાવાળા નિર્દયતાનો શિકાર બનેલા અનિયંત્રિત તથા ગરીબ બાળકોની રક્ષા માટે કેટલાય રાજયોએ બાળ કાનૂન પસાર કર્યો. ઉદાહરણ તરીકે મદ્રાસનો બાળકાનુન ૧૯૨૦, બંગાળનો બાળકાયદો ૧૯૨૨ અને મુંબઈનો બાળકાયદો ઈ.સ. ૧૯૨૪ માં પસાર થયો. હિન્દુ વારસાધારો વિધાનસભામાં

ઈ.સ. ૧૯૨૬ માં પસાર કરવામાં આવ્યો.

ભારતમાં સમાજ ઉપયોગી પ્રવૃતિ વિશે વિચારીએ તો તે માત્ર ગરીબોની આર્થિક જરૂરિયાતથી અધિક કોઈ કાર્ય તેના વિશે થઈ શકયું હોય તેવું લાગતું નથી પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં આ દ્રષ્ટિકોણમાં બદલાવ આવેલો જોવા મળે છે.

ઈ.સ. ૧૯૭૪ માં મુંબઈના મુખ્યમંત્રી શ્રી બી. જે. ખેરે ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ ઓફ સોશયલ વર્કના ઉદઘાટન વ્યાખ્યાનમાં કહયું હતું કે " સામાજિક કાર્યનો ઉદેશ્ય સામાજિક અનીતિઓને દૂર કરવાનો, દુઃખોને દૂર કરવાનો અને દુઃખોને અટકાવવાનો તેમજ સમાજના નબળાવર્ગના પરિવારને પુનઃ સંરક્ષણ આપવાનો હોઈ શકે".

શ્રીમતિ દુર્ગાબાઈ દેશમુખના મતે સમાજકલ્યાણ (સામાજિક સેવા) ના કાર્યમાં સમાજના નબળા લોકોની સહાયતામાં બાળકોની સમસ્યાઓનું નિરાકરણ, મહિલાની સમસ્યાઓનું નિરાકરણ, મહિલાઓની સમસ્યાઓ પ્રત્યે ધ્યાન તથા શારીરિક અપંગ અને મંદબુધ્ધીવાળા લોકો પ્રત્યે કરવામાં આવતી સેવાને ગણાવી શકાય.[૧૩]

## ગુજરાતમાં સામાજિક કાર્યની શરૂઆતનો ઈતિહાસ :–

પ્રાચીન ભારતના ઈતિહાસથી જ આપણે જોયુ કે સેવા અને પુણ્ય કમાવવાની ઈચ્છાથી સમાજના ઉપેક્ષિત વર્ગને સંરક્ષણ પુરુ પાડવામાં આવેલ હતું અને સેવાના ક્ષેત્રે ભારતની ભૂમિમાં સંતો દ્વારા કાર્ય થયેલ હતું, તે જ રીતે ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં સતાધારમાં આપાગીગા દ્વારા સેવાની પરબ શરૂ કરવામાં આવેલી

૧૩. મદન જી. આર. – સમાજકાર્ય, વિવેક પ્રકાશન – દિલ્હી – ૧૯૯૬, પાના નં. – ૧૧.

અને ભૂખ્યાને અન્ન આપીને તેમની પેટની ભૂખને સંતૃપ્ત કરવામાં આવેલી. તે જ રીતે અમરેલી પાસે પરબવાવડી નામની જગ્યાએ સતદેવીદાસ અને માં અમરબાઈએ સેવાનું ભગીરથ કાર્ય શરૂ કરેલું. રકતપિતગ્રસ્ત લોકોની સેવા પણ સતદેવીદાસ અને અમરબાઈમાં કરતા હતા. જંગલમાંથી જડીબુટ્ટી લાવીને દર્દીઓના ઘા સાફ કરીને તેમના પર લગાડતા અને ગામમાંથી રામરોટી માંગી લાવીને તેમને જમાડતા. આમ, સેવા તો પ્રાચીનકાળથી ગુજરાતની ભૂમિમાં પણ સમાયેલી હતી.[૧૪]

દેશી રજવાડાઓના સમયમાં પણ રાજવીઓ દ્વારા સમાજના દુ:ખી અને પીડિત વર્ગો માટે સેવાકીય કાર્ય કરવામાં આવતા હતા. આ રાજવીઓમાં પોતાની પીડિત પ્રજા પ્રત્યે એક અનુંકંપાની લાગણી રહેલી અને ભારતને આઝાદી મળતા દેશી રજવાડાઓ એક અખંડ ભારતમાં વીલીન થઈ ગયા ત્યારે હવે સમાજના આવા વર્ગની જવાબદારી સરકાર નિભાવી રહી છે.

સમાજના ઉપેક્ષિત વર્ગમાં સામાન્ય રીતે હરિજન, આદિવાસીઓ, આર્થિક રીતે પછાત, બહેરા–મૂંગા, વિકલાંગો, ગુનેગારો અને બીનગુનેગાર બાળકો, વેડફાઈજતી યુવાશકિત, સ્ત્રી કલ્યાણ આવા ઘણા ક્ષેત્રો ઉપેક્ષિત અને એક યા બીજી રીતે તિરસ્કૃત છે.

સમાજ સુરક્ષા શબ્દ ૧૯૭૧ થી અસ્તિત્વમાં આવ્યો.[૧૫] તેની પહેલા "સમાજકલ્યાણ" એવું નામ ધારણ કરવામાં આવ્યું હતું. સમાજ સુરક્ષા શબ્દ સાંભળતા જ એવા વિચાર ઉદ્ભવે કે સમાજના એવા કયાં અંગો છે જેને સુરક્ષા, સલામતિ અને વ્યવસ્થાની જરૂર છે. સુરક્ષાની સાથે જ પુનઃસ્થાપન જોડાયેલ છે.

૧૪. પરબની જગ્યા – ઈતિહાસ

૧૫. સમાજસુરક્ષા મેન્યુઅલ

ભારતીય બંધારણમાં છેલ્લા પરિશિષ્ટના ત્રણ લીસ્ટ અનુસાર અમુક જવાબદારીઓ રાજયને સોપવામાં આવેલી છે. તેમાં સમાજકલ્યાણ અને સમાજસુરક્ષાની કામગીરી રાજય સરકારે સંભાળવાની રહે છે.[૧૬]

ગુજરાત સમાજ સુરક્ષા (સમાજકલ્યાણ)નો પૂર્વ ઈતિહાસ તપાસીએ તો મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર રાજય બન્ને અલગ હતા, પરંતુ મહારાષ્ટ્ર રાજય વખતે નાયબનિયામકના સ્તરે રીજીયોનલ ઓફીસ કહેવાતી તે સંસ્થા રાજકોટના જૂના સરકારી દવાખાનામાં બેસતી તેના નિયંત્રણમાં આ સંસ્થાનું સંચાલન થતું હતું. તારીખ ૦૧ / ૦૫ / ૧૯૬૦ થી ગુજરાત રાજય અસ્તિત્વમાં આવતા ૧૯૬૦ થી આ બધી સંસ્થાઓ ગુજરાત રાજય સમાજકલ્યાણ હસ્તક મૂકાયેલ છે.

કામગીરીના ક્ષેત્રો જોઈએ તો આ બધી ગુજરાત રાજયની કલ્યાણકારી યોજનાઓનું સુવ્યવસ્થિત સંકલન થાય અને વહીવટ થાય તે માટે ૧૯૭૦ થી સમાજકલ્યાણ ખાતાના બે ભાગ પડયા, જેમાં હરિજન, આદિવાસી, પછાતવર્ગના કલ્યાણકારી કાર્યક્રમોનું અમલીકરણ સમાજકલ્યાણ ખાતા હસ્તક સોંપાયું. અને સમાજનો ખરેખર ઉપેક્ષિત વર્ગ હતો તે અંધ, બહેરા–મુંગા, સ્ત્રીકલ્યાણ, વૃધ્ધકલ્યાણ, બાળકલ્યાણ, યુવાકલ્યાણ જેમાં આ બધા ખ્યાલોમાં વિચલીત થયેલ વ્યકિત કેન્દ્રસ્થાને હતો, અને તેને જ ખરેખર સામાજિક સલામતિ, સ્નેહ અને હૂંફની જરૂર હોય છે. આવી સંસ્થાકીય અને બીન–સંસ્થાકીય યોજનાઓનો અમલ ઈ.સ. ૧૯૭૦ થી સમાજ સુરક્ષા ખાતા નીચે મુકાયો.

૧૯૭૦ થી આ ખાતાનું વિભાગીકરણ થતા સંન્યાસ આશ્રમ પારડી ખાતે વિધિકુંજ નામના મકાનમાં નિયામક સ્તરની કચેરી શરૂ થઈ અને ત્યારબાદ

૧૬. સમાજસુરક્ષા મેન્યુઅલ.

જિલ્લા પંચાયત બિલ્ડીંગ, અમદાવાદ ખાતે આ સંસ્થા કાર્યરત રહી હતી. ઈ.સ. ૨૦૦૩ થી આ સંસ્થાનું ગાંધીનગર ખાતે સ્થળાંતર થયેલ છે.

ગુજરાત સરકાર અસ્તિત્વમાં આવતા પ્રથમ નશાબંધી અને સમાજકલ્યાણ સચિવાલયના વિભાગ હેઠળ આ ખાતું મૂકાયું. ત્યારબાદ શ્રમ અને રોજગાર વિભાગ નીચે તેમને મૂકવામાં આવ્યું, ત્યારબાદ સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ મૂકાયું અને હાલમાં સામાજિક ન્યાય અધિકારીતા હેઠળ મૂકાયેલ છે.

સમાજ સુરક્ષા ખાતા દ્વારા જુદા જુદા સામાજિક કાયદાઓનું અમલીકરણ થાય છે અને આ અમલીકરણમાં સંસ્થાઓના વહીવટ સુસંકલિત કરી, ગ્રંથસ્થ કરવામાં આવે તો કાર્યપધ્ધતિ સરળ બની શકે તે હેતુથી તા. ૩૧/૦૭/૧૯૯૩ ના રોજ સમાજ સુરક્ષા મેન્યુઅલ અમલમાં આવેલ છે. સમાજસુરક્ષા ખાતુ ગાંધીનગરની નીચે સૌરાષ્ટ્રમાં આવતી સંસ્થાઓના સમાજ ઉપયોગી ઈતિહાસની વિગતો આપણે સંસ્થાઓમાં ડોકીયું કરીને મુલવશું.

## પ્રકરણ – ૨

## જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કાર્યરત સંસ્થાઓની પ્રવૃત્તિઓનો ઈતિહાસ

**પ્રસ્તાવના :–**

આધુનિક સમાજની વિવિધ સામાજિક સમસ્યાઓમાં બાળ – અપરાધની સમસ્યા મહત્વનું સ્થાન ધરાવે છે. પુખ્ત વયના ગુનેગારો કરતા બાળકોના અપરાધી વર્તન તરફ જુદી રીતે જોવાના ખ્યાલનું વિકાસ તથા વિશ્વના પ્રત્યેક સભ્ય સમાજનું આ સમસ્યા તરફ સારુ એવું ધ્યાન કેન્દ્રીત થયું છે ખાસ કરીને મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર જેવા વિજ્ઞાનોનો વિકાસ થતાં બાળ – અપરાધીઓ વિશે વૈજ્ઞાનિક રીતે વિચારણા કરવાનું શકય બન્યું છે.

બાળકોના અપરાધી વર્તન અંગેના  અને તેમને આકરી સજા કરવા અંગેના પરંપરાગત ખ્યાલો હવે બદલાઈ ગયા છે અને સમાજના ભાવિ સભ્યો તરીકે બાળ–અપરાધીઓ પ્રત્યેનો દ્રષ્ટીકોણ વધારે સહાનીભૂતિ પૂર્ણ, ઉપચારલક્ષી અને સુધારાલક્ષી બન્યો છે. ભારતમાં ઉદ્યોગીકરણ અને શહેરીકરણ જેવી પ્રક્રિયાઓએ બાળ–અપરાધની સમસ્યાને વધુ ગંભીર બનાવી છે. ઔદ્યોગિક અને શહેરી વ્યવસ્થામાં કુંટુબ, જ્ઞાતિ અને ગ્રામ્યજીવનનું સામાજિક નિયંત્રણનું ક્રિયાતંત્ર ઢીલું  પડી  જતા ગીચ વસ્તીથી ઉભરાતાં ભારતીય શહેરોમાં આ સમસ્યા નવા નવા પરિણામો સર્જી રહી હોય તેમ જણાય છે.

''અપરાધ'' શબ્દ મૂળભૂત રીતે કાનૂની ખ્યાલ વ્યકત કરતો હોવાથી બાળ–અપરાધનો ખ્યાલ કાનૂની સંદર્ભ માળખામાં વધુ વિકાસ પામ્યો છે.[૧]

---

૧. પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે. – ભારતની સામાજિક સમસ્યાઓ – અનડા પ્રકાશન, અમદાવાદ – ૨૦૦૦, પા. નં.–૩૯.

સગીર ઉંમરે કાનૂન ભંગ કરનારને બાળગુનેગાર કહેવામાં આવે છે સામાન્ય રીતે ૧૬ કે ૧૮ વર્ષ સુધીમાં ગુના કરનારને બાળ ગુનેગાર કહેવામાં આવે છે. બાળ ગુનેગારોમાં પણ વિવિધ પ્રકારો છે. કેટલાંક મંદબુધ્ધીવાળા હોય છે, કેટલાક વ્યકિતત્વ વિકૃતિવાળા હોય છે, કેટલાક ગુનાના વાતાવરણમાં જ ઉછરેલા હોય છે. જયારે કેટલાંક નો ભગ્નઘરો (બ્રોકન ફેમીલી) અને ગૃહ કંકાસને કારણે ઉદ્‌ભવ થાય છે. તો બીજા કેટલાક અત્યંત ભૂલ ભરેલા ઉછેરને કારણે અસ્તીત્વમાં આવે છે.

મનોવૈજ્ઞાનિકની દ્રષ્ટીએ આ વિવિધ પ્રકારના બાળગુનેગારોમાંથી છેલ્લો પ્રકાર ઘણો રસ પડે તેવો છે આ પ્રકારના બાળકોના ઘરનું વાતાવરણ ઉપર ઉપરથી તદ્‌ન સાધારણ, સ્વસ્થ અને મોભા ભર્યુ દેખાય છે. સામાન્ય રીતે તેની ભૌતિક જરૂરિયાતોનો માતાપિતા દ્વારા પુરતો સંતોષ મળતો હોય છે, પરંતુ તેમના અંતરાત્માનો વિકાસ ખામી ભરેલો હોય છે જેને લીધે તેઓ પોતાની આક્રમક અને જાતીય હતાશાઓ અને સંઘર્ષોનો ઉભરો બહાર બીજાઓ પર ઠાલવે છે.[૨]

સમાજ શાસ્ત્રીય ખ્યાલની દ્રષ્ટીએ જોઈએ તો કુટુંબ અને સમુદાય માટે સમસ્યા રૂપ બનતુ હોય એવું બાળકોનું ધોરણભંગ વર્તન બાળ–અપરાધ તરીકે ગણી શકાય. બીજી રીતે કહીએ તો બાળકનું એવું વર્તન કે જે પ્રવર્તમાન સામાજિક, સાંસ્કૃતિક અપેક્ષાના માળખામાં બંધ બેસતુ ન હોય અને તેના પરિણામે સામાજિકરણના કાર્યની નિષ્ફળતા સર્જાતી હોય એવું કુટુંબ અને સમુદાયનું વિઘટન સર્જતું, સમસ્યારૂપ બનતું વર્તન બાળ અપરાધ તરીકે ગણી શકાય.[૩]

---

૨. ડો. પટેલ મફતલાલ – અસાધારણ મનોવિજ્ઞાન – યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ – ગુ. રા. આવૃતિ – ૩ પાના નં. ૩૧૭.

૩. ભારતની સામાજીક સમસ્યાઓ પાના નં. ૩૯.

રોલ્ડન નામના લેખકે નોંધ્યું છે કે "વાજબી અપેક્ષાઓ કરતા પણ વધુ નિરાશા જન્માવે એવા વર્તનોને (બાળકના વર્તનોને) બાળ–અપરાધ તરીકે ઘટાવી શકાય".

## બાળ અપરાધનો અર્થ, પ્રકાર, કારણો, અસરો તથા નિવારણની જોગવાઈઓ :–

### ભારતમાં બાળ–અપરાધની વ્યાખ્યા :

ભારત સરકારના ૧૯૬૦ ના બાળ – કાયદા મુજબ ૧૬ વર્ષથી નાની ઉંમરનો છોકરો અને ૧૮ વર્ષથી નાની ઉંમરની છોકરી કાયદા ભંગનું અપરાધી વર્તન કરે તો તેમને બાળ – અપરાધ તરીકે અને તેમના તેવા વર્તનને બાળ અપરાધ તરીકે ગણવામાં આવે છે.[૪]

### બાળ અપરાધીઓના પ્રકારો :

બાળ અપરાધીઓનું વર્ગીકરણ કરીને તેમના વિવિધ પ્રકાર દર્શાવવામાં આવે છે એમાં ખાસ કરીને નીચેના બે વર્ગીકરણો મહત્વના ગણી શકાય એવા છે.

(અ) ઉંમરના આધારે કરવામાં આવેલું વર્ગીકરણ.

(બ) અપરાધના સ્વરૂપના આધારે કરવામાં આવેલું વર્ગીકરણ.

અહી આપણે આ બન્ને વર્ગીકરણો અને તેમાં દર્શાવવામાં આવતા બાળ–અપરાધીઓના પ્રકાર વિશે ટૂંકમાં વિચારીશું.

### (અ)ઉંમરના આધારે કરવામાં આવતું વર્ગીકરણ :

બાળ અપરાધ અંગેની કોઈ પણ સમસ્યાના મનોવૈજ્ઞાનિક, સમાજશાસ્ત્રીય વિશ્લેષણમાં અપરાધી વર્તન કરતાં બાળકની ઉંમરનો મુદો મહત્વનો ગણાય છે

૪. Children Act - 1960

પોતાના કૃત્યો અને તેના પરિણામો વિશેની જવાબદારીના ભાનનો સંબંધ ઉંમર સાથે રહેલો હોવાથી અપરાધી વર્તન કરનાર વ્યકિતની ઉમર કેટલી છે તે બાળ અપરાધના દરેક કિસ્સામાં લક્ષ્યમાં લેવાય છે અને તેની ઉંમરને ધ્યાનમાં રાખીને તેના ઉપચારનું સ્વરૂપ નકકી કરવામાં આવે છે. આમ, ઉમરના આધારે વર્ગીકરણ કરીને બાળ–અપરાધીઓને નીચેના બે વિભાગોમાં વહેચી શકાય.

**(૧) બાળ–અપરાધી :**

બાળ અપરાધી અને કિશોરવયી અપરાધી અંગે ઉત્તરપ્રદેશના લખનૌ અને કાનપુર શહેરમાં ૧૯૫૭ માં શરૂ કરેલા અને ૧૯૫૯ માં શ્રી સુરેશ શાહે પુરા કરેલા પોતાના એક સર્વેક્ષણમાં ૭ થી ૧૪ વર્ષની ઉંમર સુધીના અપરાધી બાળકોને બાળ અપરાધી વર્ગમાં મૂકયા હતા. ઈન્ડીયન પીનલ કોડ મુજબ ૭ વર્ષ સુધીની ઉંમરના બાળકનું કોઈ પણ કૃત્ય અપરાધ તરીકે ગણવામાં આવતું નથી. આથી ૭ વર્ષની ઉંમર સુધીના બાળકના કોઈ પણ કૃત્યને ગુનાહિત ગણવામાં આવતું નથી.

**(૨) કિશોર અપરાધીઓ :**

વ્યકિતની કિશોર અવસ્થાનો સમયગાળો શારિરીક અને બૌધીક વિકાસની દ્રષ્ટીએ મહત્વનો હોવાથી આ સમયગાળામાં કિશોરો જે અપરાધો કરે છે, તેનું વધારે સુક્ષ્મ વિશ્લેષણ કરીને તેમના અપરાધો સામે સઘન ઉપચારાત્મક અને સુધારાત્મક પગલા લેવામાં ન આવે તો કિશોર અપરાધીઓ મોટે ભાગે પુખ્ત વયના ગુનેગારો બની જવાનો સંભવ રહે છે.

"બાળ અપરાધીઓ" એટલે અપરાધના આરોપવાળી ૧૬ વર્ષથી નાની ઉંમરની અને ૭ વર્ષથી મોટી ઉંમરની વ્યકિતઓ, અદાલતની કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન કોઈ બાળ અપરાધી ૧૬ વર્ષની ઉંમર વટાવી જાય તો પણ તેવી વ્યકિતને

બાળ ગણવાનું ચાલુ રાખીને તેની અદાલતી કાર્યવાહી બાળ–કાયદા મુજબ બાળ અદાલતમાં જ ચાલુ રાખવામાં આવે છે.[૫]

**(બ) અપરાધના સ્વરૂપના આધારે કરવામાં આવેલું વર્ગીકરણ :**

અપરાધના સ્વરૂપના આધારે પણ બાળ અપરાધીઓનું વર્ગીકરણ કરી શકાય. બાળકો અને કિશોરો દ્વારા થતા અપરાધોમાં મુખ્યત્વે નીચે મુજબના પાંચ પ્રકારના અપરાધો થતાં હોવાનું જણાયું છે.

**(૧) માલ મિલ્કત વિરૂધ્ધના અપરાધો :**

આવા અપરાધમાં મુખ્યત્વે ચોરી, લૂંટફાટ, ખિસ્સા કાપવાને લગતા અપરાધો, ગેરકાયદેસર ગૃહ પ્રવેશ, ઘરફોડ ચોરી વગેરનો સમાવેશ થાય છે.

**(૨) વ્યકિત વિરૂધ્ધના અપરાધો :**

આ સ્વરૂપના અપરાધોમાં મારામારી, હુમલો, તકરાર, અપહરણ, આત્મહત્યા અને ખૂનના કૃત્યનો સમાવેશ થાય છે.

**(૩) જાતીય વર્તન અંગેના અપરાધો :**

આ પ્રકારના અપરાધોમાં અપહરણ, બળાત્કાર વગેરેનો સમાવેશ થાય છે.

**(૪) ખાસ કાયદા વિરૂધ્ધના અપરાધો :**

આ સ્વરૂપના અપરાધોમાં રાજયમાં રાજયના કેટલાંક કાયદાઓનો ભંગ કરતા વર્તનનો સમાવેશ થાય છે. આમાં ખાસ કરીને સંરક્ષણ ધારાનો ભંગ કરતા અપરાધો, જુગાર ધારાનો ભંગ કરતા અપરાધો, પ્રોહીબીશન નિયમનો ભંગ કરતા વર્તનો,

૫. Bombay Children Act - 1948

નંશાબંધી કાનૂન વિરૂધ્ધી અપરાધો, રેલ્વે કાનૂન ભંગ કરતા અપરાધો તેમજ ખોરાકમાં ભેળસેળ કરવાના અપરાધો થતા હોય છે.

**બાળ અપરાધી થવાના કારણો :**

બાળ અપરાધી થવાના કારણો તપાસવામાં મનોવૈજ્ઞાનિક દ્રષ્ટીકોણ મહત્વનો ભાગ ભજવે છે મનોવૈજ્ઞાનિક સિધ્ધાંતોમાં મુખ્યત્વે અપરાધી વર્તનના કારણ તરીકે અપરાધી વર્તન કરતા બાળકના વ્યકિતત્વ પર ભાર મુકવામાં આવ્યો છે. તો સમાજશાસ્ત્રીય દ્રષ્ટીકોણમાં પરિસ્થિતિ પર ભાર મુકવામાં આવ્યો છે.[૬]

બાળકના અપરાધી વર્તનમાં એક યા બીજી રીતે ભાગ ભજવતા કેટલાક અગત્યના કારણો નીચે મુજબ છે.

**૧. બાળ અપરાધમાં કુટુંબનો ફાળો.**
**૨. સમવયસ્ક જુથો.**
**૩. આર્થિક પરિબળો.**
**૪. ટી.વી. ચલચિત્રો (મનોરંજનના સાધનો).**
**૫. શહેરીકરણ.**

**૧. બાળ અપરાધમાં કુટુંબનો ફાળો :**

સમાજના વ્યકિતની સાચી ઓળખ તેમના કુટુંબના અભ્યાસ પરથી થઈ શકે એમ કહી શકાય. સમાજમાં જવાબદાર વ્યકિત તરીકે વ્યકિતને પ્રસ્થાપિત કરવાનું કાર્ય કુટુંબ કરે છે. બાળકને પ્રેમ, હૂંફ, વાત્સલ્ય, સલામતી વગરે કુટુંબમાંથી પ્રાપ્ત થાય છે પરંતુ આનાથી ઉલટું જયારે કુટુંબમાંથી તિરસ્કાર, અસલામતિ, ધૃણા વગેરે

૬. પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે. – ભારતની સામાજિક સમસ્યાઓ – પાના નં. – ૫૩.

બાળકને મળે છે ત્યારે આવા બધા પરિબળો બાળકને ગુનાવૃતિ તરફ દોરી તરફ દોરી જાય છે. બાળકને અપરાધી વર્તન કરવા તરફ દોરી જવામાં કુટુંબ જીવનની કઈ કઈ ખામીઓ ભાગ ભજવે છે તે નીચે મુજબ છે.[૭]

**(અ)બાળક અને મા–બાપ વચ્ચેનો ખામી ભર્યો સંબંધ :**

બાળકને અપરાધી વર્તન તરફ દોરી જવામાં મા–બાપ અને બાળક વચ્ચેનો ખામી ભર્યો સંબંધ મહત્વનો ભાગ ભજવે છે. સંતાનોને બાળપણમાં મળવા જોઈતા હૂંફ અને પ્રેમ આપવામાં મા–બાપ જો નિષ્ફળ જાય તો બાળકમાં ગુનાવૃતિ તરફ વળવા માટેના પરિબળો, અસલામતિ અને તિરસ્કારની લાગણી ઉદ્‌ભવે છે. મા – બાપ અને બાળક વચ્ચેનો પ્રેમ ભર્યો સંબંધ કેવળ બાળકના વિકાસ માટે જ નહિ પણ બાળકના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પણ જરૂરી છે.

**(બ) કુટુંબનું મોટુ કદ :**

નાના કુટુંબના બાળકોની તૂલનામાં મોટા કુટુંબના બાળકો અપરાધી બનવાનો વધુ સંભવ રહે છે. બાળકને ગુનાવૃતિ તરફ વાળવામાં કુટુંબનું મોટું કદ વિવિધ રીતે ભાગ ભજવે છે. વધારે બાળકોની સંખ્યા જયારે કુટુંબમાં હોય છે ત્યારે સમાજના નીચલા વર્ગમાં ગરીબાઈ, આર્થિક સંકડામણનો ભોગ કુટુંબ બને છે. જેને પરિણામે બાળકોને પુરતા પ્રમાણમાં શિક્ષણની સવલત પ્રાપ્ત થતી નથી અને નાની ઉમરમાં કમાવા માટે જવું પડે છે. મા–બાપ અને કુટુંબના અન્ય વયસ્ક સભ્યો આખો દિવસ આર્થિક ઉપાર્જન માટે બહાર રહેતા હોય, પરિણામે બાળકો ઉપર તેમનું ધ્યાન રહેતું નથી. રહેવાની અગવડતા, સંકડાશને કારણે બાળકો મોટા ભાગે બહાર રખડતા હોય છે વગેરે પરિસ્થિતિઓ, પરિબળોથી બાળકોનો ગુનાવૃતિના વર્તન તરફ ખેંચાઈ જવાનો સંભવ રહે છે.

---

૭. ડો. શેઠ હંસાબેન , બાળ–અપરાધ.

**(ક) બાળકો પર ખામીયૂકત નિયંત્રણ :**

બાળકો પર નજીવા કારણોસર ગુસ્સો કરવો અને જયારે જરૂર હોય ત્યારે બાળકો પર કોઈ નિયંત્રણ મુકવામાં ન આવે અને જરૂર ન હોય ત્યારે વધુ પડતુ નિયંત્રણ મુકવામાં આવે ત્યારે તેને અનૂચિત નિયંત્રણ કહેવામાં આવે છે.

બાળકોના ઉપર મા–બાપનું અત્યંત શિથિલ નિયંત્રણ હોય ત્યારે બાળકને પોતાની ઈચ્છા મુજબ નિરંકુશ રીતે વર્તવા દેવામાં આવે ત્યારે અપરાધ તરફ વળવાની સંભાવના વધી જાય છે. પ્રો. બર્ટના અભ્યાસમાં મા–બાપનું ખામીયુકત નિયંત્રણ બાળ–અપરાધના મહત્વના પરિબળો તરીકે જોવામાં આવ્યું હતું.

**(ડ) મા–બાપની નિરક્ષરતા :**

બાળકોની ઈચ્છાઓ સમજીને તેના વર્તનો તેમજ લાગણીઓનું વિશ્લેષણ કરીને બાળકો તરફ યોગ્ય પ્રતિભાવો વ્યકત કરવાનું જ્ઞાન અને સમજ નિરક્ષર માતાપિતા ધરાવતા હોતા નથી. ડો. હંસાબેન શેઠ તેમના બાળ અપરાધના પ્રસિધ્ધ અભ્યાસમાં નોંધે છે કે, ઘણા મા–બાપ પોતાની નિરક્ષરતા અને અજ્ઞાનના કારણે પોતાના બાળકોની લાગણીઓ અને માનસિક જરૂરિયાતો સમજી શકતા નથી અને તેઓ પોતાના બાળકોનું કાયદા પાલન કરતા નાગરિકો તરીકે ઘડતર કરવામાં નિષ્ફળ જાય છે. આમ મા–બાપની નિરક્ષરતા પણ બાળકને અપરાધી બનાવવામાં અમુક અંશે ફાળો આપે છે.

**(ઈ) બ્રોકન ફેમીલી (ભગ્ન કુટુંબ) :**

ભગ્ન કુટુંબો વિવિધ રીતે સર્જાય છે જેમ કે માતા કે પિતા બન્નેનું કે બે માંથી ગમે તે એકનું અવસાન થયું હોય, તેમણે છૂટાછેડા લીધા હોય, તેઓ એકબીજાને છોડીને ચાલ્યા ગયા હોય અથવા માતાપિતા બન્ને અલગ અલગ નિવાસ કરતા હોય

ત્યારે તેવા કુટુંબને ભગ્ન કહેવામાં આવે છે.

માતા–પિતા કે બન્નેના દૂર થવાથી બાળકને તેની ભારે મોટી ખોટ પડે છે. બાળક લાગણી વિષયક આઘાત અનુભવે છે. પિતાની ખોટ પડતાં બાળકો આર્થિક મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. માતાપિતા બન્ને સાથે મળીને બાળક પર નિયંત્રણ મૂકે છે તે આ કિસ્સામાં બનતું નથી આમ, ભગ્ન કુટુંબોમાં બાળકો યોગ્ય અને સમતુલીત વિકાસ માટે જરૂરી એવું વાતાવરણ મળતું ન હોવાથી આવાં કુટુંબના બાળકો અપરાધી  વર્તન તરફ વળી જવાનો વધું સંભવ રહે છે.  બાળ અપરાધના અનેક કિસ્સાઓમાં ભગ્ન કુટુંબો મહત્વનો ભાગ ભજવે છે એ હકિકત ઘણા અભ્યાસો પરથી છતી થઈ છે.

આ ઉપરાંત માતા પિતા વચ્ચેના સંબંધમાં અણગમો પ્રર્વતતો હોય તો કુટુંબનું વાતાવરણ તંગ બને છે. કુટુંબમાં ઉછરતાં બાળકોના મન પર તેની ઘણી વિકૃત અસર પડે છે.  પતિ પત્નીના  અત્યંત કરૂણાપૂર્ણ અને સંઘર્ષમય સંબંધોની બાળકો ઉપર જે વિકૃત અસર થાય છે તેની સરખામણીમાં ઘણી વખત ભગ્ન કુટુંબો વધારે સારા હોય છે.

**૨.  સમવયસ્ક જુથો :**

બાળકોના અપરાધના ક્ષેત્રમાં થયેલા સંશોધનોએ દર્શાવ્યું છે કે, બાળકોના અંગત મિત્રો, સોબતીઓ, બાળગોઠીયાઓ, ટોળકીઓ વગેરે સમવયસ્ક જૂથો બાળકના વ્યકિતત્વના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે.  બાળકની ભાષા, ગમા–અણગમા, અન્ય વ્યકિતઓ સાથેનું વર્તન અને બીજાઓ તરફના વલણો ઉપર આવા સમકક્ષ જૂથો આશ્ચર્યકારક પ્રભાવ પાડે છે અને કેટલીક વખત ખરાબ મિત્રો સાથેની સોબતના કારણે બાળક સામાજિક ધોરણોથી વિરૂધ્ધના વર્તનો અને

વલણો શીખે છે. બાળ અપરાધીઓને અનેક કિસ્સાઓમાં અનૂચિત સોબત અપરાધી વર્તન સર્જવામાં મહત્વના પરિબળ તરીકે ભાગ ભજવે છે એ હકિકત જોવા મળે છે.

**૩. આર્થિક પરિબળો :**

બાળ અપરાધ વિશે સંશોધન કરાયેલા લેખોમાં ગરીબી એ બાળ – અપરાધના સૌથી વધુ મહત્વના કારણ તરીકે ગણાવેલ છે. મોટા ભાગના બાળ અપરાધીઓ ગરીબ કુટુંબોમાંથી આવે છે. અદાલતોમાં દાખલ થતા બાળ અપરાધીઓના કિસ્સામાં પણ અપરાધી વર્તનના કારણ તરીકે ગરીબીનું પરિબળ વધારે જોવા મળેલ છે.[૮]

ગરીબીને લીધે અરક્ષિતતા, અસ્થિરતા અને સંઘર્ષના પ્રશ્નો જન્મે છે અને વધે છે. સારા ઘરોનો અભાવ, ગંદા રસ્તાઓ અને સાંકડા મહોલ્લાઓ, જીવન જરૂરિયાતની સગવડોનો અભાવ, આનંદપ્રમોદના સાધનોનો અભાવ વગેરેને કારણે બાળક ગુનાહિત પ્રવૃતિ તરફ પ્રેરાવાના સંજોગો વધી જાય છે.[૯]

આર્થિક પરિસ્થિતિ અને બાળ અપરાધ વચ્ચે સીધો સંબંધ હોવાના કોઈ પુરાવા મળતા ન હોવા છતાં વિવિધ અભ્યાસો પરથી સ્પષ્ટ થયું છે કે, ગરીબી, બેકારી, હલકા વ્યવસાયો વગરે આર્થિક બાબતો સાથે સંબંધ ધરાવતી પરિસ્થિતિઓ બાળકોના અપરાધી વર્તનમાં મહત્વનો ભાગ ભજવે છે.

---

૮. પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે. – ભારતની સામાજિક સમસ્યાઓ – અનડા પ્રકાશન, અમદાવાદ – ૨૦૦૦, પાના નં. –૪૭.

૯. પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે. – ભારતની સામાજિક સમસ્યાઓ – અનડા પ્રકાશન, અમદાવાદ – ૨૦૦૦, પાના નં. –૪૯.

**૪. મનોરંજનના સાધનો :**

રેડિયો, ટી.વી., પુસ્તકો, મેગેઝીનો, સમાચારપત્રો, ચલચિત્રો વગેરે મનોરંજનના માધ્યમો બાળકો અને કિશોરોના કુમળા માનસ પર ઘણી અસર કરે છે. વર્તમાન શહેર સમુદાયમાં હલકા પ્રકારનું બિભત્સ સાહિત્ય, ડિટેકટીવ નવલકથાઓ, વિકૃત ચિત્રો અને ફિલ્મ પોસ્ટરો વગેરની કિશોરોના માનસ ઉપર વિકૃત અસર થતી હોવાનું ઘણા સર્વેક્ષણોમાં જણાયું છે. બાળકોના અપરાધી વર્તનમાં ચલચિત્રોનો ફાળો કેટલો છે તે હજુ ચોકકસ પણે જાણી શકાયું નથી. આમ છતાં મારામારી, હિંસા અને જાતીયવૃતિને ઉત્તેજીત કરે એવા ચલચિત્રો બાળકોના અપરિપકવ માનસ ઉપર ઘણી વિકૃત અસરો કરે છે. અપરાધી વર્તન તરફ વળી જવાની અણી પર હોય એવા બાળકો અને કિશોરોને અપરાધી બનાવવામાં ચલચિત્રો મહત્વનો ભાગ ભજવે છે.[૧૦]

સસ્તુ અને હલકી કક્ષાનું મનોરંજન પિરસતા વિવિધ સંપર્ક માધ્યમો બાળકોના કુમળા અને અપરિપકવ માનસમાં અપરાધી વૃતિઓને વિકસાવવામાં ઓછાવત્તા અંશે ભાગ ભજવે છે.

**૫. શહેરીકરણ :**

સ્વાતંત્ર્ય પ્રાપ્તી બાદ ભારતમાં ઉદ્યોગીકરણોની પ્રક્રિયાએ વેગ પકડયો તેની સાથે સાથે આધુનિક શહેરો પણ વિકસ્યા. શહેરી જીવનપધ્ધતિ અને શહેરીજીવન પરિસ્થિતિ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અપરાધી વર્તનોને ઉત્તેજન આપવામાં મહત્વનો ભાગ ભજવે છે. શહેર સમુદાયની ઔપચારિક સામાજિક સંબંધોની ઢબ વ્યકિતને ધોરણભંગ વર્તન માટે અનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડે છે. ઔપચારિક સંબંધોના કારણે વ્યકિતને જલ્દી ઓળખાય જવાનો ભય નહિ રહેતો હોવાથી તેના વર્તન

૧૦. પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે. – ભારતની સામાજિક સમસ્યાઓ – અનડા પ્રકાશન, અમદાવાદ – ૨૦૦૦.

ઉપર પરંપરાંગત ધોરણોનો અંકુશ ઘટી જાય છે.

ગીચ વસ્તીથી ઉભરાતા શહેરોમાં ગંદા વિસ્તારો, સાંકડા મકાનોમાં ગીચ વસવાટ, વસ્તીની ગીચતાને કારણે બાળકોને સ્વસ્થ મનોરંજન પુરું પાડે એવા રમતગમતનાં મેદાનો અને બાગબગીચાઓની અલ્પતા અથવા અભાવ વગેરે શહેરી જીવન પરિસ્થિતિમાં બાળકોને અપરાધી પ્રવૃત્તિઓ તરફ વાળવામાં એક અથવા બીજી રીતે ભાગ ભજવે છે.

ટુંકમાં અનેક ગુનેગારોના અભ્યાસ ઉપરથી નિષ્કર્ષ તારવવામાં આવ્યો છે કે, ગુનેગારોનું કૌટુંબિક જીવન સંગઠ્ઠીત તેમજ શાંતિપૂર્ણ હોતું નથી. સ્લોસન અને સીબર્ટ નામના  બાળ અભ્યાસ વિશે સંશોધન કરતી વ્યકિતઓએ બાળ અપરાધીઓનો અભ્યાસ કરીને તારવ્યું છે કે, છૂટાછેડા, માતાપિતાનું મૃત્યુ, કૌટુંબિક ઝઘડાઓ મારામારી વગેરે કારણોના લીધે બાળકો, ગુનેગાર પ્રવૃતિ તરફ ખેંચાઈ જાય છે. શહેરના અસંગઠ્ઠીત મહોલ્લાઓમાં ગામડાના સંગઠિત સમાજો કરતા વધારે ગુનાઓ થાય છે.  સામાજિક વિઘટન, ગંદા વસવાટો અને અસ્થિર જીવન અસમાજિક વ્યવહારો વધારવામાં સહાયક બને છે.[૧૧]  મોટા ભાગના ગુનેગારો બેકાર અથવા ગરીબ વ્યકિત હોય છે.  તદઉપરાંત ગુનેગાર પ્રત્યે સમાજ  તરફથી થતો વ્યહાર તેમની અપરાધની પ્રવૃત્તિ વધારવામાં મદદરૂપ થાય છે.

## બાળ–અપરાધની અસરો :

બાળકો દેશના ભાવિ નાગરિકો છે. દેશના આવતીકાલના ભાવિનો આધાર સમાજના બાળકોના સંતુલિત વિકાસ પર નિર્ભર છે.  આ બાબતને ધ્યાનમાં રાખીને જોઈએ તો બાળકોનાં અપરાધી વર્તનોની બાળકોના વ્યકિતત્વ વિકાસ પર,

---

૧૧.   ડો. પટેલ મફતલાલ – અસાધારણ મનોવિજ્ઞાન – યુનિ. ગ્રંથ નિર્માણબોર્ડ – ગુ. રા. આવૃતિ – ૩, પાના  નં. ૩૨૦.

કુટુંબ પર, અર્થવ્યવસ્થા પર અને સમગ્ર સમાજ વ્યવસ્થા પર નીચે મુજબ વિપરીત અસરો પડે છે.[૧૨]

**(૧) બાળકોના વ્યકિતત્વના વિકાસની તકો ખોરવાઈ જવી :**

વ્યકિતના સંતુલિત વિકાસ માટે ઉચ્ચ વિચારો અને આદર્શો, આશાઓ અને મહત્વકાંક્ષાઓ, રમતગમત અને સર્જનાત્મક પ્રવૃતિઓમાં સહાભાગીપણું બાલ્યકાલીન જીવનમાં અત્યંત આવશ્યક માનવામાં આવે છે. વ્યકિતના સમગ્ર વ્યકિતત્વ વિકાસના વિવિધ તબક્કાઓમાં બાળપણનો તબક્કો વિશેષ અને સર્વોચ્ચ મહત્વ ધરાવે છે. વ્યકિતના બાળપણમાં જે ટેવો, મનોવલણો, ભાવાત્મક બંધારણ અને સંસ્કારોનું ઘડતર થાય છે તેની અસરો વ્યકિતના સમગ્ર જીવનકાળ દરમિયાન મહદઅંશે ટકી રહે છે. બાળપણમાં અપરાધી વર્તન કરવા તરફ વળી જતાં બાળકોના વ્યકિતત્વ વિકાસની તકો ખોરવાઈ જાય છે.

**(૨) બાળકો રીઢા ગુનેગાર બની જવાની સંભાવના વધુ રહે છે :**

બાળપણથી અપરાધી વર્તન કરવાની ટેવવાળા કેટલાંક બાળકો મોટે ભાગે પુખ્ત ઉંમરે પહોંચતા પહેલા જ રીઢા ગુનેગાર બની જવાનો સંભવ રહે છે. અપરાધી બાળકોની સોબત પણ અન્ય અપરાધી બાળકો સાથે હોય છે. ફિલ્મો અને અન્ય માધ્યમો દ્વારા કેટલાંક અપરાધી બાળક ગુનાઓ કરવાની રીતો શીખી લેતા હોય છે. દારૂ, જુગાર, ચોરી વગેરે ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કુટુંબોના બાળકો માટે અપરાધી વર્તન છોડી દેવાનું મુશ્કેલ બને છે, અને તેઓ પુખ્ત ઉમરે વધુ મોટા ગુનેગાર બને છે.

**(૩) આરોગ્યની દ્રષ્ટીએ બાળકો નબળા રહે છે. :**

બાળપણમાં શાળાની મેદાની રમતો કે કસરતો, મિત્રો સાથે રમતગમતની

---

૧૨. મદન જી. આર. – સામાજિક કાર્ય – વિવેક પ્રકાશન – પાના નં. ૧૦૬.

પ્રવૃત્તિઓથી બાળકોનું શારિરીક, માનસિક સ્તર સારૂ રહેતું હોય છે. પરંતુ અપરાધી વર્તન તરફ વળી ગયલા બાળકો શાળા શિક્ષણ અને શાળાકીય રમતગમતની પ્રવૃત્તિઓથી વંચિત રહી જાય છે. વળી, અપરાધવૃતિના કારણે ઉદ્‌ભવેલી લઘુતાગ્રંથીના કારણે બાળકો એની ઉંમરના અન્ય બાળકો સાથે ભળતા અને તેમની સાથે રમતગમતની પ્રવૃત્તિમાં ભાગ લેતા અચકાય છે. બાળપણમાં સુયોગ્ય શારિરીક વિકાસ માટે બાળકોને રમતગમત ઉપરાંત પૌષ્ટિક આહાર મળવો જોઈએ જેનાથી બાળ અપરાધીઓ મહદઅંશે વંચિત રહેતા હોવાથી આરોગ્યમાં નબળા રહે છે.

## (૪) અપરાધી બાળકોના કુટુંબમાં સંઘર્ષમય વાતાવરણ જોવા મળે છે. :

બાળકના વર્તન, આચારવિચાર, ટેવો અને સંસ્કારનું ઘડતર કરવાની જવાબદારી પતિ–પત્નીની સંયુકત રીતે ભારતીય સમાજમાં રહેલી છે. અપરાધી વર્તન કરતા બાળકોના કુટુંબમાં બાળકોના વર્તનની બાબતમાં અને તેના પર યોગ્ય નિયંત્રણ રાખવાની બાબતમાં કેટલાંક કિસ્સામાં પતિ–પત્ની વચ્ચે એટલે કે અપરાધી બાળકના માતાપિતાના વચ્ચે સંઘર્ષ થવાની પુરેપુરી શકયતા રહેલી છે. બાળકના અપરાધી વર્તન માટે પતિ પોતાની પત્નીની બેદરકારીને જવાબદાર ગણે છે જયારે પત્ની પોતાના પતિની બાળકો તરફની ઉપેક્ષાવૃતિને જવાબદાર ગણે છે. આમ, પતિ પત્નીના સંબંધમાં પણ તીરાડ પડે છે અને લાંબા ગાળે તે સંઘર્ષમાં પરિણમે છે અને ઘરમાં પ્રેમના માહોલને બદલે સંઘર્ષમય કલુષિત વાતાવરણ સર્જાય છે.

## (૫) બાળ અપરાધીના કુટુંબની સામાજિક પ્રતિષ્ઠામાં ઘટાડો :

બાળકોમાં નાની ઉમરે સારૂ–નરસુ પારખવાની વિવેકશકિત હોતી નથી. મા–બાપ અને કુટુંબે પોતાના સંતાનોને બાલ્યકાળથી સામાજિક અપેક્ષા મુજબ વર્તન કરતાં શીખવવું પડે છે. સારા વર્તનનો બદલો અને ખરાબ વર્તનની શિક્ષા કરવાની

પણ જરૂર પડે છે. પરંતુ જે મા–બાપો બાળ ઉછેરની આ બધી બાબતો તરફ ઉપેક્ષા સેવે છે એમાંના કેટલાક બાળકો અપરાધી વર્તન તરફ વળી જતાં હોય છે. આવા બાળકોના મા–બાપ અને કુટુંબોની સમાજિક પ્રતિષ્ઠામાં ઘટાડો થાય છે.

**(૬) બાળ અપરાધ નિવારણના કાર્યક્રમોથી સમાજ પર આર્થિક બોજો :**

બાળ અપરાધીઓની સુધારણા માટે સમાજે અને સરકારે અનેક સુધારણા સંસ્થાઓ ચલાવવી પડે છે. જયાં બાળ અપરાધીઓને નિવાસ, કપડા, ખોરાક, મનોરંજનના સાધનો, વ્યવસાયિક તાલિમો વગેરેની સુવિધા મફત પુરી પાડવામાં આવે છે. આ બધાની પાછળ સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે આથી સમાજ પર આર્થિક બોજો આવે છે. પ્રજાના કરવેરામાંથી મળતા નાણાંનો મહત્તમ ઉપયોગ ગરીબી નિવારણ, બાળકોના શિક્ષણ, બેકારી નિવારણ અને આરોગ્યની સુવિધાઓ પુરી પાડવા માટે કરવાનું વધુ આવશ્યક ગણાય. ટુંકમાં બાળ–અપરાધની વિપરિત અસરો સમાજ જીવનના અનેક ક્ષેત્રો પર પડે છે.

**બાળ અપરાધ નિવારણ માટે લેવામાં આવતા પગલાઓ :**

બાળ અપરાધ નિવારણ માટે સરકારશ્રી તરફથી કાનૂની પગલા રૂપે પણ કાર્ય થતુ રહેલું છે. વખતોવખત આ અંગે ઘડેલા કાયદાઓથી બાળકોને રક્ષણ આપવા માટે સક્રિય રીતે કાર્ય થયેલ છે.

ભારતીય બંધારણમાં પણ બાળ અપરાધ નિવારણ માટે કાયદાઓ દ્વારા બંધારણીય જોગવાઈઓ રાખવામાં આવેલ જ છે. બાળ અપરાધ નિવારણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્ય કરે છે તો આ જ રીતે સરકાર દ્વારા પણ સરકારી સંસ્થાઓમાં આ બાળ–અપરાધીની સુધારણાનું કાર્ય થતુ રહયુ છે. તેના માટે મહત્વના કાયદા અંતર્ગત આવા અપરાધી બાળકોને રક્ષણ પણ

પુરું પાડવામાં આવેલ છે આવી સરકારી સંસ્થાઓ નીચે પ્રમાણે છે.

**૧. બાળ અદાલત.**
**૨. રીમાન્ડ હોમ.**
**૩. પ્રમાણિતશાળાઓ.**
**૪. સુધારણા શાળાઓ.**
**૫. પાલકગૃહો.**
**૬. બોસ્ટલ સંસ્થાઓ.**

આપણા અભ્યાસને લગતી સૌરાષ્ટ્રમાં આવેલી સંસ્થાઓનો પરિચય અને તેમની સેવાકીય પ્રવૃતિ વિશે આપણે સંશોધનની મર્યાદામાં રહીને જે અવલોકન કર્યું છે અને વિગતો મેળવી છે તે નીચે પ્રમાણે છે.

સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષા કચેરી હેઠળ આવતી સંસ્થાઓ (૧) ઓબ્ઝર્વેશન હોમ (૨) સ્પેશ્યલ હોમ ફોર બોયઝ (૩) સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ જે એક જ કાયદા હેઠળ આવરી લેવાયેલી સંસ્થાઓ છે. ઈ.સ. ૧૯૮૬ ના જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કાર્યકરતી સંસ્થાઓ છે જેનો વિગતવાર પરિચય ક્રમાનુસાર મેળવીએ.

**(૧) ઓબ્ઝર્વેશન હોમ :**

સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષા કચેરી હેઠળ આવતી સંસ્થાઓમાંથી ખુબ જ અગત્યની એવી અને સુસમાજના ભાગ્યવંતા એવા બાળ માનસમાં જન્મેલી બદીઓને નામશેષ કરી બાળમાનસને સમાજ ઉપયોગી સુસંગત અને સ્વચ્છતા બક્ષી તેને સમાજમાં પુનઃ સ્થાપિત કરી આપવાનું કામ કરતી સંસ્થા ઓબ્ઝર્વેશન હોમ નામથી ઓળખાય છે.

**સંસ્થાઓનો ઈતિહાસ :**

ઈતિહાસના વિદ્યાર્થી તરીકે કોઈ પણ સંસ્થાની માહિતી એકત્રીકરણ કરતી વખતે સંસ્થાનો ઈતિહાસ જાણવો જરૂરી બને છે સૌરાષ્ટ્રમાં સમાજસુરક્ષા ખાતા સંચાલિત ઓબ્ઝર્વેશન હોમમાં રાજકોટ, જૂનાગઢ, જામનગર, ભાવનગર એમ ચાર જગ્યાએ ઓબ્ઝર્વેશન હોમ આવેલા છે.

રાજકોટના ઓબ્ઝર્વેશન હોમને બહારથી જોતા જ તે કોઈ રાજાશાહીનું મકાન હોય તેવું જણાય છે. આ મકાન જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના સરદારગઢ સ્ટેટનો ઉતારો હતું. ભારતની આઝાદી પછી સૌરાષ્ટ્ર ચિલ્ડ્રન એકટ ૧૯૫૪ હેઠળ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી અને સરકારશ્રી દ્વારા આ બિલ્ડીંગ સમાજ કલ્યાણ ખાતાને સોંપવામાં આવ્યું.[૧૩]

૧ લી ઓકટોબર ૧૯૫૫ ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી ત્યારથી અહિંયા બાળઅદાલત (જુવેનાઈલ કોર્ટ) અને રીમાન્ડ હોમની સ્થાપના થયેલ છે.

સમાજ સુરક્ષા દ્વારા સંચાલિત આ સંસ્થાની સ્થાપના પૂર્વે એટલે કે ઓકટોબર ૧૯૫૫ પહેલા આ પ્રકારની સમાજ ઉપયોગી સેવા કાઠિયાવાડ બાલાશ્રમ, કાન્તાસ્ત્રી વિકાસગૃહ જેવી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સેવાના ધોરણે કામ કરતી હતી. જેનું સંચાલન જે તે સંસ્થાના ટ્રસ્ટી મંડળ દ્વારા કરવામાં આવતું હતું અને તે માત્ર અન્ય ખાનગી સંસ્થાઓ અને દાતાઓ તરફથી મળેલ દાનની રકમમાંથી ચાલતું હતું.[૧૪]

---

૧૩. સંસ્થાના અધિક્ષકશ્રીની રૂબરૂ મુલાકાત.

૧૪. સંસ્થાની સ્થાપના ફાઈલને આધારે.

ઈ.સ. ૧૯૫૫ બાદ રાજયમાં વિવિધ સ્થળોએ આવેલા આવા ઓબ્ઝર્વેશન હોમનું સંચાલન વધુ સારી રીતે ચાલે તેથી કાયદાકીય અંકુશો મેળવવા માટે સૌરાષ્ટ્ર ચિલ્ડ્રન એકટ ૧૯૫૪ અને બોમ્બે ચિલ્ડ્રન એકટ ૧૯૪૮ નો કાયદો અમલમાં હતો. રાજકોટ સ્થિત ઓબ્ઝર્વેશન હોમ જેવી સંસ્થાઓ સૌરાષ્ટ્ર ચિલ્ડ્રન એકટ હેઠળ કાર્યરત હતી, જયારે રજવાડાઓમાં આવી સંસ્થાઓ બોમ્બે ચિલ્ડ્રન એકટ હેઠળ કાર્યરત હતી.[૧૫]

ભારતના વિવિધ રાજયોમાં આવેલી આવી સંસ્થાઓનું કાર્યક્ષેત્ર એક સરખું રહે અને તેમાં ઐકય જળવાઈ રહે તે માટે ૧૯૮૬માં કેન્દ્ર સરકારે જુવેનાઈલ જસ્ટીસ એકટ ૧૯૮૬ અમલમાં લાવેલ જેના અમલ પાછળનો મુખ્ય હેતું બાળકોને થતા અન્યાય સામે રક્ષણ અને ન્યાય મળે તેવો છે. આમ આ "જુવેનાઈલ જસ્ટીસ એકટ" એટલે "કિશોરોના ન્યાયનો કાયદો" એવો અર્થ થાય. આ રીતે એક જ પ્રકારના હેતું સાથે વિવિધ રાજયોમાં કાર્યરત સંસ્થાઓમાં અલગ અલગ કાયદો અમલમાં હતો. તેમાં રહેલા તફાવતો દૂર કરી આ "જુવેનાઈલ જસીટસ એકટ ૧૯૮૬" નો કાયદો અસ્તીત્વમાં આવ્યો પરંતુ આ કાયદાનું અમલીકરણ જુદા જુદા રાજયોમાં જુદા જુદા સમયે થયું. ગુજરાતમાં આ કાયદાનું અમલીકરણ ૧૯૮૭માં "જુવેનાઈલ જસ્ટીસ એકટ – ગુજરાત ૧૯૮૭" ના નામથી થયું.[૧૬]

**સંસ્થાનો મુખ્ય હેતુ :**

"બાળક ગુનેગાર નથી પરંતુ તેના સંજોગો અને પરિબળોએ તેને મુંઝવ્યો છે " એ સિધ્ધાંતને સ્વીકારીને સામાીઝક, કૌટુંબિક, આર્થિક અને મનૌવૈજ્ઞાનિક

---

૧૫. સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ – પેઈજ નં. ૧૨.

૧૬. જુવેનાઈલ જસ્ટીસ એકટ, ગુજરાત – ૧૯૮૭.

રીતે ફરીથી બાળકનું પુનઃ સ્થાપન સમાજમાં પ્રાપ્ત થાય અને બાળક પોતાનો વિકાસ સાધી શકે તે માટે બાળકની સમસ્યા જાણી અને તેની તપાસ કરીને તેના ઉકેલ માટે ઉચ્ચિત પ્રયત્નો કરવા તે સંસ્થાનો મુખ્ય હેતુ રહેલો છે.

સમાજ સુરક્ષા ખાતા દ્વારા ચાલતી ઓબ્ઝર્વેશન હોમ નામની સંસ્થાઓનો હેતુ બાળકો ગુનો કરતા અટકે, સમાજમાંથી તિરસ્કૃત ન થાય તે માટેનો છે. તે ઉપરાંત ગુનાહિત પ્રવૃત્તિ કરતા બાળકો, નિરંકુશ બાળકો તથા રખડતા–ભટકતા અને ભૂલા પડેલા બાળકોને આ સંસ્થા દ્વારા જરૂરી શિક્ષણ અને આશરો પુરો પાડી સમાજમાં તેમતું સ્થાન પુનઃપ્રસ્થાપિત થાય તે માટેનું જ છે.

વધુમાં ગુનાહિત પ્રવૃત્તિ કરતા પકડાયેલા ગુનેગાર બાળકો કે જેની ઉંમર ૧૬ વર્ષથી નાની છે પરંતુ અન્ય કારણોસર ગુનાહિત કાર્ય કરેલ હોવાને કારણે નામદાર કોર્ટે જેને ગુનેગાર જાહેર કરેલ હોય તેવા બાળ ગુનેગારોને અન્ય ગુનેગારો સાથે ન રાખતા તેમના માટે એક અલગ પ્રકારની વ્યવસ્થા થયેલ છે. તેને 'ઓબ્ઝર્વેશન હોમ' તરીકે ઓળખવામાં આવે છે.

અહી બાળકને કેદીની જેમ રાખવામાં આવતું નથી. પરંતુ તેને ઘર જેવું વાતાવરણ પુરું પાડવામાં આવે છે. જેથી તેના માનસનો પલટો થઈને ભવિષ્યમાં એક તંદુરસ્ત નાગરિક તરીકે સમાજમાં સ્થાન પામે.[૧૭]

**સંસ્થામાં બાળકના પ્રવેશની વિગત :**

જુવેનાઈલ જસ્ટીસ એકટ ગુજરાત – ૧૯૮૭ મુજબ કોઈ પણ બાળક સમસ્યાનો ભોગ બનેલું હોય ત્યારે તેની સમસ્યાને અનુરૂપ બાળક ગુનેગાર હોય તો

૧૭. સમાજ સુરક્ષા ખાતા – મેન્યુઅલ – ૧૯૯૩ – પાના નં. ૨૬.

જુવેનાઈલ કોર્ટમાં અને ગુનેગાર ન હોય તો જુવેનાઈલ વેલ્ફેર બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવે છે.

ગુનેગાર બાળકોનો જુવેનાઈલ કોર્ટ દ્વારા તેનો ઘર રીપોર્ટ મંગાવવામાં આવે છે અને બાળ અદાલતના પ્રમુખ (મેજીસ્ટ્રેટ) પોતાનો ચુકાદો આપે છે. બાળકને સંસ્થાકીય સારવાર માટે કેટલો સમય રાખવો તે મેજીસ્ટ્રેટ નકકી કરે છે અને આમ ગુનેગાર બાળક સંસ્થામાં દાખલ થાય છે.

ગુનેગાર ન હોય તેવા બાળકને જુવેનાઈલ વેલ્ફેર બોર્ડના ચેરમેન સમક્ષ રજૂ કરવામાં આવે છે. અને તે નિરાધાર, રખડતા, ભટકતા, નિરકુંશ બાળકો સંસ્થામાં આવે તો તેને દાખલ કરવા માટે રિપોર્ટના આધારે હુકમો કરે છે. આમ આવા બાળકોને સંસ્થામાં પ્રવેશ આપવામાં આવે છે. સંસ્થામાં પ્રવેશની મર્યાદા વધુમાં વધુ ૪૦ અંતેવાસીઓની છે.[૧૮]

**ઓબ્ઝર્વેશન હોમમાં દાખલ થતાં અંતેવાસીઓને ત્રણ પ્રકારમાં વિભાજિત કરી શકાય.[૧૯] :**

૧. ગુનાહિત પ્રવૃત્તિના કારણે અદાલત દ્વારા ગુનેગાર ઠરેલ બાળકો જેઓને કોર્ટ મેજીસ્ટ્રેટના હુકમથી સંસ્થાને સોપવામાં આવેલ હોય છે.

૨. જુવેનાઈલ જસ્ટીસ એકટ (ગુજરાત) ૧૯૮૭ ના કાયદાની કલમ ૧૩ (૧) હેઠળ આવતા બાળકો કે જે રખડતા, ભટકતા, ભૂલા પડેલા, નોન પેરેન્ટ અથવા વન પેરેન્ટ જેને સંસ્થા દ્વારા પોલીસના સહકારથી રાઉન્ડઅપમાં

૧૮. સંસ્થાના પ્રવેશ રજીસ્ટર તથા પ્રવેશ ફાઈલના આધારે.

૧૯. સંસ્થાના અધિક્ષકશ્રીની રૂબરૂ મુલાકાત.

લઈ આવવામાં આવેલા હોય તેવા બાળકો.

૩. જુવેનાઈલ એકટ (ગુજરાત) ૧૯૮૭ ના કાયદાની કલમ ૧૭ હેઠળ આવતા બાળકો એટલે કે "અનકંટ્રોલ ચાઈલ્ડ" (નિરંકુશ બાળક) જેવા કે પોતાના કુટુંબ, મા–બાપ સાથે રહેતા હોય પરંતુ મા–બાપને ત્રાસ આપતા હોય, નાની મોટી કુસંગતોએ ચડેલા હોય અને જેને કારણે આવા બાળકોને તેમના મા–બાપ કે વાલી સામેથી કોર્ટની મદદ દ્વારા એટલે કે મેજીસ્ટ્રેટના આદેશથી ઓબ્ઝર્વેશન હોમમાં મુકવામાં આવે તેવા બાળકો.

## :: સંસ્થામાં પ્રવેશ પામેલ બાળકોની વિગત ::

### બીનગુનેગાર બાળકોના સંસ્થામાં પ્રવેશ અને નિકાલની વિગત : રાજકોટ[૨૦]

| ક્રમ | વર્ષ | ખૂલતી સંખ્યા | વર્ષ દરમિયાન પ્રવેશ | સંસ્થામાં જ કમીટ કર્યા | સ્પેશ્યલ હોમમાં તબદીલ કર્યા | વાલીને સોંપવા | નાસી ગયા | વર્ષ દરમિયાન બંધ સંખ્યા | બહારગામ તબદીલ કર્યા | પૈકી મુસ્લીમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ૧૯૯૩–૧૯૯૪ | –– | ૩૬ | ૨૫ | –– | ૧૧ | –– | –– | –– | ૦૧ |
| ૨ | ૧૯૯૪–૧૯૯૫ | –– | ૩૮ | ૨૯ | –– | ૦૯ | –– | –– | –– | ૦૩ |
| ૩ | ૧૯૯૫–૧૯૯૬ | –– | ૬૧ | ૨૬ | ૨૦ | ૧૪ | –– | ૦૧ | –– | ૦૧ |
| ૪ | ૧૯૯૬–૧૯૯૭ | ૦૧ | ૬૪ | ૨૬ | ૧૨ | ૨૧ | ૦૨ | ૦૪ | –– | ૦૨ |
| ૫ | ૧૯૯૭–૧૯૯૮ | ૦૪ | ૬૨ | ૧૬ | ૨૨ | –– | –– | ૨૫ | ૦૩ | ૦૨ |
| ૬ | ૧૯૯૮–૧૯૯૯ | ૨૫ | ૨૬ | ૧૦ | ૦૮ | ૧૯ | –– | ૧૧ | ૦૩ | –– |
| ૭ | ૧૯૯૯–૨૦૦૦ | ૧૧ | ૦૯ | –– | –– | ૧૨ | –– | ૦૭ | ૦૧ | ૦૧ |
| ૮ | ૨૦૦૦–૨૦૦૧ | ૦૭ | ૧૯ | ૦૭ | –– | ૦૨ | –– | ૧૬ | ૦૧ | ૦૧ |

૨૦. સંસ્થાના પ્રવેશ રજિસ્ટર તેમજ નિકાલ રજિસ્ટરને આધારે. (વર્ષ પ્રમાણે)

## :: ઉંમરના પ્રમાણે વિશ્લેષણ[૨૧] ::

| ક્રમ | વર્ષ | ઉંમર ૭ થી ૧૦ વર્ષ | ઉંમર ૧૧ થી ૧૪ વર્ષ | ઉંમર ૧૪ વર્ષથી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૯૯૩–૧૯૯૪ | ૧૩ | ૨૧ | ૦૨ | ૩૬ |
| ૨ | ૧૯૯૪–૧૯૯૫ | ૧૬ | ૧૯ | ૦૩ | ૩૮ |
| ૩ | ૧૯૯૫–૧૯૯૬ | ૨૫ | ૩૦ | ૦૬ | ૬૧ |
| ૪ | ૧૯૯૬–૧૯૯૭ | ૨૧ | ૩૬ | ૦૭ | ૬૪ |
| ૫ | ૧૯૯૭–૧૯૯૮ | ૧૬ | ૪૧ | ૦૫ | ૬૨ |
| ૬ | ૧૯૯૮–૧૯૯૯ | ૦૭ | ૧૬ | ૦૩ | ૨૬ |
| ૭ | ૧૯૯૯–૨૦૦૦ | ૦૭ | ૦૨ | –– | ૦૯ |
| ૮ | ૨૦૦૦–૨૦૦૧ | ૧૫ | ૦૪ | –– | ૧૯ |

૨૧. સંસ્થાના પ્રવેશ રજિસ્ટરના આધારે. (વર્ષ પ્રમાણે)

## :: ગુનેગાર બાળકોના સંસ્થામાં પ્રવેશ અને નિકાલની વિગત : રાજકોટ[૨૨] ::

| ક્રમ | વર્ષ | ખૂલતી સંખ્યા | વર્ષ દરમિયાન પ્રવેશ | ખાસ ગુનામાં કમીટ કર્યા અથવા તબદીલ કર્યા | જામીન ઉપર વાલીને સોંપવા | કોર્ટને ઉંમર વધુ જણાતા પોલીસને કબજો સોંપ્યો | ઠપકો આપીને છોડયા | દંડ કર્યો | નિર્દોષ છોડયા | દેખરેખ હેઠળ મૂકયા | કેસ પેન્ડીંગ | નાસી ગયા | કમીટ કર્યા | વર્ષની આખર બંધ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | ૧૯૯૩–૧૯૯૪ | –– | ૪૬ | –– | ૨૧ | –– | ૦૩ | ૦૭ | –– | –– | ૦૬ | ૦૩ | –– | –– |
| ૨ | ૧૯૯૪–૧૯૯૫ | –– | ૩૪ | –– | ૨૭ | –– | –– | ૦૫ | –– | –– | –– | ૦૧ | ૦૧ | –– |
| ૩ | ૧૯૯૫–૧૯૯૬ | –– | ૩૭ | –– | ૩૨ | –– | ૦૪ | –– | –– | –– | –– | ૦૧ | –– | –– |
| ૪ | ૧૯૯૬–૧૯૯૭ | –– | ૩૧ | –– | ૨૭ | –– | –– | ૦૧ | –– | –– | –– | ૦૨ | ૦૧ | –– |
| ૫ | ૧૯૯૭–૧૯૯૮ | –– | ૩૧ | –– | ૨૬ | –– | ૦૧ | –– | –– | –– | –– | ૦૩ | ૦૧ | –– |
| ૬ | ૧૯૯૮–૧૯૯૯ | –– | ૩૧ | –– | ૨૫ | –– | ૦૧ | –– | –– | –– | –– | ૦૨ | ૦૧ | ૦૨ |
| ૭ | ૧૯૯૯–૨૦૦૦ | ૦૨ | ૧૫ | –– | ૧૨ | –– | ૦૧ | –– | –– | –– | –– | –– | ૦૪ | –– |
| ૮ | ૨૦૦૦–૨૦૦૧ | –– | ૧૭ | ૦૧ | ૦૯ | –– | ૦૩ | –– | –– | –– | –– | –– | –– | ૦૪ |

૨૨. સંસ્થાના પ્રવેશ રજિસ્ટર તેમજ નિકાલ રજિસ્ટરને આધારે.(વર્ષ પ્રમાણે)

## :: ઉંમરના સમુહ પ્રમાણે સંસ્થામાં ગુનેગાર બાળકોનું વિશ્લેષણ : રાજકોટ [૨૩]::

| ક્રમ | વર્ષ | ઉંમર ૭ થી ૧૦ વર્ષ | ઉંમર ૧૧ થી ૧૪ વર્ષ | ઉંમર ૧૪ વર્ષથી ઉપર | કુલ | કુલ પૈકી મુસ્લીમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧૯૯૩–૧૯૯૪ | ૦૨ | ૨૪ | ૨૦ | ૪૬ | ૧૦ |
| ૨ | ૧૯૯૪–૧૯૯૫ | ૦૪ | ૨૦ | ૧૦ | ૩૪ | ૦૫ |
| ૩ | ૧૯૯૫–૧૯૯૬ | ૦૧ | ૧૮ | ૧૮ | ૩૭ | ૦૩ |
| ૪ | ૧૯૯૬–૧૯૯૭ | ૦૪ | ૧૩ | ૧૪ | ૩૧ | ૦૩ |
| ૫ | ૧૯૯૭–૧૯૯૮ | ૦૧ | ૧૦ | ૨૦ | ૩૧ | ૦૪ |
| ૬ | ૧૯૯૮–૧૯૯૯ | ૦૨ | ૧૯ | ૧૦ | ૩૧ | ૦૩ |
| ૭ | ૧૯૯૯–૨૦૦૦ | ૦૬ | ૦૮ | ૦૩ | ૧૭ | ૦૩ |
| ૮ | ૨૦૦૦–૨૦૦૧ | ૦૨ | ૦૮ | ૦૭ | ૧૭ | ૦૨ |

ગુનેગાર બાળકોમાં ખાસ મુખ્યત્વે જ્ઞાતિ વાઘરી, કોળી, હરિજન, ડફેર, ભરવાડ વગેરે છે.

બીન ગુનેગાર બાળકોમાં ખાસ જ્ઞાતિ બાવાજી, રજપૂત, વાઘરી, ભરવાડ, હરિજન, લોહાણા વગેરે છે.

૨૩. સંસ્થાના પ્રવેશ રજિસ્ટરની ઉંમર તથા જ્ઞાતિના પેટા કોલમને આધારે.(વર્ષ પ્રમાણે)

સંસ્થાના પ્રવેશની વિગત પરથી માલુમ પડેલ છે કે, ઓબ્ઝર્વેશન હોમમાં આવતા બાળકો મોટાભાગે સમાજના નીચલા તથા તરછોડાયેલા વર્ગના હોય છે. તેમાંથી આ પ્રકારના બાળકો આવતા હોય છે. આમ, આવા વર્ગમાંથી વધુ પડતા આવતા બાળકોના મુખ્ય કારણો વાલી, મા–બાપ અને કુટુંબમાં શિક્ષણનો અભાવ, આર્થિક રીતે પછાત તેમજ મોટા ભાગે મા–બાપ બન્ને મજૂરી કામે જતા હોવાથી બાળક માટે દેખરેખ અને અંકુશનો અભાવ હોવાથી આજુ બાજુમાં ગુનાહિત પ્રવૃત્તિવાળો માહોલ, અનાથ બાળકો અથવા વન પેરેન્ટસ બાળકોનો સમાવેશ થાય છે. હાલમાં કુલ ૧૪ બાળકો સંસ્થાકીય સારવાર હેઠળ છે. [૨૪]

ઓબ્ઝર્વેશન હોમ – જૂનાગઢ, ગીરનાર પર્વતના સાનિધ્યમાં હરિયાળી વચ્ચે આવેલું છે. તેમાં આવતા બાળકોને મોકળાશ મળે તેટલી પર્યાપ્ત જગ્યામાં પથરાયેલું છે. પહેલા આ સંસ્થા તાર ઓફીસ પાસે બેસતી હતી. સ્થાપના ૧–૪–૧૯૬૧ ના રોજ કરવામાં આવેલી હતી. ઓબ્ઝર્વેશન હોમ જૂનાગઢમાં દર બુધવારે બાળકો માટેની ખાસ અદાલત જુવેનાઈલ કોર્ટ બોલાવવામાં આવે છે.

**ઓબ્ઝર્વેશન હોમ જૂનાગઢમાં બાળકોના શિક્ષણ માટે નીચે મુજબના વહીવટી સ્ટાફની વ્યવસ્થા થયેલ છે :**

૧. અધિક્ષક–૧
૨. સીનીયર ટીચર–૧
૩. ઉદ્યોગશિક્ષક–૧
૪. હાઉસમેટ્રન–૧
૫. કલાર્ક–૧
૬. પટ્ટાવાળા–૨

૨૪. સંસ્થાની રૂબરૂ મુલાકાતના આધારે.

૭. રસોયો–૧

૮. આયા–૧

૯. ચોકીદાર–૧

૧૦. સ્વીપરનું મહેકમ સરકારશ્રી તરફથી મંજુર કરવામાં આવેલ છે.

પ્રોબેશન ઓફીસર અને પાર્ટટાઈમ સંગીત શિક્ષકની એમ બે જગ્યાઓ ખાલી છે. માનદ્ ડોકટર તરીકે ભરત ગણાત્રા વી.એમ.ઓ. ની સેવા આ સંસ્થામાં આપી રહયા છે.[૨૫]

ઉદ્યોગ શિક્ષક દ્વારા બાળકોને સિલાઈ કરાવી, ગાજ બટન ટાંકવા, ચોક બનાવવા જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. ધોરણ ૧ થી ૨ સુધીનો અભ્યાસ સંસ્થામાં જ કરાવવામાં આવે છે, પછી બહારની સ્કૂલમાં ભણવા માટે તેમને મોકલવામાં આવે છે.

ઓબ્ઝર્વેશન હોમ જામનગર ગુલાબનગર, ગાંધીનગર એરીયામાં આવેલું છે. ભૂકંપે આ સંસ્થાને તહેસનહેસ કરી નાખી છે. તેમ છતાં સંસ્થાના મૂળ ઉદેશને ધ્યાનમાં રાખીને સંસ્થા કાર્યરત છે. એજ રીતે ન્યુ એરોડ્રામ રોડ પર ભાવનગર ખાતે ઓબ્ઝર્વેશન હોમ કાર્ય કરી રહેલ છે.

ઓબ્ઝર્વેશન હોમ રાજકોટની સંસ્થા દશથી બાર હજાર વાર જગ્યામાં પથરાયેલી છે. રાજકોટના ઓબ્ઝર્વેશન હોમના પ્રાંગણમાં મોટા પાયે વૃક્ષારોપણ થયેલું છે દરેક વૃક્ષો પર જુદા જુદા ઋષિ મુનિઓના નામની તકતી લગાડવામાં આવેલ છે. સરદારગઢ ઉતારાની મહેલ જેવી આ જગ્યાની દિવાલો પર ઠેર ઠેર સુવાકયો લખેલા છે. રાષ્ટ્ર નેતાઓના ચિત્રો દિવાલ પર રખાયેલા છે.

---

૨૫. સંસ્થાની રૂબરૂ મુલાકાતના આધારે.

સંસ્થાના મકાનમાં રસોડું તથા ભોજનાલય વિભાગ છે. જયાં બાળકો ડાઈનીંગ ટેબલ પર ઘરની માફક ભોજન જમે છે. સરકારશ્રીના નિયમ મુજબ બાળકોના નકકી કરેલ સ્કેલ મુજબ તેને પોષ્ટિક ભોજન આપવામાં આવે છે.

સંસ્થામાં બાળકો માટે સુથારી વિભાગ, વણાટવિભાગ, કોર્ટનો મોટો રૂમ, સુપ્રિટેન્ડટશ્રીની ઓફીસ, શાળા વિભાગ, સારવાર વિભાગ, કર્મચારીને બેસવાનો ખંડ, વિશાળ મોટો પ્રાર્થના હોલ, રમતગમતનું વિશાળ મેદાન તેમજ બાળકોની રોજબરોજની જરૂરિયાત / ક્રિયા માટે બાથરૂમ / જાજરૂ વગેરેની વ્યવસ્થા રહેલી છે.[૨૬]

## ઓબ્ઝર્વેશન હોમ સંસ્થામાં બાળકોને આપવામાં આવતી સવલતો (સેવાઓ) [૨૭]:

### ૧. શિક્ષણની સેવા :

સંસ્થામાં ધોરણ ૧ અને ૨ સુધીનો અભ્યાસ ચાલે છે. ધોરણ ૩ થી આગળના અભ્યાસ માટે રાજકોટના બાળકોને સંસ્થાની બહાર સ્કૂલ નંબર ૨૦ માં મોકલવામાં આવે છે. અન્ય સંસ્થાના બાળકોને સંસ્થાની નજિક સ્કૂલમાં મોકલવામાં આવે છે.

### ૨. પુનઃસ્થાપન માટેની સેવાઓ :

સંસ્થામાં આવેલ અંતેવાસીઓને સુથારીકામ, વણાટકામ, પાટીવણાટ, નેતરકામ, અંબર ચરખા, કાંતણ વગરે ઉદ્યોગ વિભાગમાં શીખવવામાં આવે છે. આમ, બાળકના સંસ્થામાં રહેવાના સમય દરમિયાન આ બાળકોને ઔદ્યોગિક તાલીમ

---

૨૬. સંસ્થાની રૂબરૂ મુલાકાતના આધારે.

૨૭. સમાજ સુરક્ષા ખાતું, મેન્યુઅલ – ૧૯૯૩ – પાના નં. ૨૭ અને ૨૮.

આપવામાં આવે છે. આમ, ગુનેગાર બાળકના સમાજમાં પુનઃસ્થાપના માટે આ સંસ્થા કાર્યરત બની પ્રયત્ન કરે છે.

**૩. મેડિકલ સારવાર :**

સંસ્થામાં રહેલા બાળકોના આરોગ્યની સંભાળ લેવામાં આવે છે આ માટે પાર્ટટાઈમ મેડિકલ ઓફીસર સંસ્થાની રૂબરૂ મુલાકાત નિયત સમય મુજબ લે છે. અને તેમના આરોગ્યને લગતી સમસ્યાઓને ધીરજ અને શાંતિથી સાંભળે છે, તેમજ સારવાર આપે છે. રાજકોટની સંસ્થામાં હાલમાં ડો. પી. એમ. કરકરે અને ડો. એમ. આર. કોટક પોતાની માનદ સેવાઓ આપી રહેલ છે.

**૪. રમતગમત અને મનોરંજન પ્રવૃત્તિ :**

બાળકોને ઈનડોર ગેઈમ્સ માટે કેરમ બોર્ડ જેવા રમતગમતના સાધનો ઉપલબ્ધ છે. તે ઉપરાંત આઉટડોર ગેઈમ્સ માટે ક્રિકેટના સાધનો વગેરેની પણ વ્યવસ્થા છે. જેનો બાળકો સમયે સમયે ઉપયોગ કરી રમતગમત દ્વારા મનોરંજન મેળવે છે.

આ ઉપરાંત ઓબ્ઝર્વેશન હોમમાં ટી.વી રૂમ છે, જેમાં ટી.વી. દ્વારા શૈક્ષણિક અને મનોરંજનના પ્રોગ્રામો બતાવાય છે. બાળકમાં રમતગમત હરિફાઈનું આયોજન કરવામાં આવે છે દર વર્ષે ૧૪ મી નવેમ્બર, નહેરૂજીના જન્મ દિવસને બાલદિન સ્વરૂપે સંસ્થામાં ઉજવવામાં આવે છે. સમાજ સુરક્ષા ખાતાની અન્ય બધી સંસ્થાઓ સાથે મળીને આ બાલ દિન સપ્તાહની ઉજવણી કરે છે. જેમાં રમતગમત, ડ્રોઈંગ, ક્રાફટ, અંતાક્ષરી વગેરે પ્રકારની હરિફાઈનું આયોજન પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

## ૫. અંતેવાસીઓને આપવામાં આવતી રહેઠાણની સુવિધાઓ:

સંસ્થામાં પ્રવેશ પામેલા અંતેવાસી બાળકોને ભોજન પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે દૂધ, કઠોળ, શાકભાજી, દાળભાત, રોટલી, ખીચડી, કઢી અને તહેવારમાં મીઠાઈઓ ભોજનમાં આપવામાં આવે છે. ડાઈનીગ ટેબલ પર આ સંસ્થાના બાળકો જમે છે તે સંસ્થાની વિશેષતા છે. બાળકોને સંસ્થા તરફથી કપડા, ગરમ સ્વેટર, કલોઘીંગ, બેડીંગ અને રહેવા માટેની તમામ સુવિધાઓ આપવામાં આવે છે.

## સંસ્થાની આર્થિક વ્યવસ્થા :

સમાજ સુરક્ષા ખાતુ ગુજરાત રાજય અમદાવાદ દ્વારા સંસ્થાના ખર્ચના બજેટો તૈયાર કરવામાં આવે છે. ખર્ચના તૈયાર કરેલા અંદાજો મુજબ નાણાંકીય ગ્રાન્ટ ફાળવવામાં આવેછે. ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કર્મચારીનો પગાર, અંતેવાસીઓનો ડાયેટ ખર્ચ, વીજળી ખર્ચ, મેડિકલ ખર્ચ, પરચુરણ ખર્ચ, ઓફીસ ખર્ચ વગેરે સરકારશ્રીના નિયમને આધીન રહીને નિયંત્રણ અધિકારી, અધિક્ષકશ્રી દ્વારા કરવામાં આવે છે. [૨૮]

:: અંતેવાસી ખર્ચની માહિતી ::

| સંસ્થાઓ | ૯૫–૯૬ | ૯૬–૯૭ | ૯૭–૯૮ | ૯૮–૯૯ | ૯૯–૨૦૦૦ |
|---|---|---|---|---|---|
| રાજકોટ | ૧,૪૨,૩૦૦ | ૧,૭૯,૪૦૦ | ૧,૯૫,૪૦૪ | ૧,૩૮,૫૦૦ | ૧,૦૨,૫૦૦ |
| જામનગર | ૭૬,૨૦૦ | ૮૨,૩૦૦ | ૮૭,૬૦૦ | ૭૫,૨૦૦ | ૭૪,૮૦૦ |
| જૂનાગઢ | ૮૭,૪૦૦ | ૯૩,૬૦૦ | ૮૩,૪૦૦ | ૭૩,૭૦૦ | ૬૭,૨૦૦ |
| ભાવનગર | ૭૮,૩૦૦ | ૮૯,૩૦૦ | ૯૬,૪૦૦ | ૮૨,૬૦૦ | ૭૯,૩૦૦ |

## સંસ્થામાં રહેલ બાળ અદાલતનું કાર્ય:

ગુનેગાર બાળકોની માનસિક સ્વસ્થાતાનો ભંગ ન થાય તેમનામાં અપરાધીપણાનો ખ્યાલ ઘર ન કરી જાય તે માટે જનરલ કોર્ટમાં કામ ન ચલાવતા

૨૮. બજેટ ફાઈલ, ખર્ચ રજીસ્ટર તથા ખર્ચ પત્રક ફાઈલ.

તેમની અલગ જ અદાલત ઓબ્ઝર્વેશન હોમમાં ચલાવવામાં આવે છે. આ અદાલત જુવેનાઈલ જસ્ટીસ એકટ ૧૯૮૭ ગુજરાતના કાયદાનુસાર કાર્ય કરે છે.

કોર્ટ દ્વારા નિયુકત ખાસ મેજીસ્ટ્રેટ અઠવાડીયામાં નકકી કરેલા એકવારે નિયમિત રૂબરૂ મુલાકાત લે છે. આ દિવસે કોર્ટની કામગીરી ઓબ્ઝર્વેશન હોમમાં રહેલી બાળ અદાલતમાં જ થાય છે. જેમાં જરૂરી પોલીસ અધિકારીઓ તથા ગુનેગાર પક્ષે અથવા સરકાર પક્ષેથી વકીલોને હાજર રહેવા દેવામાં આવે છે. કોર્ટની કાર્યવાહીની વિપરીત અસર ન થાય તે બાબતને ખાસ ધ્યાનમાં રાખીને જુવેનાઈલ જસ્ટીસ એકટના કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે ખાસ મેજીસ્ટ્રેટ, પોલીસ અધિકારી તેમજ હાજર રહેલ જે તે પક્ષના વકીલો પોતાના નકકી થયેલા યુનીફોર્મને બદલે સામાન્ય સાદા ગણવેશમાં જ હાજર રહે છે.

બાળ અદાલતમાં ખાસ કરીને બે પ્રકારના બાળકોની કામગીરી કરવામાં આવે છે. ગુનેગાર અને બીનગુનેગાર બાળકો જયારે સંસ્થામાં આવે છે ત્યારે બાળ અદાલત અથવા જુવેનાઈલ વેલ્ફેર બોર્ડ સમક્ષ તેમને રજૂ કરવામાં આવે છે. તેમાંથી કેટલાક નિરાધાર, અપંગ, મંદબુધ્ધિના, બહેરા–મૂંગા, અંધ વગેરેનો સમાવેશ થાય છે. આવા બાળકોને કોર્ટના હુકમ દ્વારા જે તે સંસ્થામાં દાખલ કરવામાં આવે છે. બાળક ૧૨ વર્ષ કે તેથી વધુ ઉમરનો છોકરો હોય, તો તેને સ્પેશ્યલ હોમ ફોર બોયઝ અને જો છોકરી હોય તો સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સમાં નાની કે મોટી ઉમર હોય તે અનુસાર મોકલી આપવામાં આવે છે.

અસામાજિક રીતે જન્મેલું બાળક કાટાંની વાડમાંથી કે નદી કીનારેથી અથવા બીનવારસી, સીમ, ખેતરમાંથી મળી આવે છે ત્યારે બાળકના હિત અને આરોગ્યને ધ્યાનમાં લઈને શીશુમંગલ કે અન્ય યોગ્ય સંસ્થામાં મોકલી

આપવામાં આવે છે. જરૂરી જણાય તો યોગ્ય દંપતીઓને દત્તક આપવામાં આવે છે.

**સંસ્થાનું મહેકમ :**

સંસ્થામાં અંતેવાસીઓ સાથે ગ્રુપ મેથડ દ્વારા કામગીરી કરવામાં આવે છે. બાળકોની સમસ્યાનો અભ્યાસ નિદાન અને સારવારની પ્રક્રિયા માટે નીચેનો સ્ટાફ પોતાની ફરજો બજાવે છે. [૨૯]

**૧. અધિક્ષક અથવા પ્રોબેશન ઓફીસર**
**૨. સીનીયર ટ્રૈઈન્ડ શિક્ષક**
**૩. વણાટ શિક્ષક**
**૪. ક્રાફ્ટ ટીચર**
**૫. એકાઉન્ટટ / કલાર્ક**
**૬. પટ્ટાવાળા**
**૭. રસોયા**
**૮. ચોકીદાર**
**૯. સફાઈ કામદાર**
**૧૦. વિઝીટીંગ મેડિકલ ઓફીસર**
**૧૧. માનદ કાર્યકર (મનોચિકિત્સક)**

---

૨૯. સંસ્થાઓના મહેકમ ફાળવણી આદેશ તથા હાજરી રજીસ્ટર.

## સ્પેશયલ હોમ ફોર બોયઝ અને સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સની સંસ્થાકીય પ્રવૃત્તિ :–

સ્પેશ્યલ હોમ ફોર બોયઝ અને સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સએ જુવેનાઈલ જસ્ટીસ એકટ – ૧૯૮૭ ગુજરાતના કાયદા અન્વયે કાર્ય કરતી સંસ્થાઓ છે નામદાર કોર્ટના આદેશથી ગુનેગાર અને બીન ગુનેગાર બાળકોને તેમને લગતી સંસ્થામાં સુધારણા માટે મોકલી આપવામાં આવે છે. આ બન્ને સંસ્થાઓ સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે આવેલી છે. બન્ને સંસ્થાઓની પ્રવૃત્તિઓની વિગત નીચે પ્રમાણે રહેલી છે.

## સ્પેશયલ સ્કૂલ ફોર બોયઝની સંસ્થાકીય પ્રવૃત્તિઓ અને સેવાકીય કાર્ય :–

**સંસ્થાની સ્થાપના :**

સૌરાષ્ટ્ર બાળધારા નીચે સ્પેશ્યલ સ્કૂલ ફોર બોયઝના નામે પ્રમાણિત શાળા તરીકે ઈ.સ. ૧૯૫૭ થી આ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થા રાજકોટમાં જામનગર રોડ પર આવેલ છે. આ સંસ્થામાં જે તે જિલ્લાની બાળ અદાલતો દ્વારા ગુનેગાર અને બીનગુનેગાર એમ બન્ને પ્રકારના બાળકોને યોગ્ય સંરક્ષણ, શિક્ષણ, તાલીમ અને આશ્રય આપવામાં આવે છે જે કોર્ટની શરતોને આધિન રહે છે.

સમયાનુક્રમે જુવેનાઈલ જસ્ટીસ એકટ ૧૯૮૬ અમલમાં આવતા આ સંસ્થા સ્પેશ્યલ સ્કૂલ ફોર બોયઝ તરીકે જાહેર થઈ તદઉપરાંત આ એકટ મુજબ આ સંસ્થાને અપવાદરૂપ કિસ્સામાં ઓબ્ઝર્વેશન હોમ તરીકે જાહેર કરેલ છે. આ સંસ્થા આ રીતે બેવડા પ્રકારની કામગીરી કરે છે તે ઉલ્લેખનીય છે.

આ સંસ્થાને પોતાના વિશાળ સરકારી પાકા બાંધકામ વાળા મકાનો છે. આ સંસ્થાની મુખ્ય કચેરીના મકાનમાં અધિક્ષકની ચેમ્બર તથા કેસ વર્કરના વિભાગ એમ ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. જેમાં પંખા, ટયુબલાઈટ, ફર્નિચર વ્યવસ્થિત છે અને બાળકો સાથે શાંતિથી વાતચિત થઈ શકે તે માટે અલાયદી વ્યવસ્થા છે. સંસ્થામાં અંતેવાસીઓની સંખ્યાની ટોચમર્યાદા ૧૨૫ બાળકોની છે અને આ ટોચમર્યાદાને ધ્યાનમાં રાખીને સુવાના ઓરડાની અલાયદી વ્યવસ્થા છે. જેમાં ૮ થી ૧૨ વર્ષ, ૧૨ થી ૧૬ વર્ષ અને ૧૬ વર્ષથી ઉપરની વય માટે શૈક્ષણિક જ્ઞાન મેળવતા બાળકોની વ્યવસ્થા અલગ છે. સુવાના ઓરડા છે, જેમાં દરેક બાળક માટે પલંગ, ગાદલા, ઓશીકા, ઓઢવા પાથરવાની ચાદરો, શેતરંજી વગેરે રાખવામાં આવેલ છે. શિયાળાની ઋતુમાં ધાબળા વધારે પ્રમાણમાં આપવામાં આવે છે. સુવાના ઓરડામાં જરૂરી પંખા, ટયુબલાઈટ વગરે યોગ્ય પ્રમાણમાં ઉપલબ્ધ છે. મચ્છરોથી બચવા મચ્છર અગરબતી પણ વાપરવામાં આવે છે.

બાળકો દિવસ દરમિયાન ઉઠી બેસી શકે અને પોતે પ્રવૃત્તિ અને આરામ કરી શકે તે માટે એક અલાયદા ખંડની વ્યવસ્થા છે, જેમાં બાળકો પોતાની વસ્તુઓ રાખી શકે તે માટે લોકરની વ્યવસ્થા કરવામાં આવેલી છે. આ ઓરડામાં પણ પંખા, ટયુબલાઈટની પૂરતી વ્યવસ્થા છે.

આ સંસ્થામાં વિશાળ ભોજનાલય છે. એક સાથે ૧૨૫ બાળકો પાટલા પર બેસી શકે તેવી વ્યવસ્થા થયેલ છે. બાળકોને એક થાળી, બે વાટકા એક ગ્લાસ સંસ્થા તરફથી આપવામાં આવેલ છે. બાળકોને સવારે અને સાંજે એમ બે વખત દૂધ આપવામાં આવે છે. બાળકોને દરરોજ ફરતો ફરતો નાસ્તો આપવામાં આવે છે. જેમાં ખારીશીંગ, દાળીયા, મમરા, પૌવા, ફરસાણ તથા ખાસ કરીને ફણગાવેલા કઠોળ ની પણ વ્યવસ્થા કરી આપવામાં આવે છે. સવારના ભોજનમાં દાળભાત, શાક,

રોટલી અને સંભારો આપવામાં આવે છે. સાંજે ખીચડી, શાક, રોટલી અને કઠોળ આપવામાં આવે છે. અઠવાડિયામાં એકવાર પુલાવ અને થેપલા આપવામાં આવે છે. સમગ્ર ભોજન સામગ્રી સરકારશ્રીએ નિયત કરેલ મર્યાદાને આધીન રહી કરકસર કરીને આપવામાં આવે છે. જેમાં સમય સંજોગોનુસાર ફેરફાર કરવાની અધિક્ષકને સત્તા આપવામાં આવેલ છે. સંસ્થામાં અનાજની જાળવણી માટે કોઠાર પણ છે. જેમાં, અનાજ, કઠોળ બધુ સ્ટેનલેસ સ્ટીલની કોઠીમાં રાખવામાં આવે છે.

બાળકોને શારિરીક સ્વચ્છતા માટે લાઈફબોય પ્લસ સાબુ આપવામાં આવે છે, કપડા ધોવા માટે બ્લયુ વ્હીલ સાબુ આપવામાં આવે છે. કપડા ધોવાનો સાબુ પંદર દિવસે એકવાર આપવામાં આવે છે આ ઉપરાંત ટૂથપેસ્ટ અને ટૂથબ્રશ પણ બાળકોને સંસ્થા તરફથી નિયતમર્યાદામાં પુરા પાડવામાં આવે છે.

બાળકોને વર્ષમાં ચાર જોડી કપડા અને એક જોડી તહેવારલક્ષી ડ્રેસ પણ આપવામાં આવે છે. સ્કૂલે જતા બાળકોને જે તે સ્કૂલનો ડ્રેસ આપવામાં આવે છે. ચંપલ અને દફતર પણ આપવામાં આવે છે. સાથે એક લંચબોકસ તેમજ રૂમાલ પણ આપવામાં આવે છે.

આ સંસ્થાનું મકાન સૌરાષ્ટ્ર રાજય વખતે પોલીસ હોસ્પિટલ માટે બંધાયેલ હતું જેમાં માત્ર ભોજનાલયના બિલ્ડીંગનો વધારો કરવામાં આવેલ છે. બાકીનું બાંધકામ યથાવત છે. [૩૦]

---

૩૦. સંસ્થાના અધિક્ષકની અને સંસ્થાની રૂબરૂ મુલાકાત તેમજ સ્થાપના ફાઈલના આધારે.

**શિક્ષણ :**

બાળકોના અટકી પડેલા શિક્ષણનો વિકાસ થાય અને શૈક્ષણિક પ્રગતિ સાધે તે માટે ધોરણ ૪ થી ૭ ની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માન્ય શાળા આજ સંસ્થામાં ચલાવવામાં આવે છે. જેના આચાર્ય તરીકે અધિક્ષક જ ફરજ બજાવે છે આ શાળામાં યોગ્ય લાયકાત ધરાવતા ૪–શિક્ષકો ફરજ બજાવે છે. શિક્ષણનું પણ વ્યવસ્થિત આયોજન કરવામાં આવેલ છે. શિક્ષણ માટેનું તમામ સાહિત્ય જેવા કે પાઠયપુસ્તકો માર્ગદર્શિકા, બોલપેન, કંપાસપેટી જરૂરી શૈક્ષણિક ચાર્ટ વગેરેની વ્યવસ્થા થયેલ છે બાળકોને સ્કૂલમાં બેસવા બેન્ચની વ્યવસ્થા છે.

શિક્ષણની શરૂઆત પ્રાર્થના, રમતગમત તથા ઈતરપ્રવૃતિ સાથે થાય છે. ધોરણ – ૮ થી ૧૨ ના બાળકો બહારની સામાન્ય શાળાઓમાં જતાં હોવાથી જે તે શાળાનો નિયત કરેલો ગણવેશ, સીટીબસનો પાસ અને જે તે શાળાની જરૂરિયાત મુજબનું તમામ પાઠયપુસ્તક સાહિત્ય સંસ્થા તરફથી પૂરું પાડવામાં આવે છે.

ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ ના બાળકો પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આવા બાળકો માટે વાંચન માટેની અલાયદી વ્યવસ્થા કરી આપવામાં આવેલ છે. તેઓ રાત્રે મોડે સુધી વાંચી શકે તે માટે ચા, ખાંડ અને દૂધની વ્યવસ્થા સરકારશ્રી તરફથી કરેલ નિયત મર્યાદાને ધ્યાનમાં રાખી કરી આપવામાં આવે છે અને સાથે હળવો નાસ્તો પણ આપવામાં આવે છે.

ધોરણ – ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દાતાઓની મદદથી કોચીંગ કલાસની સગવડતા પણ કરી આપવામાં આવેલ છે. આવા દાતાઓમાં

મુખ્યત્વે માધવ સોશ્યલ ગ્રુપ ઓફ રાજકોટ જેઓએ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને દત્તક લઈ કોચીંગ કલાસની સગવડતા કરી આપેલ છે. આ સેવાથી વિદ્યાર્થીઓ ૬૨% થી ૬૮% જેવું સારૂ પરિણામ લાવેલ છે.

છેલ્લા ત્રણ વર્ષથી ધોરણ ૧૦ અને ૧૨ માં ૬૦% થી વધુ માર્કસ મેળવેલા બાળકોનું બહુમાન કરવામાં આવેલ છે જેમાં બાળકોને ઉપયોગી ચીજ વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ છે.

સંસ્થાનો નિયતકાળ પૂરો થાય ત્યારે પ્રમાણપત્ર આપવામાં આવે છે જે પ્રમાણપત્રને આધારે બાળકને સામાજિક અને આર્થિક પછાતનો લાભ મળે છે અને આમ, ૨% અનામતનો લાભ મળે છે. આ બધી પ્રવૃતિઓ સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક સાધી કરવામાં આવે છે.

તેજસ્વી વિદ્યાર્થીઓના ઉદાહરણ રૂપ વર્ષ ૧૯૯૮–૯૯ માં અશ્વીન રાઠવા નામના બાળકને ધોરણ – ૧૨ માં ૬૨% આવેલા તેમને સુટકેસ અને અન્ય ઈનામો ભેટ આપવામાં આવેલ, જયારે ૧૯૯૯ – ૨૦૦૦ માં ભુરીસિંગ રાઠવા નામના બાળકને રાજય કક્ષાએ એથ્લેટીકસ સ્પર્ધામાં બીજા ક્રમે આવતા તેનું પણ બહુમાન કરવામાં આવેલ. આ બહુમાન સામાજીક સંસ્થાઓના સહયોગથી કરવામાં આવે છે.

તદઉપરાંત રમતગમતની પ્રવૃત્તિમાં આ સંસ્થાના બાળકોએ જિલ્લા તથા રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરેલ છે. જેમાં દિલીપ ક્રિકેટ ટ્રોફી પોરબંદરમાં રાજકોટ શહેરમાંથી પસંદગી પામેલા ૧૮ વર્ષથી નીચેની વયના ક્રિકેટરોની ટીમ માટે જે ત્રણ બાળકો પસંદ થયેલ તેમાંનો એક બાળક આ સંસ્થાનો હતો.

૧૯૯૯ માં ઓપન રાજકોટ બાલભવન આયોજિત શહેરની તમામ પ્રાથમિક સ્કૂલોની બાળકોનો શિયાળુ રમતોત્સવમાં આ સંસ્થાના ત્રણ બાળકો ઈનામ જીતી આવેલ છે.

**વ્યવસાયલક્ષી તાલીમ :**

શિક્ષણ સાથે સાથે બાળક વ્યવસાયલક્ષી રોજગાર તરફ વળે તે માટે વ્યવસાયલક્ષી તાલીમ પણ આ સંસ્થામાં આપવામાં આવે છે અને આ સંસ્થામાં આ માટે સંપૂર્ણ સાધન સુવિધા સાથેનું વર્કશોપ પણ છે.

આ પ્રકારનું વર્કશોપ ગુજરાતમાં આવેલી આવી સંસ્થાઓમાંથી બે પૈકીમાંનું એક છે. જેમાં ટેકનિકલ એજયુ. બોર્ડ ગાંધીનગર સંચાલિત ટ્રેડ શીખવવામાં આવે છે, જેવા કે શિક્ષણ એટલે કે ગારમેન્ટ મેકીંગ, ટર્નર અને સુથારીકામ આ ત્રણ ટ્રેડ માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો પણ ઉપસ્થિત છે. વર્કશોપમાં યોગ્ય હવા, ઉજાસ, ટયુબલાઈટ અને પંખાની વ્યવસ્થા છે સાથે સાથે સારામાં સારી જરૂરી બધી મશીનરી વસાવવામાં આવેલ છે.

વર્કશોપની કામગીરી માટે વર્કશોપ સુપરવાઈઝર ઉપરાંત યોગ્ય લાયકાત ધરાવતા ઈન્સ્ટ્રકટરો છે અને આ બધાને મદદ કરવા માટે એક વર્કશોપ એટેન્ડટ પણ છે.[૩૧]

**આરોગ્ય :**

સંસ્થામાં બાળકોને આરોગ્યની સારસંભાળ માટે ફૂલ ટાઈમ નર્સ છે

૩૧. સંસ્થાની રૂબરૂ મુલાકાતના આધારે.

અને પાર્ટટાઈમ મેડિકલ ઓફિસર ફરજ બજાવે છે. સંસ્થામાં ત્રણ ઈન્ડોર પેશન્ટ માટેની બેડની વ્યવસ્થા છે. આમ ત્રણ બેડની વ્યવસ્થાવાળુ દવાખાનું છે. મેડિકલના નિયમ મુજબ તમામ મેડિકલના સાધનોની વ્યવસ્થા કરવામાં આવી છે.[૩૨]

**સંરક્ષણ :**

સંસ્થાના બિલ્ડીંગને ચારે તરફ ઉચી દિવાલથી બાળકોને સંરક્ષણ અને સલામતી આપે તે માટે સંરક્ષિત કરેલ છે. અને તદઉપરાંત ખાસ ગાર્ડીયન સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**વિશેષતા :**

આખા ગુજરાતમાં આવેલી અનેક બાળ સંસ્થાઓમાંથી વિશ્વ બાળ આરોગ્ય કલ્યાણ (યુનિસેફ) દ્વારા ૧૯૯૫ માં આ સંસ્થાને મોડેલ તરીકે સ્વીકારી આ સંસ્થાને અનુદાનિત કરી દેશની બાળકલ્યાણ કરતી સંસ્થામાં અગ્રસ્થાને મૂકેલ છે.[૩૩]

**સ્ટાફ પેટર્ન [૩૪] : કચેરી વિભાગ :**

**૧. અધિક્ષક.**

**૨. નાયબ અધિક્ષક.**

**૩. કેસ વર્કર– (જગ્યા ખાલી છે.).**

**૪. જૂ. કલાર્ક.**

---

૩૨. યુનિસેફ સાથેના પત્રવ્યવહારની ફાઈલના આધારે.

૩૩. યુનિસેફ સાથેના પત્રવ્યવહારની ફાઈલના આધારે

૩૪. સંસ્થાની મહેકમ મંજુરીની ફાઈલના આધારે

૫. સ્ટોર કીપર.

૬. પટ્ટાવાળા.

**શિક્ષણ વિભાગ :**

૧. ધો. ૪ થી ૧૦ ના જૂનિયર પીટીસી શિક્ષકો.

૨. સીનીયર પીટીસી શિક્ષકો.

૩. બી.એ. બી.એડ. શિક્ષકો. (ધો.૩ના શિક્ષકની જગ્યા ખાલી છે.)

**આરોગ્ય વિભાગ :**

૧. ફુલ ટાઈમ એક નર્સ.

૨. પાર્ટટાઈમ વિઝીંટીગ મેડીકલ ઓફીસર.

**રસોડા વિભાગ :**

૧. રસોયા – ૧.

૨. રસોયા મદદનીશ – ૧.

**સફાઈ વિભાગ :**

૧. ફુલ ટાઈમ સફાઈ કામદાર – ૨.

**ગાર્ડીયન સ્ટાફ :**

૧. ગાર્ડ – ૩.

૨. ચોકીદાર – ૧.

૩. માળી – ૧.

## :: ૧–૪–૯૫ થી રાજકોટની સંસ્થામાં આશ્રય લીધેલ બાળકોની સંખ્યા દર્શાવતું પત્રક[૩૫] ::

| ક્રમ | વર્ષ | પ્રવેશ | | | કુલ પ્રવેશ | નિકાલ | | | | | વર્ષને અંતે બાકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષની શરૂઆતની સંખ્યા | વર્ષ દરમિયાન નવો પ્રવેશ | | | વાલીને સોંપ્યા | નાસી ગયા | આ સંસ્થામાં તબદીલ કર્યા | મૃત્યુ પામ્યા | કુલ નિકાલ | |
| | | | ગુનેગાર | બીનગુનેગાર | | | | | | | |
| ૧. | ૧૯૯૫–૧૯૯૬ | ૨૫ | ૦૧ | ૪૯ | ૭૫ | ૦૯ | ૧૨ | ૦૩ | ૦૧ | ૨૫ | ૫૦ |
| ૨. | ૧૯૯૬–૧૯૯૭ | ૫૦ | ૦૨ | ૨૨ | ૭૪ | ૨૫ | ૦૯ | ૦૭ | –– | ૪૧ | ૩૩ |
| ૩. | ૧૯૯૭–૧૯૯૮ | ૩૩ | ૦૫ | ૩૫ | ૭૩ | ૩૦ | –– | ૦૩ | –– | ૩૩ | ૪૦ |
| ૪. | ૧૯૯૮–૧૯૯૯ | ૪૦ | ૦૧ | ૧૨ | ૫૩ | ૧૬ | ૦૩ | ૦૧ | –– | ૨૦ | ૩૩ |
| ૫. | ૧૯૯૯–૨૦૦૦ | ૩૩ | ૦૫ | ૨૩ | ૬૧ | ૧૮ | ૦૬ | ૦૧ | –– | ૨૫ | ૩૬ |
| ૬. | ૨૦૦૦–૨૦૦૧ | ૩૬ | ૦૩ | ૨૩ | ૬૨ | ૧૦ | –– | ૦૧ | –– | ૧૧ | ૫૧ |

૩૫. સંસ્થાના પ્રવેશ અને નિકાલ રજિસ્ટરના આધારે. (વર્ષ પ્રમાણે)

## :: સ્પેશ્યલ હોમ ફોર બોયઝ રાજકોટ, તા. ૧–૪–૯૫ થી જ્ઞાતિ પ્રમાણે અને ઉંમર પ્રમાણે આપેલ પ્રવેશની વિગત દર્શાવતું પત્રક[૩૬] ::

| વર્ષ | પ્રવેશ પામેલ બાળકોની સંખ્યા | જ્ઞાતિ પ્રમાણે વર્ગીકરણ | | | | | કુલ સરવાળો | ઉંમર પ્રમાણે વર્ગીકરણ | | | કુલ સરવાળો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એસ.ટી. | એસ.સી. | મુસ્લીમ | ખ્રિસ્તી | અન્ય | | ૮ થી ૧૨ | ૧૩ થી ૧૫ | ૧૬ થી ૧૮ | |
| ૧૯૯૫–૧૯૯૬ | ૫૦ | ૧૦ | ૧૦ | –– | –– | ૩૦ | ૫૦ | ૧૨ | ૩૨ | ૦૬ | ૫૦ |
| ૧૯૯૬–૧૯૯૭ | ૨૪ | ૦૧ | ૧૦ | ૦૧ | –– | ૧૨ | ૨૪ | ૦૭ | ૧૩ | ૦૪ | ૨૪ |
| ૧૯૯૭–૧૯૯૮ | ૪૦ | ૧૧ | ૧૫ | ૦૨ | –– | ૧૨ | ૪૦ | ૧૫ | ૧૯ | ૦૬ | ૪૦ |
| ૧૯૯૮–૧૯૯૯ | ૧૩ | ૦૫ | ૦૧ | ૦૨ | –– | ૦૫ | ૧૩ | ૦૫ | ૦૫ | ૦૩ | ૧૩ |
| ૧૯૯૯–૨૦૦૦ | ૨૮ | ૦૮ | ૦૩ | –– | –– | ૧૭ | ૨૮ | ૦૯ | ૧૫ | ૦૪ | ૨૮ |
| ૨૦૦૦–૨૦૦૧ | ૨૬ | ૦૩ | ૦૮ | –– | –– | ૧૫ | ૨૬ | ૦૯ | ૧૪ | ૦૩ | ૨૬ |

૩૬. સંસ્થામાં આપવામાં આવેલ પ્રવેશ રજીસ્ટર તથા રીર્ટનર્સ રીપોર્ટની ફાઈલને આધારે. (વર્ષ પ્રમાણે)

## સ્પેશ્યલ સ્કૂલ ફોર ગર્લ્સની પ્રવૃત્તિઓ અને સેવાકીય કાર્યો :–

### પ્રસ્તાવના :

જુવેનાઈલ જસ્ટીસ એકટ જે ૧૯૮૬ માં સમગ્ર ભારતમાં લાગુ પાડવામાં આવેલ છે. તે કાયદા મુજબ આ સંસ્થા ચાલે છે. આજે ભારત સ્વતંત્ર થયાને પંચાવન વર્ષ થયા હોવા છતાં સમાજમાં બાળાઓની સમસ્યા હળવી થઈ નથી અને તેના કારણે આજે પણ આ સંસ્થામાં (૨૭) બાળાઓ સંસ્થાકીય સારવાર લઈ રહી છે.

### સંસ્થાની સ્થાપનાનો ઈતિહાસ :

રાજકોટના આંગણે સૌ પ્રથમ આ સંસ્થાની ૧ એપ્રીલ ૧૯૬૦ ના રોજ શરૂ કરવામાં આવેલ ત્યારે આ સંસ્થા જૂના માલવીયા બિલ્ડીંગ, ગોંડલ રોડ ઉપર હતી. પાછળથી સંસ્થાને અપંગ બાળગૃહના કમ્પાઉન્ડમાં સ્થાળાંતરીત કરવામાં આવી અને ત્યારબાદ ૨૦ એપ્રિલ ૧૯૮૪ ના રોજ આ સંસ્થા સરકારશ્રી દ્વારા બાંધવામાં આવેલ આજના નવા મકાનમાં સ્થાળાંતર થઈ, જે ભકિતનગર સ્ટેશન રોડ, રાજકોટ ખાતે કાર્યરત છે અને ૭૫ બાળાઓને આ સંસ્થામાં સમાવી શકાય તેટલી મર્યાદા છે. હાલમાં ૨૭ બાળાઓ આ સંસ્થામાં આશ્રય લઈ રહી છે.

અધિક્ષકશ્રીના જણાવ્યા અનુસાર સંસ્થા શરૂ થઈ ત્યારથી અને આજે પણ સંખ્યા સારા પ્રમાણમાં રહેલ છે. આ જોતા સમાજની સમસ્યા અગાઉ જે હતી તે આજે પણ છે તેવું કહી શકાય.[૩૭]

---

૩૭. સંસ્થાના અધિક્ષકની રૂબરૂ મુલાકાતના આધારે.

**સંસ્થાના મકાન (બિલ્ડીંગ)ની વ્યવસ્થા :**

આ સંસ્થાનું બિલ્ડીંગ વિશાળ છે તેમજ હવા ઉજાસવાળુ છે. આગળના ભાગમાં બાળાઓને રમવા માટે મેદાન પણ છે. બે માળના આ વિશાળ બિલ્ડીંગમાં સંસ્થાના જુદા જુદા વિભાગો છે, તેમાના ઉપરના ભાગમાં બાળાઓને રહેવા માટે છાત્રાલય વિભાગ છે. જયારે નીચેના ભાગમાં ભોજનાલય, રસોડા વિભાગ, શાળા વિભાગ અને ઓફિસ વિભાગ આવેલા છે. સંસ્થામાં સફાઈ એકંદરે સારી રાખવામાં આવે છે. સંસ્થામાં પાણીની પુરતી વ્યવસ્થા છે. બાળાઓને કપડા ધોવા માટે સંસ્થામાં જુદો વિભાગ છે અને બિલ્ડીંગ ફરતે ઉંચી કમ્પાઉન્ડ વોલ છે. જે બાળાઓની સંસ્થામાં ખાસ જરૂરી છે. સંસ્થાનું મકાન હવા ઉજાસવાળું, સુખ–સગવડતાવાળું અને વ્યવસ્થિત છે.

સંસ્થાના કમ્પાઉન્ડમાં જ સુપ્રિનટેન્ડન્ટશ્રીનું કવાર્ટર, હાઉસ મધરનું કવાર્ટર અને વર્ગ–૪ ના કર્મચારીઓના કવાર્ટસ અને નર્સ કવાર્ટસ આવેલ છે. તેથી મોટાભાગનો સ્ટાફગણ સંસ્થાની બાજુમાં જ રહેતો હોવાથી આકસ્મિક સંજોગોમાં જરૂરીયાત પ્રમાણે જે તે કર્મચારીને ગમે ત્યારે જરૂરીયાતના સમયે બોલાવી શકાય છે. આ પણ બિલ્ડીંગની એક ઉત્તમ વ્યવસ્થા ગણી શકાય.

**સંસ્થાનો મુખ્ય હેતુઃ**

બાળક એ રાષ્ટ્રનું મહામુલુ ધન છે. સમાજમાં "**Broken Family**" નું કલંક વધતુ જાય છે. ત્યારે આવા કુટુંબની બાળાઓની જરૂરીયાત પ્રમાણે સંસ્થાકીય સારવાર આપવામાં આવે છે. વિવિધ સમસ્યા ધરાવતી બાળાઓના પ્રશ્ન હલ કરવા, સમાજ દ્વારા તિરસ્કૃત, ઉપેક્ષિત, અનાથ અને ગુન્હાવૃતિથી ઘેરાયલી બાળાઓને

આશ્રય, ખોરાક, કપડા, શિક્ષણ, ઉદ્યોગ, તાલીમ આપીને સમાજમાં પુનઃ સ્થાપન કરીને સ્વમાનભેર જીવનજીવી શકે તે આ સંસ્થાનો મુખ્ય હેતું છે.[૩૮]

**સંસ્થામાં પ્રવેશ અંગેના નિયમો :**

વર્ષ ૧૯૮૭ થી જુવેનાઈલ જસ્ટીસ એકટ સમગ્ર ગુજરાતમાં લાગુ પાડવામાં આવેલ. આ એકટ મુજબ ૧૮ વર્ષથી નીચેની બાળાઓ કોઈ અપરાધ કરે અથવા તો તેમના માતાપિતાના અંકુશમાં ન હોય તેવી બાળાઓ, નિરાધાર, અનાથ કે **Broken Family** ની બાળાઓને જુવેનાઈલ કોર્ટ અથવા તો જુવેનાઈલ બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવે છે અને જુવેનાઈલ કોર્ટ અથવા તો જુવેનાઈલ બોર્ડ ચેરમેન અને તેની કમિટી બાળાના સંસ્થાકીય પ્રવેશ અંગે વિચારણા કરી યોગ્ય લાગે તેટલી મુદત માટે તેને આ"સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ" ની સંસ્થામાં મૂકવામાં આવે છે.

ઉપર્યુકત દર્શાવેલ નામદાર કોર્ટના હુકમોને આધિન જ પ્રવેશ આપવામાં આવે છે. આ પ્રવેશ આપવાની સત્તા સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સના અધિક્ષકને પણ નથી જે બાબત નોંધનીય ગણી શકાય.[૩૯]

**સંસ્થાની કાર્યપધ્ધિતિ :**

સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ સંસ્થાની કાર્ય પધ્ધિતિ જુવેનાઈલ જસ્ટીસ એકટ પ્રમાણે જ તેમાં દર્શાવેલી જોગવાઈ મુજબ તેમજ સરકાશ્રીના ઠરાવો અને પરિપત્રોને આધિન રહીને કામગીરી કરવામાં આવે છે. જયારે અંતેવાસી બાળાઓ સાથેની કામગીરીમાં તેમના અંગેના પ્રશ્નો વ્યકિતગત રીતે સાંભળી અને નિવારણ કરવામાં આવે છે અને ધણીવાર જૂથ દ્વારા પણ (ઉંમર પ્રમાણેનું જૂથ) અંતેવાસી

---

૩૮. સમાજ સુરક્ષા ખાતાના મેન્યુઅલ પાના નં. ૩૫.

૩૯. સમાજ સુરક્ષા ખાતાના મેન્યુઅલ પાના નં. ૩૬.

બાળાઓ પાસે તાલીમના હેતુ માટે કરાવવામાં આવે છે.

સંસ્થા સફાઈ જેવી કામગીરીમાં સમુહમાં બાળાઓ પાસે કાર્ય કરાવવામાં આવે છે એ રીતે જરૂરીયાત પ્રમાણે સંસ્થા પોતાની કાર્ય પધ્ધતિનું માળખુ ગોઠવે છે.

**સંસ્થામાં બાળાઓને આપવામાં આવતી સવલતો :**

સંસ્થામાં રહેતી અંતેવાસી બાળાઓને રહેવાની, જમવાની, અભ્યાસની વગેરે સવલતો આપવામાં આવે છે. સંસ્થામાં જ આ બાળાઓ માટે ધોરણ ૧ થી ૪ માટેની અભ્યાસની શાળા છે. જેમાં આ સંસ્થાની નાની બાળાઓ અભ્યાસ કરે છે જયારે ધોરણ ૫ થી ૧૨ સુધીનો અભ્યાસક્રમ કરતી બાળાઓને બહારની શાળાઓમાં મોકલવામાં આવે છે. તેમાં પ્રાથમિક ધોરણ ૫ થી ૭ માટે શાળા નં. ૨૮ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત છે તેમાં મોકલવામાં આવે છે. અને ધોરણ ૮ થી ૧૨ માટે મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલયમાં અભ્યાસ માટે મોકલવામાં આવે છે તેમજ શાળાના ક્રાફટ શિક્ષક દ્વારા બાળાઓને હુન્નર ઉદ્યોગ, સિલાઈકામ, ભરતકામ, મોતીકામ, ગૂંથણ વગરે શીખવાડવામાં આવે છે.

સંસ્થાના અધિક્ષકે જણાવેલ કે ખાસ કિસ્સાઓમાં આ બાળાઓ પુખ્ત ઉમરની તથા તેમને લગ્ન કરાવી આપવાની સેવાઓ પણ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે.

**બાળાઓ માટે મનોરંજનની સવલતો :**

બાળાઓના મનોરંજન માટે સરકારશ્રી દ્વારા ખૂબ જ નહિવત રકમ ફાળવવામાં આવે છે. તેમ છતાં પણ બહારના સ્થાનિક દાતાઓના સહયોગ દ્વારા આ બાળાઓની પ્રવાસ–પર્યટન, ફિલ્મ શો, પીકનિક કરવા લાયક જાહેર સ્થળોએ

લઈ જવામાં આવે છે. તેમજ સંસ્થામાં સાંસ્કૃતિક કાર્યક્રમો રાસ ગરબા, એક પાત્રીય અભીનય, ફેશન શો વગેરેનું આયોજન કરે છે અને રાષ્ટ્રીય / ધાર્મિક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે.

આ રીતે બાળાઓને પૂરતા પ્રમાણમાં મનોરંજન પૂરું પાડવામાં આવે છે અને દિવસ દરમ્યાન સંસ્થામાં રહેલ ઈન્ડોર ગેઈમ અને આઉટડોર ગેઈમ તથા ટી.વી. દ્વારા આ બાળાઓને મનોરંજન પૂરું પાડવામાં આવે છે.[૪૦]

**સંસ્થાની આર્થિક બાબત :**

"સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ" અન્ય સંસ્થાની જેમ સંપૂર્ણ સરકારી સંસ્થા જ હોવાથી સરકારશ્રીના સમાજ સુરક્ષા ખાતા દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. અને ફાળવેલ ગ્રાન્ટમાંથી સંસ્થામાં અલગ અલગ ખર્ચ કરવામાં આવે છે. આ ખર્ચ એટલે કર્મચારીનો પગાર,ડાયેટ ખર્ચ, માલ સામાન પુરવઠા ખર્ચ, ઓફિસ ખર્ચ, શિક્ષણ ખર્ચ, દવા, લાઈટ, ટેલીફોન ખર્ચ વગેરે સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોને આધીન રહીને કરવામાં આવે છે આ સંસ્થાના અધિક્ષકના જણાવ્યા પ્રમાણે દર વર્ષ સરેરાશ વીસ થી બાવીસ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે.[૪૧]

**સંસ્થાનું મહેકમ :**

"સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ" રાજકોટ સંસ્થાના સ્ટાફની વ્યવસ્થા સરકારશ્રીના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા ઠરાવ પસાર કરીને મંજૂર કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

---

૪૦. સમાજ સુરક્ષા ખાતાના મેન્યુઅલ પાના નં. ૩૫.

૪૧. સંસ્થાની બજેટ અને ગ્રાન્ટ ફાઈલના આધારે.

**૧. સુપ્રિટેડન્ટ.**
**૨. કેસવર્કર – (જગ્યા ખાલી).**
**૩. હાઉસ (મધર– જગ્યા ખાલી).**
**૪. શિક્ષક.**
**૫. ઉદ્યોગ શિક્ષક.**
**૬. નર્સ – (ખાલીજગ્યા).**
**૭. VMO.**
**૮. કલાર્ક.**
**૯. એટેડન્ટ–૫, જે માંથી ૧ જગ્યા ખાલી.**
**૧૦. માળી – જગ્યા ખાલી.**
**૧૧. નાઈટ વોચમેન.**
**૧૨. રસોયા–૨, જે માંથી ૧ જગ્યા ખાલી.**
**૧૩. સ્વીપર.**

**અધિક્ષકની ફરજો :**

કોઈ પણ સંસ્થાના વિકાસનું પાસુ તો અનુભવી કાબેલીયત, સુઝબૂઝ ધરાવતા અધિક્ષક ઉપર છે. સંસ્થાના અધિક્ષકને તેમની ફરજો વિશે પૂછતા જણાવેલ છે કે, સંસ્થાની આતંરિક તેમજ બાહય તમામ બાબતો પર દેખરેખ રાખવી તે એમની મુખ્ય ફરજ છે. જુવેનાઈલ કોર્ટમાં દર શુક્રવારે હાજરી આપવી, બાળાઓની કેસ ફાઈલો મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરાવવી, સંસ્થાના અન્ય કર્મચારીઓ ઉપર દેખરેખ રાખવી અને તમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું તેમજ સંસ્થાના અંતેવાસીઓને લગતી તમામ કામગીરીનો વહીવટ અધિક્ષક હસ્તક રહેલ છે.[૪૨]

૪૨. સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલમાં દર્શાવ્યા મુજબ.

સંસ્થાના અધિક્ષક ખૂબ જ કાર્યશીલ હોય તેવું જણાય છે અને પોતાની જવાબદારી ઉપરાંત પણ બાળાઓના પુનઃસ્થાપન માટે તેમજ લગ્ન વિષયક પ્રશ્નોને સુલઝાવવા માટે પોતાની અવિરત સેવાઓ આપે છે. જે ખરેખર તેમનું જમાપાસું કહી શકાય.

**કેસ વર્કરની કામગીરી :**

સંસ્થામાં કેસવર્કરની એક અગત્યની જગ્યા છે. તેમ છતાં પણ સંસ્થામાં કેસવર્કરની જગ્યા ઘણા લાંબા સમય થયા ખાલી છે અને કેસવર્કરનું કામ સંસ્થાના ઉદ્યોગ શિક્ષિકા બહેન કરે છે.

કેસવર્કર સંસ્થાની દરેક બાળાઓના કેસની ફાઈલ બનાવે છે. દિન – પ્રતિદિન બનેલી ઘટનાઓની તેમાં નોંધ કરવામાં આવે છે. અને બાળા રહે ત્યાં સુધીની તેમાં તમામ બાબતોને ધ્યાને લઈને નોંધને ફાઈલ તૈયાર કરવામાં આવે છે. જેના અભ્યાસથી બાળાનો ભૂતકાળ અને વર્તમાનની પરિસ્થિતિ જાણી શકાય છે. આ રીતે કેસવર્કરની જગ્યા સંસ્થામાં ઘણી જ મહત્વની છે.

**અન્ય સ્ટાફની કામગીરી :**

**હાઉસમધર :**

બાળાઓના જમવા અને રહેવા માટે કલોર્ધીગ, બેડીગ, કપડા અને બાળાની જરૂરીયાત પ્રમાણે સાબુ, તેલ વગેરે આપે છે અને જરૂરી રજીસ્ટરોમાં તેની નોંધ કરી તેની યોગ્ય જાળવણી કરે છે.

**ઉદ્યોગ શિક્ષણ :**

ઉદ્યોગશિક્ષિકા દ્વારા બાળાઓને સિલાઈકામ, ભરતકામ, ગૂંથણકામ અને

અન્ય હુન્નર ઉદ્યોગ શીખવવાડવામાં આવે છે જે બાળાઓના જીવનમાં પુનઃસ્થાપન માટે અતિ ઉપયોગી છે.

**VMO :**

શ્રી કરકરે સાહેબ આ બાળાઓના આરોગ્ય અંગે નર્સને સૂચના આપે છે અને બિમાર બાળાઓને દવા આપવા જરૂરી સલાહ સૂચના આપે છે. વાર્તાલાપ દ્વારા આરોગ્ય અંગેનું જ્ઞાન આપવાની પણ કામગીરી કરે છે.

**એટેડેન્ટ (સ્ત્રી કર્મચારી) :**

બાળાઓ ઉપર દેખરેખ રાખવી નાની બાળાઓને શાળાએ મૂકવા તેડવા જાય અને ૨૪ કલાકમાં (૮) કલાકના રોટેશન મૂજબ જુદા જુદા ત્રણ મહિલા એટેડેન્ટ કાર્ય બજાવે છે.

**રસોયા :**

રસોડા વિભાગમાં રસોઈ બનાવે છે અને શાળાના સમયને ધ્યાનમાં રાખીને બાળાઓને ગરમ સ્વાદિષ્ટ રસોઈ મળે તેવો પ્રયત્ન કરે છે કયારેક પોતે દેખરેખ રાખે છે અને તાલીમના સ્વરૂપે બાળાઓ પાસે રસોઈ કરાવે છે અને રસોઈ અંગે બાળાઓને માર્ગદર્શન આપે છે.

ઉપર્યુકત કામગીરી જોતા સરકારશ્રી દ્વારા જો ખાલી જગ્યાઓ જેવી કે કેસવર્કર, હાઉસમધર, નર્સ, માળી જેવી અગત્યની જગ્યાઓ ભરવામાં આવે તો સંસ્થાની કાર્ય પધ્ધિતિને નવો વળાંક પ્રાપ્ત થાય.

## :: બીનગુનેગાર બાળાઓની પ્રવેશયાદી તેમજ નિકાલની વિગત [૪૩] ::

| ક્રમ | વર્ષ | કુલ સંખ્યા | જામીન પર મુકત કર્યા | કમીટ કર્યા | મુદત પુરી થતા છૂટા કર્યા | અન્ય જગ્યાએ તબદીલ કર્યા | નાસી ગયેલ | વાલીને સોંપેલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૧–૧૯૯૨ | ૩૭ | ૦૨ | ૧૦ | ૧૧ | ૦૧ | ૦૧ | ૦૭ |
| ૨. | ૧૯૯૨–૧૯૯૩ | ૧૫ | –– | ૦૯ | ૦૩ | ૦૨ | –– | ૦૧ |
| ૩. | ૧૯૯૩–૧૯૯૪ | ૩૦ | ૦૨ | ૦૧ | ૦૪ | –– | –– | ૧૦ |
| ૪. | ૧૯૯૪–૧૯૯૫ | ૪૬ | ૦૩ | –– | ૦૪ | ૦૪ | –– | ૧૭ |
| ૫. | ૧૯૯૫–૧૯૯૬ | ૧૭ | –– | –– | –– | ૦૩ | –– | ૦૩ |
| ૬. | ૧૯૯૬–૧૯૯૭ | ૧૯ | –– | –– | –– | –– | –– | ૦૩ |
| ૭. | ૧૯૯૭–૧૯૯૮ | ૫૩ | ૦૩ | ૧૦ | –– | –– | –– | ૧૩ |

૪૩. સંસ્થાના પ્રવેશ તેમજ નિકાલ રજિસ્ટરના આધારે.(વર્ષ પ્રમાણે)

## :: સંસ્થામાં રહેલ બાળાઓનું ઉંમર પ્રમાણેનું વર્ગીકરણ[૪૪] ::

| ક્રમ | વર્ષ | ઉંમર વર્ષ | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | ૭ થી ૧૦ | ૧૧ થી ૧૪ | ૧૫ થી ૧૮ | |
| ૧. | ૧૯૯૧–૧૯૯૨ | ૧૩ | ૧૩ | ૧૧ | ૩૭ |
| ૨. | ૧૯૯૨–૧૯૯૩ | ૦૩ | ૧૦ | ૦૨ | ૧૫ |
| ૩. | ૧૯૯૩–૧૯૯૪ | ૦૯ | ૦૫ | ૧૬ | ૩૦ |
| ૪. | ૧૯૯૪–૧૯૯૫ | ૧૧ | ૧૪ | ૨૧ | ૪૬ |
| ૫. | ૧૯૯૫–૧૯૯૬ | ૦૩ | ૦૮ | ૦૬ | ૧૭ |
| ૬. | ૧૯૯૬–૧૯૯૭ | ૦૬ | ૦૪ | ૦૯ | ૧૯ |
| ૭. | ૧૯૯૭–૧૯૯૮ | ૧૯ | ૨૧ | ૧૩ | ૫૩ |

૪૪. સંસ્થાના પ્રવેશ રજિસ્ટરના આધારે.(વર્ષ પ્રમાણે)

## :: સંસ્થામાં ગુનેગાર બાળાઓની પ્રવેશની વિગત[૪૫] ::

| ક્રમ | વર્ષ | કુલ | જામીન મુકત | નાસી ગયેલ | અન્ય સ્થળે તબદીલ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૧–૧૯૯૨ | ૦૬ | ૦૪ | –– | –– |
| ૨. | ૧૯૯૨–૧૯૯૩ | ૧૧ | ૦૭ | –– | –– |
| ૩. | ૧૯૯૩–૧૯૯૪ | ૦૭ | ૦૧ | ૦૧ | –– |
| ૪. | ૧૯૯૪–૧૯૯૫ | ૦૬ | ૦૧ | –– | –– |
| ૫. | ૧૯૯૫–૧૯૯૬ | ૦૭ | ૦૪ | –– | –– |
| ૬. | ૧૯૯૬–૧૯૯૭ | ૦૩ | ૦૧ | –– | –– |
| ૭. | ૧૯૯૭–૧૯૯૮ | ૦૪ | ૦૩ | –– | –– |

૪૫. સંસ્થાના ગુનેગાર બાળાઓના પ્રવેશ રજિસ્ટરના આધારે. (વર્ષ પ્રમાણે)

**ઉપસંહાર :**

સમગ્ર ગુજરાત રાજયમાં આવી સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ બે જ સંસ્થાઓ છે અને તે પૈકીની રાજકોટમાં આવેલી આ સંસ્થામાં હાલમાં એક પણ બાળા ગુનેગાર નથી તેનો એવો અર્થ કાઢી શકાય કે બાળાઓમાં ગુનાહીત પ્રવૃત્તિ ખૂબ જ નહીંવત પ્રમાણમાં છે. જયારે સંસ્થામાં રહેલી બાળાઓ બ્રોકન ફેમીલી **(Broken Family)** માંથી આવે છે ત્યારે સમાજમાં કૌટુંબિક મતમતાંતરોને કારણે અન્ય બાળાઓને સમાજમાં એક નકકર ભૂમિકા અદા કરવાનું આવી સંસ્થાઓ બળ પૂરું પાડે છે.

**સમાપન :–**

જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કાર્ય કરતી આ ત્રણેય પ્રકારની સંસ્થાઓમાં બાળ સુધારણાનું કાર્ય થઈ રહેલું છે.

ઓબ્ઝર્વેશન હોમની કાર્યપ્રણાલી પરથી આપણે જોઈ શકીએ છીએ કે બાળકે પોતે ગુનો કર્યો છે અને અપરાધી છે એવો ખ્યાલ તેના મગજમાં ઘર કરી ન જાય તે માટે સતત ખ્યાલ રાખીને તેમને ઘર જેવું વાતાવરણ પૂરું પાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ઓબ્ઝર્વેશન હોમમાં રાખવામાં આવેલું બાળક ટૂંકા સમયગાળા માટે ત્યાં રહે છે, છતાં તેમનો અભ્યાસ ન બગડે તે માટે સંસ્થાની અંદર જ શિક્ષણની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. બીનગુનેગાર બાળકોને શિક્ષણ માટે સંસ્થાની નજિકની સરકારી સ્કૂલોમાં મોકલવામાં આવે છે. સંસ્થાના અધિક્ષક / શિક્ષકો વખતોવખત મુલાકાત લઈ વિદ્યાર્થીના પ્રોગ્રેસની તપાસ રાખે છે.

ઓબ્ઝર્વેશન હોમમાં બાળક ટૂંકા સમય માટે હોય છે ત્યાંથી તેમને પ્રમાણિત સંસ્થાઓમાં મોકલવામાં આવે છે.

"સ્પેશ્યલ હોમ ફોર બોયઝ" સ્કુલ જામનગર રોડ, રાજકોટ ખાતેની સંસ્થામાં મોકલવામાં આવતા છોકરાઓનો સર્વાંગી વિકાસ થાય તેવી તાલીમ આપવામાં આવે છે. છોકરાઓને વ્યવસાયીક તાલીમ પણ આપવામાં આવે છે અને તેઓ પોતાના પગ પર ઉભા રહી શકે તેટલા સક્ષમ બનાવવાની નેમ આ સંસ્થાની છે. આ સંસ્થામાં રહેલ છોકરાઓના અભ્યાસ માટે પણ કાળજી લેવામાં આવે છે.

"સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ" ની સંસ્થામાં છોકરીઓને જીવનલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. શાળાકીય શિક્ષણ સાથે સાથે ગૃહસ્થ જીવનમાં ઉપયોગી થાય તેવા શિવણના કોર્ષ કરેલ બાળાઓને સરકારશ્રી તરફથી સિલાઈ મશીન વિનામૂલ્યે આપવામાં આવે છે. સંસ્થા દ્વારા યોગ્ય જીવનસાથી શોધીને બાળાઓના લગ્ન પણ કરાવી આપવામાં આવે છે. અને આમ, આ સંસ્થા દ્વારા બાળાઓનું પુનઃસ્થાપન થાય તે માટે સંસ્થા દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરાયેલ છે.

આમ, આ ત્રણેય સંસ્થાઓ ગુનેગાર અને બીનગુનેગાર બાળકોના સમાજમાં પુનઃસ્થાપન માટે પ્રસંશનીય કામગીરી બજાવી રહી છે.

# પ્રકરણ – ૩

## અપંગ – વિકલાંગ પ્રત્યે કામ કરતી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા

### પ્રસ્તાવના :–

વિશ્વના મહાન દેશો અને મહાસત્તાઓ તબીબી વિજ્ઞાનક્ષેત્રે હરણફાળ ઝડપે આગળ વધી રહયા છે, ત્યારે આજના આધુનિક સમાજમાં બાળ અપંગતા માટે અભિશાપરૂપ પોલીયો રોગ જળમૂળથી નાબૂદી માટે ભારત સરકાર પોલીયો નિવારણના અભિયાનરૂપ મહાયજ્ઞ માટે તમામ અને વિવિધ પ્રચાર માધ્યમો દ્વારા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના ખૂણે ખૂણે વસતા ભારતવાસીઓને જાગૃત કરી પોતાના બાળકોને પોલીયો થકી આવતી અપંગતા અટકાવવા તમામ સેવાઓ ઉપલબ્ધ કરાતી હોવા છતાં ખાસ કરીને આજના આ એડવાન્સ ટેકનોલોજી અને સાયન્સના યુગમાં બાળકનું અપંગ થવું કે હોવું તે સમાજ માટે લાંછન રૂપ છે.

અપંગ બાળકોનો ઈતિહાસ જોવા જઈએ તો આ એક હજારો વર્ષથી ચાલી આવતી અને માનવને ઝુકાવતી સમસ્યા છે. મધ્યયુગમાં પણ આ સમસ્યા ફૂલી ફાલી હતી. આપણા દેશમાં આશરે ચાર કરોડ વ્યકિતઓ શારીરિક ખોડખાપણથી પીડાય છે. તા. ૬–૧–૨૦૦૫ ના ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના અહેવાલ મુજબ "છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં આશરે ૧૦.૪૫ લાખ અપંગો છે." વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે "ભારતમાં રહેલા કુલ અપંગો પૈકી આશરે ૫૬% અપંગો એકવીસ વર્ષથી નીચેની વયના છે." એમાના ઘણા ખરાને આપણે અહી તહી નિરાધાર દશામાં ભટકતાં જોઈએ છીએ.

વર્તમાન યુગમાં સમય એ જીવનનું મુખ્ય પાસુ બની ગયેલ છે. ત્યારે આ ઝડપી યુગમાં મનુષ્યની દોડા દોડીને કારણે થતા અકસ્માતો પણ માનવ અપંગતાનું એક મુખ્ય પરિબળ છે. જેના નિવારણ માટે વાહનોની ઝડપમાં સ્વૈચ્છિક અંકુશ અને વાહન ચલાવવાની જાગૃતિ જે અપંગતા નિવારણ માટે એક મહત્વનું પગલુ ગણાય. પોલીયોને કારણે આવતી અપંગતા અને અકસ્માતોને લીધે આવતી શારીરિક ખોડખાંપણ પણ માનવ જીવનને પરાવલંબી બનાવી દે છે, ત્યારે મનુષ્યના જીવનમાં બાળપણમાં આવેલી આવી ખોડખાંપણને કારણે તે સમાજથી વિમૂખ ન બની જાય, સમાજમાંથી તરછોડાઈ ન જાય, પરંતુ તે પણ આ સમાજનું એક અંગ બનીને સ્વસ્થ જીવન જીવી શકે તેવી તાલીમ આપતી સંસ્થાઓ આપણા ભારતીય સમાજમાં રહેલી છે.

આવી સંસ્થાઓમાં મોટા ભાગની સંસ્થાઓ સ્વૈચ્છિક સંસ્થાઓના સ્વરૂપમાં રહેલી છે. તો આપણી લોકશાહી સમાજ વ્યવસ્થામાં સરકારી સંસ્થાઓ પણ ભાગ ભજવી રહી છે. બાળકના બાળપણને તેમની મસ્તીથી માણવાને બદલે જયારે આવી પરિસ્થિતિ આવી પડે છે, ત્યારે તે કળી ખીલતા પહેલા મુરઝાવા લાગે છે. પંરતુ તેને સિંચીને ફરીથી પુષ્પની જેમ મઘમઘતુ બનાવવાનું કામ આ સંસ્થાઓના શીરે રહેલું છે.

સૌરાષ્ટ્રમાં સમાજસુરક્ષા ખાતાની જ એક સંસ્થા " અપંગબાળગૃહ, રાજકોટ" અને ભાવનગર ખાતે પીએનઆર સોસાયટી અંતર્ગત અપંગ બાળકો વિશે કાર્ય કરી રહેલ છે. આ કાર્ય આ બન્ને સંસ્થાઓ ખૂબ જ વ્યવસ્થિત રીતે બજાવી રહેલ છે. જેનો તલસ્પર્શી અભ્યાસ તપાસતા નીચે જણાવ્યા પ્રમાણેની તેમની અપંગ – બાળકો માટેની માનવતા સભર પ્રવૃતિઓનો ચિતાર આપણાને તાદશ્ય થાય છે.

**સંસ્થાઓના ઉદ્‌ભવ પહેલાની પરિસ્થિતિ :**

જયારે સરકારશ્રી દ્વારા ખાનગી સંસ્થાઓ દ્વારા આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ ચલાવવામાં આવતી ન હતી, ત્યારે પણ માનવતાની સરવાણી સ્વરૂપ આવા બાળકોની જવાબદારી સ્વૈચ્છિક વ્યકિતઓ કે સંસ્થાઓ કરતી હતી.

આ પહેલાના રાજાશાહી યુગમાં અને તેથી પણ પહેલા વિચારીએ તો રાજય દ્વારા તેમની દેખરેખ માટેની વ્યવસ્થા રહેલી હતી. જરૂરીયાતવાળી વ્યકિત કે સમુહની દેખભાળ કરવી, તેના પ્રશ્નોનું નિરાકરણ કરવું તે કામ રાજયની ફરજ બની જતું હતું. તેમના માટે રાજાના રાજકોષમાં અલગ ભંડોળ રાખવામાં આવતું હતું. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ આવો ઉલ્લેખ જોવા મળે છે.

ધાર્મિક સંસ્થાઓ પણ સેવાની તેમની ધજા ફરફરાવતી હતી. દિન દુઃખીઓની સેવાએ તેમનો મુખ્ય ધર્મ બની જતો હતો. સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લામાં પરબવાવડી નામની જગ્યાએ સંત શીરોમણી દેવીદાસ બાપુ તથા અમરબાઈ માતાજીએ સૌ પ્રથમ રકતપિત, પોલીયો અને અપંગ વ્યકિતઓ માટે સેવાની શરૂઆત કરી, તેઓ આવી અપંગ વ્યકિતઓને પોતાની નાનકડી એવી તપોભૂમિના સ્થળે પર્ણકુટીઓમાં આશરો આપી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરી આપતા હતા. સાથે સાથે જંગલમાંથી આર્યુવેદિક જડીબુટીઓ લાવીને તેમની વૈદકીય સારવાર કરીને માનવતાનો સંદેશ સમાજને આપ્યો હતો.[૧]

વર્તમાન યુગમાં અપંગ વ્યકિત કે બાળકોને વિશિષ્ટ પ્રકારની સુવિધાઓ અને યોગ્ય સારવાર મળી રહે તેવા હેતુથી સરકારશ્રી દ્વારા આવા અપંગ બાળગૃહોની સ્થાપના કરવામાં આવી. તેમજ અપંગતાના

૧. શ્રી વાઘાણી સાહેબ – એમ.એસ.ડબલ્યુ. ભવન, સૌરાષ્ટ્ર યુનિ.ના વડાની રૂબરૂ મુલાકાત

નીચે મુજબ ચાર જુદા જુદાપ્રકાર પાડવામાં આવ્યા છે.

**અપંગના પ્રકારો [૨] :**

૧. શારીરિક ખોડખાંપણ ધરાવતી અપંગ વ્યકિત / બાળક **(Ortho)**

૨. મંદબુધ્ધિ ધરાવતી વ્યકિત / બાળક **(Mentally Retired)**

૩. બહેરા–મુંગા **(Deaf Dump)**

૪. અંધ **(Blind)**

ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા ઠરાવ પસાર કરીને ગુજરાતમાં બે જગ્યાએ અપંગ બાળગૃહો સ્થાપવાની મંજૂરી આપવામાં આવી.

ઈ.સ. ૧૯૭૧ માં અમદાવાદમાં આવી અપંગ બાળસંસ્થાની સ્થાપનાનો ઠરાવ સરકારશ્રી દ્વારા કરવામાં આવ્યો હતો પરંતુ અમદાવાદ તેમજ આજુબાજુમાં તે સમયે પણ આ કાર્ય માટે અમુક સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત જ હતી. જયારે સૌરાષ્ટ્રમાં આવું કોઈ કાર્ય કરતી સંસ્થા અસ્તિત્વમાં ન હતી. જેથી કરીને ૨૮ મી માર્ચ ૧૯૭૧ ના રોજ રાજકોટ ખાતે ગુજરાતભરના રાજય સરકારના પ્રથમ એવા અપંગ બાળગૃહની ૨૨–વ્યકિતના મહેકમ સાથે ભકિતનગર સ્ટેશન રોડ, રાજકોટ ખાતે શરૂઆત થઈ હતી.[૩]

બીજુ રાજય સરકારનું અપંગ બાળગૃહ વડોદરા મુકામે શરૂ થયુ. આમ, ગુજરાત રાજયભરમાં બાળકો માટેના સરકારી બે અપંગ બાળગૃહો અસ્તિત્વમાં આવ્યા જેમાં માત્ર છોકરાઓને જ પ્રવેશ મળે છે.

---

૨. સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ ૧૯૯૩, પાના નં. ૭૧.

૩. સંસ્થાની મહેકમ ફાઈલ તથા સ્થાપના પત્રક.

શરૂઆતમાં માત્ર ૪ બાળકોથી રાજકોટ ખાતે ભકિતનગર સ્ટેશન રોડ ખાતે સેવાસંઘના મકાનમાં અપંગ બાળકોની રહેણાંકીય સંસ્થા શરૂ કરવામાં આવી.[૪]

**શરૂઆતમાં સંસ્થા વિશે લોકોનો અભિપ્રાય / માન્યતા :**

૧૯૭૧ માં જયારે સંસ્થાની સ્થાપના કરવામાં આવી ત્યારે સોનાના પીંજરા જેવી સંસ્થામાં અપંગ બાળકરૂપી પક્ષીઓ મેળવવા માટે છાપાઓમાં જાહેરાતો આપવામાં આવી અને જેમ બને તેમ સંખ્યામાં વધારો થાય તે માટે ઘેર ઘેર (ડોર ટુ ડોર) અધિકારી / કર્મચારી વર્ગ જતો પરંતુ લોકો પોતાના બાળકોને અપંગ આશ્રમમાં મૂકવા તૈયાર થતા ન હતા. લોકો આશ્રમમાં પોતાના બાળકોને રાખવા તે પોતાના (તેમના) માટે સમાજમાં આબરૂ ગુમાવવા જેવું માનતા હતાં. આ રીતે શરૂઆતમાં અપંગ બાળકોની સંખ્યા કરવા માટે સતત પ્રયત્ન કરવો પડયો.

ઉપર્યુકત બાબતથી આજે ઉલ્ટુ જોવા મળે છે. આજે અપંગ બાળકોને આ સંસ્થામાં એડમીશન મેળવવા માટે વેઈટીંગ લીસ્ટ છે. તે આ સંસ્થાની સફળતા છે. અને વાલીઓ પોતાના અપંગ સંતાનને આ સંસ્થામાં ગર્વ સાથે મૂકે છે.

**સંસ્થામાં અપંગ બાળકો માટે પ્રવેશના નિયમો :**

સંસ્થામાં સામાન્ય રીતે સૌરાષ્ટ્ર – કચ્છ વિસ્તારના જે અપંગ બાળકો છે. તેવા બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. દર વર્ષે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જાહેરાત આપવામાં આવે છે. તે અનુસંધાને આવેલ પ્રવેશ અંગેની અરજીઓને ધ્યાને લઈ આવા અપંગ બાળકોને સંસ્થાના ઓર્થોપેડિક સર્જન દ્વારા "અપંગતાની ટકાવારી ઘટાડી શકાય તેમ છે" અથવા "અપંગતા નિવારી શકાય તેમ

---

૪. સંસ્થાની મહેકમ ફાઈલ તથા કાયમી હુકમોની ફાઈલ.

છે", તેની તપાસ કરવામાં આવે છે. આ બાબતનો રિપોર્ટ ઓર્થોપેડિક સર્જન આપે ત્યારબાદ સંસ્થાના સુપ્રિટેડન્ટશ્રી બાળકની ઉંમર કેટલી છે તેની ચોકસાઈ કરે છે. બાળકની ઉંમર ૭ થી ૧૬ વર્ષ હોય તો જ તેમને સંસ્થામાં દાખલ કરવા અંગે વિચારવામાં આવે છે.[૫]

બાળકના માતા–પિતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોય, ઓપરેશનના ભારે ખર્ચને પહોંચી શકે તેમ ન હોય, તેમજ બાળકના આજુબાજુના ગામડાઓમાં હાઈસ્કુલો ન હોય તેવા બાળકને આ સંસ્થામાં એડમીશન આપવામાં આવે છે. આ સંસ્થામાં રાજકોટમાં રહેતા અપંગ બાળકોને એડમીશન આપવામાં આવતું નથી, જે ખાસ નોંધનીય છે.

વિશેષમાં નામદાર કોર્ટના હુકમથી જો કોઈ અપંગ બાળકને આ સંસ્થામાં મૂકવામાં આવેલ હોય તો તેમને પણ પ્રવેશ આપવામાં આવે છે. એટલે કે બાળ અદાલત દ્વારા જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ અપરાધી બાળક હોય અને તે અપંગ હોય તો નામદાર કોર્ટ તેમને આ અપંગ સંસ્થામાં દાખલ કરવાનો આદેશ કરે છે જે અન્વયે બાળકને આ સંસ્થામાં એડમીશન આપવામાં આવે છે.

અપંગ બાળગૃહ રાજકોટની સંસ્થામાં સરકાર તરફથી નિયત કરેલ સંખ્યાનુસાર વધુમાં વધુ ૬૦ અપંગ બાળકોને એક સાથે સંસ્થામાં પ્રવેશ આપવામાં આવે છે.

છેલ્લા બાર વર્ષથી સંસ્થામાં પ્રવેશ આપેલ તેમજ તે પૈકી ઓપરેશન કરેલ બાળકોની સંખ્યા દર્શાવતું કોષ્ટક આ મુજબ છે.

---

૫. સમાજ સુરક્ષા ખાતા પ્રવેશ નિયમોના ઠરાવ તથા કાયમી હુકમોની ફાઈલ.

## :: અપંગ બાળકોના પ્રવેશ આપેલ તેમજ ઓપરેશન કરેલ બાળકોની વિગત દર્શાવતું પત્રક[૬] ::

| ક્રમ | વર્ષ | અપંગ બાળકોના પ્રવેશની સંખ્યા | ઓપરેશન કરેલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ૧૯૯૧–૧૯૯૨ | ૪૫ | ૦૯ |
| ૨. | ૧૯૯૨–૧૯૯૩ | ૫૦ | ૦૨ |
| ૩. | ૧૯૯૩–૧૯૯૪ | ૩૨ | ૦૨ |
| ૪. | ૧૯૯૪–૧૯૯૫ | ૩૫ | –– |
| ૫. | ૧૯૯૫–૧૯૯૬ | ૪૦ | –– |
| ૬. | ૧૯૯૬–૧૯૯૭ | ૩૯ | ૦૩ |
| ૭. | ૧૯૯૭–૧૯૯૮ | ૪૨ | ૦૨ |
| ૮. | ૧૯૯૮–૧૯૯૯ | ૪૧ | ૦૩ |
| ૯. | ૧૯૯૯–૨૦૦૦ | ૪૨ | –– |
| ૧૦ | ૨૦૦૦–૨૦૦૧ | ૩૨ | –– |

ઉપરના પત્રક પરથી અભ્યાસ કરતા જણાય છે કે વર્ષ ૧૯૮૬–૮૭ માં સંસ્થામાં કુલ ૬૦ બાળકોને પ્રવેશ આપવામાં આવેલ જે સૌથી વધારે સંખ્યા છે. અને જયારે વર્ષ ૨૦૦૦–૨૦૦૧ માં અપંગ અંતેવાસીઓની સંખ્યા ૩૨ છે. જે આંકડાકીય દ્રષ્ટીએ જોઈએ તો સૌથી નીચો આંક રહયો છે. જો કે આ આંક ઓછુ હોવાનું કારણ તપાસતા સંસ્થાનું મકાન, છાત્રાલય વિભાગ, શાળા વિભાગ, ઉદ્યોગ વિભાગ, ભોજનાલય, રસોડા વિભાગ વગેરે ડિસમેન્ટલ થવાને કારણે માત્ર ઓફીસ વિભાગમાં જ બાળકોને રાખવામાં આવે છે. તેથી જગ્યાની સંકડાશને કારણે ચાલુ વર્ષમાં સંખ્યા ખૂબ જ ઓછી રાખવામાં આવી હોય તેવુ જણાય છે.

વૈદકીય સારવારની બાબતમાં તપાસતા ૧૯૯૧–૧૯૯૨ માં અપંગ અંતેવાસીઓની કુલ ૪૫ ની સંખ્યા સામે ૯ બાળકોના ઓપરેશન કરવામાં આવેલ છે. જે ટકાવારીની દ્રષ્ટીએ સૌથી ઉંચો આંક છે. જયારે ૧૦ વર્ષ પૈકીના

૬. પ્રવેશ રજીસ્ટર અને VMO ફાઈલને આધારે.

૪ વર્ષમાં કોઈ અપંગ બાળકના ઓપરેશન કરવામાં આવેલ નથી.[૭]

**સંસ્થાનું આવાસગૃહ :**

અપંગબાળગૃહ, રાજકોટનું નવું આવાસગૃહ બાંધવામાં આવેલ છે. માર્ચ ૧૯૭૧ માં જયારે આ શાળાની સ્થાપના થયેલ હતી, ત્યારથી અત્યાર સુધીમાં ક્રમશઃ પ્રગતિ પામતી આ સંસ્થાનું નવું આવાસગૃહ તા. ૩–૧–૨૦૦૪ ના રોજ પૂર્ણ થતા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માન. મંત્રીશ્રીના હસ્તે અપંગ બાળકોને સમર્પિત કરવામાં આવ્યુ છે. કુલ ૧૦૦ અંતેવાસીઓને રહેવાની સગવડતા સાથે આ નવા આવાસગૃહમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવેલી છે.

**(૧) અંતેવાસી રૂમ – ૧૨**

**(૨) ઓફિસ રૂમ વ્યવસ્થા**

- અધિક્ષક ઓફિસ
- મદદનીશ અધિક્ષક ઓફિસ
- કલાર્ક રૂમ

**(૩) મનોરંજન હોલ – ટેલીવિઝન સાથે**

**(૪) ભોજનાલય વ્યવસ્થા**

- રસોડુ
- કોઠાર રૂમ

**(૫) ઓકયુપેશનલ થેરાપીસ્ટ રૂમ**

**(૬) ઉદ્યોગ રૂમ**

**(૭) વિજળી ઘર**

**(૮) ફિઝીયો થેરાપીસ્ટ**

૭. સંસ્થાની આંકડાકીય રીટર્ન રીપોર્ટસ ફાઈલ તથા વાર્ષિક રીટર્ન ફાઈલના આધારે.

**(૯)   કલોથીંગ બેડીંગ રૂમ**

**(૧૦)  ડેડ સ્ટોક સામાનરૂમ**

**(૧૧)  વોશીંગ રૂમ**

**(૧૨)  પુસ્તકાલય**

**(૧૩)  અભ્યાસ ખંડ–૩**

**(૧૪)  રેકર્ડ રૂમ –૧**

**(૧૫)  નર્સ રૂમ**

**(૧૬)  ડોકટર રૂમ**

**(૧૭)  અંતેવાસી ટ્રાયસીકલ પાર્કીંગ**

**(૧૮)  વિશાળ ફરતી લોબી**

નવું આવાસગૃહ અંતેવાસીઓની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને વિશાળ બનાવવામાં આવ્યું છે.

## સંસ્થાનો મુખ્ય હેતુ :–

અપંગ બાળકોને તેમની અપંગતા પ્રમાણે જુદા જુદા ક્ષૈત્રોમાં નોકરી, વ્યવસાય કે રૂચિ મુજબના ઉદ્યોગ–ધંધા સ્થાપી શકે તે માટે સારી રીતે અભ્યાસ પ્રાપ્ત કરી શકે અને પુખ્ત ઉંમરના થતા પોતાની આજીવિકા મેળવી, સમાજમાં પગભર થઈ, સ્વમાનભેર જીવી શકે તે માટે મુખ્ય ત્રણ હેતુઓ સિધ્ધ કરવા આ સંસ્થા કામ કરે છે.

### ૧. વૈદકીય સારવારનો હેતુ :

અપંગ બાળકોને સમાજમાં પુનઃસ્થાપિત કરવા માટે પ્રથમ તબકકે વૈદકીય

સારવાર ખાસ અગત્યની છે. જેમાં આ અપંગ બાળગૃહના બાળકોને ઓપરેશનથી કે પ્લાસ્ટિક સર્જરી કરીને અપંગતાની ટકાવારી ઘટાડવામાં આવે છે. ડોકટરશ્રીની સૂચના અનુસાર ઓકયુપેશનલ થેરાપીસ્ટની સારવાર એકસરસાઈઝ (કસરત) કરાવવામાં આવે છે. આ કસરતથી હાથ કે પગના સ્નાયુઓને કે જે સંકોચાયેલા હોય છે, તેને શકિત મળે છે અને મહંદ અંશે આ સ્નાયુઓ પોતાનું કાર્ય કરતા થાય છે. આ રીતે સંસ્થાનો મુખ્ય હેતું વૈદકીય સારવારનો છે તે પ્રથમ દ્રષ્ટીએ જાણી શકાય છે.[૮]

**૨. શૈક્ષણિક અને વ્યવસાયિક તાલીમનો હેતુ :**

આજનું બાળકએ આવતીકાલનો નાગરિક છે. અને આ અપંગ બાળકો કુટુંબને સમાજને કે રાષ્ટ્રને ભારરૂપ ન બનતા દેશના એક સુશિક્ષિત તેમજ પ્રામાણિક નાગરિક બની શકે તે માટે શિક્ષણએ એક અતિ આવશ્યક બાબત છે. આ સંસ્થાના અપંગ બાળકોને શાળામાં અભ્યાસ માટે અહિંયા ખાસ શિક્ષકની સવલત છે. આ સંસ્થામાં પણ ધોરણ ૧ થી ૪ સુધીનું શિક્ષણ સંસ્થામાં જ આપવામાં આવે છે. અને ધોરણ ૫ થી ૧૦ સુધીના અભ્યાસ માટે બહારની સ્કૂલમાં મોકલવામાં આવે છે.

સંસ્થાના ઉદ્યોગ વિભાગ દ્વારા અપંગ બાળકોને અભ્યાસક્રમ બાદ નવરાશના સમયમાં ડ્રીલીંગ કામ, સુતારી કામ, નેતર કામ વગેરે શીખવવામાં આવે છે. અને તે રીતે અપંગ બાળક સંસ્થામાં નિવાસ કરે ત્યાં સુધીમાં તેને શિક્ષણ અને ઔદ્યોગિક તાલીમ આપીને, તે સમાજમાં પુનઃસ્થાપન પ્રાપ્ત કરી શકે તે માટેના પ્રયત્નો સંસ્થા દ્વારા અંગત કાળજી લઈને કરવામાં આવે છે.

---

૮. ડો. ડી. કે. શાહ, ઓથો. સર્જન – માનદ VMO ની રૂબરૂ મુલાકાત.

**૩. અપંગ બાળકોના પુનઃસ્થાપનનો હેતુ :**

સંસ્થાના અપંગ બાળકોને એવી ઔદ્યોગિક તાલીમ આપવામાં આવે છે, જેમાં ભારે મશીનરીની જરૂર ન હોય; જેવા કે સીલાઈકામ, નેતર કામ, સુતારી કામ, જેવી કામગીરી કરીને પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે. આવી તાલીમ આપીને આ સંસ્થાના બાળકોને પુનઃસ્થાપનનો હેતું સિધ્ધ કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

સરકારી / બીનસરકારી નોકરીમાં ટાઈપીસ્ટ / કલાર્ક, એકાઉટન્ટ જેવી જગ્યાઓ પર પુનઃસ્થાપિત થઈ શકે તેવા પ્રયત્નો સાથે જ્ઞાન આપવામાં આવે છે.

આ રીતે ઉપર્યુકત ત્રિવિધ હેતુઓ સિધ્ધ કરવા માટે આ સંસ્થા એક અગત્યની કામગીરી બજાવે છે તેમ કહી શકાય.

**સંસ્થામાં અપંગ બાળકોને આપવામાં આવતી સવલતો :**

૧. અપંગ બાળગૃહ સંસ્થામાં પ્રવેશ આપવામાં આવેલ બાળકોને રહેવા માટે છાત્રાલય ઉપલબ્ધ છે.
૨. અપંગ બાળકોને બપોરે અને સાંજે જમણ આપવામાં આવે છે તેમજ સવારે નાસ્તો આપવામાં આવે છે.
૩. અભ્યાસ માટેનો તમામ ખર્ચ, પુસ્તકો, નોટબુકો, પેન–પેન્સીલ વગેરે વસ્તુઓ આપવામાં આવે છે.
૪. શાળાનો ડ્રેસ તેમજ અન્ય જરૂરીયાત મુજબના કપડા આપવામાં આવે છે.
૫. ન્હાવા–છોવા માટે સાબુ, હેર ઓઈલ વગેરે સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

૬. ક્લોધીંગ બેડીંગ સૂવા માટે પલંગ વગેરે સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

૭. અપંગતા નિવારણ માટે સંસ્થાના ઓર્થોપેડિક સર્જન દ્વારા ઓપરેશન કરી આપવામાં આવે છે.

૮. સંસ્થામાં ઓકયુપેશનલ થેરાપીસ્ટ દ્વારા અપંગ બાળકને નિયમિત કસરત કરાવવામાં આવે છે.

ટૂંકમાં કહીએ તો અપંગ બાળગૃહ રાજકોટની સંસ્થા દ્વારા સામાન્ય કુટુંબના બાળકને જે જરૂરી સેવાઓ કુટુંબમાંથી પ્રાપ્ત થાય છે તેવી જ સેવાઓ આ સંસ્થા દ્વારા બાળકોને પૂરી પાડવામાં આવે છે.

**સંસ્થામાં ઈતર પ્રવૃત્તિની સવલતો :**

સંસ્થામાં હાલમાં ૬૦ બાળકો સુવિધા મેળવી રહેલ છે. જેમને માટે ઈન્ડોર અને આઉટડોર ગેમની વ્યવસ્થા રહેલી છે. ક્રિકેટ, મ્યુઝીકલચેર જેવી રમતો રમાડાય છે. તો દેડકા દોડ, ઉંધા માથે દોડવું, પેઈન્ટીંગ જેવી પ્રવૃત્તિઓ પણ થાય છે. આ ઉપરાંત ટ્રાયસીકલ રેસ જેવી રમત પણ રમાડવામાં આવે છે અને પ્રસંગોપાત પેઈન્ટીંગ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા આયોજીને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. દેશની આઝાદી વર્ષની સૂવર્ણ જયંતિ મહોત્સવમાં સંસ્થાના બાળકોનો ફલોટ રજૂ થયેલ, તેમાં ઈનામમાં ટ્રોફી મળેલ છે.[૯]

આ સંસ્થાના બે બાળકોને દિલ્હી રાષ્ટ્રીય તહેવારની પરેડમાં જવાનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે. આ સંસ્થામાં તા. ૩જી ડીસેમ્બરના રોજ વિશ્વ અપંગ દિવસ મનાવવામાં આવે છે તેને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે.

૯. " સંસ્થાના તેજસ્વી તારલાઓ " ફાઈલના આધારે

સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમો પણ થાય છે, જેમાં બેક–ટુ–નેચર કાર્યક્રમ અંતર્ગત સંસ્થાઓના બાળકોને દીવ લઈ જઈ દરિયાઈ જીવસૃષ્ટીનો પ્રત્યક્ષ અનુભવ કરાવાયેલ છે, જેમના ઓર્ગેનાઈઝર સ્વૈચ્છિક સંસ્થાઓ હોય છે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરીથી સાસણ–ગીરમાં ગીચ જંગલની અંદર ત્રણ દિવસનો કેમ્પ કરવામાં આવેલ હતો, જેના દ્વારા અપંગ બાળકોના મનમાં રહેલ ભયની લાગણીને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ.

સંસ્થામાં મ્યુઝિક માટે સંપૂર્ણ વ્યવસ્થા પણ છે. આમ સંગીત દ્વારા બાળકોમાં રહેલા કલાકારને જાગૃત કરવાનો પ્રયત્ન થાય છે.

## સંસ્થાનું વહીવટી વ્યવસ્થાતંત્ર તથા ફરજો :–

અપંગ બાળગૃહ રાજકોટનું મહેકમ સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.[૧૦]

**૧. સુપ્રિટેડન્ટ.**
**૨. ડેપ્યુટી સુપ્રિટેડન્ટ.**
**૩. ઓકયુપેશનલ થેરાપીસ્ટ.**
**૪. સાયકયાટ્રીસ્ટ.**
**૫. ઓકયુપેશનલ ટીચર.**
**૬. વીઝીટીંગ મેડીકલ ટીચર.**
**૭. સ્પેશ્યલ ટીચર–૨.**
**૮. એકાઉટન્ટ.**
**૯. નર્સ કમ કંમ્પાઉન્ડર.**
**૧૦. ડ્રાઈવર.**

૧૦. સંસ્થાના વડાની રૂબરૂ મુલાકાત.

**૧૧. એટેડન્ટ સંખ્યા–૩.**

**૧૨. રસોયા.**

**૧૩. સ્વીપર.**

**૧૪. આયા કમ ટ્રેસર.**

ઉપરોકત – ૧૭ જગ્યાઓ પૈકીની અમુક જગ્યાઓ ખાલી છે.

**કર્મચારી ગણની કામગીરી :**

સંસ્થા માટે ઉપર્યુકત અધિકારી / કર્મચારીઓ પોતે શું કામગીરી કરે છે તે બાબતે સંસ્થાના અધિક્ષકશ્રીએ વિસ્તારપૂર્વક જણાવેલ, જે માહિતી સંસ્થાના મેન્યુઅલમાં દર્શાવ્યા મુજબની હોય છે.[૧૧]

**૧. અપંગ બાળગૃહ સંસ્થાના સુપ્રિટેડન્ટની કામગીરી :**

સુપ્રિટેડન્ટએ સંસ્થાનું હૃદય છે. સંસ્થાની કામગીરીને ધબકતી રાખવી તે સુપ્રિટેડન્ટની મુખ્ય ભૂમિકા છે. સંસ્થાની આર્થિક બાબતો બાળકોના પ્રવેશ અંગેની બાબતો, કર્મચારી / અધિકારી વચ્ચે સહકાર સ્થાપાય અને સંસ્થાના સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલા હેતુઓ, ઠરાવો પરિપત્રો વગેરેનું પાલન થાય તે માટેની તમામ કામગીરી સંસ્થાના અધિક્ષકશ્રીની છે. બાળકોનું શિક્ષણ, આરોગ્ય, ઔધોગિક તાલીમ, સંસ્કાર સિંચન વગેરે બાબતોનો ઝીણવટ ભર્યો અભ્યાસ કરી બાળકોના વિકાસ માટેની કામગીરી અધિક્ષકશ્રી દ્વારા કરવામાં આવે છે. સંસ્થાની સર્વોપરી સત્તા અને જવાબદારી બન્ને અદા કરવાની રહે છે.

સંસ્થાના વિકાસ માટે અધિક્ષક પોતાની સંપૂર્ણ શકિત લગાડીને અપંગ બાળકોના પુનઃસ્થાપન માટે પ્રયત્ન કરે છે અધિક્ષકશ્રીનું આવાસગૃહ સંસ્થાના

૧૧. સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ ૧૯૯૩, પાના નં. ૭૧.

સંકુલમાં જ છે. આમ, તેઓ ૨૪ કલાક સતત સંસ્થાના સાનિધ્યમાં જ રહે છે અને કામગીરી બજાવે છે આ રીતે અધિક્ષકની ભૂમિકા અપંગ–બાળગૃહમાં સર્વોપરી છે.

**૨. ડેપ્યુટી સુપ્રિટેડન્ટ (નાયબ અધિક્ષક) :**

અધિક્ષકશ્રીની નીચેની નાયબ અધિક્ષકશ્રીની જગ્યા રહેલી છે અને આ સંસ્થામાં નાના બાળકોને ધ્યાનમાં લઈને સ્ત્રીઓને જ નાયબ અધિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવે છે. અપંગ બાળગૃહમાં નાયબ અધિક્ષકની ભૂમિકા પણ ખૂબ જ અગત્યની ગણી શકાય, કેમ કે તે અપંગ બાળકોની નજીકના સંબંધો કેળવે છે અને બાળકોના કેસ સ્ટડી ફાઈલો બનાવે છે, નિભાવે છે અને તેમની નોંધો અદ્યતન રાખે છે. આ ઉપરાંત બાળકની સ્વચ્છતા, આરોગ્યની જાળવણી, ભોજન–નાસ્તો, મનોરંજન, રમત–ગમત, પ્રવાસ પર્યટન વગેરેનું આયોજન અને વ્યવસ્થા કરે છે.

સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ કલોથીંગ–બેડીંગ રજીસ્ટર, રસોઈ રજીસ્ટર, બાળકોની હાજરી રજીસ્ટર, ડાયેટ સ્ટોર્સની ખાદ્ય–સામગ્રીની જાળવણી, તેની સફાઈ વગેરે બાબતની કામગીરી નાયબ અધિક્ષકશ્રીની રહે છે. પરંતુ ખેદની વાતએ છે કે ૧૯૯૫ થી નાયબ અધિક્ષકની જગ્યા આ અપંગ બાળગૃહની સંસ્થામાં ખાલી છે અને તેનો ચાર્જ એક સ્પેશ્યલ ટીચર સંભાળે છે.

**૩. ઓકયુપેશનલ થેરાપીસ્ટની ભૂમિકા :**

અપંગ બાળગૃહ રાજકોટની સંસ્થાના બાળકોની અપંગતા નિવારણ માટે સંસ્થાના ઓકયુપેશનલ થેરાપીસ્ટની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. ઓપરેશન બાદ બાળકોને ડોકટરી સલાહ મુજબ તે કસરત કરાવે છે, અને બાળકના

નિર્જીવ સ્નાયુઓને ફરીથી બળ પ્રાપ્ત થાય તે બાબત ધ્યાનમાં રાખીને તેમને લગતી કસરતોની પ્રેકટીસ કરાવે છે.

અપંગ બાળકોને ઘોડી–કેલીપર્સ વગેરે આપીને તેને વ્યવસ્થિત ચાલતા શીખવે છે. આ રીતે આ સંસ્થાનો વૈદકીય સારવારનો મુખ્ય હેતુ સિધ્ધ કરવા માટે ઓકયુપેશનલ થેરાપીસ્ટની ભૂમિકા અગત્યની છે.

**૪. ઓકયુપેશનલ ટીચરની ભૂમિકા :**

અપંગ બાળગૃહ રાજકોટની સંસ્થામાં ચાલતા ઉદ્યોગ વિભાગમાં અપંગ બાળકોને ઓકયુપેશનલ ટીચર ઉદ્યોગ – ધંધા અંગેની માહિતી આપે છે તેમજ પ્રેકટીકલ જ્ઞાન જેવું કે સીલાઈ કામ, સુથારી કામ, કેનવર્ક, ડ્રીલીંગ કામ વગેરે પૂરું પાડે છે તેમજ હળવા ઉદ્યોગની તાલીમ આપે છે, જેના દ્વારા બાળક સમાજમાં પુનઃસ્થાપન પ્રાપ્ત કરે છે.

**૫. વીઝીટીગ મેડિકલ ઓફિસરની કામગીરી :**

અપંગ બાળગૃહ રાજકોટની સંસ્થામાં ઓર્થોપેડિક ડોકટર માનદ વેતન લઈને માનદ સેવાઓ આપે છે. ડોકટર પોતાની હોસ્પીટલમાં ઓપરેશન લાયક બાળકોને ક્રમ અનુસાર મફત ઓપરેશન કરી આપે છે અને બાળકમાં અપંગતાની ટકાવારી ઘટે તેવા પ્રયત્નો કરે છે. વૈદકીય તમામ સેવાઓ ઓર્થોપેડિક સર્જન દ્વારા આપવામાં આવે છે. બાળકની અપંગતા ઓછી થાય અને તે કેલીપર્સ – બુટ કે ઘોડી દ્વારા ચાલતો થાય અને સ્વયં પગભર બને તે માટેના પ્રયત્નો કરે છે.

બાળકોના એડમીશન વખતે તે બાળકોને તપાસે છે, બાળકને સંસ્થામાં પ્રવેશ આપવો કે કેમ તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય આપે છે. ડોકટરના અભિપ્રાયને

લક્ષમાં લઈને સંસ્થાના અધિક્ષક બાળકને પ્રવેશ આપે છે.

આમ, VMO ના કાર્યને મુલવતા એમ કહી શકાય કે વીઝીટીંગ મેડિકલ ઓફિસર ખાનગી વ્યકિત હોવા છતાં સંસ્થામાં તેમની ભૂમિકા આગવી છે.

સૌરાષ્ટ્રના પ્રખ્યાત ઓર્થોપેડીક સર્જન ડો. ડી. કે. શાહ અત્યારે આ સંસ્થાના VMO તરીકે ફરજ બજાવે છે.[૧૨]

### ૬. નર્સ–કમ–કમ્પાઉન્ડરની ભૂમિકા :

અપંગ બાળગૃહ રાજકોટ ખાતે નર્સ કમ કમ્પાઉન્ડરની એક જગ્યા છે, જે હાલમાં ખાલી છે નર્સ દ્વારા ઓપરેશન કરાયેલ બાળકોની સંભાળ લેવી, બાળકના આરોગ્ય માટે ખાસ ધ્યાન આપવું, બિમાર બાળકને સારવાર માટે હોસ્પીટલ લઈ જવા, બાળકની સ્વચ્છતા પૌષ્ટિક આહાર વગેરને લગતી અગત્યની ભૂમિકા નર્સ કમ કમ્પાઉન્ડર સંસ્થામાં રહીને બજાવે છે.

સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલા મેડિકલને લગતા ઓ.પી.ડી. રજીસ્ટર નિભાવવા અને તેમાં નિયમિત અધિક્ષકશ્રીની સહી લેવી વગેરે કામ તેમની ફરજમાં આવે છે.

### ૭. આયા–કમ–ડ્રેસરની ભૂમિકા :

સંસ્થામાં નર્સને મદદ કરવા માટે તેમના આસીસ્ટન્ટ તરીકે આયા કમ ડ્રેસર પોતાની ભૂમિકા બજાવે છે. નર્સની ગેરહાજરીમાં આયા કમ ડ્રેસર બાળકોના આરોગ્ય અંગેની તમામ કામગીરી કરે છે હાલમાં નર્સની જગ્યા ખાલી હોવાથી

૧૨. VMO ની વિઝીટ ડાયરી ફાઈલના આધારે.

આયા કમ ડ્રેસર બન્ને ભૂમિકા અદા કરી રહેલ છે.

**૮. સ્પેશ્યલ ટીચર (શાળા વિભાગ):**

અધિક્ષકશ્રીએ શાળા વિભાગ માટે માહિતી આપતા જણાવેલ કે આ સંસ્થામાં ઘોરણ ૧ થી ૪ માટે શિક્ષણની વ્યવસ્થા શાળાની અંદર જ છે, અને ઘોરણ ૫ થી ૧૦ સુધીના બાળકોને બહારની શાળામાં અભ્યાસ અર્થે મોકલવામાં આવે છે. ઘોરણ ૧ થી ૪ માટેના સ્પેશ્યલ ટીચર તરીકે ફરજ બજાવતા શિક્ષકો અપંગ બાળકોને અભ્યાસલક્ષી માર્ગદર્શન પૂરું પાડે છે તેમજ બાળકોને મનોરંજન માટે, રાષ્ટ્રીય ધાર્મિક તહેવારોની ઉજવણીની વ્યવસ્થા માટે, પ્રવાસ–પર્યટન કે જેના દ્વારા બાળકોનો ભૌગોલિક / ઐતહાસિક જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે ત્યાં લઈ જવા વગેરે કામગીરી આ શિક્ષકો દ્વારા કરવામાં આવે છે.

**૯. એટેડન્ટની કામગીરી :**

સંસ્થામાં એટેડન્ટની કામગીરી અતિશય મહત્વની છે. અપંગ બાળકો ઉપર સતત દેખરેખ રાખવી, તેઓ વ્યવસ્થિત રીતે સવારની રોજીંદી ક્રિયાઓ સ્નાન–બ્રશ–નાસ્તો વગેરે કરે તે માટે પ્રેરણા, બિમાર બાળક અંગે અધિકારીને જાણ કરવી અને તેમના જમવા તથા આરામની વ્યવસ્થા ગોઠવવી વગેરે કામગીરી કરે છે. આમ, એટેડન્ટની કામગીરી એક વાલી તરીકેની છે. સંસ્થામાં કુલ –૩ એટેડન્ટની જગ્યા છે. અને દરેકને ૮ કલાકની ડયુટી ફાળવવામાં આવેલ છે.

**૧૦. અન્ય કર્મચારીગણની કામગીરી :**

**એકાઉન્ટન્ટ :**

સંસ્થાના નાંણાકીય હિસાબો અને પત્ર વ્યવહારની કામગીરી સંભાળે છે.

**ડ્રાઈવર :**

સંસ્થાને પોતાની માલિકીનું મેટાડોર છે, તેમાં બાળકોને હોસ્પીટલ લઈ જવા, બહારની સ્કૂલમાં ભણતા બાળકોને લેવા મૂકવા માટે જવું વગેરે કામગીરી ડ્રાઈવરની ફરજમાં આવે છે.

**રસોયો :**

સંસ્થાના અંતેવાસી બાળકો માટે સમયસર રસોઈ બનાવવાની કામગીરી તેમની છે.

**સફાઈ કામદાર :**

સંસ્થાના મકાનના સંડાસ–બાથરૂમની, ગ્રાઉન્ડની તેમજ બિલ્ડીંગ વગેરેની સફાઈ કરવાની ફરજ તેમની છે.

## સંસ્થાનું આર્થિક વ્યવસ્થા તંત્ર :–

અપંગ બાળગૃહ રાજકોટ એ સંપૂર્ણ સરકારી સંસ્થા છે. આ સરકારી સંસ્થાને સમાજ સુરક્ષા ખાતા દ્વારા તેમના અંદાપત્ર મુજબ ગ્રાન્ટ ફાળવે છે. ફાળવેલ ગ્રાન્ટ માંથી જુદા જુદા ખર્ચ જેવા કે કર્મચારીનો પગાર, જમવાનો ખર્ચ, શિક્ષણ ખર્ચ, દવાનો ખર્ચ, અન્ય ખર્ચ વગેરે સરકારશ્રીના નિયમોને આધીન રહીને કરે છે. સંસ્થાના અધ્યક્ષશ્રીના જણાવ્યા મુજબ તથા બજેટ તેમજ ગ્રાન્ટની ફાઈલોનો અભ્યાસ કરતા જણાય છે કે દર વર્ષે ૧૦ થી ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે.

સંસ્થાના અધ્યક્ષશ્રીને સંસ્થાના આકસ્મિક ખર્ચ માટે ખર્ચ કરવાની સત્તા માત્ર રૂા. ૫૦ ની છે. જે ખૂબ જ ઓછી છે. વધારે ખર્ચ માટે ઉપરી અધિકારી પાસેથી

મંજૂરી મેળવવી પડે છે. ખર્ચમાં મુખ્યત્વે કર્મચારીનો પગાર, ભોજન ખર્ચ, કલોથીંગ ખર્ચ, બેડીંગ ખર્ચ, શિક્ષણ ખર્ચ, ઓફીસ ખર્ચ, માલ સામાન પુરવઠા ખર્ચનો સમાવેશ થાય છે.

:: સંસ્થાને ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક[૧૩] ::

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧. | ૧૯૯૭–૧૯૯૮ | ૧૨,૦૦,૦૦૦ | ૧૦,૬૮,૦૬૦ |
| ૨. | ૧૯૯૮–૧૯૯૯ | ૨૨,૦૦,૦૦૦ | ૧૨,૪૪,૨૫૨ |
| ૩. | ૧૯૯૯–૨૦૦૦ | ૧૩,૦૦,૦૦૦ | ૧૧,૮૭,૫૪૬ |

આ સંસ્થામાં સરેરાશ ૧૦ થી ૧૨ લાખનો અંદાજિત ખર્ચ જે સંસ્થાના કર્મચારીના પગાર માટે ખર્ચ થાય છે. સંસ્થાના અંતેવાસીઓનો નિભાવ ખર્ચ ખૂબ જ ઓછો છે. તે આશરે વાર્ષિક એક લાખથી સવા લાખની આસપાસનો થાય છે,[૧૪] તે અંગે જાણવા મળતી માહિતી મુજબ દાનનો અતુટ પ્રવાહ આ સંસ્થાને રોકડ સ્વરૂપે અથવા ભોજનની વસ્તુ સ્વરૂપે મળી રહે છે. તેના પરિણામે સરકારશ્રીના ખર્ચમાં નિભાવ ખર્ચ ઓછો આવે છે.

## ભાવનગરની સ્વૈચ્છિક સંસ્થાનું કાર્ય, પ્રવૃતિ અને વ્યવસ્થાતંત્ર :–

ભાવનગરના રત્ન સમાન સંસ્થા પી.એન.આર. સોસાયટી ફોર રીલીફ એન્ડ રીહીબીલટેશન ઓફ ધી ડીસેબલ્ડ સંસ્થા દ્વારા વિકલાંગોના શ્રેયાંસે અનેકવિધ કાર્યો હાથ ધરવામાં આવેલ છે. સંસ્થાની જો વાત તેમના જ શબ્દોમાં કરીએ તો જમીન પર ઢસડાતી વ્યકિત જયારે પોતાના પગ પર ચાલતી થાય તેનાથી સેવામાં કાર્યરત સંસ્થા માટે બીજી શી પ્રેરણા હોઈ શકે.

૧૩. સંસ્થાની ગ્રાન્ટ ફાઈલ અને ખર્ચ પત્રકો તેમજ ખર્ચ રજીસ્ટરોના આધારે.

૧૪. સંસ્થાની વડાની રૂબરૂ મુલાકાતના આધારે.

ઘણી વખત ચિરસ્મરણ પર વારંવાર આવતો સારો ભૂતકાળ વાગોળવાનું મન થાય, તેનું કારણ ભૂતકાળમાં કરેલ નિર્ણયનું ફલાદેશ સારૂ આવ્યુ હોય, પરિણામો ચમત્કારિક હોય, ધાર્યા કરતા તેના પરિણામો સારા આવ્યા હોય, હા... આપણે વાત કરીએ **Impact Foundation, U.K.** અને ભાવનગરની પી.એન.આર. સોસાયટીની કે જે ૧૯૮૯ થી સંયુકત રીતે પોલીઓ નાબૂદી માટે કાર્યરત છે. ફલસ્વરૂપ ભાવનગર જિલ્લામાં મોટા પ્રમાણમાં પોલીઓ રસીકરણ થયેલ છે અને પોલીઓ સંબંધી જનજાગૃતિ આવેલ છે જયારે ભારતભરમાં ૪૫૦ થી વધુ પોલીઓ ઓપરેશન કેમ્પ કરી બે લાખથી વધારે દર્દીઓને તપાસી ૯૦,૦૦૦ ઓપરેશન સફળતાપૂર્વક કરેલ છે. પરિણામે હજારો પોલીઓગ્રસ્ત પોતાના પગભર ચાલતા થયેલ છે, આત્મનિર્ભર થયેલ છે. સંસ્થા સાથે ઈમ્પેકટના લગભગ ૧૪ વર્ષીય નિકટવર્તી સહયોગ અને તેથી ઉત્પન્ન થયેલી શ્રધ્ધા અને વિશ્વાસના કારણે ઈમ્પેકટએ સોસાયટી સાથે વિકલાંગોના હિતાર્થે પંચવર્ષીય કાર્યક્રમ ભાગીદારી સ્વરૂપે કરેલ હતો. આ તબકકે આપણે સરજહોન વિલસન અને ઈમ્પેકટની પ્રવૃતિ વિશે થોડું જાણીએ તો અસ્થાને નહી ગણાય.

**વિકલાંગોના મસીહા સરજહોન વિલ્સન :**

ઈ.સ. ૧૯૧૯ માં સરજહોન વિલ્સનનો જન્મ થયો. કુમળી વયે શાળામાં અકસ્માતથી તેમણે આંખો ગુમાવી, સમગ્ર જીવનમાં અંધકાર વ્યાપી ગયો, પરંતુ એ જ બાળકે મોટા થઈને દુનિયામાં લાખો લોકોના જીવનમાં પ્રકાશ પાથર્યો. તેઓ કાયદાના સ્નાતક થયા. ૧૯૪૮ માં રોયલ કોમન વેલ્ય સોસાયટીની સ્થાપના કરી. ૧૯૮૩ માં યુનીસેફને ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ફંડમાં સહયોગ કરવા માટે ઈમ્પેકટ ફાઉન્ડેશનની સ્થાપના કરી, જેનો હેતુ હતો નિવારી શકાય તેવા રોગો સામે વિશ્વભરની ચળવળ. ઈમ્પેકટ ફાઉન્ડેશન વિશ્વના લાખો બાળકો અને

માતાઓને જન્મ પહેલા અને જન્મ પછી થતા રોગોને / અપંગતાને અટકાવવાનું, તેની સારવાર અને પુનઃ સ્થાપનનું કાર્ય કરી રહેલ છે. ઉપરાંત માનવજાતને શાપરૂપ જંતુજન્ય વારસાગત અને જૈવિક ખામીઓના કારણે થતા રોગો અટકાવવાનું પણ કાર્ય કરે છે. ઈમ્પેકટનો મુખ્ય હેતુ કોઈ પણ વ્યકિત રોગને કારણે, અજ્ઞાનતાને કારણે અથવા અપૂરતી મેડિકલ સારવારને લીધે વિકલાંગ ન રહેવી જોઈએ તેવો છે. બીનજરૂરી વિકલાંગતાને અટકાવવાનો ઈમ્પેકટનો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે. **WHO (World Health Organisation)** ના સર્વે પ્રમાણે વિશ્વની કુલ વસ્તીના ૭.૧૦ % લોકો વિકલાંગ છે.

જેમાના ૮૦ % લોકો વિશ્વના વિકાસશીલ દેશોમાં રહે છે જેમા ૧/૩ બાળકો છે ઈમ્પેકટ માને છે કે આધુનિક ટેકનોલોજીના અસરકારક વિતરણથી નજીવી કિંમતે ઓછામાં ઓછા ૫૦% વિકલાંગને સારા કરી શકાય છે. દેશમાં ૭૦ લાખ પોલીઓનો શિકાર છે તેમાં દર વર્ષ ૩ લાખનો ઉમેરો થાય છે.[૧૫]

ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ. કે. ના સહયોગથી પી.એન.આર. સોસાયટીએ ભાવનગર જિલ્લાને ૨૦૦૦ ની સાલ સુધીમાં પોલીઓ મૂકત કરવાનું ધ્યેય નકકી કર્યું હતું અને મહંદ અંશે તેમના ધ્યેયમાં તેઓ સફળ પણ થયા છે. ભાવનગર જિલ્લાના ૧૧,૧૧૫ ચો.કિ.મી. વિસ્તારમાં તેમણે તેમની ઝુંબેશ ઉપાડી હતી, જેમાં ૯૬૫ ગામડાઓ, ૮ મ્યુનિસિપાલીટીઓ અને ૧૪૬ કોર્પોરેશનનો સમાવેશ થતો હતો.

પોલીયો નાબૂદી અભિયાનના પગલારૂપે સૌ પ્રથમ આ સંસ્થા રસીકરણ માટે સરકારના તંત્રને મદદરૂપ થવાના બધા જ રસ્તાઓ કાર્યરત કરે છે. લોકોને જાગૃતિ અને પ્રેરણા પૂરા પાડે છે. સંસ્થાએ પોતે જન્મ નોંધનું કોમ્પ્યુટરાઈઝેશન

૧૫. **Under One Umbrella - P.N.R. Society, Bhavnagar.**

કર્યુ છે. સ્વૈચ્છીક સંસ્થાઓ, મહિલા મંડળો, શાળા કોલેજ, એન.એસ.એલ. સ્કાઉટસ વગેરે સંસ્થાઓનો જરૂરી સહયોગ આ સંસ્થા દ્વારા લેવામાં આવે છે અને આ બધી સંસ્થાઓની મદદથી પોલીયો નાબુદી અભિયાનને વેગ પ્રાપ્ત થયેલ છે.[૧૬]

આ સંસ્થાની પ્રસંશનીય કામગીરીની જો વાત કરીએ તો કપરૂ કહી શકાય તેવું કાર્ય તેમણે ધીરજ અને ખંતથી કરેલ છે. આ સંસ્થાએ કુલ બાળકોની સંખ્યામાંથી કેટલા બાળકોને રસી આપવામાં આવી નથી તેમની કાળજીપુર્વકની તપાસ કરેલ છે અને તેમને આ રસી પીવડાવવવામાં આવેલ છે.

આ સંસ્થાના આ કાર્યમાં લગભગ ૩ લાખ બાળકોની સારવાર સમાયેલી છે.[૧૭]

**પોલીયો ઓપરેશન (સોસાયટીની પ્રાધાન્ય પ્રવૃત્તિ) :**

એક તરફ પોલીયો નાબૂદી માટે રસીકરણ કાર્યક્રમ ચાલુ છે તો બીજી તરફ દેશમાં ૭૦ લાખથી વધુ બાળકોએ પોલીયોને કારણે ચાલવાની ક્ષમતા ગુમાવી છે. તેઓ લંગડાતા કે પશુની જેમ ચાર પગે ચાલે છે અથવા કોઈનો બોજ બનીને રહે છે. આવા લાખો લોકોનું જીવન ઘરની ચાર દિવાલો વચ્ચે કેદ છે.

મોટા ભાગના આવા પોલીયો પીડિતોને નાનકડા ઓપરેશનથી પણ સારા કરી શકાય છે, પરંતુ દેશની ૭૦% પ્રજા ગામડાઓમાં વસે છે જયાં જીવનની પ્રાથમિક સુવિધાનો પણ અભાવ છે. શહેરની મોઘી સારવાર સુધી પહોંચવાનું તેમનું ગજું નથી. તેથી સંસ્થાએ ઈ.સ. ૧૯૮૭ થી ગ્રામ્ય પોલીયો ફ્રિ ઓપરેશન કેમ્પનો કાર્યક્રમ શરૂ કર્યો. બે લાખથી વધારે બાળકોની તપાસ કરીને ૨૬૦ ઓપરેશન

---

૧૬. **Under One Umbrella - P.N.R. Society, Bhavnagar.**

૧૭. **Under One Umbrella - P.N.R. Society, Bhavnagar.**

કરી કેમ્પમાં ૧૬,૦૦૦ બાળકોના ઓપરેશન થયા છે.[૧૮] સંસ્થાની મોબાઈલ ટીમ દેશભરમાં ફરતી રહીને પ્રતિ વર્ષ ૨૦૦૦ થી ૨૫૦૦ ઓપરેશન કરે છે આ ઉપરાંત ભાવનગરમાં સંપૂર્ણ સગવડતાવાળી સંસ્થાની પોલીઓ હોસ્પીટલ પણ છે.

આ હોસ્પીટલને ઈમ્પેકટ ફાઉન્ડેશન અમેરીકા, રોટરી ફાઉન્ડેશન તેમજ દેશ વિદેશના દાતાઓનો ટેકનિકલ અને આર્થિક સહયોગ મળતો રહે છે.

**કૃત્રિમ સાધનો અને અવયવોનું વર્કશોપ :**

વિકલાંગોને હલન ચલન અને રોજીદા કામકાજમાં સહાયભુત થાય તેવા કૃત્રિમ સાધનો અને અવયવો સંસ્થાના વર્કશોપમાં બનાવવામાં આવે છે. દર વર્ષ હજારોની સંખ્યામાં કેલીપર, ઓર્થોશુઝ, ઘોડી, ટ્રાયસીકલ, વ્હીલચેર, કૃત્રિમ પગ અને હાથ જરૂરતમંદ / આર્થિક નબળા લાભાર્થીઓને વિનામૂલ્યે આપવામાં આવે છે. વર્કશોપ સાથે રીસર્ચ અને ડેવલપમેન્ટ વિંગ પણ કાર્યરત છે.

આ રીસર્ચ અને ડવલેપમેન્ટ વિંગના વર્ષોના સંશોધન બાદ અંતે એન્ડોસ્કેલેટલ 'પ્રભાફુટ' ક્રોસ લેગ ડેવલપ કરવામાં આવે છે. ઉપરાંત 'ઈલેકટ્રોનીક અપર લીબ' કૃત્રિમ હાથ તેમજ અન્ય સાધનો ઉપર સંશોધન કાર્ય ચાલી રહયું છે. સંસ્થાની આ ટેકનિકલ જાણકારી દેશ – વિદેશની સંસ્થાઓને પણ અપાય છે. અને દેશ–વિદેશના સ્કીલ્ડ, અનસ્કીલ્ડ વર્કરો તથા એન્જીન્યરોને તાલીમ આપવા માટેની વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી રહી છે.[૧૯]

---

૧૮. **Under One Umbrella - P.N.R. Society, Bhavnagar.**

૧૯. **Prabha Foot, ENDO - SKELETAL HI - TECH, Artificial Limbs.**

સંસ્થા દ્વારા અપંગોના વરદાનરૂપ સંશોધન થયેલ 'પ્રભાફુટ' ની વિશેષતાઓ નીચે મુજબ છે.

બાળક યુવાન કે વૃધ્ધ કોઈ પણને એક કે બંને પગ ધૂંટણથી નીચે કે ઉપર સાથળમાંથી કપાયો હોય તેને રૂઝ આવે પછી 'પ્રભાફુટ' કૃત્રિમ પગ બેસાડી શકાય.

-  જન્મ જાત ખોડવાળી વ્યકિતને પણ તે ઉપયોગી થઈ શકે.
-  એકસ –રે, દવા કે ઈન્જેકશનની જરૂર પડતી નથી.
-  'પ્રભાફુટ' ના પંજા ઉપર બુટ, ચપ્પલ, સ્લીપર પહેરી શકાય છે.

**મુલ્યાંકન :–**

**બાળક અપંગ થવાના કારણો :**

આજના યુગમાં સામાન્ય રીતે જીવન જીવતા શારિરીક યોગ્યતા ધરાવતા મનુષ્યને પણ જીંદગીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તો અપંગ વ્યકિત કે અપંગ બાળકની મુશ્કેલીઓની તો વાત જ કયાં કરવી ! ઘણી જ મુશ્કેલીઓ પડતી જોવા મળે છે. જયારે અપંગતાનું પ્રમાણ વધારે હોય છે, ત્યારે તેવી વ્યકિતઓની મુશ્કેલીઓનો તો કોઈ પાર જ નથી.

પ્રવર્તમાન સમયમાં સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ અપંગ વ્યકિત કે બાળક તરફ માનવતાની દ્રષ્ટીએ જોઈ તેમને મદદરૂપ બનવા તત્પર બને છે. પરંતુ કોઈ સામાજિક સંસ્થાઓ આ અપંગતા નિવારણ માટે કાર્ય કરતી નથી. આવી અપંગતા શા કારણે ઉદભવે છે તેવો પ્રશ્ન આપણને થયા વગર રહેતો નથી.

**અપંગતા આવવાના કારણો :**

**(૧) જન્મજાત અપંગતા :**

- બાળકનો જન્મ ઘણી મુશ્કેલી સાથે થયો હોય ત્યારે.
- અપંગ બાળક જન્મ સમયે લાંબો સમય સુધી રડે નહિ, તેથી શ્વાસોશ્વાસની પ્રક્રિયામાં વિલંબ થાય છે અને બાળકને મગજનો લકવો થવાની શકયતા રહે છે.
- બાળકનો જન્મ ૯ માસ પહેલા થયો હોય અને તેનું કદ અને વજન તદ્દન નજીવું હોય ત્યારે બાળક અપંગ થવાની શકયતાઓ વધી જાય છે.
- બાળકને માતાના ગર્ભમાં કોઈ ખામીને પરિણામે પુરતું પોષણ ન મળવાને કારણે બાળકનો ગર્ભમાં વિકાસ થઈ શકતો નથી. તેના કારણે બાળક અપંગ બને છે.
- ગર્ભ દરમિયાન જયારે માતા દ્વારા વધુ પડતી આડ અસર ઉભી કરતી હોય તેવી દવાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, ત્યારે તે દવાની આડ અસર ગર્ભશાયમાં પોષણ મેળવતા  બાળક પર પડે છે અને તેના કારણે બાળક અપંગ બને છે.
- ગર્ભ દરમિયાન માતાને કોઈ ગંભીર બિમારી કે તાવ આવે ત્યારે ગર્ભમાં ઉછરી રહેલા બાળક ઉપર અસર પડે છે, અને તેના કારણે બાળક અપંગ બને છે.
- પ્રસુતિ દરમિયાન બાળકને ફોરસેપ (ચીપીયો) થી જન્મ આપવામાં આવે છે ત્યારે માથાના ભાગને પકડવામાં આવે છે અને તે ભાગ વધારે પડતો દબાઈ જતા મગજ પર અસર થાય છે તેના કારણે અપંગતા જન્મે છે.
- પ્રસુતિ દરમિયાન તાજા જન્મેલા શીશુને જો ઉચકતા હાથમાંથી  સ્લીપ થઈને નીચે પડે અને માથાના ભાગમાં ઈજા થાય તો પણ બાળક અપંગ થવાની શકયતા છે.

- ઉપરના તમામ કારણો બાળકના જન્મજાત અપંગતાના કારણો બની રહે છે.[૨૦]

## (૨) જન્મ પછી અપંગતાના કારણો :

એકથી પાંચ વર્ષના બાળકોમાં સામાન્ય રીતે તાવ અથવા ઝાડા થાય છે અને ત્યારબાદ શરીરનો કોઈ ભાગ તેનું નિયત હલનચલન કરી શકતો નથી તેવી સ્થિતિમાં બાળકને બાળ–લકવા પોલીયો થયો એમ કહેવામાં આવે છે.

બાળ લકવાના રોગ માટે અંગ્રજી ભાષામાં "વાયરસ" તરીકે ઓળખાતા અતિ સુક્ષ્મ જંતુઓ જવાબદાર છે જે બાળકોને પોલીયો વિરોધી રસીઓ પીવડાવેલ ન હોય તેવા  બાળકોના શરીરમાં આ વાયરસ ઝડપથી પ્રવેશી જાય છે અને તેને અપંગ બનાવે છે. બાળક કોઈ અકસ્માતનો ભોગ બને અને શરીરનો કોઈ ભાગ ગુમાવે ત્યારે બાળક અપંગ બને છે. ઉપર્યુકત તમામ કારણો બાળકની જન્મ પછીની અપંગતાના કારણો છે.[૨૧]

અપંગ બાળગૃહ રાજકોટના આંકડાકીય પ્રવેશ રજીસ્ટરો ચકાસતા તેમાં છેલ્લા વર્ષોમાં ઈ.સ. ૨૦૦૦–૦૧ ની વિગતો જોતા નીચે પ્રમાણે તારણ કાઢી શકાયેલ છે.

- ઈ.સ. ૨૦૦૦ – ૨૦૦૧ માં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો કુલ ૧૭ છે. તે પૈકીના ૧૩ બાળકો અનુસૂચિતજાતિના અને જનજાતિના છે. બાકીના ૪ બાળકો અન્ય જાતિના છે એટલે ટકાવારીને જોતા કહી શકાય કે ૭૫% અપંગ બાળકો અનુસૂચિતજાતિ અને જનજાતિના છે.

---

૨૦. ડો. ગોહેલ શ્યામ , ઓર્થો. સર્જનની રૂબરૂ મુલાકાત.

૨૧. ડો. શાહ ડી. કે. , ઓર્થો. સર્જન – માનદ VMO ની રૂબરૂ મુલાકાત.

- ઉપરોકત બાબત પરથી કહી શકાય કે અપંગતાનું પ્રમાણ અનુસૂચિતજાતિ અને જનજાતિમાં વધારે છે.
- ટકાવારીની દ્રષ્ટીએ  અપંગતાનું પ્રમાણ પ્રાથમિક શાળા ૧ થી ૭ ઘોરણમાં ભણતા બાળકોનું પ્રમાણ નીચે મુજબ છે.[૨૨]

**૪૦ % થી વધુ અપંગતા વાળા બાળકોની સંખ્યા– ૦૭**
**૪૫ % થી વધુ અપંગતા વાળા બાળકોની સંખ્યા– ૦૧**
**૫૦ % થી વધુ અપંગતા વાળા બાળકોની સંખ્યા– ૦૨**
**૭૫ % થી વધુ અપંગતા વાળા બાળકોની સંખ્યા– ૦૫**
**૮૦ % થી વધુ અપંગતા વાળા બાળકોની સંખ્યા– ૦૨**
**કુલ – ૧૭**

- અંતેવાસીઓના વાલીઓના વ્યવસાયની તપાસ કરતા પ્રાથમિક શાળાના બાળકોના વાલી મજૂરી કામ, સુથારી કામ, કડીયા કામ, માલધારી, મોટર ગેરેજમાં કામ કરે છે અને ગરીબીની રેખા નીચે જીવન જીવતા કુટુંબોના આ બાળકો છે, તેમજ એક બાળક અનાથ છે.

- રાજયમાં અપંગોના કલ્યાણના અર્થે ૧૯૯૩ સુધીમાં કુલ ૧૦૫ સંસ્થાઓ કામ કરે છે.  જે અંગેની માહિતી આ મુજબ છે. [૨૩]

---

૨૨. ડો. શાહ ડી. કે. , ઓર્થો. સર્જન – માનદ ઓફ ની રૂબરૂ મુલાકાત.

૨૩. સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ અપંગ કલ્યાણ, પાના નં. ૭૧.

[૨૪]

| ક્રમ | વિકલાંગનો પ્રકાર | સરકારી | સ્વૈચ્છિક | કુલ |
|---|---|---|---|---|
| ૧. | અંધજનો માટે | ૩ | ૨૭ | ૩૦ |
| ૨. | બહેરા મુંગા માટે | ૩ | ૨૮ | ૩૧ |
| ૩. | મંદ બુધ્ધીવાળા માટે | ૩ | ૨૮ | ૩૧ |
| ૪. | અપંગો માટે | ૨ | ૧૧ | ૧૩ |
| | કુલ | ૧૧ | ૯૪ | ૧૦૫ |

**સરકારશ્રી તરફથી અપંગ વ્યકિત / બાળકોને મળતી સવલતો :**

- ભારત સરકારની અપંગ વ્યકિતઓને કૃત્રિમ અવયવો બેસાડવા માટે નાણાંકીય સહાયની યોજના અંતર્ગત રૂા. ૧૫૦૦/– સુધીની સહાય આપવામાં આવે છે.

- ધો. ૧ થી ૮ સુધી અભ્યાસ કરતા અપંગ વિદ્યાર્થીઓને રાજય સરકાર તરફથી અને ધોરણ ૯ અને તેથી આગળના અભ્યાસ માટે ભારત સરકાર તરફથી શિષ્યવૃતિ આપવામાં આવે છે.

- રાજય સરકાર તરફથી પાંચ વર્ષથી પચાસ વર્ષની વયની અપંગ વ્યકિતઓને અપંગતામાં રાહત થાય તે હેતુથી અથવા પુનઃસ્થાપનાના હેતુથી બુટ, ઘોડી, કેલીપર્સ, કૃત્રિમ અવયવો, ત્રણ પૈડાવાળી ટ્રાયસીકલ, શિવણ મશીન, વ્હીલચેર, અંબર ચરખા, હીયરીંગ એઈડ, સંગીતના સાધનો ખરીદવા વધુમાં વધુ રૂા. ૧૫૦૦/– સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે.

- અપંગો માટે ખાસ રોજગાર વિનિમય કચેરી અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે રાજય સરકાર દ્વારા રચાયેલી છે તો અન્ય જિલ્લાઓમાં અપંગો માટે અલગ નોંધણી રજિસ્ટર રાખવામાં આવે છે.

---

૨૪. સમાજ સુરક્ષા ખાતાની માહિતી પુસ્તિકા, પાના નં. ૧૪.

-  સરકારી નોકરીઓમાં ૪% અપંગો માટે અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે.

-  અપંગોને સરકારી નોકરીઓમાં ઉમરમાં ૧૦ વર્ષની છૂટછાટ આપવામાં આવે છે.[૨૫]

**સમાપન :–**

સમગ્ર ગુજરાતમાં સૌરાષ્ટ્ર કચ્છના ગામડાના વિસ્તારો માટે સરકારી સંસ્થા માત્ર આ એક જ અપંગ બાળગૃહ છે અને બીજી સંસ્થા વડોદરા ખાતે છે. રાજકોટ ખાતેની અપંગ બાળકોની આ સંસ્થાના અપંગ બાળકોના અભ્યાસ જ્ઞાનની ચકાસણી કરતા એવુ જણાય છે કે બાળકો અભ્યાસમાં ખૂબ જ નબળા છે. આ બાબતનું કારણ એવું જાણવા મળે છે કે, ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા, આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવતા આવા બાળકોના અભ્યાસ પ્રત્યે જરૂરી ધ્યાન આપવામાં આવતું નથી. માતા–પિતા, વાલી, શિક્ષકો અને સમાજના લોકો તેમના પ્રત્યે દયા–કરૂણાની લાગણીથી જૂએ છે, જેના પરિણામે આ બાળકો અભ્યાસમાં નબળા રહી જવા પામતા હોય તેવું જણાય છે.

આ સંસ્થાના બાળકોના નબળા અભ્યાસની સમસ્યા દુર થાય તે માટે સંસ્થામાં માનદ સેવા આપતા શિક્ષકોની મદદ લઈને બાળકોના અભ્યાસનું સ્તર ઉંચુ લાવવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

સંસ્થાનું નવું મકાન સરકારશ્રી તરફથી ઝડપી તૈયાર કરવામાં આવે તો

૨૫. સમાજ સુરક્ષા ખાતાની યોજનાઓની માહિતી પુસ્તિકા, પાના નં. ૫૦ થી ૭૧.

બાળકોના પ્રવેશ અંગેનું વેઈટીંગ લીસ્ટ ઓછું થઈ શકે તેમ છે. સંસ્થામાં સ્ટાફની ખાલી જગ્યાઓ છે તે પણ ત્વરીત ભરવામાં આવે તો સંસ્થાની કામગીરી વધારે પ્રમાણમાં સુંદર બની શકે તેમ છે, છતાં પણ સંસ્થાના વિકાસ અને હેતુઓ સિધ્ધ કરવા માટે વહીવટી ઓફિસર સારા હોવા જોઈએ. હાલના વહીવટી ઓફિસર અપંગ બાળકોનો સર્વાંગી વિકાસ સાધવા માટે તેમજ તેમના પુનઃ સ્થાપન માટે જાગૃત હોય તેવુ જણાય છે.

અપંગ બાળગૃહ, રાજકોટની સંસ્થાનો તલસ્પર્શી અભ્યાસ કરતા આપણે એટલું ચોકકસ કહી શકીએ કે બાળકોમાં આત્મ સન્માન જાગૃત કરી તેને વ્યવસાયલક્ષી શિક્ષણ આપી તેમજ અક્ષરજ્ઞાન પૂરું પાડીને તેમજ તેમનામાં રહેલી ખુબીઓને, વિશેષ લાયકાતો બહાર લાવીને સમાજમાં એક સ્વસ્થ નાગરિક તરીકે રજુ કરવાનું કાર્ય આ સંસ્થા દ્વારા થઈ રહેલ છે.

એક સિકકાની બે બાજુઓની જેમ સંસ્થાની અમુક મર્યાદાઓ પણ રહેલી છે પરંતુ એમની કાર્યશિલતાને ધ્યાનમાં લઈએ તો તેમાં પણ સુધારાને અવકાશ રહેલો છે.

અપંગ બાળગૃહની મર્યાદા જે ઉડીને આંખે વળગે છે. તે એ છે કે બાળાઓ માટે આવી કોઈ જ સરકારી સંસ્થા સૌરાષ્ટ્રમાં રહેલી નથી. જેથી અપંગ બાળાઓ આ લાભથી વંચિત રહી જાય છે.

આજના સમાજમાં વિકલાંગ વ્યકિતને જરૂર છે **દયાની નહીં – સહાનુભૂતિની, મદદની નહીં – તકની, રક્ષણની નહીં – તાલીમની, રોટીની નહીં – રોજગારની, ભાવુકતાની નહીં – રચનાત્મક દ્રષ્ટિકોણની.** આ બધું આપણા સમાજમાંથી

આપણે તેમને મેળવી આપવા કટીબધ્ધ થવાનું છે. માટે જ કહેવાયુ છે કે, **"પ્રાર્થના માટે જોડાયેલા બે હાથ કરતાં અપંગ બાળકોના વિકાસ માટે લંબાવેલો એક હાથ વધુ સારો છે."**

## પ્રકરણ – ૪

## માનસિક ક્ષતિવાળા બાળકો માટે કાર્યરત સંસ્થાઓ

**પ્રસ્તાવના :–**

માનસિક બિમારીઓનો ઈતિહાસ માનવ ઈતિહાસ જેટલો જ પુરાણો છે. પૃથ્વી ઉપર માનવીનો જન્મ થયો ત્યારે જ રોગ–ઉત્પાદક પરિબળો જન્મી ચુકયા હોય છે. માનવી અને પશુ માત્રને આજે થાય છે તેમ પ્રાચીન સમયમાં પણ રોગ થતા હતા. ઈતિહાસના પૃષ્ઠો કે ધાર્મિક ગ્રથોમાં આ અંગે જે માહિતી ઉપલબ્ધ છે. તે એમ સુચવે છે કે, પ્રાગૈતિહાસિક કાળથી શરૂ કરીને સદીઓ સુધી વિશ્વના બધા દેશોમાં માનસિક રોગો અને વહેમો તેમજ ભુત, પ્રેત, શેતાન અને દેવ દેવિઓ અંગે વિચિત્ર માન્યતાઓ પ્રચલિત હતી.[૧]

પ્રાચીન સમયમાં વિશ્વમાં તેમજ આપણી ભારતીય સંસ્કૃતિમાં આપણે જાણીએ છીએ તે, પ્રમાણે કુટુંબની વ્યવસ્થા સંયુકત કુટુંબના રૂપમાં રહેતી જોવા મળતી હતી. ત્યારે એક જ છત્રછાયા હેઠળ કુટુંબની અનેક વ્યકિતઓ જીવતી હતી. જેના કારણે એકબીજા પ્રત્યે પ્રેમ અને હુંફની લાગણી સમાયેલી રહેતી હતી. એજ રીતે વડીલોની છત્રછાયા હેઠળ બાળકો એમની સંસ્કૃતિ અને સંસ્કાર પ્રમાણે ઉછરતા હતા આવા બાળકોમાં કોઈ બાળકો શારિરીક રીતે અપંગ કે માનસિક રીતે મંદબુધ્ધિનું હોય તો તે પણ સાથે સાથે ઉછરતું જતું હતું કેમ કે સામાન્ય પણે વિચારવામાં આવતું હતુ કે પાંચ આગળી સરખી ન હોય જેમ, તેમ બધા સરખા ન હોય, દરેકમાં વત્તા ઓછા પ્રમાણમાં હોશિયારી રહેલી હોય છે આમ કોઈ માનસિક રીતે નબળુ બાળક પણ એમાં સમાઈ જતું હતુ અને એમનો ઉછેર સ્વસ્થ બાળક સાથે સાહજીકતાથી થતો રહેતો હતો, જેથી

૧. ડો. પટેલ મફતલાલ, અસાધારણ મનોવિજ્ઞાન, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પાના નં. – ૩૫

આવા સંતાનો કે જે શારિરીક રીતે અપંગ હોય કે માનસિક રીતે દુર્બળ હોય તેમના માતા–પિતાને પણ સધિયારો પ્રાપ્ત થતો હતો.

સમાજમાંથી જેમ જેમ સંયુકત કુટુંબ પ્રથા નાબુદ થતી ગઈ તેમ વૃધ્ધાશ્રમો, અંપગ બાળગૃહો, વિધવા સહાય કેન્દ્રો, મંદબુધ્ધિના બાળગૃહો, અંધગૃહો, બહેરામુંગા બાળકોના ગૃહો વગેરેની જરૂરીયાત ઉભી થઈ. શરૂઆતના તબકકે સ્વૈચ્છિક સંસ્થાઓ આ બધી જવાબદારીઓ સંભાળતી હતી. આઝાદી પછી ભારતમાં ધીમે ધીમે સમાજ સુધારણા અને સમાજ સુરક્ષાના કાર્યની સરકાર તરફથી પણ શરૂઆત થઈ અને એ રીતે સરકાર દ્વારા આવી સંસ્થાઓ કાર્યરત થઈ તેમજ ચેરીટેબલ ટ્રસ્ટો દ્વારા પણ આવું સંસ્થાકીય કાર્ય શકય બન્યુ. [૨]

વિશ્વમાં સૌ પ્રથમ ફ્રેન્ચ ડો. ઈરોકે મનોદુર્બળ બાળકો માટે ત્રણ શાળાઓ શરૂ કરી. ત્યારબાદ સ્વીત્ઝરલેન્ડમાં ઈ.સ. ૧૮૪૧ માં ડો. ગુજજનબલે આ બાબતે શિક્ષણ આપનારી સંસ્થા સ્થાપી જેના પ્રચારના પરિણામે આખા યુરોપનું ધ્યાન આ તરફ ખેચાયું અને ત્યાર પછી જર્મન અને ઈંગ્લેન્ડમાં મંદબુધ્ધિના બાળકો માટે કેટલીક સંસ્થાઓની સ્થાપના થઈ છે. [૩]

વૈજ્ઞાનિક પધ્ધિતિથી શિક્ષણ આપનારી વિશિષ્ટ પ્રકારની શાળા સૌ પ્રથમ જર્મનમાં ઈ.સ. ૧૮૫૩ માં શરૂ થઈ તો ઈ.સ. ૧૯૨૭ માં ઈંગ્લેન્ડમાં Mental Deficiency Act (મેન્ટલ ડીફીસીએન્સી એકટ) પસાર થયો જેને પરિણામે આવા મંદબુધ્ધિના માનસિક રીતે નબળા લોકોને વિશેષ હકક અને રક્ષણ પ્રાપ્ત થયું. અમેરિકામાં શારિરીક ખામી અને માનસિક વિકાસ વચ્ચેના સંબંધ

---

૨. શ્રી વાઘાણી આર. ડી., MSW ભવન સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટના વડાની રૂબરૂ મુલાકાત

૩. ડો. પટેલ મફતલાલ, અસાધારણ મનોવિજ્ઞાન, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પાના નં. – ૫૨૩

વિષેનો અભ્યાસ વીસ વર્ષ પહેલા કરવામાં આવ્યો હતો. ઓછી બુધ્ધીલબ્ધતા ધરાવનારાઓમાં શારિરીક ખામી વધુ જોવા મળી હતી.

**માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટેના કાર્યની ભારતમાં શરૂઆત :**

ભારતમાં ઈ.સ. પૂર્વે ૬૦૦ માં લખાયેલા વૈદકના પુસ્તકોમાં ફેફરૂ જેવા માનસિક રોગોનું વર્ણન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત આ પુસ્તકમાં એમ પણ લખવામાં આવ્યુ છે કે આવા રોગોની કાળજીપુર્વક સારવાર કરવી. [૪]

ભારતમાં સૌ પ્રથમ સને ૧૯૩૪ માં બિહાર રાજયના રાંચી શહેરમાં **"The Central Nurshing Home"** નામની સંસ્થા શરૂ થઈ. આ સંસ્થામાં શરૂઆતમાં ફકત છ (૬) બાળકોની સંખ્યા હતી. ત્યાર બાદ સને ૧૯૪૧ માં મુંબઈ પાસે ઉમરવાડીમાં ચિલ્ડ્રન એઈડ સોસાયટીએ મનોદુર્બળ બાળકોના શિક્ષણ અને સંભાળ માટે હોમ ફોર મેન્ટલ ડીફીસીયન્ટ ચિલ્ડ્રન **(Home for Mental Deficient Children)** નામની સંસ્થા સ્થાપી જે હાલમાં ઉમરવાડીથી માટુંગા, મુંબઈમાં ખસેડવામાં આવી છે. વીસમી સદીમાં સમગ્ર વિશ્વ માટેના મંડળોમાં **World Health Organisation (WHO)** અને **World Fedration of Mental Health (WFMH)** આ બે મંડળો આ પ્રકારની બીમારી માટે કાર્યરત છે.

ભારતમાં **Indian Psychiatry Association** અને **Indian Psychological Association** મનો ચિકિત્સા ક્ષેત્રે સંશોધનનું કાર્ય વર્તમાન સમયમાં કરી રહયા છે.[૫]

---

૪. ડો. પટેલ મફતલાલ, અસાધારણ મનોવિજ્ઞાન, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજ. રાજય, પાના નં.–૩૫ અને ૫૦

૫. "એજન" પાના નં. ૩૫ અને ૫૦

'મનોદુર્બળ' બાળકોને વૈજ્ઞાનિક સિધ્ધાંતો અને વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા શિક્ષણ આપનારી ભારતની સૌ પ્રથમ સંસ્થા "સ્કુલ ફોર ચિલ્ડ્રન નીડ ફોર સ્પેશ્યલ કેર" નામની સંસ્થા સને ૧૯૪૪ માં શ્રીમતિ જય વકીલે મુંબઈમાં શરૂ કરી. 'મનોદુર્બળ' બાળકોને શિક્ષણ આપનારી ભારતભરની સંસ્થાઓમાં આ સંસ્થા ખુબ આગળ પડતું સ્થાન ધરાવે છે.

સને ૧૯૫૧ માં કલકતામાં બોધીપીટ ખાતે આ સંસ્થાની શરૂઆત થઈ. તો સને ૧૯૫૪ માં વસો ખાતે શ્રીમતિ સેલવાઈએ આવા બાળકો માટેની સંસ્થાની શરૂઆત કરી.

**"The Journal of Rehabilitation in Asia"** નામનું સામયીક પ્રગટ થાય છે. જે મંદબુધ્ધિવાળા બાળકોની સંભાળ, શિક્ષણ અને પુનઃસ્થાપના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરે છે.

ભારતમાં આઝાદી પહેલા આવા બાળકોના શિક્ષણ, સંભાળ અને કલ્યાણ માટે કામ કરતી માત્ર ત્રણ જ સંસ્થા હતી. ઈ.સ. ૧૯૮૭–૮૮ ના સર્વક્ષણ પ્રમાણે ભારતમાં કુલ ૧૮૨ સંસ્થાઓ કામ કરતી હતી અને તે પૈકી ગુજરાતમાં ૧૭ સંસ્થાઓ કામ કરતી હતી. ઈ.સ. ૧૯૮૮ ના ગુજરાત સરકારના આંકડા પ્રમાણે કુલ ૧૯૩૧ બાળકો પ્રશિક્ષણ મેળવતા હતા.

સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે માનસીક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, જૂનાગઢ જીલ્લામાં જૂનાગઢ ખાતે તથા ભાવનગર જીલ્લામાં અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા કાર્યરત છે અને ભાવનગર મુકામે આવેલી અંકુર શાળા માત્ર ડે સ્કુલ છે. એટલે કે તેમાં હોસ્ટેલની સુવિધા નથી. જયારે રાજકોટ અને જૂનાગઢ ખાતે આવેલી સંસ્થામાં હોસ્ટેલની પણ

સુવિધા આવેલી છે.

**રાજકોટની સંસ્થાની સ્થાપનાનો ઈતિહાસ :**

સમાજમાં માનસિક રીતે નબળા એવા બાળકોની સમસ્યા ઘેરી બનતી જતી હતી એમને યોગ્ય માર્ગદર્શન અને કેળવણી મળી રહે તે હેતુંથી રાજય સરકાર દ્વારા ૧૯૫૯ ની ૧૫ મી જુલાઈએ માંગરોળ મુકામે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. જે ગુજરાતની સૌ પ્રથમ સંસ્થા હતી. માંગરોળમાં તેનો વિકાસ અપુરતો લાગતા તેમજ તેમના લાભાર્થીની સંખ્યા ઓછી જણાતા આ સંસ્થાને ઈ.સ. ૧૯૬૧ માં રાજકોટમાં ડો. ચિનોયના બંગલા પાસે જયરાજ કુંજ, શ્રોફ રોડ ખાતે ખસેડવામાં આવી હતી આ સમયે આ સંસ્થામાં છોકરાઓ તેમજ છોકરીઓને સંયુકત રીતે રાખવામાં આવેલ હતા.

જયરાજ કુંજ ખાતે મકાન નાનું પડતા ઈ.સ. ૧૯૭૦ માં આ સંસ્થા રાજકોટ ખાતે ભકિતનગર સ્ટેશન રોડ પર આવેલ જુના સામાજીક કાર્યકર વિદ્યાલયમાં ખસેડાય. તથા ઈ.સ. ૧૯૭૦ માં બે વિભાગ શરૂ થયા જેમાં બાળાઓ માટે એક અલગ વિભાગ દિવસની શાળાના રૂપમાં શરૂ કરવામાં આવ્યો જેમાં સવારે ૧૧–૦૦ કલાકે મંદબુધ્ધિની બાળાઓ આવે, યોગ્ય શિક્ષણ પામી અને સાંજે ૬–૦૦ વાગ્યે વાલી તેમને ઘરે લઈ જાય પરંતુ ધીમે ધીમે બાળાઓની સંખ્યા ઓછી થતા ૧૯૭૩ થી આ વિભાગ બંધ કરવામાં આવ્યો.[૬]

ત્યારબાદ આવા બાળકોની રૂચી અને આવા બાળકો સહેલાઈથી મુકત રીતે હરી ફરી શકે એ મનોવૈજ્ઞાનિક પગલાને કેન્દ્ર સ્થાન રાખી તે વખતના નિયામકશ્રી ડો. જયોત્સનાબેન શાહ અને અધિક્ષક શ્રી કે. એમ. એહમદે

૬. સંસ્થાની સ્થાપના ફાઈલ તેમજ અધિક્ષકશ્રીની રૂબરૂ મુલાકાત.

આ સંસ્થાના મકાનની ડીઝાઈન તૈયાર કરાવી હતી. જેમાં અમુક બાબતો ખાસ ધ્યાનમાં રાખવામાં આવી હતી જેમ કે સંસ્થાના મકાનની લાદી લીસી ન હોવી જોઈએ કે જેને કારણે બાળક લપસી ન જાય દિવાલો કાટખુણેથી વળાંકવાળી રાખવામાં આવી જેથી બાળકને વાઈ આવે તો ભટકાઈ ન જાય. શ્રી એહમદ હાલમાં કેનેડામાં મેન્ટલી રીટાર્ડેટ ઈન્સ્ટીટયુટમાં ડાયરેકટરની માનદ સેવા આપી રહેલ છે. આ મકાન તૈયાર થતા ૧– લી એપ્રિલ ૧૯૭૪ ના રોજ કાલાવડ રોડ ખાતે આ સંસ્થાનું સ્થળાંતર કરવામાં આવ્યુ. આમ, આ સંસ્થાની ફેરબદલી થઈ તે પહેલા તેમાં રહેલી બાળાઓને ગુજરાતમાં ડભોળા ખાતે બેગર હોમ ફોર ફીમેલમાં ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી. હવે આ સંસ્થા માત્ર છોકરાઓની સંસ્થા બની.

**સંસ્થામાં રહેલા બાળકોના પ્રકારો :**

સંસ્થામાં રહેલા બાળકોને વૈજ્ઞાનિક ભાષા તથા વર્ગીકરણ પ્રમાણે ત્રણ વિભાગમાં વહેચવામાં આવે છે.

૧. સીવીયર રીટાર્ડડ
૨. ટ્રેનેબલ બાળકો
૩. મોડરેટ[૭]

**૧. સીવીયર રીટાર્ડડ :**

આવા બાળકો **"Bellow 25 IQ"** ધરાવે છે કે જેનો **IQ 25** થી પણ ઓછો હોય એવા બાળકો પોતાની જાતે કશું ખાઈ પી શકતા નથી. સામાન્ય સુચનાઓને પણ અનુસરી શકતા નથી. તેમનામાં ગમે તેટલી મહેનત કરવા છતા પણ સુધારાને અવકાશ રહેતો નથી. આવા બાળકોને તેની કુદરતી હાજતનું ભાન ન રહેતું હોવાને કારણે તે

૭. સંસ્થાના માનદ ડો. શ્રીની રૂબરૂ મુલાકાતના આધારે.

મળમુત્ર વાળી જગ્યામાં પણ પડયા રહે છે તેમજ આવા બાળકોને કસ્ટડીમાં રાખવા પડે છે એમાં જરા પણ સુધારાને અવકાશ રહેતો નથી.

**" SEVIER RETARDED CHILD " :-**

એટલે પુર્ણ પરાવલંબી બાળક, જેને ટુંકમાં નીચે પ્રમાણે વર્ણાવી શકાય.

– આવા બાળકોમાં આહાર–ઉંઘ સિવાય કોઈ જ સમજ શકિત ન હોય.
– કુદરતી હાજત નું ભાન ન હોય.
– ખાદ્ય – અખાદ્યનું ભાન હોય.
– સંપુર્ણ રીતે પરાવલંબી બાળક હોય છે.
– કોઈ પણ પ્રકારની લાગણી, સુખદ હોય કે દુ:ખદ પરંતુ તે પ્રગટ કરી શકતું નથી.
– આવા બાળકોમાં માત્ર શારિરીક અસ્તિત્વ ધરાવવા સિવાય કોઈપણ પ્રકારે માનસિક વિકાસ જણાતો નથી.

**૨. " તાલીમ ક્ષમ બાળકો " :**

**(TRAINABLE CHILD)**

આવા બાળકો કે જે ૪૦ થી ૬૦ વચ્ચેના **IQ** ધરાવતા હોય છે. એમનું કાર્ય **Trial and Error Method "** (ફરી ફરી પ્રયત્ન) ના સિધ્ધાંત પર કરાવી શકાય છે. તેઓને કોઈ પણ વસ્તુ શીખવવા માટે રીપીટેશન કરવું પડે છે આવા બાળકો સામાન્ય સુચનો સમજી શકતા હોય છે. પરંતુ તેમની સાથે સતત રહેવુ પડે છે તેમની પાસે બેસીને બધુ કામ કરાવવું પડે છે. દા.ત. કપડા ધોવા માટે તેમને સતત કહેતુ રહેવુ પડે છે, કપડું પાણીમાં બોળો, તેના પર સાબુ લગાવો, તેને ઘસો, પાણી નાખીને સાબુ કાઢો. આમ, તેમને સુપરવિઝન હેઠળ કપડા ધોવડાવી શકાય. ટુંકમાં કહીએ તો તે સતત સુચનાનુંસાર એક જ પ્રકારનું કાર્ય કરી શકે છે. તેમના લક્ષણો નીચે પ્રમાણે હોય છે.

– થોડીક જાત સંભાળ લઈ શકે.
– સ્વસ્છતા અંગે પુરી સભાનતા ન હોય.
– કપડા પહેરી શકે પરંતુ બટન ન બીડી શકે.
– કુદરતી હાજત પર અંકુશ મેળવતા વાર લાગે.
– પોતા મારવા, ઘરકામ કરવું, ખોરાક પીરસવો વગેરે કામ કરી શકે.
– રક્ષણ હેઠળ દેખરેખ નીચે એક ધારૂ એક જ પ્રકારનું કામ કરી શકે.

**3. MODERATE CHILD :-**

**(શિક્ષણત્તમ બાળકો) :**

આવું બાળક ૬૦ થી ૭૦ સુધીનો યષ ધરાવતું બાળક હોય છે. આ બાળક ક્રીએટીવ ટેડન્સી ધરાવે છે આવા બાળકો સ્વસ્થ બાળકથી થોડી જ ઓછી બુધ્ધી પ્રતિભા ધરાવતા હોય છે. આવા બાળકો જોઈ જોઈને લખી શકે છે ૧ થી ૧૦૦ સુધીના આંક પણ અભ્યાસના આધારે લખવા સક્ષમ બને છે. કોઈ પણ ગીતની શરૂઆતની લાઈન તેઓ યાદ રાખી શકે છે. આમ, થોડી ઘણી યાદ શકિત ધરાવતા બાળકોને આ સમુહમાં મુકવામાં આવે છે. એમના દ્વારા થઈ શકતી કામગીરીને નીચે પ્રમાણે મુલવી શકાય.

– જાત સંભાળ લઈ શકે.
– સામાન્ય વાંચી શકે.
– સાદુ સરળ ગણી શકે.
– ચાર ધોરણ જેવું ભણી શકે.
– ઓફીસ બોય, હોટલ બોય જેવી કામગીરી બજાવી શકે.
– ઉદ્યોગમાં ગુથણ, વણાટકામમાં સુપરવિઝન નીચે કામગીરી કરી શકે.
– માટીના રમકડા બનાવવા, મોતી પરોવવા એવી કામગીરી કરી શકે છે.
– ચિત્રમાં કલર પુરી શકે છે.

: **IQ** પ્રમાણે સંસ્થામાં સારવાર લીધેલ બાળકોનું વર્ગીકરણ[૮]:

| ક્રમ | વર્ષ | ૨૫ થી નીચે | ૨૫ થી ૪૦ | ૪૦ થી ૬૦ | ૬૦ થી ૭૦ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૬ – ૯૭ | ૯ | ૧૧ | ૧૦ | ૬ | ૩૬ |
| ૨. | ૧૯૯૭ – ૯૮ | ૭ | ૧૪ | ૧૦ | ૮ | ૩૯ |
| ૩. | ૧૯૯૮ – ૯૯ | ૯ | ૬ | ૮ | ૭ | ૩૦ |
| ૪. | ૧૯૯૯ – ૦૦ | ૪ | ૧૮ | ૫ | ૬ | ૩૩ |
| ૫. | ૨૦૦૦ – ૦૧ | ૨ | ૮ | ૧૧ | ૯ | ૩૦ |
| ૬. | ૨૦૦૧ – ૦૨ | ૩ | ૧૩ | ૪ | ૭ | ૨૭ |
| ૭. | ૨૦૦૨ – ૦૩ | ૨ | ૧૭ | ૭ | ૮ | ૩૪ |
| ૮. | ૨૦૦૩ – ૦૪ | ૪ | ૨ | ૧૨ | ૯ | ૨૭ |

**મંદબુધ્ધિના પ્રકારો વૈજ્ઞાનિક ઢબે [૯] :**

૧. માઈક્રો સેફીલી

૨. હાઈડ્રો સેફીલી

૩. મોંગોલ મોગોલીઝમ

## ૧. માઈક્રો સેફીલી :

આવા પ્રકારના બાળકોમાં માતાના ગર્ભની અંદર જ માનસિક વિકાસ અપુરતા પ્રમાણમાં થયેલો હોય છે. જન્મથી જ માથુ નાનું હોય છે. જેને કારણે પણ માનસિક વિકાસ અપુરતા પ્રમાણમાં થયેલો હોય છે.

## ૨. હાઈડ્રો સેફીલી :

માંથુ મોટું જોવા મળે છે મગજમાં પાણી ભરાઈ જવાને કારણે જ્ઞાનતંતુઓ બરાબર

---

૮. સંસ્થાના એડમીશન રજીસ્ટર તથા વર્ગીકરણ ફાઈલના આધારે.

૯. ડો. પ્રકાશ મહેતા, મનોચિકિત્સકની રૂબરૂ મુલાકાતના આધારે

કામ કરતા હોતા નથી.

### ૩. મોંગોલ–મોગોલીઝમ :

નેપાળી ટાઈપનો ફેઈસ–કટ ધરાવે છે. હાથની ચામડી ખરબચડી હોય છે જીભમાં તડ પડેલી હોય છે. પગનો અંગુઠો અને આંગળી વચ્ચે વધારે જગ્યા હોય છે. સંગીતના વધારે પડતા શોખીન, ગીતો સાંભળવા ગમે, સંગીત સાથે ડાન્સ કરે, સંગીત સાથે એકદમ તદ્રૂપતા ધરાવે છે.

### મોંગોલીઝમ :

આ શ્રેણીના બાળકોની આંખો મોગોલવંશના માણસોની આંખો જેવી બદામના આકારની તેમજ વાંકી હોય છે મુખાકૃતી પણ તેમના જેવી મળતી આવે છે. આંખોની ચામડી ખુબ જ જાડી અને બે આંખો વચ્ચે અંતર ખુબ જ સાંકડુ હોય છે. ખોપરી નાની અને ગોળ હોય છે માથાનો આગળનો અને પાછળનો ભાગ ચપટો હોય છે. હોઠ પાતળા ફાટલા અને સુકાં હોય છે. જીભ સામાન્ય લાંબી, સુકી અને ફાટેલી હોય છે નાક ચપટું, હાથ ટુંકા અને ધડ થોડુ લાંબુ હોય છે, વાળ રેશમ જેવા સીધા અને પાતળા હોય છે દાત અવ્યવસ્થિત હોય છે વાણી બહુ મોડેથી વિકસે છે. બુધ્ધિનો આંક ૨૫ થી ૫૦ વચ્ચેનો હોય છે. કુલ મનોદુર્બળ બાળકોના ૫% બાળકો મોગોલીઝમ પ્રકારના હોય છે સ્વભાવે વિનયી અને પ્રેમાળ હોય છે. મોટી ઉમરે બાળકોને જયારે માતા જન્મ આપે છે ત્યારે આવા પ્રકારના બાળકની મહંદ અંશે શકયતા રહે છે.[૧૦]

---

૧૦. ડો. પટેલ મફતલાલ, અસાધારણ મનોવિજ્ઞાન, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, પાના નં. – ૫૦૯

**ટુંકમાં મોંગોલીઝમ બાળકોના લક્ષણો નીચે પ્રમાણે વર્ણાવી શકાય. :**

– બાળક દેખાવે મોંગોલ જાતિના માણસ જેવો ચહેરો ધરાવતું હોય છે.
– હાથ પગની આંગળીઓ તેમજ પંજા નાના હોય છે.
– જીભ લાંબી તથા ખરબચડી હોય છે.
– શરીર ભારે, સ્નાયુ નાજુક તથા ચામડી કોમળ હોય છે.
– મોઢામાંથી ખુબ જ લાળ પડતી હોય છે.
– સ્વભાવે મળતાવડા તથા હસમુખા હોય છે.
– ઘુંટણીયે ચાલે છે તથા ખુબ જ મોડુ ચાલતા શીખે છે.
– ખુબ જ મોડુ બોલતા શીખે તથા ભાંગ્યુ – તુટયુ બોલે છે.
– સામાન્ય બાળક કરતા સમજણમાં પાછળ રહે છે.
– આંખ નેપાળી જેવી ત્રાંસી હોય છે.

**મંદબુધ્ધિના બાળકોની સંસ્થામાં પ્રવેશ ક્ષમતા :**

મંદબુધ્ધિના બાળકોનું ગૃહ, રાજકોટની સંસ્થામાં વધુમાં વધુ ૬૦ બાળકોને રાખવાની જોગવાઈ છે આ સંસ્થામાં પ્રવેશ બે પ્રકારે આપવામાં આવે છે.[૧૧]

(૧) સીધો પ્રવેશ

(૨) કોર્ટ મારફત (બાળ અદાલત મારફત) પ્રવેશ

સંસ્થામાં સીધા પ્રવેશ દ્વારા આવતા તથા કમીટેડ બાળકો માટે પ્રવેશ અંગેના નિયમો નિયત થયેલા છે. જે નીચે પ્રમાણે છે.[૧૨]:–

૧– પ્રવેશ સમયે બાળકની ઉંમર ૮ થી ૧૪ વર્ષની હોવી જોઈએ.

૨– બાળકના બે પાસપોર્ટ સાઈઝના તાજા પડાવેલા ફોટાઓ અરજી સાથે

૧૧. સમાજ સુરક્ષા ખાતાની માહિતી પત્રકોના આધારે

૧૨. "એજન"

લાવવા ફરજીયાત છે.

૩– બાળક અંધ, બંહેરામુંગા કે શારિરીક અપંગ ન હોવો જોઈએ.

૪– બાળક પોતાના પ્રાથમિક કાર્યો જેમ કે ન્હાવું, ભોજન કરવું, વસ્ત્રો પહેરવા, વાળ ઓળવવા કે શૌચાદિક ક્રિયાઓ પોતાની જાતે કરી શકતો હોવો જોઈએ.

૫– બાળકોને સંસ્થામાં સીધો કે બાળઅદાલત દવારા પ્રવેશ અપાય છે. અને તેમાં વાલી તરફથી દાખલ થયેલ બાળકને વેકેશનમાં સ્વખર્ચે લઈ જવાના રહે છે અને વેકેશન પુરું થયે મુકી જવાના રહે છે.

૬– સીધા પ્રવેશ પામેલ બાળકને ઉમંર વર્ષ ૧૮ સુધી રાખી શકાય છે. કોર્ટ દ્વારા કમીટેડ બાળકોને લાંબા સમય સુધી રાખવામાં આવે છે.

### (૧) સીધો પ્રવેશ :

સંસ્થામાં બાળકોને સીધો પ્રવેશ એડમીશન ફોર્મને આધારે આપવામાં આવે છે વાલી દ્વારા એડમીશન ફોર્મ ભરાઈને આવતા બધા નિયમોની પુર્તતા થયે બાળકને એડમીશન આપવામાં આવે છે.

સીધા એડમીશન દ્વારા બાળકને વાલીઓ દ્વારા સંસ્થામાં મુકવામાં આવે છે. વાલીઓ આ સંસ્થામાં બાળકને એટલા માટે મુકે છે કે જેથી એમનું બાળક પોતાના જેવા સાથી સાથે રહેતા શીખે અને પોતે સમાજમાં એકલું આ પ્રકારનું નથી પરંતુ પોતાના જેવા અન્ય સાથી બાળકો છે. એ રીતે માનસિક રીતે સ્વીકારતું થાય અહિયા તેમને સમાજના એક અંગ બની રહેવા માટે સામાજીક જરૂરીયાત મુજબની તાલીમ મળે છે. સ્વસ્થ બાળક જેવું જીવન જીવતા શિખવાડવાનો એક મુખ્ય ઉદેશ્ય આ સંસ્થાનો રહેલો છે. અને બાળકમાં છુપાયેલી ક્રિયાત્મક શકિતને તાલીમ દ્વારા બહાર લાવવાનો પ્રયત્ન આ સંસ્થા દ્વારા થાય છે.

આમ વાલીઓનો બાળકને આ સંસ્થામાં મુકવા પાછળનો હેતું પોતાનું બાળક તાલિમ પામેલું સ્વસ્થ બાળક બની રહે તેવો રહેલો છે.

**(૨) કોર્ટ કમીટેડ બાળકો :**

સમાજમાં રહેલા અનાથ બાળકો જે રખડતા ભટકતા હોય છે તેમને પોલીસ દ્વારા પકડવામાં આવે છે. અને આવા બાળકોને કોર્ટમાં રજુ કરવામાં આવે છે. બાળકોને બાળ અદાલત માંથી કાર્યવાહિ થયા બાદ સંસ્થામાં મુકવાની વાત આવે છે. ત્યારે જો બાળક માનસિક રીતે ક્ષતિયુકત હોય તો આ સંસ્થામાં લાવવામાં આવે છે. સરકારી હોસ્પીટલમાં ફીજીયોથેરાપીસ્ટ પાસે મેડીકલ ચેક અપ માટે બધા બાળકોને મોકલવામાં આવે છે. જયાંથી મેડીકલ વર્ગીકરણ થઈને આવતા જે તે સંસ્થામાં યોગ્યતા મુજબ તેમને પ્રવેશ મળે છે આમ, બાળ અદાલત દ્વારા આવતા માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટે આ સંસ્થા એક ઘરની ગરજ સારે છે.

**તા. ૧/૩/૨૦૦૩ ના રોજ સંસ્થાની રૂબરૂ મુલાકાત સમયે હાજર સંખ્યા દર્શાવતુ પત્રક[૧૩] :**

| | | |
|---|---|---|
| હાજર સંખ્યા | : | ૩૦ |
| દવાખાનામાં | : | ૦૦ |
| રજા ઉપર | : | ૦૦ |
| નાસી ગયા | : | ૦૧ |
| કુલ | : | ૩૧ |

૧૩. સંસ્થાની રૂબરૂ મુલાકાતના આધારે .

## :: સંસ્થામાં પ્રવેશ મેળવેલ બાળકો તથા નિકાલ પામેલ બાળકોની વિગતો [૧૪] ::

| ક્રમ | વર્ષ | પ્રવેશની વિગતો | | | નિકાલની વિગતો | | | અવસાન પામેલ | કુલ નિકાલ | વર્ષાન્તે સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વાલી દ્વારા | કોર્ટ દ્વારા | કુલ | બદલી પામેલ | કોર્ટ દ્વારા | નાસી ગયા | | | |
| 1. | 15/07/1959 to 31/03/70 | 80 | 112 | 192 | 32 | 82 | 20 | 5 | 139 | 53 |
| 2. | 1/4/70 TO 31/3/80 | 75 | 68 | 196 | - | 112 | 10 | 11 | 143 | 53 |
| 3. | 1/4/80 TO 31/3/90 | 80 | 35 | 168 | 02 | 98 | 16 | 8 | 124 | 44 |
| 4. | 1/4/90 TO 31/3/91 | 54 | 9 | 107 | - | 61 | 2 | 6 | 69 | 38 |
| 5. | 1/4/95 TO 31/3/96 | 13 | 3 | 54 | - | 13 | 02 | 1 | 16 | 38 |
| 6. | 1/4/96 TO 31/3/97 | 4 | 7 | 11/49 | 5 | 5 | 2 | 1 | 13 | 36 |
| 7. | 1/4/97 TO 31/3/98 | 12 | 5 | 17/53 | - | 12 | 1 | 1 | 14 | 39 |
| 8. | 1/4/98 TO 31/3/99 | 10 | 3 | 13/52 | 10 | 8 | 3 | 1 | 22 | 30 |
| 9. | 1/4/99 TO 31/3/2000 | 1 | 7 | 8/38 | - | 3 | 1 | 1 | 5 | 33 |
| 10. | 01/03/2001 | 5 | 1 | 6/39 | - | 5 | 1 | 3 | 9 | 30 |

૧૪. પ્રવેશ રજીસ્ટર, નિકાલ રજીસ્ટર, અવસાન પામ્યાનું રજીસ્ટર, નાસી ગયેલાનું રજીસ્ટર તથા વાર્ષિક રીર્ટન– રીપોર્ટસ ફાઈલના આધારે

**સંસ્થાની વહીવટી વ્યવસ્થા :**

સંસ્થામાં કુલ–૧૯ વ્યકિતઓનું મહેકમ મંજુર થયેલ છે. [૧૫]

**૧ અધિક્ષક :**

સંસ્થાના વડા અધિક્ષકશ્રી છે તેમના સુપરવીઝન નીચે બધો સ્ટાફ કાર્ય કરે છે. બાળકો માટે દાતાઓ તરફથી આપવામાં આવતા ભોજનના અનુદાનની મંજુરી થી માંડીને બધીજ મંજુરી એમના તરફથી મેળવામાં આવે છે વહીવટી જવાબદારીઓ બધી અધિક્ષકશ્રીના શિરે રહે છે. બાળકોના પ્રવેશથી માંડીને નિકાલ થાય ત્યાં સુધીની બધીજ કાર્યવાહી તેમની જાણ હેઠળ રહે છે.

**૨ ઓકયુપેશનલ થેરાપીસ્ટ :–**

ઓકયુપેશન થેરાપીસ્ટની ફરજ બાળકોના ચઈર્ષ્ઈ તથા પ્રકાર પ્રમાણે વર્ગીકરણ કરી તેમને શારિરીક તેમજ માનસીક બન્ને પ્રકારની તબીબી સારવાર આપાવાની છે.

બાળકોને નિયમીત સમય પ્રમાણે તબીબી સારવાર આપવાની થતી હોય છે જેથી ઓકયુપેશનલ થેરાપીસ્ટની ખાસ જરૂરીયાત સંસ્થામાં રહેલી જોવા મળે છે. હાલમાં સંસ્થામાં આ જગ્યા ખાલી છે.

**૩. જુ.કલાર્ક :**

ઓફીસની રોજીંદી કામગીરી માટે જુ.કલાર્કની જરૂરીયાત રહેલી છે. તે સંસ્થાના બાળકોના ખોરાક, પોષાક, શૈક્ષણીક, તબીબી સવલતો વગેરેને લગતી તમામ બાબતોનો પત્ર વ્યવહાર સંભાળે છે. આ ઉપરાંત પગારબીલ બનાવવા તથા બીજા ખર્ચના બીલો બનાવવાની તમામ જવાબદારી તેમના શીરે રહેલી છે.

---

૧૫. સંસ્થાની મહેકમ મંજુરી ફાઈલના આધારે.

સરકારશ્રીમાં મોકલવાના થતા માસિક તથા નિયમીત આંકડાકીય પત્રકો તેમની ફરજમાં આવે છે.

**૪ શિક્ષકો :**

સંસ્થામાં કુલ પાંચ શિક્ષકોની જગ્યા છે. જેમાં ક્રાફટટીચર, સીનીયર ક્રાફટ ટીચર, વણાટ શિક્ષક, એવી પણ જગ્યાઓ રહેલી છે. શિક્ષકો બાળકોને તાલીમ આપે છે. તેમને આંકનું જ્ઞાન શીખવે છે તો ક્રાફટ શિક્ષકો દ્વારા બાળકોને વણાટકામ ફીનીશીંગ કામ, વણાટકામમા ં તાણાવાણા નાખવાં, ત્યારબાદ ટુવાલ, નેપકીન, શેત્રંજી, આસન પટ્ટા, ના કાપડનું વણાટ કામ કરવું. કાપડ બન્યા બાદ સરખુ કરી તેને રંગ કરવો, સુતર રંગવું વગેરેની તાલીમ આપવમમાં આવે છે.

રેટીયા કામમાં દોરા ઉખેડવા તથા બોબીન ભરવા એવા કામની તાલીમ આપવામાં આવે છે જેથી બાળકોની એકાગ્રતામાં વધારો થાય.

ઉપર દર્શાવેલા બધાજ પ્રકારની તાલીમ બાળકોના IQ પ્રમાણે તેમને આપવામાં આવે છે.

ચિત્ર શિક્ષક દ્વારા ચિત્રોમાં કલર પૂરવાની તાલીમ બાળકોને આપાય છે. તો સંગીતમાં રૂચી ધરાવતા બાળકોને સંગીતના સાધનો વગાડવાની પણ તાલીમ આપવામાં આવે છે. હાલમાં સંસ્થામાં એક બાળક સરસ તબલા વગાડે છે તે એક સુંદર ઉદાહરણ છે કેમકે આવા બાળકો આ પંકારની પ્રવૃતિ કરે તે ખરેખર પ્રસંશનીય છે.

**૫ નર્સ :**

સંસ્થામાં એક ફુલ ટાઈમ નર્સની જગ્યા છે. જે હાલમાં ખાલી છે બાળકોની તબીબી જરૂરીયાતને અનુલક્ષીને સરકારશ્રી દ્વારા આ જગ્યા આ સંસ્થામાં ઝડપથી ભરાઈ જાય તે માટે પ્રયત્નો થવા જરૂરી છે.

આમ તો હાલમાં આવી જરૂરીયાત ઉભી થયે બાળકોને સિવીલ હોસ્પીટલમાં તાત્કાલીક સારવાર માટે લઈ જવામાં આવે છે.

**૬. વિઝીટીંગ મેડીકલ ઓફીસર :**

એક વિઝીટીંગ મેડીકલ ઓફીસરની જગ્યા પણ આ સંસ્થા ખાતે રહેલી છે જે બાળકોને અવાર–નવાર અઠવાડીયામાં નિયત થયેલ તારીખ અને વાર પ્રમાણે ચેક અપ માટે આવે છે જેના લીધે આ સંસ્થાના બાળકોના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી સારા રહેવા પામે છે. વળી સ્વચ્છતા બાબતે વધુ જાગૃતી કેળવાય છે.

**૭. એટેન્ડન્ટ :**

કુલ ચાર એટેન્ડન્ટ આ સંસ્થાના મહેકમના મંજુર થયેલ છે આ એટેન્ડન્ટ સંસ્થાના બાળકોને સાચવે છે. તેમની કાળજી લે છે તેમને પ્રેમ અને હુંફ આપે છે અને તેમની જરૂરીયાતોનું ધ્યાન રાખે છે તેમજ તેમની આ કાળજીભરી દેખભાળ થી બાળકોના પોતાનાપણાનો અહેસાસ કરાવે છે.

**૮. રસોયા :**

બે રસોયાની જગ્યા આ સંસ્થામાં મંજુર થયેલ છે. જેઓ સંસ્થામાં રહેતા બાળકોની રસોઈ બનાવવાની જવાબદારી સંભાળે છે.

**૯. માળી :**

માળીની જગ્યા પણ આ સંસ્થામાં મંજુર થયેલ છે. સંસ્થાનું ઘણું જ વિશાળ બિલ્ડીંગ તેમજ તેનું ગ્રાઉન્ડ પણ ખુબજ મોટું છેઆંગણામાં વૃક્ષો વાવેલા છે આ ઉપરાંત આવા માનસિક ક્ષતીવાળા બાળકોને પણ વૃક્ષોને પાણી આપવું. તેમના કયારા સાફ કરવા વગેરેની તાલીમ આ માળી દ્વારા આપવામાં આવે છે. જેથી આવા માનસીક ક્ષતીવાળા બાળકોની ક્રિયાશીલતામાં વધારો થાય.

**૧૦. આયા :**

આયા દ્વારા આ બાળકોની સંભાળ રાખવામાં આવે છે. નાની મોટી બીમારીમાં બાળકોની માવજત કરવામાં આવે છે.

**૧૧ સ્વીપર :**

સ્વીપર આ સંસ્થાના સમગ્ર મકાનની સાફ સફાઈ કરે છે. જેમ કે બાળકોનું રહેઠાણ અને સંસ્થાના સંડાસ બાથરૂમ વગેરેની સફાઈની જવાબદારી તેમની ફરજના ભાગરૂપે છે.

**સંસ્થાની આર્થિક વ્યવસ્થા :**

સંસ્થા સમાજસુરક્ષા ખાતા દ્વારા સંચાલીત હોય ગુજરાત રાજય સરકારશ્રીના ધારા ધોરણ પ્રમાણે તેમની નાણા વ્યવસ્થા બજેટ મારફત થાય છે. સંસ્થાની જરૂરીયાત મુજબની બધીજ ગ્રાંટ સમાજસુરક્ષા ખાતા દ્વારા આપવામાં આવે છે એમાંથી કર્મચારીગણનો પગાર, બાળકોના સારસંભાળ માટે થતો તમામ ખર્ચ ચુકવવામાં આવે છે.

આ ઉપરાંત દાતાઓ તરફથી અનુદાનમાં પણ ઘણી બધી બાળકોની વસ્તુઓ આપવામાં આવે છે. જે બધી વસ્તુઓ અનુદાન રજીસ્ટરમાં ચડાવવામાં આવેછે.

## : બાળકો માટે થયેલ ખર્ચની વિગત :

| નંબર | વર્ષ | બાળકોની સંખ્યા | થયેલુ કુલ ખર્ચ |
|---|---|---|---|
| 1 | 1996-1997 | 36 | 2,38,000 |
| 2 | 1997-1998 | 39 | 2,38,000 |
| 3 | 1998-1999 | 30 | 2,36,000 |
| 4 | 1999-2000 | 33 | 1,16,500 |

**સંસ્થાના બાળકોને મળતી આવાસ તેમજ ભોજનની સવલતો [૧૬] :**

**આવાસ :**

સસ્થાને પોતાનુ વિશાળ જગ્યામાં માનસીકક્ષતિ ગ્રસ્ત બાળકોની જરૂરીયાતને ધ્યાનમાં લઈને બંધાવાયેલું વિશાળ મકાન છે. તેમાં આ પ્રકારના બાળકનો મનોવિજ્ઞાનીક ખ્યાલ રાખીને બાંધકામ કરાવવામાં આવેલ છે જેથી બાળકોને હરવા ફરવામાં તકલીફ ન પડે.

સંસ્થાના મકાનને ફરતે ખુલ્લી વિશાળ જગ્યા છે જેમાં વૃક્ષારોપણ થયેલ છે. બાળકોના મનોરંજન માટે બાલક્રિંડાગણમાં હિંચકા લપસીયા વગેરે રાખવામાં આવેલ છે. બગીચામાં બાળકો મુકત રીતે હરીફરી શકે છે અને માળીને બગીચાના કામમાં મદદ પણ કરે છે.

સંસ્થાના મકાનમાં પૂરતા પ્રમાણમાં હવા ઉજાસ હોવાથી સ્વચ્છતા પણ ઉડીને આંખે વળગે તેવી છે. મોટો મુલાકાતી ખંડ છે. જેમાં મનોરંજનના સાધન તરીકે કલર ટી.વી. પણ ઉપલબ્ધ છે. જુદા જુદા શિક્ષણ માટેના વર્ગો , ઉદ્યોગ રૂમ બધુ વ્યવસ્થીત પ્રમાણમાં છે. અધિક્ષકની ઓફીસ તથા કલેરીકલ સ્ટાફ રૂમ બાજુ બાજુમાં છે તેમજ સામેના ભાગે મોટું રસોડુ તથા ખુલ્લુ ચોગન વાસણની સફાઈ માટે છે. આ ઉપરાંત

૧૬. સંસ્થાના વડાશ્રીની રૂબરૂ મુલાકાતના આધારે.

બાળકોના આરામ માટેના પથારી સાથેના સુંદર શયનરૂમો છે. આ બધુ જોતાજ ખ્યાલ આવે કે બાળકોને 'હોમલી' વાતાવરણ અહીયા પુરું પડે છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

કંમ્પાઉન્ડમાં જ અધિક્ષકશ્રીનું આવસગૃહ તથા અન્ય કર્મચારીના કવાર્ટર ફાળવવામાં આવેલ છે. જે સંસ્થા માટે ખુબજ ઈચ્છનીય બાબત છે.

**ભોજનની વ્યવસ્થા :**

સંસ્થામાં સવારે દુધ અને નાસ્તો બાળકોને આપવામાં આવે છે. સંસ્થાના રસોડે દરરોજ બે ટાઈમ પૌષ્ટીક ભોજન બનાવવામાં આવે છે.બપોરેના સમયે ચા તથા હળવો નાસ્તો બાળકોને અપાય છે.

આ સંસ્થામાં દાતાઓ તરફથી ઘણા જ વધારે પ્રમાણમાં ભોજન આપવામાં આવે છે. અધિક્ષકની પરવાનગીથી બાળકોને જમવાનું સંસ્થામાં આપી જવામાં આવે છે. ભોજન આપવાની યાદી એટલી લાંબી હોય છે કે ત્યારબાદ આવતા દાતાઓને ના પાડવી પડતી હોય છે.

**સંસ્થામાં રહેતાં બાળકોની દિનચર્યા[૧૭] :**

| | |
|---|---|
| **6.00 થી 6.30** | પ્રાતઃકાળે ઉઠવું પોતાના પાથરણાની ગડીવાળવી , યોગ્ય જગ્યાએ મૂકવી લાઈનમાં ઉભી રહી સામુહિક દંતમંજન કરવું, મોં સફાઈ તેમજ હાથપગની સફાઈ કરવી. |
| **6.30 થી 7.30** | સ્નાન કરવું, અને કરાવવું, કપડા વહેંચવા, પહેરાવવામાં મદદ કરવી, શરીર સ્વચ્છતા માટે પુરતુ ધ્યાન આપવું |

૧૭. સંસ્થાના નોટીસ બોર્ડના આધારે.

**7.30 થી 8.30** મેડીકલ ચેકઅપ, દૂધ–નાસ્તા વિતરણ, શિસ્તથી રસોડામાં બેસીને પ્રાર્થના બોલી દૂધ નાસ્તો લેવો.

**8.30 થી 10.00**

1. ગ્રુપમાં પોતાની લાયકાત, આવડત અને પસંદગીના ધોરણે કામનું વર્ગીકરણ.
2. રસોઈકામમાં મદદ, શાક ચુંટવું, ચુલો પેટાવવો, લોટ બાંધવો, રોટલી વણવી, રોટલી શેકવી, ઘી–ચોપડવું, ચુલો ઠારવો, વ્યવસ્થા જાળવણી (ક્ષમતા પ્રમાણે કાર્ય)
3. બગીચાકામ, વૃક્ષ ઉછેર, માટીકામ, સફાઈકામ, પાણીપાવું, ખોદવું ગોઠવવું વગેરે
4. સફાઈ,સંસ્થા સફાઈ, પોતા કરવા, કપડા ધોઈ સુકવવા વગેરે.

**10.00 થી11.00** બપોરનું જમણ, થાળી વ્યવસ્થીત ગણીને મુકવી, વ્યવસ્થિતપીરસવું, બેલ વગાડીને જમવું, વ્યવસ્થિત જમવું, થાળી – વાટકા સફાઈ, પુનઃ ગોઠવવું.

**11.00 થી 2.00** વર્ગવાર શૈક્ષણિક તાલીમ ઔદ્યોગિક તાલીમ

**2.00 થી 2.30** – રીસેસ –
– ચા નાસ્તો અલ્પાહાર

**2.30 થી 5.00** વર્ગકામ

**5.00 થી 6.30** સાંજનું ભોજન, સંસ્થા સફાઈ, રસોડા સફાઈ, વ્યકિતગત સફાઈ

**6.30 થી 9.00** મનોરંજન T.V. અને સ્વૈચ્છીક મુકત પ્રવૃતિઓ

9.00 **થી** 9.30 બેડીંગ –બિસ્ત્રા વિતરણ અને શયન

## શ્રી ડી. જી. પાઠક સ્કુલ ફોર મેન્ટલી રીટાર્ડેટ શાળા – જુનાગઢની સ્થાપના અને પ્રવૃતિ :

**સંસ્થાનો હેતુ :**

માનસિક ક્ષતિ ધરાવનાર બાળકોનો શિક્ષણ અને તાલિમ દ્વારા શકય એટલો યોગ્ય વિકાસ થાય, તેઓ સ્વાવલંબી બની સ્વમાનભેર જીવન વિતાવી શકે અને કુટુંબ તથા સમાજને ભારરૂપ ન બને તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાના શુભ હેતુથી ''મંગલમુર્તિ વિકલાંગ ટ્રસ્ટ '' ની સ્થાપના ઈ.સ. ૧૯૮૮ માં જુનાગઢ ખાતે કરવામાં આવી.

**ટ્રસ્ટનો મુખ્ય હેતુ :**

માનસિક ક્ષતિ ધરાવતા બાળકો / વ્યકિતઓ માટે વિશાળ શાળા, છાત્રાલય, વર્કશોપ વગેરેની સ્થાપના કરી ચલાવવા, નિભાવવા તેમજ બાળકો તથા વાલીઓને દરેક પ્રકારની મદદ કરવી. માનસિક ક્ષતિ ધરાવનારને સામાજિક, આર્થિક વિગેરે ક્ષેત્રોમાં સ્વાવલંબી બનાવવા પ્રયત્નો કરવા.

ટ્રસ્ટ દ્વારા જૂનાગઢથી ૭ કી.મી. દુર વાડલા ફાટક પાસે, વંથલી રોડ ઉપર ઈ.સ. ૧૯૯૦ માં ૨.૫ એકર જમીન ખરીદી, નવેમ્બર ૧૯૯૧ માં બાલદિનથી એક ઘાસની ઝુપડીમાં માનસિક ક્ષતિ ધરાવનાર બાળકો માટે દિનશાળાની શુભ શરૂઆત કરવામાં આવી. હાલમાં કુલ મળીને ૪૫,૦૦૦ ચો. ફુટનું બાંધકામ થયેલ છે. સંસ્થા દ્વારા ઉત્તરોતર પ્રવૃતિઓ વધારવામાં આવી છે.

**શ્રી ડી. જી. પાઠક સ્કુલ ફોર મેન્ટલી રીટાર્ડેડ :**

ઈ.સ. ૧૯૯૪ માં અદ્યતન સુવિધાવાળા છાત્રાલયની શરૂઆત કરવામાં આવી. ચાલુ વર્ષમાં છાત્રાલય માટેનવા બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવ્યુ છે. જેમાં આવા પ્રકારના બાળકોની સમસ્યાને ધ્યાનમાં રાખીને સુવિધાઓ આપવામાં આવી છે. છાત્રાલયમાં બાળકોને જાત–સંભાળની તાલીમ આપવામાં આવે છે. તેમજ યોગાસનો, ધ્યાન તથા એકાગ્રતાના પાઠો શીખવવામાં આવે છે. આ ઉપરાંત, તહેવારોની ઉજવણી, રજાના દિવસે પ્રવાસનું આયોજન, રમત–ગમત તથા સંગીત જેવી પ્રવૃતિઓ છાત્રાલયના સમયમાં કરાવવામાં આવે છે. છાત્રાલયમાં પ્રથમ ૨૫ લાભાર્થીઓને રાખવામાં આવેલ હતા. ચાલુ વર્ષમાં કુલ ૩૫ લાભાર્થીઓ છે. ગુજરાત રાજયની આ એક માત્ર સંસ્થા છે જયાં કેન્દ્ર સરકારની સંસ્થા નેશનલ ઈન્સ્ટીટયુટ ફોર મેન્ટલી હેન્ડીકેપ સિકંદરાબાદ દ્વારા સુચવાયેલ અભ્યાસક્રમ મુજબ શિક્ષણ અને તાલીમ આપવામાં આવે છે.

**વિશિષ્ઠ શાળા વિભાગ :**

માનસિક ક્ષતિ ધરાવતા બાળકો માટે શાળા વિભાગ છે. જેમાં અલગ–અલગ ગૃપના વર્ગોમાં તાલિમ આપવામાં આવે છે.

– **પ્રાથમિક ગૃપ :**

આ ગૃપમાં ૭ થી ૧૦ વર્ષની શારિરીક ઉંમર ધરાવતા બાળકો માટે સમય પત્રક પ્રમાણે વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.

– **માધ્યમિક ગૃપ :**

આ ગૃપમાં ૧૧ થી ૧૪ વર્ષની શારિરીક ઉંમર ધરાવતા બાળકો હોય છે. અહી થોડુ–ઘણું વાંચતા લખતા શીખી શકે તેવા બાળકોનો સમાવેશ થાય છે.

– **પુર્વ–વ્યવસાયિક ગૃપ :**

આ ગૃપમાં ૧૫ થી ૧૮ વર્ષની વય ધરાવતા બાળકોનો સમાવેશ થાય છે.

અહી વ્યવસાયિક બાબતો પર ભાર મુકવામાં આવે છે.

– **કેર ગૃપ :**

આ ગૃપમાં જે બાળકોને જાતે–સંભાળનો ખ્યાલ નથી તેવા કોઈ પણ ઉંમરના બાળકોનો સમાવેશ થાય છે. આ ગૃપમાં માત્ર વ્યકિતગત પ્રવૃતિઓ એટલે કે જાત સંભાળની તાલિમ આપવામાં આવે છે. જેમ કે કુદરતી હાજત, બ્રશ કરવું, કપડા પહેરવા, માથું ઓળવવું, સ્નાન કરવું, જમવું વિગેરે કાર્યોની તાલિમ પર ભાર મુકવામાં આવે છે.

**સંકલિત શિક્ષણ યોજના :**

આપણા દેશમાં આઝાદી પછી પણ અપવાદી બાળકો એટલે કે વિકલાંગ બાળકોને સામાન્ય બાળકો જેટલી અભ્યાસની તક મળતી નથી. દરેક સ્થળે કે ગ્રામ્ય વિસ્તારમાં વિકલાંગ બાળકો માટે વિશિષ્ટ શાળાઓની સગવડતાઓ હોતી નથી. જેને કારણે વિકલાંગ બાળક શિક્ષણથી વંચિત રહી જાય છે. જેને ધ્યાનમાં રાખી ટ્રસ્ટ દ્વારા જી.સી.ઈ.આર.ટી.–આઈ.ઈ.ડી.સી., ગાંધીનગર, ગુજરાત સંચાલિત સંકલિત શિક્ષણ યોજના હેઠળ કામગીરી શરૂ કરેલ છે. હાલમાં કુલ ૧૮૩ એમ.આર. બાળકોને તાલિમ આપવામાં આવે છે. આ તમામ બાળકોને સ્ટેશનરી કિટસ, શૈક્ષણિક સાધનોની કિટસ, ગણવેશ વગેરેની સહાય કરવામાં આવે છે.

**વિકલાંગ બાળકો માટે રક્ષિત વર્કશોપ :**

ટ્રસ્ટ દ્વારા માનસિક ક્ષતિ ધરાવતી વ્યકિતઓ માટે રક્ષિત વર્કશોપની સ્થાપના ઈ.સ. ૧૯૯૬ માં કરવામાં આવી. હાલમાં માનસિક ક્ષતિ ધરાવતા ૨૫ વ્યકિતઓને વ્યવસાયિક તાલિમ આપવામાં આવે છે. જેમાં ઓફીસ ફાઈલ, મીણબતી, સીડલેસ ખજુરના પેકેટ, હાથરૂમાલ, પગલુછણીયા વિગેરે બનાવવામાં આવે છે. તે દ્વારા વિકલાંગ વ્યકિતઓને કામના પ્રમાણમાં મહેનતાણું ચુકવવામાં આવે છે.

**C.P. (સેરેબ્રલ પાલ્સી) બાળકોનો વિભાગ :**

સંસ્થા દ્વારા હઈ.ઈ બાળકોનો જુનાગઢ શહેરમાં સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૩૬ બાળકો મળેલ હતા. સર્વે દ્વારા મળી આવેલા **C.P.** બાળકોના વાલીઓની મીટીંગ સંસ્થા પર રાખવામાં આવેલ હતી. સંસ્થા દ્વારા નવો વિભાગ શરૂ કરવા અંગેની વાલીઓ સાથે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ સંસ્થા દ્વારા હાલમાં M.R. બાળકો તથા **C.P.** બાળકોનો નવો દિનશાળા વિભાગ શરૂ કરવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓની સંખ્યા ૧૨ છે.

**વાલી મંડળ સંચાલિત પુનર્વસન કેન્દ્ર (માનસિક ક્ષતિ ધરાવતી પુખ્ત વ્યકિતઓ માટે) :**

સંસ્થા દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૩ થી માનસિક ક્ષતિ ધરાવતી પુખ્ત વ્યકિતઓ માટે પુનર્વસન કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે. જેમાં, હાલમાં ૧૯ લાભાર્થીઓ છે. તેઓ માટે સંસ્થામાં અદ્યતન સુવિધાવાળું બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે. એમ.આર. વ્યકિતઓને દિવસ દરમ્યાન સંસ્થા દ્વારા ચાલતા રક્ષિત વર્કશોપમાં વ્યવસાય આપવામાં આવે છે. વધુમાં રમત–ગમત તથા પ્રવાસ વગેરે જેવી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે.

**મહર્ષિ અષ્ટાવક્ર યોજના :**

આપણા સમૃધ્ધ ગુજરાત રાજયના કુલ ૫ કરોડ નાગરિકોમાં અંદાજીત ૯ લાખ નાગરિકો વિકલાંગ છે. અને આ વિકલાંગોમાં ૭૩% વિકલાંગો બિન ઉત્પાદકીય અવસ્થામાં જીવન ગુજારે છે. કુલ વિકલાંગોની સંખ્યાના ૬૦% વિકલાંગો ગ્રામ્ય વિસ્તારમાં વસતા હોવા છતાં વિકલાંગતા ક્ષેત્રે કાર્યરત માત્ર ૨૦% જ સ્વૈચ્છિક સંસ્થાઓ ગ્રામ્ય ક્ષેત્રે ઉપલબ્ધ છે. તેથી રાજયની વિકલાંગ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓની હાજરી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં સંતુલિત કરી

શકાય તથા વિકલાંગોને સહાયકારી પ્રવૃતિઓ થકી સમાજની મુખ્યધારાના પ્રવાહમાં પુનઃ જોડી શકાય તે માટે રાજય સરકાર દ્વારા શ્રી મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારીત વિકલાંગ પુનઃસ્થાપન યોજના અમલમાં લાવેલ છે. જેમાં આ સંસ્થાનું કાર્યક્ષેત્ર વિસાવદર તાલુકાનું છે. આ યોજના અંતર્ગત માનસિક ક્ષતિ, શ્રવણમંદતા, અંધત્વ, અસ્થિ વિષયક વિકલાંગતા, માનસિક બિમારી, મગજનો લકવો અને બહુવિકલાંગતા વાળી વ્યકિતઓને વિકલાંગતાનું તબીબી પ્રમાણપત્ર, વિકલાંગ ઓળખકાર્ડ, સાધન સહાય, વિશિષ્ઠ શાળા પ્રવેશ તથા શિષ્યવૃતિ સહાય, સ્વરોજગારી તથા અન્ય સરકારી લાભોની માહિતી આપીને સંસ્થા તેઓને સહાયરૂપ બને છે.

**શ્રી ડી. જી. પાઠક સ્કુલ અને બાલમંદિર :**

સંસ્થા દ્વારા ગ્રામ્ય વિસ્તારના સામાન્ય પરિવારના બાળકો માટે બાલમંદિર અને પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવે છે. જેમા પ્રાથમિક શાળા માં ધોરણ – ૧ થી ૭ માં કુલ ૨૫૭ બાળકોની સંખ્યા છે. તેમજ બાલમંદિરમાં કુલ ૪૬ બાળકો છે. તા. ૨૮/૦૯/૨૦૦૪ ના રોજ કુલ ૩૧ વિદ્યાર્થીઓએ સ્ટેટ એકઝામીનેશન બોર્ડ – ગુજરાત સ્ટેટ દ્વારા લેવાતી એલીમેન્ટ્રી ડ્રોઈંગ ગ્રેડ એક્ષામીનેશન આપેલ હતી. જેમાં ૪ વિદ્યાર્થીઓને એ– ગ્રેડ, ૧૮ વિદ્યાર્થીઓને બી– ગ્રેડ તથા ૯ દ્યિાર્થીઓને સી–ગ્રેડ પ્રાપ્ત થયેલ છે.

**શ્રી ડી. જી. પાઠક સંગીત વિદ્યાલય :**

સંગીત હૈ ઈશ્વર કી શકિત, હર સુર મે બસે હૈ રામ
રાગી જો સુનાયે રાગિની, રોગી કો મીલે આરામ.

સંગીતએ સમગ્ર જીવસૃષ્ટિ માટે ઈશ્વર તરફથી મળેલી અણમોલ ભેટ છે. સંગીતમાં લય હોય છે અને આપણી દરેક ક્રિયામાં પણ લય હોય છે. બન્નેમાં સમાનતા

હોવાથી માત્ર ધ્વનિમય રાગો પણ જીવમાત્રના આત્માને આનદ આપે છે. જુદા–જુદા રાગ ગાવા – સાંભળવાથી તેના જુદા જુદા પરિણામો મળી શકે છે. એ વાત આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે અને તેને માટે ' મ્યુઝિક થેરાપી ' શબ્દ પ્રયોગ કરે છે. સંગીતના મુળભુત સિધ્ધાંતો પ્રમાણે – ૧. વિચાર કરવો, ૨. ધ્યાન ધરવું, ૩. કલ્પના કરવી અને ૪. આ ત્રણેય અનુંસાર રજુઆત કરવી આ ચારેય ક્રિયાઓ જોતા સમજી શકાય કે સંગીત, જેમાં ગાયન–વાદન અને નૃત્ય એ ત્રણેય કળાઓનો સમાવેશ થાય છે. તેનાથી સૈદર્યની અનુભુતીની ક્ષમતા, ચિત્તની એકાગ્રતા, રચના શકિત, સભ્યતા, સંસ્કૃતિના રક્ષણની ભાવના, ઐકયની ભાવના, સ્વસ્થ વ્યકિતત્વ, નૈતિક ઉત્થાનની ભાવના પ્રાપ્ત થાય છે. આવા અદભુત ગુણ ધરાવતા સંગીત દ્વારા બાળકોનો વિકાસ ઝડપભેર થાય તે માટે ૨૫ જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ શ્રી ડી. જી. પાઠક સંગીત વિદ્યાલયની સ્થાપના કરવામાં આવેલ છે. આ વિદ્યાલયને અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડલ – મિરાજ (મહારાષ્ટ્ર) ની માન્યતા પ્રાપ્ત થયેલ છે અને તેના અભ્યાસક્રમ પ્રમાણે વિદ્યાલયમાં ડિસેમ્બર – ૦૪ માં પ્રથમ વર્ષની પરીક્ષા લેવામાં આવી. જેમાં ૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ અને તેમાંથી ૧૫ બાળકો પ્રથમ વર્ગમાં અને બાકીના ૧૯ બાળકો દ્વિતિય વર્ગમાં પાસ થયા.

વિદ્યાલયમાં શાસ્ત્રીય સંગીત ઉપરાંત હવેલી સંગીત, સુગમ સંગીત, લોક સંગીત, બાળગીત, કથ્થક નૃત્ય, નાટય વગેરેની તાલીમ આપવામાં આવે છે. ઉપરાંત પખાવજ, તબલા, બેન્ડ, ઝાંઝ વગેરે વાદ્યોની પણ તાલીમ આપવામાં આવે છે. અહી ધો. ૩ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓમ ભટ્ટે **E TV** ના ' સુરતાલની સંતાકુકડી ' નામના કાર્યક્રમમાં સેમી ફાઈનલ સુધી વિજેતા રહેલ. જયારે માનસિક ક્ષતિ ગ્રસ્ત બાળકી ઝાલા કિંજલે પણ આ કાર્યક્રમમાં ગાયેલુ.

હાલમાં સંસ્થામાં સામાન્ય બાળકો ઉપરાંત માનસિક વિકલાંગ બાળકો – ઝાલા કિંજલ કે જેને વિવિધ પ્રકારના ૫૦ ઉપરાંત ગીતો કંઠસ્થ છે, જીમ્મી સોનપાલ ૩૫ ગીતો, મીત પરમાર ૧૫ ગીતો, લાડાણી વિશ્વેશ ૧૨ ગીતો, ઉદય ૨૫ ગીતો અને અન્ય નવા આવેલા બાળકો પણ સુંદર મજાના ગીતો ગાતા થયા છે. તો નાટય અને નૃત્ય વિભાગમાં પણ માનસિક ક્ષતિ ગ્રસ્ત બાળકોએ સુંદર પ્રગતિ કરી છે. આ ઉપરાંત મ્યુઝિક થેરાપીના સુંદર પ્રયોગથી બાળકોની વાચામાં ફેરફાર નોંધાયો છે. સ્પીચ થેરાપીમાં તે ખુબ ઉપયોગી બને છે અને તેનાથી બાળકોની એકાગ્રતામાં વધારો થતા યાદશકિત વધુ પ્રબળ બન્યાનું નોંધાયેલ છે.

**સંગીત તેમજ આર્ટ એન્ડ ક્રાફટની તાલિમ શિબીર :**

સંસ્થા દ્વારા શિક્ષકો માટેનો સંગીત અને આર્ટ એન્ડ ક્રાફટનો તાલીમ સેમીનાર રાખવામાં આવેલો જેમાં ભાવનગરથી દક્ષિણામૂર્તિના નિષ્ણાંતો દ્વારા સંસ્થા પર જ શિક્ષકોને તાલિમ આપવામાં આવેલી. તાલિમ દરમ્યાન સ્ટાફને ઘણું બધું માર્ગદર્શન અને માહિતી મળી રહી હતી.

**રાષ્ટ્રીય પર્વ ઉજવણી :**

સંસ્થામાં દર વર્ષે ૧૫ મી ઓગષ્ટ અને ૨૬ મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વ ઉજવણી રૂપે ધ્વજવંદન, બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમો, રમત–ગમત હરીફાઈ તેમજ ઈનામ વિતરણ વગેરેનું આયોજન કરવામાં આવે છે. તેમજ બાળકો તથા સ્ટાફનો સમુહ ભોજન સમારંભ પણ રાખવામાં આવે છે.

**સંસ્થાના બાળકોએ મેળવેલ સિદ્ધિઓ :**

સંસ્થાના મંદબુધ્ધિવાળા બાળકો તાલિમ લઈને સ્પેશીયલ ઓલમ્પિકમાં રાજયકક્ષાએ તેમજ રાષ્ટ્રીય કક્ષાએ અનન્ય સિધ્ધીઓ હાંસલ કરી છે. આ સ્પર્ધાઓમાં

તેઓએ જે ચંદ્રકો મેળવેલા છે તેની વિગત નીચે મુજબ છે.

**: સ્પેશીયલ ઓલમ્પિકની સિધ્ધીઓ રાજ્ય કક્ષાએ :**

| ક્રમ | વર્ષ | સુવર્ણ | રજત | કાંસ્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૪ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૨ | ૧૯૯૭ | ૪ | ૯ | ૧૩ | ૨૬ |
| ૩ | ૨૦૦૨ | ૧૩ | ૧૩ | ૧૨ | ૩૮ |
| ૪ | ૨૦૦૫ | ૩ | ૧ | ૨ | ૬ |
| ૫ | કુલ | ૨૧ | ૨૪ | ૨૮ | ૭૩ |

**: સ્પેશીયલ ઓલમ્પિકની સિધ્ધીઓ રાષ્ટ્રીય કક્ષાએ :**

| ક્રમ | વર્ષ | સુવર્ણ | રજત | કાંસ્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૫ | – | ૧ | – | ૧ |
| ૨ | ૧૯૯૮ | ૨ | ૧ | – | ૩ |
| ૩ | ૨૦૦૨ | ૧ | – | ૧ | ૨ |
| ૪ | ૨૦૦૪ | ૧ | – | – | ૧ |
| ૫ | કુલ | ૪ | ૨ | ૧ | ૭ |

**સંસ્થાના દરેક વિભાગો પ્રમાણે લાભાર્થીઓ :**

| ક્રમ | વિભાગનું નામ | કુલ લાભાર્થી | સ્ટાફ |
|---|---|---|---|
| ૧ | માનસિક ક્ષતિ ધરાવતા બાળકોની  નિવાસ શાળા | ૩૫ | ૧૮ |
| ૨ | માનસિક ક્ષતિ ધરાવતા બાળકોની  દિન શાળા | ૧૮ | ૧ |
| ૩ | સંકલિત શિક્ષણ યોજના | ૧૮૩ | ૨૦ |
| ૪ | વિકલાંગોનો રક્ષિત વર્કશોપ | ૨૬ | ૩ |
| ૫ | પુનર્વસન કેન્દ્ર | ૧૯ | ૧૮ |
| ૬ | પ્રથામિક શાળા | ૨૫૭ | ૯ |
| ૭ | બાલ મંદિર | ૪૬ | ૩ |
| ૮ | સંગીત વિદ્યાલય | – | ૨ |
| ૯ | મહર્ષિ અષ્ટવક્ર યોજના | – | ૧૩ |

ઈશ્વરે માનવ સમાજને કેટલાંક અલ્પ વિકસીત મંદબુધ્ધીના બાળકો આપ્યા છે આવા બાળકોનો યોગ્ય શિક્ષણ અને તાલિમ દ્વારા શકય તેટલો વિકાસ થાય, તેઓ સ્વમાનભેર, સ્વાવલંબન પ્રાપ્ત કરે અને ગૌરવપુર્ણ જીવન વિતાવી શકે તેવી પરિસ્થિતિનું નિમાર્ણ  કરવાના શુભ હેતુસર આ સંસ્થાની સ્થાપના થઈ છે. આ સંસ્થા જુનાગઢ જીલ્લામાં વસતા આવા વિકલાંગોને માનસિક સધીયારો પુરો પાડીને સ્વસ્થ જીવન જીવતા કરવામાં મહત્વનું યોગદાન આપે છે.

## ભાવનગરની  ' અંકુર ' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા ઃ

દેશમાં ૩૦ લાખથી વધારે બાળકો માનસિક ક્ષતિવાળા છે. જેમાંના ૭૦% ગામડાઓમાં વસે છે ત્યાં સારવાર કે શિક્ષણની સુવિધાનો અભાવ છે. દેશમાં બહુ ઓછા જીલ્લાઓમાં માનસિક ક્ષતિવાળા બાળકો માટે શાળાની સુવિધા છે. પરિણામે આવી બીમારી ધરાવતા મોટા ભાગના બાળકોને કોઈ સેવાનો લાભ મળતો નથી.

ભાવનગર જીલ્લામાં પણ માનસિક ક્ષતિવાળા બાળકો માટે કોઈ સુવિધા ન હતી તેથી ભાવનગરમાં ઈ.સ. ૧૯૭૯ માં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. દેશમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા માનસિક ક્ષતિવાળા બાળકો માટે વૈદકીય સારવાર, સામાજિક કલ્યાણ, શિક્ષણ, તાલિમ અને કાનુની રક્ષણ તેમજ પુનઃસ્થાપન માટે પહેલ કરવાની જરૂરત છે. જેથી માનસિક ક્ષતિવાળા બાળકોની સમસ્યા હલ થઈ શકે આવા બાળકો માટે ખાસ પ્રકારની શાળાઓ, છાત્રાલયોની દેશને તાકીદે જરૂરત છે.

આ સંસ્થામાં સ્કુલ બિલડીગનું બાંધકામ ચાલી રહયુ છે. સંસ્થા સાથે છાત્રાલયની સગવડ ન હોવાથી શહેર અને આજુબાજુના ગામડાઓમાંથી લાભાર્થીઓને સંસ્થાની બસ દ્વારા લાવવા લઈ જવાની સુવિધા કરવામાં આવી છે. માનસિક ક્ષતિવાળા બાળકોને વર્તણુક સુધારવાની તાલિમ, જુથ પ્રવૃતિ, વાલી માર્ગદર્શન, વાણી અને ભાષાનો વિકાસ, ફિજીયોથેરાપી ખાસ પ્રકારનો શૈક્ષણિક અભ્યાસક્રમ, કસરત તથા વ્યવસાયીક તાલીમ આપવામાં આવે છે.

**સંસ્થામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન તાલીમ મેળવેલ બાળકોની સંખ્યા દર્શાવતું કોષ્ટક નીચે મુજબ છે.**[૧૮]

| ક્રમ | વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૭ – ૯૮ | ૩૬ | ૧૯ | ૫૫ |
| ૨. | ૧૯૯૮ – ૯૯ | ૩૩ | ૨૫ | ૫૮ |
| ૩. | ૧૯૯૯ – ૦૦ | ૫૩ | ૨૫ | ૭૮ |
| ૪. | ૨૦૦૦ – ૦૧ | ૩૭ | ૨૩ | ૬૦ |
| ૫. | ૨૦૦૧ – ૦૨ | ૪૧ | ૧૬ | ૫૭ |
| ૬. | સંકલિત શિક્ષણ | ૧૯ | ૧૦ | ૨૯ |

૧૮. સંસ્થાના પ્રવેશ રજિસ્ટરની આંકડાકીય માહિતીના આધારે.

સમાજ સુરક્ષા ખાતા અમદાવાદ તરફથી ૭૫ લાભાર્થીઓની સંખ્યા મંજુર થયેલ છે. પરંતુ માત્ર ૧૯૯૯–૨૦૦૦ ના વર્ષને બાદ કરતા સંખ્યા મર્યાદા કરતા ઓછી જણાય છે.

**: વિદ્યાર્થીઓની વર્ગવાર સંખ્યા દર્શાવતું પત્રક :**

| ક્રમ | વર્ગ / ગ્રુપ | એવરેજ IQ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્લે ગ્રુપ | ૨૫ – ૩૫ | ૯ | ૨ | ૧૧ |
| ૨. | ટ્રેઈનેબલ ગ્રુપ – ૧ | ૩૫ –૪૦ | ૫ | ૫ | ૧૦ |
| ૩. | ટ્રેઈનેબલ ગ્રુપ – ૨ | ૩૫ – ૪૦ | ૮ | ૨ | ૧૦ |
| ૪. | વન ટુ વન એડલ્ટ ગ્રુપ | ૨૫ – ૩૫ | ૭ | – | ૭ |
| ૫. | પ્રિવોકેશનલ ગ્રુપ – ૧ | ૪૦ – ૭૦ | ૨ | ૭ | ૯ |
| ૬. | પ્રિવોકેશનલ ગ્રુપ – ૨ | ૪૦ – ૭૦ | ૧૦ | – | ૧૦ |
| ૭. | સંકલિત શિક્ષણ | ૫૦ – ૬૫ | ૧૯ | ૧૦ | ૨૯ |
| | કુલ | | ૬૦ | ૨૬ | ૮૬ |

**મંદબુધ્ધિના બાળકોની તાલીમનો હેતુ :**

સામાન્ય રીતે મંદબુધ્ધિના બાળકના વાલી કે પરિવાર દ્વારા બાળકનો સ્વીકાર એ જ ખુબ મુશ્કેલ વાત છે. વાલીઓની સામાન્ય સમજ એવી હોય છે કે શાળામાં તાલીમ શરૂ કરી કે તરત જ અપેક્ષિત પરિણામો આવે જ અને જો પરિણામ ન મળે તો વાલીઓ શ્રધ્ધા ગુમાવી નિરાશાની વાતો કરતાં થઈ જાય છે મંદબુધ્ધિએ અનેક પ્રશ્નોનું જુથ છે. દરેક બાળકના પ્રશ્નો અલગ હોય છે અને એક જ પ્રકારની મંદબુધ્ધિ ધરાવતા બાળકના પ્રશ્નો મિશ્ર સ્વરૂપના હોઈ શકે. આ ઉપરાંત મલ્ટી હેન્ડીકેપ બાળકોના પ્રશ્નો વધુ મુશ્કેલ ગણાય અને તેટલી જ વાલીઓએ વધુ ધીરજ રાખવી પડે.

શાળામાં બાળકોની બૌધ્ધિક ક્ષમતા (IQ) મુજબ જુથ કરી, બાળ–વિકાસના પાયાના મુદદાઓ ધ્યાનમાં રાખી તાલિમી શિક્ષકો દ્વારા તાલિમ આપવામાં આવે છે. આવી સર્વાંગી તાલિમનો હેતું બાળકને સ્વનિર્ભર બનાવવાનો છે. તેઓને દિનચર્યા, વર્તન સુધારણા, નિયમિતતા, શિસ્ત, વિનય–વિવેક, અરસ–પરસ વાતચીત કરવાની ટેવ, નાની–મોટી વસ્તુઓનો ખરીદ વ્યવહાર, નાંણાકીય વ્યવહાર વગેરે જેવી બાબતોને કેન્દ્ર સ્થાને રાખી તાલિમ આપવામાં આવે છે.

**શૈક્ષણિક તાલિમ :**

બાળકોને નર્સરીમાં, વર્ગ તથા બહારના વાતાવરણમાં રમત–ગમત, રમકડાઓની મદદથી અવનવી વિભાવનાઓની સમજ, રંગ, આકાર, સાઈઝ, અંક, અક્ષર વિગેરેની તાલિમ આપવામાં આવે છે.

ટ્રેનેબલ તથા વન ટુ વન એડલ ગ્રુપના બાળકોને ઉપરોકત બાળબતોનું દ્રઢીકરણ તથા શબ્દ અને અંકલેખન, વસ્તુઓની ઓળખ, પર્યાવરણ, નાંણા, કપડા, ઘરગથ્થુ વસ્તુઓ, ફળ, ફુલ, શાકભાજી, અનાજ, કઠોળ, સામાજીક વ્યવહારો વિગેરેની તાલિમ આપવામાં આવે છે. આ ઉપરાંત મંદબુધ્ધિના બાળકોને દિનચર્યા કે જેને સંસ્થામાં એ.ડી.એલ. તાલિમ કહેવામાં આવે છે. તે વધુ સારી રીતે આપી શકાય તે માટેનો રૂમ જરૂરી સાધનો તથા સુવિધાથી સુસજ્જ કરવામાં આવેલ છે. અને આ તાલિમ માટે ખાસ ટાઈમ ટેબલનું પણ આયોજન કરવામાં આવેલ છે કે જેથી બાળક તેની રોજબરોજની ક્રિયા બીજાની મદદ વગર કરી શકે.

**વ્યવસાયિક તાલિમ :**

સંસ્થામાં મોટી ઉમરના મંદબુધ્ધિવાળા ભાઈ બહેનોને વ્યવસાયીક તાલિમ આપવા માટે અલગ વ્યવસ્થા છે. જેમાં બે ક્રાફટ શિક્ષકો ઉપલબ્ધ છે. આ તાલિમના

અંતે કેટલાક બાળકો અંશતઃ આર્થિક રીતે સ્વાવલંબી બની શકે અને સમાજમાં માનભેર જીવી શકે તે માટેના ત્રમ પ્રયાસો કરવામાં આવે છે. ભાઈઓ અને બહેનોના અલગ – અલગ બે પ્રકારના તાલીમગ્રુપ પાડવામાં આવેલ છે.

**૧. વ્યવસાયિક તાલિમ ગ્રુપ નં. ૧ :**

આ ગ્રુપમાં મોટી ઉમરના વિદ્યાર્થી ભાઈઓને મીણબતી બનાવવાનું કામ, કાથીના પગ લુછણીયા બનાવવા, નાની – મોટી વસ્તુઓની ગણતરી કરી પેકીંગકામ, મોતી, ભુંગળી વગેરે કામની તાલિમ આપવામાં આવે છે. આ તાલિમમાં વસ્તુઓ બનાવવામાં વપરાતો કાચો માલ, તેનું માપ, વજન, કદ, રંગ, સાઈઝ વિગેરેની તાલિમ તથા તેમાં આવતા શબ્દો, અંક વગેરેની તાલિમ આપવાનો સંસ્થાનો હેતું રહેલો છે. આખા વર્ષ દરમ્યાન આ ગ્રુપના વિદ્યાર્થી ભાઈઓએ કરેલા કાર્યમાં વેચાણ યોગ્ય વસ્તુઓ જેવી કે સેમ્પલના વોશિંગ પાવડરના પેકેટ તથા ફિનાઈલનું આખા વર્ષ દરમ્યાન કરેલ વસ્તુઓનું વેચાણ વર્ષને આખરે કરવામાં આવે છે. અને તેમાંથી મળેલ રકમનો વિદ્યાર્થી ઉત્કર્ષની પ્રવૃતિમાં ઉપયોગ કરવામાં આવે છે.

**૨. વ્યવસાયિક તાલિમ ગ્રુપ નં. ૨ :**

આ ગ્રુપમાં મોટી ઉમંરના મંદબુધ્ધિની બહેનોને શિવણ, કપડાનું સાંધણ (સમારકામ), ભરત–ગુંથણ વિવિધ માધ્યમો જેવા કે શણ, પુંઠા, સળી, બાકસ, મોતી, ભુગળી, કાર્ડ પેપર્સ વગેરેનો ઉપયોગ કરી વોલ પીસ, તોરણ, ફલાવર પોટ, નેપકીન સ્ટેન્ડ, કિચેઈન, ઝુંમર, છાબ, સુંડલી વગેરે હસ્તઉદ્યોગની વસ્તુઓ બનાવતા શીખવવામાં આવે છે આ ઉપરાંત ટ્રેનેબલ ગ્રુપની બહેનોને પાપડ, બટેટાની વેફર, વિવિધ વાનગીઓ બનાવવાની રીત, માપ, ઉપયોગ વગેરેની તાલિમ આપવા ખાસ પ્રયોગો આ સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન સંસ્થાની આવી મનોદુર્બળ બહેનો દ્વારા તૈયાર થયેલી વસ્તુઓ જેવી કે પગલુછણીયા, મીણબતી, કલાત્મક છાબ, કીચેઈન વગેરેને સંસ્થામાં વેચાણ માટે મુકવામાં આવે છે. વર્ષ ૨૦૦૧ – ૦૨ ના નાંણાકીય વર્ષમાં આશરે રૂા. ૮૦૦૦/– ની મીણબતીનું સંસ્થા દ્વારા વેચાણ કરવામાં આવેલ.

**મુલ્યાંકન :**

**માનસિક રીતે ક્ષતિયુકત બાળક જન્મવાના કારણો[૧૯] :**

**સર્ગભાવસ્થા દરમ્યાનના કારણો :**

– પોષણયુકત ખોરાકની માતા–બાળકને ઉણપ રહી જવી.

– **X-RAY Readiation**

– માતાને ઓળી અછબડા, જર્મનઝીઝલ સીફીલીસ જેવા ચેપીરોગો થવા

– સર્ગભાવસ્થા દરમ્યાન વધુ પડતા કેફી દ્રવ્યો, દવાઓ જે વધુ પડતી લેવી હાનીકારક હોય.

– સર્ગભાવસ્થા દરમ્યાન માસિક સ્ત્રાવનું સતત ચાલુ રહેવું.

– સર્ગભાવસ્થા દરમ્યાન અકસ્માતથી થતુ માતા તથા બાળકને નુકશાન

**પ્રસુતિ સમયના કારણો :**

– પીડાયુકત પ્રસૂતિ, સાંકડા પ્રસૂતિ દ્વારને કારણે પ્રસૂતિ દરમ્યાન બાળકને જન્મતા વાર લાગે અને બાળકના માથા પર દબાણ આવે.

– બાળકનું જન્મ સમયે મોડું રૂદન

– જન્મ વખતે બાળકના ગળા પર નાળનું વિંટળાઈ જવું

– ફોરસેપ વડે પ્રસૂતિ અને તેથી થતી ઈજા

– અધુરા માસે બાળકનો જન્મ થવો.

---

૧૯. ડો. મહેતા પ્રકાશ – મનોચિકિત્સકની રૂબરૂ મુલાકાત.

**જન્મ પછીના કારણો :**

– બાળકના મગજને ઈજા

– જન્મ પછી બાળકને મોટી ઉધરસ, વાઈ, ઓરી, અછબડા, કરોડરજજુનો સોજો, ટાઈફોઈડ, મેનેન્જાઈટીસ તથા અન્ય રોગોના જીવાણુથી થતું નુકશાન

– બાળકોને મળતુ અપુરતુ પોષણ

– ANEMIC બાળકને કમળો થવો તથા અપુરતી મળતી સારવાર

– બાળકને વધુ પડતી દવાની ઝેરી કે વિપરીત અસરો

– બાળકને વારંવાર આંચકી આવવી

– સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક પરીબળો

– અપુરતું રક્ષણ

– છીન્ન–ભીન્ન થયેલ માતા પિતાનું જીવન

– અપુરતી શિક્ષણ કે વિકાસની સગવડ

– માનસીક અને લાગણીની જરૂરીયાતો ન સંતોષવી.

– વિકૃતી પામેલ બાળક તથા માતા પિતાનો સબંધ

– બાળપણમાં બાળકને લાગેલ માનસિક આધાત

**આનુવંશિક કારણો :**

– માતા પિતાના ચજ નેગેટીવ– પોઝીટીવ હોય તો વધારે સંભવ રહે છે.

– મોટી ઉમરે લગ્ન પછી જન્મેલ સંતાન – ૪૫ કે ૫૦ વર્ષની ઉમરે થતા બાળકોમાં આની સંભાવનાવધારે રહે છે.

– સગોત્ર લગ્ન – શારિરીક ગુણો સાથે અવગુણો બેવડાય છે.

– વારંવાર ગર્ભપાત કરાવવાથી

– ચયાપચયની ખામીને લીધે

– માતા પિતાની ઉમરમાં મોટો તફાવત હોવાથી

– થાઈરોડ – ગ્લેન્ડમાં ઉત્પન્ન થતો સ્ત્રાવ અપૂર્ણ હોય ત્યારે

સંસ્થાની સર્વપ્રવૃતિને ધ્યાનમાં લઈ અભ્યાસ કરતા નીચે પ્રમાણે બાળકોમાં સુધારોથતો જોવા મળે છે. એમનામાં ગુણોનો વિકાસ થાય છે. આ એવા ગુણો છે, જે સમાજમાં એકસામાજીક વ્યકિત તરીકે જીવવામાં એમને મદદરૂપ થાય છે.

**સંસ્થામાં રહી તાલીમ મેળવેલ બાળકોમાં વિકસતા ગુણો અને ટેવો :**

– આત્મ નિર્ભરતા

– શિસ્ત પાલન, સામાજીકરણની પ્રાથમિક તૈયારી

– સ્વાલંબન , આત્મનિર્ભરતા

– શારીરીક સ્વચ્છતા અને તબિયતની કાળજી લેવી, ભાષાકિય વિકાસમાં ગીત પ્રાર્થનાથી અનુકરણીય વલણ શીખવું.

– આત્મ વિશ્વાસ વધે છે.

– ગ્રુપલીવીંગથી સામાજીકરણ થાય છે.

– બાળક કંઈક કર્યાનો આત્મસંતોષ અનુભવે છે.

– પ્રોત્સાહન, શિસ્ત, નિયમિતતા વગેરે ગુણો ટેવના રૂમમાં ફેરવાઈ છે.

– વ્યવસાયીક અને સામાજીક જ્ઞાન પ્રાપ્ત કરે છે.

– માનસિક વિકાસથી સ્વાવલંબન

– સામાજીક જ્ઞાનનો વિકાસ

– અનુકરણ દ્વારા સ્વાવલંબન

આમ જોઈએ તો બાળકમાં આત્મનિર્ભરતા પાયામાં આવતી જોવા મળે છે. અનુકરણથી પોતાની જરૂરીયાત મુજબનું કાર્ય પોતાની જાતે કરતો થાય છે.

**વૈજ્ઞાનિક સિધ્ધાંતોને આધારે બાળકમાં આવતો બદલાવ :**

– અનુકરણની ટેવથી શિક્ષણ લેતુ થતું બાળક
– સામાજીક જીવન, વેયકિતક સંબંધો, અન્યોન્ય સંબંધનો વિકાસ, સહકારની ભાવનાનો વિકાસ
– ચોકકસ પ્રણાલિકા અનુસરવાથી દૈનિક જીવનમાં બાળક અનુકરણ દ્વારા ઘણું બધુ શીખે છે અને તેનામાં આત્મ વિશ્વાસ વધે છે. જેથી તેનો માનસિક તનાવ ઓછો થાય છે.
– **Recreation**(મનોરંજન) વડે શિક્ષણ મેળવે છે. ટી.વી., રેડિયો ગીત વગેરે જેવી સામાજીક પ્રકિયાથી સુપરિચીત થાય છે, જ્ઞાનમાં વૃધ્ધી થતા વિકાસનો પંથ જળવાય છે. જમવા માટેની પ્રક્રિયા સઘળા કામ માટે પ્રોત્સાહક છે. જમવું, વ્યવસ્થિત બેસવું વગેરે જેવી સામાજીક સુટેવો વિકાસે છે.
– આમ આ બધી આનંદની, મનોરંજનની પ્રવૃતિઓમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણના અભિગમથી બાળકનું સમાજમાં પુનઃસ્થાપન થવામાં સરળતા રહે છે.

**મંદબુધ્ધિના બાળકોની સારવાર માટે આર્યુવેદ ક્ષેત્રમાં થયેલી પ્રગતી :**

મંદબુધ્ધિના બાળકોની સારવારમાં એલોપેથી દવાથી કોઈ ખાસ સુધારાજનક પ્રાપ્ત થયેલ નથી. તેવા સંજોગોમાં ઈન્દોરના ડો. પ્રફુલભાઈ વી. દવેએ પોતાના આર્યુવેદીક ક્ષેત્રના અનુભવના આધારે આવી બીમારી ધરાવતા વ્યકિત સમુહ માટે ટીકડીના રૂપમાં દવા તૈયાર કરેલ છે. જેનું નામ **INTEMEM** જેનું આખુ નામ ઈન્ટેલીજન્ટ મેમરી થાય છે. આ ઉપરાંત મંદબુધ્ધિના બાળકો કે જે ટીકડીના રૂપમાં દવા લઈ શકતા નથી તેમના માટે આ જ પ્રકારની દવા સ્વાદિષ્ટ સીરપના રૂપમાં પણ તૈયાર કરેલ છે. જે ઘણી અસરકારક જણાય છે પરંતુ આ દવા હાલ પ્રાયોગીક તબકકામાં હોવાથી બજારમાં મુકાયેલ નથી.

**સમાપન :**

એક અંદાજ મુજબ ભારતમાં સમગ્ર વસ્તીના બે ટકા લોકો એક યા બીજા પ્રકારની માનસીકક્ષતિ ધરાવે છે. જેમાં માઈલ્ડ, મોડરેટ અને સિવિયર પ્રકારની માનસિક ક્ષતિવાળાલોકોનો સમાવેશ થઈ જાય છે. આવા માનસિક ક્ષતિ ધરાવતા બાળકોની કુમળી વયે તપાસ, નિદાન, તાલિમ અને પુનઃવસનની પુરતી સુવિધા આપણેત્યાં નથી ત્યારે આવા બાળકો તેમનાપરિવાર તથા સમાજ માટે ચિંતાનો વિષય બને છે. આવા બાળકો જન્મતા અટકે કે જન્મ બાદ બાળક માનસિક ક્ષતિવાળુ ન બને તે માટે બાળકની માનસિક ક્ષતિ થવાના કારણો અંગેજાગૃતિ કેળવી, પરિવાર, સમાજ તથા સરકારશ્રીએ તે માટેની જરૂરી સાવચેતીના પગલા લેવા જોઈએ અને તે માટે સામાન્ય જનજાગૃતિ ખુબ જ આવશ્યક ગણાય.

" મંદબુધ્ધિના બાળકોનું ગૃહ – રાજકોટ " ની સંસ્થામાં હાલમાં ૩૦ જેટલા મંદબુધ્ધિના બાળકો આશ્રય લઈ રહયા છે. સંસ્થાના અધિક્ષક શ્રીની દેખરેખ હેઠળ બાળકોનેશિક્ષણ, તાલિમ, સારવાર સંભાળ અને રોટી, કપડા, મકાનની સુવિધા વિના મુલ્યે આપવામાંઆવે છે. આ સંસ્થાની સ્થાપનાથી અત્યાર સુધીમાં ૫૩૬ અંતેવાસીઓને આશ્રય આપી જરૂરીતાલિમ પુરી પાડવામાં આવી છે અને એમાના ઘણા ખરા રોજગારમાં પણ લાગ્યા છે. કેટલાકખોવાયેલા બાળકોના મા–બાપ કે વાલી પણ આ સંસ્થા દ્વારા શોધી આપવામાં આવ્યા છે.અનાથ (નિરાધાર) બાળકોને જીવ ત્યાં સુધી આશ્રય, સારવાર આપી તેમની વૃતિઓમાં સતતવધારો લાવવા સંસ્થાએ સતત પ્રયત્ન કરેલ છે. કેટલાક અંતેવાસીઓને શિવણ, વણાટ, રસોઈકામ તથા ગૃહ સુશોભનની તાલિમ પણ આપવામાં આવેલ છે. જેથી તેમની મનોદશામાં તેમજ તેમના આવેગોમાં સુધારો કરી શકાયેલ છે.

સંસ્થાની મર્યાદાને ધ્યાનમાં લઈએ તો માત્ર છોકરાઓ માટે જ કામ કરતી આ સંસ્થા છે, છોકરીઓ માટે આવી સરકારી કોઈ જ સંસ્થા નથી કે ટ્રસ્ટ દ્વારા સરકારી અનુદાનથી ચલાવવામાં આવતી નથી જેથી તેઓ આ લાભથી વંચીત રહી જાય છે.

ભાવનગરની 'અંકુર' સંસ્થા માત્ર 'ડે – કેર' શાળા છે. નિવાસી નથી એટલે માત્રભાવનગરમાં વસતા અંતેવાસીઓને જ આનો લાભ પ્રાપ્ત થાય છે. સંસ્થાની પ્રવૃતિઓમાંકુમળી વયે નિદાન, ટોયલેટ ટ્રેનીંગ, દિનચર્યા તાલિમ, આવેગાત્મક વલણ, નિયંત્રણ, વર્તનસુધારણા, વિવિધ થેરાપી, શૈક્ષણિક પુર્વ વ્યવસાયિક તાલિમ, વાલી માર્ગદર્શન, સાંસ્કૃતિકપ્રવૃતિઓ, રમત–ગમત અને પુનવર્સન જેવા વિવિધ પાસાઓ સંકળાયેલા છે. વિવિધ થેરાપીનીચર્ચા કરીએ તો ઓકયુપેશનલ થેરાપીસ્ટ, ફિઝીયોથેરાપીસ્ટ, સ્પીચથેરાપીસ્ટ, મ્યુઝીકથેરાપી, કલેથેરાપી અને પ્લેથેરાપી જેવી વિવિધ પ્રવૃતિઓથી બાળકોના માનસિક વિકાસનું સ્તર ઉચુ લાવવામાં આવે છે.

# પ્રકરણ – ૫

## ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર કાલાવડ રોડ રાજકોટ

**પ્રસ્તાવના :–**

લોકશાહી અને કલ્યાણ રાજયમાં વ્યકિતના ગૌરવ અને દરજજાને યોગ્ય મહત્વ આપવામાં આવેલ છે. ભારતીય બંધારણે પણ કેટલાક મૂળભૂત અધિકારો બક્ષીને દેશના દરેક નાગરીકને ભેદભાવ વિના પોતાનીશકિતઓ મુજબ વિકાસ સાધવાની જરૂરી તક પુરી પાડેલ છે. તેમ છતાઆપણા રાષ્ટ્રસમક્ષ ઘણી આર્થિક અને સામાજીક સમસ્યાઓ પડેલી છે. કલ્યાણ રાજય તેની ફરજના એક ભાગ રૂપે આ સમસ્યાઓ સમાજમાંથી દુર કરવા માટે વિકાસલક્ષી યોજનાઓ દ્વારા પ્રયત્ન કરે છે.

ભારતીય સમાજમાં ભિક્ષાવૃતિ એ વર્ષા જુની જટીલ સમસ્યા છે અને આજ સુધી તેને ધાર્મિક અને દયાભાવનાથી આપણે તેને પોષતા આવ્યા છીએ. ભિક્ષાવૃતિની સમસ્યામાંથી જ કેટલાક બીજા દુષણો પેદા થાય છે. જે સમાજ માટે બોજારૂપ અને સામાજીક વિકાસની પ્રક્રિયામાં અવરોધક બની રહે છે. બહુજન સમાજને જયારે આ સમસ્યાનો સામનો કરવાનો આવે છે ત્યારે સરકાર તેને કાયદાનું સ્વરૂપ આપીને અંકુશમાં લેવા અથવા નાબૂદ કરવા પ્રયત્નો કરે છે.

" ભિક્ષા" શબ્દ આપણે પ્રાચીનકાળથી સાંભળતા આવ્યા છીએ આમ ભિખ શબ્દ એ ભિક્ષામાંથી ઉતરી આવ્યો છે. સમયે સમયે આશબ્દનો ઉપયોગ તથા તેની પાછળની ભાવના બદલાતી રહી છે. પહેલાના સમયમાં રાજયના પુરોહિતો અને બ્રાહમણો પોતાના ધાર્મિક વ્યવસાયના પુરસ્કારમાં સીધે સીધા મહેનતાણાને બદલે ગુરુ–દક્ષિણાના સ્વરૂપમાં ભિક્ષા દ્વારા પુરસ્કાર સ્વીકારતા ભિક્ષાવૃતીએ

સાંપ્રત સમાજની જટીલ સમસ્યા છે હાલના કપરા સમયમાં એક બાજુ માણસો મહેનત મજુરી કરી પરસેવો પાડી પોતાની રોજી રોટી રળે છે, જયારે બીજી બાજુ આળસુ, વ્યસની, પ્રમાદી ભિક્ષુકો સમાજ ઉપર ભારરૂપ બનતી જાય છે જે સ્વાભાવિક રીતે જ આજના આ સાંપ્રત સમાજમાં ધૃણા ઉપજાવે છે. માટેજ સ્વામી વિવેકાનંદે કહયુ હતું કે "જયાં સુધી લાખો લોકો ભુખમરાથી સબડે છે ત્યાં સુધી આવા લોકોના ખર્ચે અને જોખમે ભણેલોઓ પરંતુ આવા લોકો પ્રત્યે દુર્લક્ષ સેવનારાઓને હું દેશદ્રોહી ગણું છું"[૧]

સમયના વહેણ સાથે અમુક વ્યકિતઓએ આળસુ, નિરૂપદ્રવી, વિના–હકકે "ભિક્ષા" દ્વારા પોતાનું જીવન ગુજારવાનું શરૂ કર્યુ અને આ પવિત્ર શબ્દને ભીખનું સ્વરૂપ અપાયું. સંજોગો બદલાતાં હાલના સમાજમાં આર્થિક રીતે નબળા તથા કંઈક અંશે સમાજથી તરછોડાયેલા પોતાનું ગુજરાન ચલાવવા સમાજના અમુક વર્ગને ધર્મના ઓઠા હેઠળ ભીખ આપવા સ્થિતસંપન્ન લોકોને મજબુર કરવા લાગ્યા. પૂર્વ જન્મ તથા પૂર્ન જન્મમાં "સ્વર્ગ" અને "પુણ્ય" મેળવવાની લાલચમાં આજનો આ સમાજ આવા તત્વોને ભીખ આપી ઉત્તેજન આપે છે પરિણામે સમાજ અને સરકારને **"ભિક્ષા પ્રતિબંધક ધારો"** ઘડવાની જરૂરીયાત જણાઈ.

ભિક્ષુકોને ભિક્ષા વૃતિ કરતા આપણે જોતા જ આવ્યા છીએ. કોઈઅંધ, કોઈ લૂલા–લંગડા, ઠુઠા, કોઈ મુંગા– બહેરાં કોઈ સાધારણ કે વધારેપાગલ જેવાં, કોઈ સંન્યાંસી ફકીરના વેશમાં તો કોઈ ભજનો કે ગીતો લલકારતાં ભીખ માંગતા અને કોઈ ભગવાનના નામે અથવા અલ્લાના નામે ટહેલ નાખતા, ધાર્મિક વૃતિને ઉત્તેજક વાણીથી તથા કુદરતની મહેરબાનીથીઆયુષ્ય, ધન, સંતતીમાં અનેક લાભ થવાના આર્શિવાદ આપી લલાચાવતાભિક્ષુકો આપણે નાનપણથી જ જોતા આવ્યા છીએ

૧ નાણાવટી રમેશભાઈ , આસી.જજ વડોદરા ભિક્ષા નિવારણ સપ્તાહ વડોદરા સોવેનીયર પાના નં.–૩૨.

મેળાઓમાં, મંદીરો કે મસ્જીદો પાસે રસ્તોઓમાં, રેલ્વે સ્ટેશનોએ કે એસ. ટી. મથકોએ, રેલ્વેના ડબ્બાઓ કે લતાઓમાં કે શેરીઓમાં જાહેર બગીચાઓમાં કે જાહેર હોટલો, લોજ, વીશીઓ પાસે, ઘેર–ઘેર, દુકાને દુકાને ફરીને દીન ભાવે યાચના કરતા આ ભિક્ષુકો થી અબાલ વૃધ્ધો સહુ પરિચીત છે જ.

કોઈ ભીખ આપે, કોઈ ઉપેક્ષા કરે, કોઈ ના પાડે કોઈ તેમની સતત આજીજીથી કંટાળીને કંઈક આપે, કોઈ તેમની સામે પગે લાગીને સવિનયરીતે માફ કરો એમ જણાવી ટાળે એ દ્રશ્યોથી આપણે ટેવાઈ ગયા છીએ.

ભિક્ષુકોને ભાવિકજનો તરફથી જરૂરી ભીખ મળી જ રહેતી હોય છેદરેક ધર્મોમાં દાન એ ધાર્મિક ફરજ ગણાવાઈ છે. તેથી દાન આપવું જજોઈએ, એ ધાર્મિક વૃતી જાહેર જનતામાં વ્યાપેલી જ છે. મનુષ્ય જીવનની શરૂઆતથી જ આમતો ભિક્ષુકોની શરૂઆત થયેલી છે એમ કહી શકાય અનેભિક્ષાવૃતિ જન સમાજમાં પોષાતી રહી છે. અલબત સમાજની આ જવાબદારી છે અને તેથી દયાભાવના તથા ધાર્મિક ફરજના કારણે ભિક્ષુકો સમાજમાં પોષતા રહયો છે. દિવસો સુધી કાંઈ જ ખાધુ પીધું ન હોય તેકારણે જ અવસાન પામ્યાનો કોઈક જ બનાવ કયાંક બને બાકી, બે સમયનુંભોજન, ચ્હા, નાસ્તો કે પરચુરણ ખર્ચ માટેની રોકડ રકમ ભિક્ષુકોને મળી જ રહે છે.

**શું ભિક્ષા આપવી એ સાચું દાન છે. ?**

ક્ષણભર માટે પણ વિચારીએ તો પરચુરણનો સિકકો ભિક્ષુકને આપવાથી દાન કર્યાનો સાધારણ સંતોષ આપણને જરૂર થાય અને આપણે આપીએ તેમ કોઈ ને કોઈ અન્ય તેમને આપશે જ અને તેથી તે દિવસે તે ભિક્ષુક ખાઈ–પી શકશે તેવો ભરોસો પણ હોય છે. તેમનું રહેઠાણ કયાં છે? તેમને કેટલા સગા છે? તેઓ કેવી રીતે

જીવે છે? તેઓ દિવસભર ભીખ માંગીને કેટલું કમાય છે? તેઓ આજે ભોજન કે રહેઠાણની વ્યવસ્થા જાળવીશકશે? શું આવતી કાલે તેમને ફરીથી ભીખ માંગવી નહી પડે? આપણે આબાબતે કયારેય જાણ્યું છે કે આપણા આ નજીવા દાનથી તેમનો કોઈ કાયમી ઉકેલ થાય છે ? તો પછી શું આપણે તેમને કાયમી ભિખારી જ રાખવા માંગીએ છીએ? શું આપણે તેમના ભલા માટે કંઈક નકકર ન કરી શકીએ?કે પછી, તેમને તેમના કિસ્મત પર જ છોડી દેવા જોઈએ? ખરેખર જો ભૂખ્યો ભિક્ષુક આપણા દાનથી ભોજન કરી શકે તો આપણું દાન યોગ્ય વ્યકિતને ગયું છે તેમ કહી શકાય. પરંતુ કોઈ સ્થળે સદાવ્રતમાંથી તેને બન્નેસમય ભોજન મળ્યું હશે, અને ધાર્મિક જગ્યા કે ધર્મશાળામાં સુવા માટેની જગ્યા મળી હશે તો આવતીકાલે પણ તેને તેજ રીતે મળી રહેવાનું છે તેવી ખાત્રીથી તેણે ભેગી કરેલી રોકડ રકમ તેને આ રીતે જ ભીખ માંગવા લલચાવશે. તેને કોઈ સ્થિર સમાજ જીવન નથી તથા આવતી કાલની કોઈ ચિંતા નથી તેથી સહેજે ભેગી થતી અને તેની મૂડીમાં વધરો કરતી આ રોકડરકમ તેને કેફી કે માદકપીણાઓમાં, વ્યસનમાં કે જુગાર રમવામાં અનિતીનામાર્ગે નહી લઈ જાય, તેની શું ખાત્રી ? જો આમ જ થાય તો તેનું કારણ સમાજે તેને ભિક્ષામાં આપેલી રોકડ રકમ જ છે અને એમ થવામાં નિમિત્ત બનવાની જવાબદારી સમાજમાં કોણ સ્વીકારશે?

**ભિક્ષાવૃતી પ્રતિબંધક ધારો ૧૯૫૯ :**

આપણે ગંભીરતા પૂર્વક વિચારીએ તો આપણે જાણી શકીએ કે આપણા સમાજ દ્વારા ભિક્ષુકોને સાધારણ ખાદ્ય– પદાર્થો કે પરચુરણના સિકકઓ જ આપવામાં આવે છે. જે તેમના માટે કાયમી ધોરણે કલ્યાણકારીતો નથી જ. કદાચ સમાજના લોકો દ્વારા આપવામાં આવતા આ દાનનો આપણે ઉપર જોયું તે પ્રમાણે દૂર ઉપયોગ પણ થતો હોય અને કાયમી રીતેભીખારી બની રહેવામાં પણ તેમને ફાયદો જણાતો

હોય અને એ માટે સમાજ કદાચ નિમિત પણ બનતો હોય. યુવાન ભિખારીઓ આ રીતે ભીખમાંગવામાં જ જીવન વિતાવી તેમની યુવાની અને યુવા શકિત વેડફે છે. ભિક્ષુકોનો ઉતકર્ષ થવો જ જોઈએ. તેમને સમાજમાં પુનઃ સ્થાપિત કરવા જજોઈએ. ભિક્ષાવૃતીને પોષવી ન જ જોઈએ. આપણી અને સમાજની આવી ઈચ્છા હોય તે સ્વાભાવિક જ છે અને તેથી જ આપણી રાજય સરકારે આ બાબતે જે વ્યવસ્થા કરી છે. તેનાથી આપણે માહિતગાર થઈએ અનેસમાજમાં આબાબતે થઈ રહેલા કાર્યની આપણે સમજ મેળવીએ.

ભિક્ષાવૃતિ પર કોઈ અંકુશ હોવો જોઈએ એ ખ્યાલ સરકારશ્રીમાં રજુથયો અને જે અન્વયે મુંબઈ ભિક્ષાપ્રતિબંધક ધારો ૧૯૫૯ અમલમાં આવ્યો. [૨]

**મુંબઈ ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૫૯ હેઠળ ભીખની વ્યાખ્યા [૩] :**

કોઈપણ જાહેર જગ્યાઓમાં કોઈપણ પ્રકારનો દેખાવ કરીને અથવા દેખાવ કર્યા વગર માંગવું તેને ભીખ માંગવી એમ કહેવામાં આવેલ છે.ભિક્ષા માંગવા અથવા લેવાના હેતુથી કોઈ ખાનગી જગ્યામાં દાખલ થવુંતદ્ ઉપરાંત પોતાના શરીરની કોઈ ખામી, ઘા, ચાંદુ અથવા કોઢ અથવા વિકૃતી, ખોડ–ખાંપણ દર્શાવી ભીખ મંગાવી અથવા જેઓના ભરણપોષણનું કોઈ સાધન ન હોય અને એમ માનવાને કારણ મળે કે તે ભીખ માંગીને જજીવન ગુજારે છે અથવા પોતાને ભીખ માંગવા ઉપયોગ કરવા દે આ બધીબાબતોને કાયદા હેઠળ "ભીખ" તરીકે ગણવામાં આવેલ છે.

સામાન્ય રીતે ભિક્ષુકો આપણે આગળ જોયા પ્રમાણે મંદિર અને મસ્જીદની

---

૨ સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ ૧૯૯૩ પાના નં– ૭૫

૩ "એજન" પાના નં– ૭૫ અને ૭૬

આજુબાજુ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, બજારો કે જયાં લોકો મોટા પ્રમાણમાં ભેગા થાય છે ત્યાં ભીખ માંગે છે. તેઓ એક શહેરમાંથી બીજા શહેરમાં પણ ભીખ માંગવા જતા હોય છે. ખાસ કરીને ધાર્મિક ત્યોહારોમાં(તહેવારમાં) યાત્રાના સ્થળે તેઓ ભીખ માંગવા જતા હોય છે. બાળકો સામાન્ય રીતે પ્રજાની સહાનુભૂતિ તુર્ત જ મેળવતા હોય છે અથવા સામાન્ય પ્રજાજનો બાળકો તરફ અનુંકંપા ધરાવતા હોવાથી બાળકોનો ભીખ માંગવામાટે ઉપયોગ થતો હોય છે. કેટલાક ધંધાદારી ભિક્ષુકો બાળકોને અપંગ બનાવી તેઓ પાસે ભીખ મંગાવતા હોય છે.

આ સમસ્યાના નિરાકરણ રૂપે હાલમાં મુંબઈનો ભિક્ષા પ્રતિબંધક ધારો–૧૯૫૯, ગુજરાત રાજયના મોટા શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ શહેરોને લાગુ કરવામાં આવેલ છે. જામનગર શહેરને પણ આ ધારો લાગુ કરવામાં આવતો હતો પરંતુ અત્યારે ત્યાં આ ધારાનું અમલીકરણ બંધ છે.[૪]

ગુજરાત રાજય જયારે બૃહદ મુંબઈ રાજયનું એક ભાગ હતું ત્યારે એટલે કે ઈ. સ. ૧૯૬૦ માં ગુજરાત રાજયની સ્થાપના થઈ તે પહેલા મુંબઈ શહેરમાંથી પકડતા ભિક્ષુકોને રાખવા માટે નરોડા પુરુષો માટે તથા ડભોડા સ્ત્રીઓ માટે ગાંધીનગર જીલ્લામાં ભિક્ષુક ગૃહોની સ્થાપના કરવામાંઆવી હતી.

આ ભિક્ષુક ગૃહોમાં ભિક્ષુકોને તેમની સજાનો સમય પુરો કરવા અને જાુદા જાુદા ઉદ્યોગમાં તાલીમ આપી સમાજમાં પુનઃ સ્થાપન માટેમોકલવામાં આવતા હતા.

ઈ. સ. ૧૯૬૦ માં અમદાવાદ શહેરને ભિક્ષા પ્રતિબંધક ધારો લાગુપાડવા એનું

૪ સંસ્થાની સ્થાપના ફાઈલ.

જાહેરનામું બહાર પાડવામાં આવતાં અમદાવાદ શહેરમાં ભિક્ષાપ્રતિબંધક ધારાની અમલીકરણ માટે ઓઢવ ખાતે "શ્રી ભીખાભાઈ સતીયા ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર" શરૂ કરવામાં આવ્યું. એ સમય દરમ્યાન ગુજરાતરાજયની સ્થાપના થઈ અને તત્કાલીન મુંબઈ રાજય તરફથી નરોડા અનેડભોડા ખાતે જે ભિક્ષુક ગૃહો સ્થાપવામાં આવેલ તે ભિક્ષુકગૃહોનો ઉપયોગ અમદાવાદ શહેરમાંથી પકડાતાં ભિક્ષુકોને ડીટેનશન સમય દરમ્યાન તાલીમઅને પુનઃ સ્થાપનના કાર્યમાટે કરવાનું શરૂ કરવામાં આવ્યું. [૫]

ભિક્ષા પ્રતિબંક ધારાની જોગવાઈ અનુસાર કોઈપણ મોટા શહેરનીસ્થાનિક સંસ્થા એટલે કે મ્યુનિસીપલ કોર્પોરેશન કે મ્યુનિસિપાલીટીનીસામાન્ય સભાના ઠરાવ દ્વારા રાજય સરકારને તેમના શહેરનો ભિક્ષાપ્રતિબંધક ધારો લાગુ પાડવા જણાવે ત્યાર બાદ સમાજકલ્યાણ વિભાગ દ્વારાજરૂરી જાહેરનામું બહાર પાડી જે તે શહેરને ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૫૯ લાગું પાડવામાં આવે છે. આ પ્રમાણેનું જાહેરનામું બહાર પાડતા તે શહેરમાંભિક્ષા પ્રતિબંધક ધારાના અમલીકરણ માટે ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર ની સ્થાપનાઅંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં સને ૧૯૬૦ માં ભિક્ષા પ્રતિબંધક ધારો લાગુપાડયા પછી સને ૧૯૬૩ માં સુરત શહેરમાં અને સને ૧૯૬૫ માં વડોદરાશહેરમાં ભિક્ષા પ્રતિબંધક ધારો લાગુ કરવામાં આવ્યો અને તેમના અમલીકરણ માટે ભિક્ષુક સ્વીકાર કેન્દ્રની સ્થાપના અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સને ૧૯૭૮–૭૯ના વર્ષમાં રાજકોટ અને જામનગર શહેરોને ભિક્ષાપ્રતિબંધક ધારો લાગુ કરવામાં આવ્યો અને તેના અમલીકરણ માટે બન્નેશહેરોમાં એક–એક

---

૫. સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ, ભીક્ષા પ્રતિબંધક ધારો પ્રકરણ, પાના નં. ૭૭.

ભિક્ષુક સ્વીકાર કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.

આમ ગુજરાત રાજયમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ખાતેકુલ ચાર, ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો અને નરોડા ખાતે પુરુષો માટેનું ભિક્ષુક ગૃહઅને ડભોડા ખાતે સ્ત્રી ભિક્ષુકો માટેનું ભિક્ષુક ગૃહ કાર્યરત છે.

**ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો અને ભિક્ષુક ગૃહો :**

જે શહેરમાં ભિક્ષા પ્રતિબંધક ધારો લાગુ કરવામાં આવે છે તે શહેરમાંથી આ ધારા હેઠળ પકડાતા ભિક્ષુકો ને તેઓના કેસનો નિકાલ નથાય ત્યા સુધી રીમાન્ડ પર રાખવા માટેની સંસ્થાને " ભિક્ષુક સ્વીકારકેન્દ્ર" કહેવામાં આવે છે. તદ્ઉપરાંત જે ભિક્ષુકોના કેસનો નિકાલ થઈ જાય અનેતેઓનો ડીટેનશનનો સમય પુરો કરવા માટે સંસ્થામાં રાખવામાં આવે તે સંસ્થાને "ભિક્ષુક ગૃહો" કહેવામાં આવે છે. ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં ડીટેઈનથયેલા ભિક્ષુકોને જે તે ભિક્ષુક ગૃહોમાં જગ્યા મળે ત્યાં સુધી સ્વીકાર કેન્દ્રમાંરાખવા પડે છે. જેથી દરેક ભિક્ષુક સ્વીકાર કેન્દ્રને ભિક્ષુક ગૃહ તરીકે પણજાહેર કરવામાં આવે છે. આમ ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર ભિક્ષુક ગૃહ તરીકે પણકામ કરે છે. એટલકે ડીટેઈન થયેલા અંતેવાસીઓને તેમનો ડીટેશન સમયપુરો કરવા માટે રાખી શકાય છે.[૬]

**ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર રાજકોટ :**

રાજકોટ શહેરમાં કાલાવડ રોડ ખાતે આવેલ ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર જે સંપુર્ણ રીતે સરકાર દ્વારા સંચાલિત સંસ્થા છે જેનુ કાર્યક્ષેત્ર રાજકોટમ્યનિસીપલ કોર્પોરેશન હદ પુરતુ મર્યાદિત છે. આ સંસ્થા ગુજરાત રાજયગાંધીનગરના સમાજ સુરક્ષા ખાતા નીચે આવતી સંસ્થામાંની એક છે. જેગુજરાત સરકારના સામાજીક ન્યાય

૬ સમાજ સુરક્ષાખાતા મેન્યુઅલ ૧૯૯૩ પાના નં–૭૭.

અને અધિકારીતા વિભાગના ખાતાનાઅંકુશ હેઠળની સંસ્થા છે.

આ સંસ્થામાં એવી વ્યકિતઓને લાવવામાં આવે છે કે જેની ઉંમર૧૮ વર્ષથી વધુ હોય અને જે પોતાની કાર્યકુશળતાની ખામી અથવા સ્વૈચ્છીકબેકાર અને બેરોજગાર હોય અને માત્ર પોતાનો જ ભરણપોષણનો બોજ ઉપાડવા પણ પોતાની જાતને સક્ષમ ગણતા ન હોય અથવા સક્ષમ હોવા છતા આળસ વૃતિના કારણે માત્ર પોતાનુ ભરણ પોષણ સહેલાઈથી થઈ શકે તે વિચાર, ઈરાદા અને હેતુથી અન્ય પાસે કોઈપણ પ્રકારે માત્ર ભીખ માંગીને જ રસ્તો રોળવવા ટેવાયેલ હોય અને જેઓ પોતાની આવી તુચ્છ અને ધૃણાસ્પદ વૃતિને કારણે સમાજમાં તિરસ્કારને પાત્ર બનેલ હોય તેવા ભિક્ષુકોને રાજકોટ "ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર" કાલાવડ રોડ ખાતે આવેલીસંસ્થામાં રાખવામાં આવે છે.

આ સંસ્થામાં માત્ર પુરુષ ભિક્ષુકોને જ રાખવામાં આવે છે અનેતેઓની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવી જોઈએ નહી અને આ સંસ્થામાં વધુમાં વધુ પ્રવેશ મર્યાદા સંખ્યાની રીતે જોઈએ તો ૫૦ની છે. ગુજરાતમાંહાલ જે પાંચ ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો છે. જેમાનું એક ભિક્ષુક ગૃહ (ડીટેઈનકરેલા) નરોડા અમદાવાદમાં છે જયાં બીજી અન્ય જગ્યાએથી લાંબી બીમારીધરાવતા ભિખારી ને ત્યાં તબદીલ કરી શકાય છે. કારણ કે ત્યાં ભિક્ષુકોને રાઉન્ડઅપ કરવાની સત્તા નથી. તેમજ મહિલા ભિક્ષુકો માટે ડભોડા, જીલ્લો ગાંધીનગર ખાતે સંસ્થા કાર્યરત છે. તે જ રીતે વડોદરામાં પણ મહિલા ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર છે.[૭]

આ ઉપરાંત ૨૧ વર્ષથી નાની ઉંમરના એટલે કે બાળ ભિક્ષુકો માટે પણ હાલ ગુજરાત સરકારે બાળ ભિક્ષુકો માટે પણ હાલ ગુજરાત સરકારે "બાળ ભિક્ષુક ગૃહો

૭. સંસ્થાની પ્રવેશ ફાઈલ.

" ની વ્યવસ્થા કરેલ છે. જે હાલ અમદાવાદ, વડોદારા,સુરત, ભાવનગર અને રાજકોટ ખાતે છે. જેમાં જગ્યા ફાળવણીના અભાવેહાલ હજુ સુધી રાજકોટ ખાતે આવું "બાળ ભિક્ષુકગૃહ" કાર્યરત થયેલ નથી.જે નજીકના ભવિષ્યમાં શરૂ થઈ જવાની સંભાવના છે.[૮]

**સ્થાપનાનો ઈતિહાસ :**

રાજકોટ સ્થિત ભિક્ષુક સ્વીકાર કેન્દ્રની સ્થાપના કે શરૂઆત સૌ પ્રથમ૨–૧૦–૧૯૭૮ નાં થયેલ અને જે ડો. યાજ્ઞિકરોડ પર ધમેન્દ્રસિંહજી આર્ટસકોલેજની બાજુમાં આવેલ હોટલ રાજદુત વાળા બિલ્ડીંગમાં ચાલતું હતું અનેત્યાર બાદ ૨૦મી એપ્રિલ ૧૯૮૪ના રોજથી સરકારશ્રીની માલીકીનું ખાસભિક્ષુક સ્વીકાર કેન્દ્ર માટે જ તૈયાર કરવામાં આવેલ કાલાવડ રોડ, ન્યારી ઓવરહેડ ટેન્ક સામે આવેલ બિલ્ડીંગમાં એ ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર કાર્યરત છે.

સંસ્થાના બિલ્ડીંગની માલિકી સરકારશ્રી ની હોવાથી બિલ્ડીંગનું સંપુર્ણ મેન્ટેનન્સ (જાળવણી) પી.ડબલ્યુ.ડી.ની રાજકોટ સ્થિત કચેરી હસ્તક છે.

**સંસ્થાનો હેતુ અને કાર્યો :**

આ સંસ્થાની સ્થાપના પાછળનો સરકારશ્રીનો મુળભુત હેતુ સમાજમાંજાહેર સ્થળો પર, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, મંદિરો વગેરે જગ્યાઓએતેમજ શેરીગલીઓમાં ભીખ માંગી પોતાનું રોજે–રોજનું ગુજરાન મેળવવાટેવાયેલા ભિક્ષુકોની ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર ખાતે ટ્રાન્સફર કરી સમાજમાંભિક્ષા વૃતિ મેળવી જીવન ટકાવવાની આદત 'નાસુર' બનેલ હોય તેનેઅટકાવવી અને આવી પ્રવૃતિના કારણે ભિક્ષાવૃતિ કરતી વ્યકિત કુટુંબ અનેસમાજ દ્વારા તિરસ્કાર અને ઘૃણાને પાત્ર થયેલ હોય તેઓને

૮. સસ્થાના અધિક્ષકશ્રીની રૂબરૂ મુલાકાતના આધારે

ભિક્ષુક સ્વીકારકેન્દ્રમાં લાવી સ્વરોજગારીને લગતું શિક્ષણ આપી સ્વનિર્ભર અને સ્વાવલંબીબનાવી સમાજમાં તેનું સ્થાન પુનઃસ્થાપિત કરી ગર્વભેર જીવન જીવતાશિખવવાનો રહેલો છે. આ સંસ્થામાં ભિક્ષુક વ્યકિતઓને અક્ષરજ્ઞાન તેમજરોજગારલક્ષી જ્ઞાન આપી પુરુષાર્થ અને પ્રારબ્ધ ના પાઠો પણ પ્રત્યક્ષ કેપરોક્ષ, વિવિધ પ્રવૃતિઓ દ્વારા શિખવવામાં આવે છે અને "પુરુષાર્થ વગરપ્રારબ્ધ પાંગળું" છે. જે બાબતના ખ્યાલની આવા લોકોને અનુભુતિ કેઅહેસાસ કરાવવામાં આવે છે.[૯]

**ભિક્ષા વૃતિ માટેના કારણો :**

ભિક્ષુકવૃતિ તરફ વળેલા મોટાભાગના લોકો આવી હિન પ્રવૃતિઓમાં જોડવાના કારણો તપાસતા એવો ખ્યાલ આવે છે કે આવા લોકો મોટે ભાગે માનસિક ક્ષતિ વાળા કે માનસિક રીતે નબળા હોય તેવા કહી શકાય તેવા હોય છે અથવા તો કોઈપણ કારણસર સમાજ કુટુંબ દ્વારા તિરસ્કૃત થયેલહોય છે અથવા ભુલાં ભટકેલાં લોકો પણ પોતાના પેટની ભૂખ સંતોષવા અનેઅન્ય જરૂરીયાતો સંતોષવા નાણા અથવા વસ્તુ પદાર્થ માટે ભીખ માંગતા જોવા મળે છે આમ ભિક્ષા વૃતિ તરફ વળેલા ઘણા – ખરા આર્થિક અને સામાજીક રીતે નીચલા વર્ગના સમાજમાંથી આવતા હોય છે. આવી પ્રવૃતિ કરવા પ્રેરાયેલી વ્યકિતમાં મુખ્યત્વે શિક્ષણનો અભાવ, આર્થિક રીતે પછાત હોવું, વ્યવસાય અને સ્વનિર્ભરતાની વૃતિ–બળનો અભાવ સમાજમાં રહેલી આર્થિક અસમાનતા વગેરે બાબતોને મુખ્ય પરિબળો તરીકે ગણી શકાય.

રાજકોટ સ્થિત ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં ભિક્ષુકોને રાઉન્ડ અપ કરી લાવવામાં આવે છે. એટલે કે સંસ્થા દ્વારા કેશવર્ક ની પોસ્ટ પર કામગીરી બજાવતી વ્યકિત અથવા સંસ્થાના સુપ્રિટેન્ડેન્ટ પોલીસને સાથે રાખી પોલીસવાનમાં અમુક અમુક સમયે

૯ ભિક્ષા પ્રતિબંધક ધારો –૧૯૫૯ની જોગવાઈઓને આધારે

શહેર જાહેર સ્થળો જેવા કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, મંદિરો તથા, શેરી – ગલીઓમાં રખડતા અને ભિક્ષાવૃતિ કરતાંપુરુષ વર્ગને રાઉન્ડ અપ કરી તેની સામે કાયદાના દાયરામાં રહી નિયમ મુજબ કાર્યવાહી કરી જરૂરી પેપર્સ તૈયાર કરી આવા ભિક્ષુકોના કેસ ચલાવવાની જેમને ખાસ સતા આપવામાં આવેલ છે. તેવા ટ્રાફિક કોર્ટના ફર્સ્ટ કલાસ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવામાં આવે છે અને જરૂરી કોર્ટ કાર્યવાહી થયા બાદ જો નામદાર કોર્ટ ને યોગ્ય જણાય તો નિયમસરનીકાર્યવાહી કરી આવી વ્યકિતઓને ભિક્ષુક સ્વીકાર કેન્દ્રને હવાલે કરાય છે અને જો ભવિષ્યમાં આવી વ્યકિતઓને કુટુંબીઓ કે સગા સબંધીઓ દ્વારા આવી વ્યકિતઓનો કબજો મેળવવા પ્રયત્ન થાય તો તેમની રજુઆતોનેસાંભળી અને યોગ્ય જણાય તો કોર્ટ દ્વારા જામીન પર છોડવાની વ્યવસ્થાકરાય છે. અન્યથા આવી વ્યકિતનો કબજો મેળવવા માટે કોઈ વ્યકિતનીરજુઆત ન થાય તો તેને ઉકત સંસ્થામાં ચાર– છ –મહિના કે વર્ષ બે વર્ષરાખી અને કોર્ટને યોગ્ય જણાય કે તે હવે આવી ભિક્ષા વૃતિ નહી કરે અનેસ્વનિર્ભર બનશે ત્યારે ધોરણસરની કાર્યવાહી કરી તેને ભિક્ષુક સ્વીકારકેન્દ્રમાંથી રજા આપવામાં આવે છે.

આમ છુટા કરવા માટેની કામગીરી માટે સંસ્થાના સુપ્રિટેન્ડેન્ટે તેનોઅહેવાલ કે અભિપ્રાય જે તે વ્યકિત માટે ખુબજ મહત્વનો બની રહે છે અને આવી રજા અપાયેલ વ્યકિતને સ્વ નિર્ભર બનાવવાની તક રૂપે જો સુપ્રિટેન્ડેન્ટશ્રીને વ્યાજબી જણાય તો તેની જરૂરી ભલામણને ધ્યાનમાં રાખી તે પોતે સરકારશ્રીમાંથી આવી વ્યકિત માટે વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦ સુધીનીઆર્થિક સહાય અપાવવા સક્ષમ બને છે.[૧૦]

ભિક્ષુકોના ઉત્થાન અને સ્વનિર્ભર બનાવવા માટે ચાલતી પ્રવૃતિઓ સંસ્થામા લાવવામાં આવતા ભિક્ષુકો પાસે અક્ષરજ્ઞાન ન હોય તે સ્વાભાવીક છે. જેથી આવા

૧૦ સંસ્થાના વડાની રૂબરૂ મુલાકાતને આધારે

ભિક્ષુકોને અક્ષર–જ્ઞાન અપાવાના પુરતા પ્રયત્નોથાય છે. અને જે માટે સંસથામાં શિક્ષકની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તે ઉપરાંત ભિક્ષુક સંસ્થામાંથી બહાર નીકળે એટલે કે તેને રજા આપવામાંઆવે ત્યારે તે સ્વનિર્ભર અને સ્વાવલંબી બને તે હેતુથી તેને કાપડ વણાટનેલગતું રોજગારલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. જે માટે વણાટ શિક્ષકની પણ એક પોસ્ટ ઉભી કરવામાં આવેલ છે. આ ઉપરાંત બે ડેપ્યુટી સુપ્રિ. અને એક કેસ વર્કર જે સંસ્થામાં રહેતા ભિક્ષુકોને પુરુષાર્થ અને મહેનત કરી સ્વનિર્ભર બનવા માટે તેમની પાસેથી સાફ – સફાઈ, રસોઈને લગતુ કામ,વણાટ કામ વગેરે કરાવવામાં આવે છે. ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં રહેતાભિક્ષુકો દ્વારા વણાટથી તૈયાર કરેલા કાપડને જેલમાં સિલાઈ કામ કરતાકેદીઓ પાસે મોકલી આપી તેમાંથી ભિક્ષુકો માટે કાપડ બનાવાય છે અને તેજ કાપડમાંથી બનેલ યુનીફોર્મ જેવા કાપડા આ ભિક્ષુકો પહેરતા હોય છે.[૧૧]

એકવાર ભિક્ષુક સ્વિકાર કેન્દ્રમાં દાખલ થયેલ ભિક્ષુકને તેના નામથીઆદરથી સંબોધન કરવામાં આવે છે. જેથી તેને પોતાના માન–સન્માનનો અનુભવ થાય.

**હેતુ સિધ્ધી :**

ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં રાખવામાં આવેલા વ્યતિકઓના વ્યવહારુજીવનમાં અને આચાર–વિચારમાં જરૂરી ફેરફાર થયેલ જણાય અને એવો ખ્યાલ આવે કે હવે આ વ્યકિતને આ કેન્દ્રમાંથી બહાર જવા દેવામાં આવશેતો તે સ્વનિર્ભર બની શકશે તેવા સંજોગમાં તેને જરૂરી સહાયથી પોતાનુંસ્થાન પુનઃ પ્રસ્થાપિત કરવાની તક આપવામાં આવે છે. આજ દિવસ સુધીમાં આવી ઘણી વ્યકિતઓએ સંસ્થા દ્વારા આપવામાં આવેલ મદદનો લાભ લઈ સમાજના રીત–રીવાજ પ્રમાણે વ્યવસ્થિત જીવન જીવતા થાય છે.

---

૧૧ ભિક્ષુક સ્વિકાર કેન્દ્રના અધિકક્ષશ્રી પટેલ સાહેબની રૂબરૂ મુલાકાત

જેમાં આજની તારીખે પણ એક ભિક્ષુક વ્યકિત તો ઘણો સારો રસોયો બનીમહાત્મા ગાંધી છાત્રાલયનાં રસોડામાં રોજમદાર તરીકે નોકરી કરે છે. જેનેસંસ્થાના લોકો રમેશભાઈના નામથી ઓળખે છે.

**અન્ય સંસ્થા અને દાતાઓ તરફથી સહાય અંગે :**

ભિક્ષુક સ્વિકાર કેન્દ્રમાં શહેરની અન્ય સંસ્થાઓ જેવી કે માધવ સોશ્યલગ્રુપ, લાયન્સગ્રુપ વગેરે તેમજ અન્ય દાતાઓ સેવાભાવી વ્યકિતઓ તરફથી પણ ઉકત કેન્દ્રમાં નાસ્તો, કપડા વગેરે જેવી વસ્તુઓ આપવામાં આવે છે.આ સંસ્થામાં પણ રાજકોટના પ્રતિષ્ઠિત વ્યકિત શ્રી જયંતિભાઈ કુંડલીયા તરફથી અવારનવાર વસ્તુ, કપડા વગેરે દાનમાં આપવામાં આવે છે. ભિક્ષુકઅંતેવાસીઓને સંસ્થામાં કાયમી ઠંડુ અને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તેમાટે શ્રી જયંતિભાઈ કુંડલીયા તરફથી વોટર કુલર પણ દાનમાં મળેલ છે.આમ આમુક વ્યકિતઓ તરફથી કાયમી ધોરણે બપોરના નાસ્તામાં બીસ્કીટકોઈ તરફથી ચા – પાણી માટે દુધ વગેરે વસ્તુઓ મળતી રહે છે. જેઓખરેખર સરકારશ્રીને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ પ્રકારની સમાજ ઉપયોગીપ્રવૃતિમાં મદદરૂપ બનતા હોય છે.[૧૨]

**ભિક્ષુક સ્વિકાર કેન્દ્રમાં અંતેવાસીઓની દિનચર્ચા :**

| | પ્રવૃતિ | સમય |
|---|---|---|
| – | સવારે ઉઠવું | ૬.૦૦ વાગ્યે. |
| – | નહાવું ધોવું અંગ સફાઈ | ૬.૦૦ થી ૭.૦૦ |
| – | પ્રાતઃ પ્રાર્થના | ૭.૦૦ થી ૭.૧૫ |
| – | સવારનો ચા–પાણી નાસ્તો | ૭.૧૫ થી ૭.૩૦ |
| – | સાફ સફાઈની કામગીરી | ૭.૩૦ થી ૯.૩૦ |

૧૨ સંસ્થામાં મળતા અનુદાનની ફાઈલને આધારે

| | | |
|---|---|---|
| – | અક્ષર –જ્ઞાન વગેરે | ૯.૩૦ થી ૧૦.૩૦ |
| – | રસોઈની કામગીરી | ૧૦.૩૦ થી ૧૧.૪૫ |
| – | બપોરનું ભોજન અને રીસેસ | ૧૧.૪૫ થી ૨.૦૦ |
| – | વણાટ કામ બપોરના | ૨.૦૦ થી ૪.૦૦ |
| – | બપોરના ચ્હા પાણી નાસ્તો | ૪.૦૦ થી ૪.૩૦ |
| – | મનોરંજન ટી.વી. પ્રોગ્રામ | ૪.૩૦ થી ૫.૩૦ |
| – | સંસ્થાની સફાઈ (બાગ–બગીચો) | ૫.૩૦ થી ૬.૩૦ |
| – | સાંજની સફાઈ રસોઈ કામગીરી | ૬.૩૦ થી ૭.૩૦ |
| – | સાંજનુ ભોજન | ૮.૦૦ વાગ્યે. |
| – | પ્રભુ ભજન અને કિર્તનન | ૮.૩૦ થી ૯.૦૦ |
| – | શયન | ૯.૦૦ વાગ્યે |

**સંસ્થાની વહીવટી વ્યવસ્થા :**

ભિક્ષુક સ્વિકાર કેન્દ્ર જે એક સરકારી સંસ્થા હોવાથી આ સંસ્થાનીતમામ વહીવટી બાબતોનો ખ્યાલ અંકુશ વગેરે સમાજ સુરક્ષા નિયામક,લાલ દરવાજા, અમદાવાદ દ્વારા કરવામાં આવતા હતા, પરંતુ સુપ્રિટેન્ડેન્ટનીપોસ્ટ એબીયન્સમાં જવાથી નાબુદ થવાના કારણે નાયબ સુપ્રિટેન્ડેન્ટને ઈનચાર્જ સુપ્રિટેન્ડેન્ટ તરીકેનો ચાર્જ આપવાથી હવે તે સમાજ સુરક્ષાઅધિકારી, બહુમાળી ભવન, રાજકોટની કચેરી નીચે વહીવટના અંકુશમાંઆવેલ છે.

સરકારશ્રીએ મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૯/૮/૭૮ ના ઠરાવ નં. બીબીએ/૧૦૭૮/૫૦૯૨૧–છ થી રાજકોટમાં ભીક્ષુકો માટે આશ્રય કેન્દ્ર અને આ કાયમી ગૃહની સ્થાપના માટે જરૂરી કર્મચારી

વર્ગની સંખ્યા મંજુર કરી.[૧૩]

ગુજરાત રાજયના ડાયરેકટર જનરલ ઓફ પોલીસ, અમદાવાદ તેમનાપત્ર નંબર જી / ૧૯૨૭/ બેંગીગ /એકટ૭૯/ ૭૩૯૮ તા. ૧૪/૨/૧૯૭૯ થી રાજકોટ જીલ્લા પોલીસ અધિકારીશ્રીને દર અઠવાડીયે ૩ દિવસ ભિક્ષુકોને પકડવા માટે વાહન ફાળવણીની વ્યવસ્થા કરવાની જાણ કરી[૧૪] જે હાલમાં અઠવાડીયામાં એક દિવસ ચાલુ હતી. વર્તમાન પરિસ્થિતિમાં અધિક્ષકની પોસ્ટ કાપમાં જવાથી ભિક્ષુકોને પકડવાની સત્તા નાયબઅધિક્ષક ને આપવામાંઆવેલ ન હતી જેથી આ કામગીરી યોગ્ય પ્રમાણમાં થઈ શકેલ નથી.

સરકારશ્રીના પરિપત્રથી ભિક્ષુક સ્વિકાર કેન્દ્ર મહેકમ કુલ ૩૩ નું મંજુર થયેલ હતું પરંતુ હાલમાં સરકારની કરકસરની અને જગ્યાઓ પરકાપની નીતીના કારણે ઘણી બધી જગ્યાઓ નાબુદ થયેલ છે. હાલમાં આસંસ્થામાં નીચે પ્રમાણે અધિકારી / કર્મચારીઓ કાર્યરત છે.

**અધિક્ષક :**

ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર ખાતે ઓફીસર ઈનચાર્જની જગ્યા માટે એક અધિક્ષકની નીમણુંક થયેલ છે. જે આ સંસ્થાનું સંપુર્ણ સંચાલન, વહીવટનોકાર્યભાર સંભાળે છે. ભિક્ષુક સ્વીકાર કેન્દ્રનો તમામ સ્ટાફ તેની અંડરમાંઆવતો હોવાથી અધિક્ષકની સુચના અને માર્ગદર્શનથી પોતાની ફરજ બજાવેછે સંસ્થાના તમામ સ્ટાફ મેમ્બરની કામગીરી બાબતનો ખ્યાલ અધિક્ષકશ્રીએરાખવાનો હોય છે જે નીચે પ્રમાણે ગણાવી શકાય.

---

૧૩ સંસ્થાની સ્થાયી હુકમની ફાઈલના પાના નંબર ૨૮૩ ને આધારે

૧૪ "એજન"

– અંતેવાસીની અટકાયત કરવી.
– અંતેવાસીની રક્ષણ, કલ્યાણ, સારવાર , તાલીમ વગેરેની જવાબદારી
– સંસ્થાના અંતેવાસીઓની ફરિયાદ સાંભળી નિકાલની વ્યવસ્થા કરવી.
– સંસ્થાના અંતેવાસીઓની ફરિયાદ સાંભળી નિકાલની વ્યવસ્થા કરવી.
– સંસ્થાની આવન જાવન પર દેખરેખ રાખવી.
– સંસ્થાના કર્મચારીની ફરજો નકકી કરવી.
– રજીસ્ટરો નિયમીત સમયસર લખાય છે કે કેમ તે બાબત પર ધ્યાન રાખવું, રોકડ રકમનો હિસાબ રાખવો.

**અજમાયશી અધિકારીઓની ફરજો[૧૫] :**

– કોર્ટ તરફથી સૂચવવામાં આવેલ સઘળી બાબતનો અમલ કરવો.
– ડીટેઈન થયેલા અંતેવાસીઓના બેકગ્રાઉન્ડની માહિતી મેળવવી.
– કોર્ટમાં નિયમિત હાજરી આપવી અને રીમાન્ડ પરના અંતેવાસીઓનો અહેવાલ રજુ કરવો.
– અંતેવાસીઓની કેસ ફાઈલો તથા જરૂરી રજીસ્ટરો રાખવા.
– અંતેવાસીઓની ધરપકડમાં પોલીસની મદદ કરવી.
– અંતેવાસીઓની માંદગી વખતે તેમની દેખરેખ રાખવી તથા તેમની માંદગી બાબતે તેમના વાલી કે મા–બાપને ખબર આપવી.
– વાલી જયારે અંતેવાસીઓનો કબજો લેવા માંગે ત્યારે તેમને લાયસન્સ પર મુકત કરવા કાર્યવાહી કરવી અને તેમનું મુકત થયા બાદ ૧૮ મહીના સુધી તપાસ રાખી તેની પ્રવૃતિનો અભ્યાસ રાખવો

---

૧૫. બોમ્બે બેગરીંગ એકટ અનુસાર સન ૧૯૬૪ ગુજરાત બેગરીંગ એકટના નિયમ–૩૦ મુજબ મેન્યુઅલ પેઈઝ–૮૧.

**ભિક્ષુક સ્વિકાર કેન્દ્રમાં કલેરીકલ સ્ટાફ ની ફરજો :**

ભિક્ષુક સ્વિકાર કેન્દ્રમાં કામગીરી બજાવવા માટે પત્રવ્યવહાર કરવો,સરકારશ્રીમાં સમયે સમયે રીપોર્ટ રીર્ટન્સ રજુ કરવા માટે તેમજ નાણાંકીય લેવડ દેવડની કાર્યવાહી માટે એક સિનીયર કલાર્ક તથા એક જુનિયરકલાર્કની પોસ્ટ છે.

**કમ્પાઉન્ડર :**

ભીક્ષુકોની તબીબી સારવાર માટે એક કમ્પાઉન્ડર ની જગ્યા છે. જેભિક્ષુકોની પ્રાથમિક સારવાર માટે કાર્યવાહી કરે છે.

**ચોકીદાર–ગાર્ડ :**

સંસ્થામાં રહેતા ભિક્ષુકોના રક્ષણ અને સંરક્ષણ માટે ત્રણ ગાર્ડીયનનીપણ નિમણુંક થયેલ છે જે સંસ્થામાં રહેતા અંતેવાસીઓ અને બહારથીઆવતી વ્યકિતઓ પર જરૂરી ધ્યાન રાખે છે. જેઓ શીફટ પ્રમાણે ૨૪કલાક ફરજ પર રહે છે.

**વિઝીટીંગ મેડીકલ ઓફિસર (VMO) :**

વિઝીટીંગ મેડીકલ ઓફિસર સંસ્થામાં અઠવાડિયા માં એક વખત નિયમિત રીતે સંસ્થાના ભિક્ષુકોની મુલાકાત અને તંદુરસ્તીની દેખભાળ માટે આવે છે અને જરૂરી તબીબી સેવા પુરી પાડે છે.

## :: ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર રાજકોટમાં પ્રવેશ પામેલ તથા નિકાલ પામેલ અંતેવાસીઓની આંકડાકીય માહિતી [૧૬] ::

| ક્રમ | વર્ષ | પ્રવેશની વિગત | | | નિકાલની વિગત | | | | | | વર્ષ અંતે સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખૂલતી સંખ્યા | નવી ધરપકડ | કુલ | બારોબાર છોડયા | કમીટ કર્યા | તાકીદ આપી છોડયા | નાસી ગયા | મૃત્યુ પામ્યા | કુલ | |
| ૧. | ૧૯૯૦–૯૧ | ૬ | ૯૮ | ૧૦૪ | ૨ | ૪૩ | ૫૩ | ૨ | ૧ | ૧૦૧ | ૩ |
| ૨. | ૧૯૯૧–૯૨ | ૩ | ૧૦૪ | ૧૦૭ | ૧૮ | ૩૩ | ૫૧ | ૨ | – | ૧૦૪ | ૩ |
| ૩. | ૧૯૯૨–૯૩ | ૩ | ૧૧૪ | ૧૧૭ | ૩ | ૪૬ | ૫૯ | ૧ | – | ૧૦૯ | ૮ |
| ૪. | ૧૯૯૩–૯૪ | ૮ | ૧૦૪ | ૧૧૨ | ૨ | ૩૮ | ૪૯ | ૭ | – | ૯૬ | ૧૬ |
| ૫. | ૧૯૯૪–૯૫ | ૧૬ | ૧૬૩ | ૧૭૯ | ૩ | ૧૫ | ૧૪૨ | ૮ | – | ૧૬૮ | ૧૧ |
| ૬. | ૧૯૯૫–૯૬ | ૧૧ | ૭૯ | ૯૦ | – | ૨૯ | ૫૦ | ૬ | – | ૮૫ | ૫ |
| ૭. | ૧૯૯૬–૯૭ | ૫ | ૯૫ | ૧૦૦ | – | ૨૨ | ૬૯ | ૫ | – | ૯૬ | ૪ |
| ૮. | ૧૯૯૭–૯૮ | ૪ | ૫૨ | ૫૬ | – | ૬ | ૩૩ | ૬ | – | ૪૫ | ૧૧ |
| ૯. | ૧૯૯૮–૯૯ | ૧૧ | ૧૦૪ | ૧૧૫ | – | ૧૫ | ૭૭ | ૫ | – | ૯૭ | ૧૮ |
| ૧૦. | ૧૯૯૯–૦૦ | ૧૮ | ૮૮ | ૧૦૬ | – | ૮ | ૮૨ | ૧૦ | – | ૧૦૦ | ૬ |

૧૬. પ્રવેશ રજિસ્ટર અને નિકાલ રજિસ્ટર ઈ.સ. ૧૯૯૦ થી ઈ.સ. ૨૦૦૦ ના આધારે.

**સંસ્થાની આર્થિક વ્યવસ્થા :**

સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ખાતા હેઠળ આવતી આ સંસ્થાના અર્થતંત્રને લગતો સંપુર્ણ અંકુશ ઉકત ખાતા દ્વારા રહેતોહોવાથી સંસ્થાના વડાએ માસિક, ત્રિમાસિક અને વાર્ષિક બજેટ વ્યવસ્થાના જરૂરીરીપોર્ટ રીટર્નસ દ્વારા સમાજ સુરક્ષા અધિકારીની રાજકોટ સ્થિત કચેરી મારફત સરકારશ્રીમાંથી નાણાંકીય વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે. સંસ્થાના લાભાર્થીઓના તમામ નિભાવ ખર્ચના ૫૦ % કોર્પોરેશન તરફથી અને ૫૦ % સરકારશ્રી તરફથી આપવામાં આવતાં હોવાથી સમયાંતરે જરૂરી માહિતીસરકારશ્રીમાં થ્રુ પ્રોપર ચેનલ મારફત રજુ કરવાની રહે છે. તદ્ઉપરાંત સંસ્થાનોઅન્ય વહીવટી ખર્ચ કર્મચારીના પગાર ભથ્થા વગેરે માટે પણ સરકારશ્રી માંથીબજેટ રજુ કરી ગ્રાન્ટ મેળવવાની રહે છે.[૧૭]

**અંતેવાસીઓના ખર્ચની વિગત :**

**: અંતેવાસીઓના ખર્ચની વિગત[૧૮] :**

| અનુ. નંબર | વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧. | ૧૯૯૫–૧૯૯૬ | ૧,૪૫,૧૦૦ |
| ૨. | ૧૯૯૬–૧૯૯૭ | ૧,૩૦,૫૦૦ |
| ૩. | ૧૯૯૭–૧૯૯૮ | ૯૪,૫૨૪ |
| ૪. | ૧૯૯૮–૧૯૯૯ | ૧,૪૫,૦૦૦ |
| ૫. | ૧૯૯૯–૨૦૦૦ | ૧,૫૯,૪૬૦ |
| ૬. | ૨૦૦૦–૨૦૦૧ | ૧,૦૨,૦૦૦ |

૧૭. સંસ્થાની સ્થાયી હુકમોની ફાઈલ તથા બજેટ/ગ્રાન્ટ ફાઈલને આધારે

૧૮. ગ્રાન્ટ રજીસ્ટર/ ખર્ચ રજીસ્ટર તથા ખર્ચ પત્રક ફાઈલને આધારે

**ભિક્ષા પ્રતિબંધક ધારાની અગત્યની જોગવાઈઓ અને કાર્યપધ્ધતિ[૧૯] :**

– ભિક્ષા પ્રતિબંધક ધારાની કલમ – ૪ (૧) અનુસાર કોઈ પણ પોલીસઅધિકારીએ અથવા ઓફિસર ઈન્ચાર્જ તરફથી ગિરફતાર કરેલ વ્યકિતઓને ૨૪ કલાકમાં કોર્ટ સમક્ષ રજુ કરવી જોઈએ.

– ભિક્ષા પ્રતિબંધક ધારાની કલમ – ૪ હેઠળ જે શહેરમાં ભિક્ષા પ્રતિબંધક ધારો લાગુ કરવામાં આવ્યો હોય તે શહેરમાં જાહેર જગ્યાઓમાં જે વ્યકિત ભીખ માંગતી હોય તેને કોઈપણ પોલીસ અધિકારી વગર વોરંટે ધરપકડ કરી શકે છે.

– ધારાની કલમ ૪ હેઠળ જ ભિક્ષા માંગવાના અથવા તે લેવાના હેતુ માટે ૨ ખાનગી જગ્યામાં દાખલ થનાર કોઈ વ્યકિતને જગ્યાના માલિકની ફરિયાદ સિવાય ગીરફતાર કરી શકશે નહીં.

– કલમ ૫ (૩) મુજબ કોર્ટની તપાસમાં એવુ લાગે કે તેઓની સમક્ષ રજુ કરેલ વ્યકિત ભીખ માંગતી ન હોય તો તે વ્યકિતને તુર્ત છોડી મુકવાનો હુકમ કરી શકાય છે.

– કલમ ૫ (૫) મુજબ વ્યકિત ભીખ માંગતી સાબિત થાય તો તેને એક વર્ષે કરતા ઓછી નહી અને ત્રણ વર્ષથી વધારે નહી તેટલી મુદત માટે કોઈપણ પ્રમાણિત સંસ્થાઓમાં અટકમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.આ કલમ હેઠળ જ કોર્ટને તેમની સમક્ષ રજુ કરેલ વ્યકિતઓના સંજોગો પરથી માલુમ પડે કે ફરીથી તે ભીખ માંગે તેવો સંભવ નથી તો તે વ્યકિત ભીખ ન માંગે

---

૧૯ સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ પાના નં.૭૭, ૭૮ અને ૭૯

અને સારી વર્તણુંક રાખે તે માટે કોર્ટ ફરમાવે તે પ્રમાણે જામીન સાથેનું અથવા જામીન વગરનું ખત કરી આપે એટલે કોર્ટ તેનેયોગ્ય ઠપકો આપીને છોડી શકે છે.

– ભિક્ષા પ્રતિબંધક ધારાની કલમ – ૯ મુજબ ભિખારી તરીકે માલુમ પડેલ વ્યકિત બાળક હોય અને તે પાંચ વર્ષથી ઓછી ઉમરનું ન હોય તો તેમને બાળ અદાલત માં મોકલી આપવું અને કાયદાની કલમ – ૫ હેઠળ તેમના પર કોઈ હુકમ કરવો નહી. બાળ અદાલતમાં તેમના પર જુવેનાઈલ જસ્ટીસ એકટ ૧૯૮૬ અન્વયે કાર્યવાહી કરી શકાશે.
બાળક પાંચ વર્ષથી ઓછી ઉંમરનું હોય અને ભિખારી તરીકે સાબિત થયેલ વ્યકિતનું તે બાળક હોય ત્યારે તેની માતા સાથે જ અન્યનિયમોને આધીન રહી તેમને પ્રમાણિત સંસ્થામાં રાખવાની છૂટ આપવામાં આવશે. અને ત્યાર બાદ બાળક પાંચ વર્ષની ઉમર પૂરી કરે ત્યારે કલમ ૯ (૧) મુજબ બાળગુના કોર્ટ તરફ મોકલી આપવાનો રહેશે.

– અસાધ્ય રોગથી પીડાતા નિરાધાર ભિખારી અથવા અનિર્વાય રીતે અસહાય હોય તેવા ભિખારીઓને રાજય સરકાર આ કાયદાની કલમ ૧૦ હેઠળ તેને કોઈપણ પ્રમાણિત સંસ્થામા ંઅનિયિત મુદત માટે અટકમાં રાખી શકાશે.

– ભિક્ષા પ્રતિબંધક ધારાની કલમ–૧૧ મુજબ જો કોઈ વ્યકિત બીજી વ્યકિત કે બાળકોને ભિક્ષા માંગવા માટે કામે લગાડે કે ભીક્ષા માંગવા માટે પ્રદર્શનીય વસ્તુ તરીકે તેનો ઉપયોગ કરે તો તેને ત્રણ વર્ષ સુધીની સજાનેપાત્ર છે જે એક વર્ષથી ઓછી હોઈ શકે નહી.

– આ અધિનિયમની કલમ– ૨૨ હેઠળ આ સંસ્થામાં અટકમાં રાખેલ અંતેવાસીઓને ટુંકી મુદતો માટે ગેરહાજર રહેવાની પરવાનગી આપી શકાશે.

– આ કાયદાની કલમ – ૨૭ મુજબ જો કોઈ વ્યકિત ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાંથી તેના સુપ્રિટેડન્ટની પરવાનગી વગર જતી રહે અથવા કલમ ૨૨ (૧) મુજબ મંજુર કરેલ રજાની મુદત પુરી થતા પાછી આવે નહી તો તેને કોઈપણ પોલીસ અધિકારી અથવા સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણીત સંસ્થાના જે અધિકારીને અધિકૃત કરેલ હોય તે અધિકારી વગર વોરંટે પકડી શકશે અને તેને ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર અથવા ભિક્ષુક ગૃહ જયાંથી તે જતો રહયો હશે ત્યાં મોકલી અપાશે.

– આ કાયદાની કલમ ૨૫ મુજબ રાજય સરકાર દ્વારા પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવામાં આવેલ વ્યકિતને દેશના રાજયોમાં જયાં ભિક્ષુકોના પુનઃસ્થાપન માટે ભિક્ષા પ્રતિબંધક ધારો અમલમાં મુકવામાં આવ્યો હોય તો તેવા રાજયમાં તે રાજય સરકારની સંમતિથી તે રાજયના રહીશ વ્યકિતઓને બદલી કરી શકાશે.

**ભિક્ષા પ્રતિબંધક ધારો, ૧૯૫૯ હેઠળના સન ૧૯૬૪ના ગુજરાતમાભીખ માંગવાનો પ્રતિબંધ કરવા બાબતના નિયમો [૨૦] :**

– ભિક્ષા પ્રતિબંધક ધારો, ૧૯૫૯ હેઠળ સન ૧૯૬૪ના ગુજરાત ભીખ માંગવાનો પ્રતિબંધ કરવા બાબતના નિયમો ઘડવામાં આવ્યા છે જેમાં સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થાઓમાં મોકલેલ અથવા અટકમાં રાખેલ વ્યકિતઓને સ્વચ્છ અને સાફ કરાવવો તથા સુપ્રિટેન્ડેન્ટ ફરમાવે તેવા કપડાં

૨૦ સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ ૧૯૯૩ પાનાનં.૭૯

પહેરવા બાબત તથા મેડિકલ અધિકારી દ્વારા આવી વ્યકિતઓની કાળજીપૂર્વકની સંપુર્ણ તપાસ કરવા બાબત અને તેની તપાસના પરિણામ બાબત સંસ્થાના વડાને જાણ કરવા તથા સ્વીકાર કેન્દ્ર સ્ત્રી વિભાગમાં જ સ્ત્રી ભીક્ષુકોને બને ત્યાં સુધી મહિલા મેડીકલ અધિકારી દ્વારા તપાસ કરાવવા એવો ઉલ્લેખ કલમ (૮) અને તેના પેટા કલમોમાં કરવામાં આવેલ છે.

– ૧૯૬૪ ના ભીખ માંગવાનો પ્રતિબંધ કરવા બાબતના નિયમ ૧૧ મુજબ દરેક સ્વીકાર કેન્દ્ર અને પ્રમાણિત સંસ્થાઓમાં દાખલ કરવામાં આવેલ વ્યકિતઓ પાસેથી અથવા તેમના શરીર પરથી મળેલા નાણાં કિંમતી ચીજો અથવા માળખાની નોંધ તે માટે નિયત કરેલ રજીસ્ટરમાં કરવી અને રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ તેને વાંચી સંભળાવવા અને તે નોંધ બરાબર છે તેના પ્રતિક રૂપે સુપ્રિટેન્ડેન્ટની હાજરીમાં તેની સહીલેવી અને આવા રજીસ્ટરમાંની સઘળી નોંધો પર સુપ્રિટેડન્ટે શાખ કરવીએવી જોગવાઈ કરવામાં આવી છે.

– સન ૧૯૬૪ના ગુજરાતના ભીખ માંગવાનો પ્રતિબંધ કરવા બાબતના નિયમ મુજબ સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવામાં આવેલ વ્યકિતઓને અમુક કૃત્યો કરવાની મનાઈ કરવામાં આવેલ છે તે પૈકી તેને માટે રાખેલી કોઈપણ તાલિમ લેવાની અથવા સોંપેલુ કામ કરવાનો ઈન્કાર કરવો નહી. કોઈપણ હિંસક તોફાન કરવાનું નહી અથવા કોઈપણ તોફાન દાબી દેવામાં ના પાડવી નહી અને સંસ્થાના કોઈપણ ભાગમાં ઉપદ્રવ કરવો નહીં.

**– નિયમ –૧૬ મુજબ અંતેવાસી સંસ્થામાં નીચે મુજબની વસ્તુ લઈ જઈ શકે નહી :**

- દારૂ અને દરેક જાતની સ્પીરીટો.
- ભાંગ, ગાંજો અને અફિણ.
- દરેક જાતના ઔષધો (ડ્રગ).
- દિવાસળી અને અગ્ની પેટાવવા માટેના પદાર્થો.
- જુગાર રમવાના સાધનો.
- ઈજા પહોંચાડી શકે અથવા નાસી જવાનું સરળ બનાવે તેવા કોઈપણ સાધનો.
- સુપ્રિટેન્ડેન્ટ ખાસ હુકમ કરીને નિર્દિષ્ટ કરેલી બીજી કોઈપણ ચીજો લઈ જઈ શકશે નહી.

**– અગત્યની જોગવાઈ :**

ભિક્ષા પ્રતિબંધક ધારા હેઠળ આ ધારાનો અમલ જે વિસ્તારમાં કરવાનો થતો હોઈ તેની મ્યુનિસીપાલીટી કે નગરપાલિકાને સંસ્થાના ખર્ચનો ૫૦% હિસ્સો ચુકવવાનો થાય છે. આ ધારાનો અમલ તે જગ્યાએ સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે.[૨૧]

પ્રતિબંધક ધારાના નિયમ ૧૭ અનુસાર દરેક ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર અને પ્રમાણિત સંસ્થા માટે કલ્યાણ ફંડ ઉભુ કરવાની જોગવાઈ છે. સંસ્થાના વડા રોકડે થી અથવા વસ્તુ રૂપે દાન ફાળા તરીકે સ્વીકારશે પરંતુ પાંચસો રૂપિયા કરતા વધારે રોકડ રકમ હોય તોરાજય સરકારની પૂર્વ મંજુરી સિવાય સ્વીકારી શકાશે નહીં. કલ્યાણફંડ માટે સ્વીકારેલ દાન માટે અનુક્રમ નંબર વાળી પહોંચો આપવાની રહેશે.

૨૧. ભિક્ષા પ્રતિબંધકધારો ૧૯૫૯ની જોગવાઈ.

**મુલાકાત સમિતિ [૨૨] :**

ભિક્ષા પ્રતિબંધક ધારાની કલમ ૧૪ અન્વયે દરેક સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થા માટે રાજય સરકાર તરફથી નિયુકત કરેલ મુલાકાત સમિતિ જે ૧૨ સભ્યોની બનેલ હોય છે. તેમા ૭ સભ્યો સરકારી અને બાકીના ૫ સભ્યો બીન સરકારી હોય છે.

જીલ્લા મેજીસ્ટ્રેટ સમિતીના અધ્યક્ષ કાયમી ધોરણે હોય છે. અન્ય સરકારી સભ્યોમાં જિલ્લા પોલીસ વડા અધિકારી, સિવીલ સર્જન, મેન્ટલ હોસ્પીટલના અધિક્ષક, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના વડા, રોજગાર વિનીમય અધિકારી અનેસંસ્થાના વડા જે સમિતિના સભ્ય સચીવ તરીકે કામ કરે છે.

પાંચ બિન સરકારી સભ્યો પૈકી સંસ્થા જો સ્ત્રી ભીક્ષુકો માટેની હોય તો તે પૈકી ઓછમાં ઓછા બે સ્ત્રી સભ્યો હોવા જોઈએ. બિન સરકારી સભ્યોની નિમણુકની મુદત નિયુકિતની તારીખથી ત્રણ વર્ષની મુદત માટેની હોય છે.

**મુલાકાત સમિતીની ફરજો :**

ભિક્ષા પ્રતિબંધક ધારાની કલમ ૨૧ હેઠળ મુલાકાત સમિતિ સભ્યોની ફરજ નિદિષ્ટ કરવામાં આવેલ છે.

– મહિનામાં મુખ્યત્વે એકવાર સંસ્થાની સમિતીએ મુલાકાત લેવી.
– વખતો વખત બોલાવવામાં આવતી બેઠકોમાં હાજરી આપવી.
– સંસ્થામાં રાખવામાં આવેલ અંતેવાસીઓની મુલાકાત લેવી અને તેમની પુછપરછ કરવી તથા સંસ્થાના અંતેવાસીઓના ઉદ્યોગ, શિક્ષણ,

૨૨. સમાજ સુરક્ષાખાતા મેન્યુઅલ–પાનાનંબર ૮૦,૮૧

રોજગાર અને તબીબી સંભાળ વગેરે માટે કરવામાં આવેલગોઠવણની ખાતરી કરવી તેમજ સંસ્થામાં અટકમાં રાખવામાં આવેલ વ્યકિતઓ પૈકી જે કોઈની લાયસન્સ પર મુકત કરવા માટે અરજીઓ આવી હોય તો તે પર વિચારણા કરી મુખ્ય નિરીક્ષકને ભલામણ કરવી. સંસ્થાની પ્રગતિ સાથે સંકળાયેલ તેમજ અંતેવાસીઓની કલ્યાણને લગતી બાબતો ઉપર યોગ્ય વિચારણા કરી તેના અમલવારીની કામગીરી કરાવવી.

**ગ્રેડ સીસ્ટમ અને ગ્રેચ્યુઈટી [૨૩] :**

૧. ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર તથા ગૃહોમાં અંતેવાસીઓમાંથી જે અંતેવાસીનું વર્તન કામગીરી શ્રેષ્ઠ હોય તેને ઉપરી મુકાદમ કે હેડ મુકાદમ તરીકે નીમવામાં આવે છે.

૨. મુકાદમનો દરજજો :– ૨૦ અંતેવાસીઓની બનેલી દરેક કામની ટુકડીના વડા તરીકે જે અંતેવાસી સંસ્થાા જીવનને અનુરૂપ થયા હોયઅને જેમનું વર્તન તથા પ્રગતિ સંતોષકારક હોય તેવા અંતેવાસીને ટુકડી ના મુકાદમ તરીકે નીમવામાં આવે છે.

૩. મુકાદમ તથા હેડ મુકાદમને સંસ્થાના વડાની રૂચીનુંસાર યુનીફોર્મ પણ આપવામાં આવે છે.

૪. અંતેવાસીને દરજજો આપવો કે નહીં અથવા દરજજા પર ચાલુ રાખવો કે નહી તે સંસ્થાના વડા નકકી કરે છે.

૫. સંસ્થાના જે અંતેવાસીઓ કામમાં તથા સંસ્થાકીય વર્તનમાં સંતોષકારક પ્રગતિ બતાવે તેને દિવસના ૧ રૂપિયા લેખે ગ્રેચ્યુઈટી ચુકવવામાંઆવે છે.

૬. અંતેવાસીને માસિક રૂા.૩૦ અને મુકાદમને માસિક રૂા. ૫૦ આપવામાં આવે છે.

---

૨૩. સમાજ કલ્યાણ વિભાગ– ઠરાવ ક્રમાંક /પચક/૧૦૮૭/નં–૪૪/ ૯/૮/૮૮ને આધારે.

**સંસ્થામાંથી છોડી મૂકવામાં આવે તે પહેલાં મૃત્યુ પામતા કે નાસી છૂટતા અંતેવાસીઓની અંગત વસ્તુઓ તથા તેમની જમા ગ્રેચ્યુટી બાબતે કરવામાં આવતી કાર્યવાહી :**

કોઈપણ સ્વીકાર કેન્દ્ર અથવા પ્રમાણિત સંસ્થાના કોઈ અંતેવાસી તેનીસંસ્થામાંથી મુકત થવાની મુદત પહેલા મૃત્યુ પામે તો તેની પાસેની મિલ્કત અને ગ્રેચ્યુઈટી તરીકે મેળવેલી રકમ સુપ્રિટેન્ડેન્ટની કસ્ટડીમાં સલામત રાખવામાં આવેછે અને છ મહિનાની મુદતમાં તેનો વારસદાર હાજર થાય તો જામીનગીરી ખત મેળવી તેની અંગત મિલ્કત તથા ગ્રેચ્યુઈટીની રકમ સોંપવામાં આવે છે. પરંતુ છ માસ સુધીમાં કોઈ વારસદાર હાજર ન થાય તો તે મિલ્કત તથા રકમને બીનવારસી રકમ તરીકે નજીકના પોલીસ સ્ટેશનમાં મુંબઈ પોલીસ એકટની કલમ ૮૨ થી ૮૮ અનુસાર નિકાલ કરવા સોપી દેવામાં આવે છે.

એ જ પ્રમાણે કોઈ અંતેવાસી તેની સંસ્થામાં મુકત થવાની તારીખ પહેલા નાસી છૂટે અથવા મંજુર કરેલ રજા પુરી થયા પછી પણ હાજર ન થાય તો તેની અંગત મિલ્કત તથા ગ્રેચ્યુઈટીની રકમની વ્યવસ્થા ઉપર પ્રમાણે જ કરવામાં આવે છે.

**શિક્ષા :**

જો કોઈ અંતેવાસી તેમને જે કૃત્ય કરવાની મનાઈ ફરમાવવામાં આવેલ હોય તેવા કૃત્યો કરે તો તે બદલ ભિક્ષા પ્રતિબંધક ધારાના નિયમ –૩૩માં નિદેષ્ટ કરેલ એક અથવા વધારે શિક્ષા કરવામાં આવે છે. આ પ્રમાણે કરવામાં આવેલ શિક્ષાની નોંધ શિક્ષા રજીસ્ટરમાં કરવામાં આવે છે.

શિક્ષામાં ખાસ કરીને અંતેવાસીને રૂબરૂ બોલાવી ચેતવણી આપવી અથવા જો કોઈ વિશેષ અધિકારો આપવામાં આવેલા હોય તે લઈ લેવામાં આવે છે અથવા જો

કોઈ દરજજો આપેલ હોય તો તેનાથી નીચે ઉતારવામાં આવે છે. નીચે પ્રમાણે ગુના અનુસાર શિક્ષા કરવામાં આવે છે.

– ત્રણ કરતા વધારે દિવસ ન હોય તેટલા દિવસ લોકઅપમાં રાખવામાં આવે છે.
– હાથકડી પહેરાવવામાં આવે છે. પરંતુ સ્ત્રી અંતેવાસીને હાથકડીપહેરાવવાની સજાની મનાઈ છે.
– એકી સાથે દશ દિવસ કરતા વધારે ન હોય તેટલા સમય માટે એકાંત શિક્ષા કરવામાં આવે છે.
– સામાન્ય રીતે અંતેવાસીને રૂબરૂ બોલાવી ચેતવણી આપવાની સજાનો મહદ્ અંશે ઉપયોગ કરવામાં આવે છે.

## અંતેવાસીઓને સંસ્થામાં આપવામાં આવતી આવાસ ભોજન તથા અન્ય સવલતો [૨૪] :–

**આવાસ :**

સંસ્થાને પોતાનું સરકારી માલિકીનું વિશાળ હવા ઉજાસવાળું, સ્વતંત્ર બિલ્ડીંગ છે જે ચારેય તરફથી ખુલ્લા પટાંગણવાળી જગ્યામાં સ્થિત છે. જેના પ્રાંગણમાં પ્રવેશ્યા બાદ બિલ્ડીંગમાં પ્રવેશ તેમજ બહાર નીકળવા માટે સલામતીની દ્રષ્ટિએ એક જ મુખ્ય દ્વાર છે. જેના આગળના ભાગે લોખંડની જાળીવાળો વધારનો એક દરવાજો છે.

પટાંગણમાં રાષ્ટ્રીય તહેવારો તેમજ બીજા અન્ય તહેવારોની ઉજવણી થઈશકે તેટલી વિશાળ ખૂલ્લી જગ્યા છે. જેની ચારેબાજુ વ્યવસ્થિત રીતે વૃક્ષારોપણ તથા નાના નાના ફૂલના છોડવાઓ વવાયેલા છે જેથી સંસ્થામાં પ્રવેશતા જ શિતળતાનો અહેસાસ થાય છે. પટાંગણમાં જ સ્ટાફ માટે વ્યવસ્થિત વાહન પાર્કિંગની વ્યવસ્થા છે.

૨૪. ભિક્ષુક સ્વિકાર કેન્દ્રની તથા અંતેવાસીઓ રૂબરૂ મુલાકાત.

સંસ્થાના બિલ્ડીંગમાં પ્રવેશતા જ મુલાકાતીઓ માટેનો બેઠકરૂમ છે જેમાં અંતેવાસીના મનોરંજન માટે કલર ટી.વી. રાખવામાં આવેલ છે. બિલ્ડીંગની મધ્યમાં જ ઓફીસ સ્ટાફને બેસવાની વ્યવસ્થ છે જયાંથી અધિક્ષક બધી બાજુની દેખરેખ રાખી શકે તેવી બિલ્ડીંગની વ્યવસ્થા છે. મુલાકાતીઓના રૂમની જમણી બાજુએ તથા ડાબી બાજુ પરસાળમાં અંતેવાસીઓના રહેવા માટે વિશાળ હવા ઉજાસવાળા મોટા રૂમો છે જયાં તેમના સુવા માટે વ્યવસ્થીત બેડીંગ આપવામાં આવેલ છે.

**ભોજનની વ્યવસ્થા :**

સંસ્થાના અંતેવાસીઓ માટે રસોઈ બનાવવા વ્યવસ્થિત રસોડુ છે. જે આધુનિક ગેસ તેમજ કૂકર જેવા ઉપકરણોથી સુસજજ છે. અંતેવાસીઓમાંથી જાણકાર વ્યકિત તેની દૈનિક પ્રવૃતિના ભાગ રૂપે રસોઈ બનાવે છે. તેમજ રસોઈમાટેનો રેશનીંગનો સામાન રાખવા માટે વ્યવસ્થીત કોઠારની વ્યવસ્થા છે. જેમાં મુલાકાત દરમ્યાન અનાજ વ્યવસ્થિત સાફ થયેલુ અને ઢાંકણવાળા વાસણમાં પેકથયેલુ જોવા મળેલ છે. પીવાના ઠંડા પાણી માટે વોટર કુલરની વ્યવસ્થા છે.

ભોજન બાદ રસોઈના વાસણ અંતેવાસીઓ જાતે સાફ કરીને વ્યવસ્થિત રસોડાના ઓટા પર ગોઠવી દે છે.

**અન્ય સવલતો :**

શિક્ષણની સવલતો માટે ઉદ્યોગ શિક્ષકની જગ્યા છે. તેના દ્વારા ખુબ જમોટા હોલમાં વણાટ રૂમની વ્યવસ્થા છે તેના પર અંતેવાસીઓ દ્વારા વણાટ કામ કરવામાં આવે છે અને આ રીતે તૈયાર થયેલ કાપડમાંથી અંતેવાસીઓ માટેગણવેશ બનાવવામાં આવે છે.

ક્રાફ્ટ શિક્ષક દ્વારા અંતેવાસીઓને સુથારીકામ પણ શીખવાડવામાં આવે છે. અને આ રીતે પુનઃ સ્થાપન માટેની તૈયારી રૂપ કાર્ય કરવવામાં આવે છે. જે તેમને પુનઃ સ્થાપનમાં મદદરૂપ થાય છે. શિક્ષણમાં અંતેવાસીઓને અક્ષર જ્ઞાન આપવામાં આવે છે.

**સમાપન :**

ભિક્ષાવૃતી અને યાચકવૃતિએ આદીકાળથી ચાલી આવતી મનોવૃતી અને ધાર્મિકવૃતિનું પ્રતિબીંબ છે. પહેલાના સમયમાં અમુક વર્ગને ભિક્ષા આપવીએ ધર્મ અને ફરજ ગણાતી. ભિક્ષા મેળવનાર વ્યકિત આજની જેમ આળસુ અને નિષ્ક્રીય વ્યકિત જોવામાં ન આવતી. જેમ કે, માધુકરી અને ધર્મગુરુઓ જે ભિક્ષા મેળવતા તે પોતાના સમાજ સેવાના કાર્યના વળતર રૂપે અથવા તો સામાજીક મોભાની રૂએ તેમજ ગુરુદક્ષિણા રૂપે મેળવતા આ મનોવૃતિ ઘણા લાંબા સમયસુધી ચાલુ રહી પરંતુ તેમા ધીમે ધીમે વિકૃતિ આવતી ગઈ અને આ વિકૃતિના ભાગ રૂપે સામાજના અમુક વર્ગની વ્યકિતઓ સમાજની ધાર્મિક લાગણીઓનો લાભ લઈ બેઠાડુ અને આળસું જીવન ગુજરે છે. તેથી સમાજે તેની મનોવૃતિ અને માન્યતામાં ફેરફાર કરવાની તાતી જરૂરીયાત છે. અમુક ધાર્મિક સંસ્થાઓ લાગણીના આવેગમાં આવી ભિક્ષુકોને પોષે છે. તે ખરેખર ઘણી જ દુઃખદ બાબત છે. સામાજીક સર્વેક્ષણ પરથી જણાયું છે કે આજના સમયમાં મોટાભાગનો ભિક્ષુકવર્ગ અસમાજીક તત્વો સાથે ભળીને સમાજમાં ગંદકી પેદા કરે છે અને સમૃધ્ધ સમાજમાં એક કલંક રૂપ બનેલ છે. ભિક્ષુકો ભિક્ષાવૃતિને ધીકતો ધંધો બનાવી બેઠા છે. અને જેનુ મૂળ સમાજની લાગણીનો દૂર ઉપયોગ જ છે. હાલના આર્થિક રીતે કપરા સમયમાં નોકરી કે કામધંધો કરીને જેટલુ કમાઈ શકાય તેના કરતા વધારે ભિક્ષુક ભિક્ષાવૃતીથી મેળવે છે. તેથી જ આ બદી ઉતરોતર વધતી જોવા મળી છે. શું, સમાજ આ દુષણને યોગ્ય વિચાર દ્વારા અને મનોવૃતીને બદલીને અટકાવી ન શકે?

ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, સેવાભાવ, ધર્મભાવ, સમાજ સેવા વગેરે પ્રવૃતિઓના ઉંડાણ તપાસતા જે ખામી યુકત બાબત નજર સમક્ષ આવે છે. તે ભિક્ષાવૃતીને પ્રોત્સાહક દાન કલ્યાણના ઓઠા હેઠળ થતી પ્રવૃતિ જ ગણી શકાય ભગવાને આપેલ સુખ સંપતીનો ઉપયોગ સમાજ ઉપયોગી પ્રવૃતિઓમાં થાય એ એક અનન્ય બાબત ગણાય. પરંતુ, આ પ્રવૃતિમાં લાભાર્થી કોણ છે, કયા પ્રકારનો છે અને તેને આપવામાં આવતી સહાય કયા પ્રકારની છે તે ઉપરાંત સહાયનો સદ્‌ઉપયોગ કેટલા પ્રમાણમાં થશે વગેરે બાબતો અહેમ મહત્વ ધરાવતી બાબતો છે. એટલે કે બીજાના કલ્યાણ માટે ઉપયોગમાં લેવાતી ધન–સંપતિ ઉપભોગતાને નિષ્કામ ન બનાવતા કર્મનિષ્ઠ બનાવે તે બાબતનો ખ્યાલ રાખવો ખુબ જ જરૂરી છે. દાન–પુણ્યની ભાવના પ્રસંશનિય અને ઉચ્ચતમ છે પરંતુ સુપાત્રે દાન થાય એ આવશ્યક છે. વિકલ્પ રૂપે વિવિધ સમાજ ઉપયોગી સેવાઓ કરતી સામાજીક સંસ્થાઓને યથોચિત મદદ પહોંચાડવાથી ઉપયોગી કાર્યોમાં વ્યવસ્થીત મદદ બધી જ સંસ્થાઓને મળી શકે અને આમ સમાજ સેવાનો હેતુ યોગ્ય રીતે જળવાઈ રહેશે.

ખરેખર તો સમાજમાં ભિક્ષાવૃતિ કરી ગુજરાન ચલાવતા ભિક્ષુક એટલા દોષિત નથી કે જેટલા આવી ભિક્ષાવૃતિને પોષી પોતાની જાતને સમાજ કલ્યાણકારી પ્રવૃતિના પ્રણેતા માની બેસતા લોકો વધુ દોષિત ગણાય. આમ, ભિક્ષા વૃતિ કરવી કે ભિક્ષા મેળવવી તેના કરતા આવી ભિક્ષા વૃતિને પોષવી કે ભિક્ષા આપવી તે આજના સમાજમાં વધુ હીન કૃત્ય ગણાય, તો પછી ભિક્ષાવૃતિ નાબુદીના પગલા રૂપે સાંપ્રત સમાજ માટે નીચેના સૂચનો ખુબજ અગત્યના ગણી શકાય

૧. ભિક્ષુકને દાન ન આપો.

૨. ભિક્ષુકોને દાન આપીને તેને પાંગળા ન બનાવો.

૩. ભિક્ષુકોને દાન આપવાને બદલે તે દાન ભિક્ષુક કલ્યાણની સંસ્થાઓમાં આપો.

૪. ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાં તૈયાર થતી ચીજ–વસ્તુ ખરીદીને ભિક્ષુકોને મદદ કરો.

૫. ભિક્ષુક ગૃહ માંથી તાલિમ મેળવી છુટા થતા ભિક્ષુકોને નોકરી ધંધો અપાવી સમાજમાં પુનઃસ્થાપન માટે સહાય રૂપ થાઓ.

૬. ભિક્ષુક ગૃહની મુલાકાત લઈ અંતેવાસીઓની કામગીરીને બિરદાઓ.

૭. ભિક્ષુકોને દાન નહી પણ કામ આપો.

૮. ભિક્ષુકોને સ્વાશ્રયી અને સ્વાવલંબી બનાવો.

૯. ભિક્ષુકોને સ્વામાન ભેર ઉદામી જીવન જીવવા પ્રોત્સાહિત કરો.

## પ્રકરણ – ૬

### "સ્ટેટ હોમ ફોર મેન " (પુરુષ રાજય આશ્રય ગૃહ) રાજકોટ

**પ્રસ્તાવના :–**

અનાથ , બેઘર અને સમાજથી તરછોડાયેલા બાળકો ને જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળની સંસ્થાઓમાં સુધારણા માટે મોકલવામા આવે છે અને ત્યાંથી તેઓ સમાજમાં સ્વસ્થ નાગરીક તરીકે જીવન ગુજારી શકે તે માટેની તાલીમ પ્રાપ્ત કરે છે. તેમની સમાજમાં પુનઃસ્થાપના જરુરીયાત અનુલક્ષીનેસંસ્કાર, જ્ઞાન અને તાલીમ આપવામાં આવે છે.

જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કાર્ય કરતી સંસ્થાઓમાં છોકરાઓની ઉમર ૧૮ વર્ષ અને છોકરીઓની ઉમર ૧૬ વર્ષની હોય ત્યાં સુધી સંસ્થામાં રાખવામાં આવે છે. ત્યાર બાદ તેઓને સંસ્થામાંથી છુટા કરવાના થાય છે. આ સમયે જો કે તેઓ પુખ્ત બની ચુકયા હોય છે અને જેઓના વાલીઓ કે માતા–પિતા હોય તેઓ તેમના ઘેર ચાલ્યા જાય છે. પરંતુ જે લોકો અનાથછે, બેઘર છે અને સમાજથી તરછોડાયેલા છે કે જેઓને જવા માટે કયાંય આશ્રય નથી .

જેલમાંથી છુટતા યુવાનો જે ગુમનામીના રસ્તે ચાલતા દુષણોમાં ફસાતા ગુનાખોરી ના માર્ગે વળેલા હોય છે. તેમને ફરીથી સ્વસ્થ સમાજના અંગ બનાવવાની જરુરીયાત પણ રહેલી છે. આવી વ્યકતીઓને રહેવા,રહેઠાણ, પ્રેમ, હુફ મળે તો તેઓના જીવનમાં પણ સુધારાને અવકાશ રહેલોછે. આ બાબત પરત્વે રાજય સરકારનુ ધ્યાન ખેચાયેલુ હતુ. એવા પુખ્ત થતા યુવાન, યુવતિઓ કે જેઓને આશરાની જરૂર છે. તેવા લોકો માટે,રાજય સરકાર દ્વારા આશ્રય ગૃહો ની સ્થાપના

કરવામાં આવી. સ્ત્રીઓ માટેની આવી કુલ–૮ સંસ્થાઓ રાજયભરમાં આવેલી છે. જયારે પુરુષોમાટેની ૪ સંસ્થાઓ છે. અમદાવાદ, વડોદરા, સુરત, અને રાજકોટ એમ ચાર જગ્યાએ પુરુષ આવાસ ગૃહો આવેલા છે. રાજકોટમાં પુરુષ રાજય આવાસ ગૃહ નામની સંસ્થા આવા પુરુષો માટે કાર્યરત છે. [૧]

**પુરુષ રાજય આવાસ ગૃહ સંસ્થાની સ્થાપના :**

ગુજરાત સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ઠરાવ પસાર કરી ને ઈ.સ. ૧૯૫૭ માં સૌરાષ્ટ કચ્છ વિસ્તાર માટે જુનાગઢ શહેરમાં "સ્ટેટ હોમ ફોર મેન"ની સ્થાપના કરવામાં આવી પરંતુ સમયાન્તરે માલુમ પડયુ કે, જુનાગઢ શહેર માં સંસ્થાની પ્રવૃતિ માટે યોગ્ય માધ્યમોની ખોટ છે. જુનાગઢ શહેરનો ધંધાકીયા વિકાસ ઓછો હોવા ને કારણે નોકરી–ધંધાની લાભાર્થીઓને તક પુરી પડી શકતી ન હતી, આખરે સરકારશ્રી માં આબાબતે ફેર વિચારણા કરવામાં આવી અને ઈ.સ. ૧૯૬૩માં જુનાગઢ ખાતેથી રાજકોટમાં આ સ્થાને તબદીલ કરવામાં આવી.[૨]

રાજકોટમાં આ સંસ્થાની શરુઆત ઉદ્યોગના હૃદય સમાન વિસ્તાર ઉદ્યોગનગર ખાતે ભાડાના મકાનમાં કરવામા આવી.

**સંસ્થાનુ મકાન અને બિલ્ડીંગ વ્યવસ્થાઃ**

રાજકોટના જાણીતા વિસ્તાર ભકિતનગર સ્ટેશન પ્લોટની શેરી નં.૭/૧૦ માં આવેલ " કિશોર કુંજ " નામના મકાનમાં સ્ટેટ હોમ ફોર મેનના અંતેવાસી યુવાનોનુ આશ્રય સ્થાન છે. સંસ્થાનુ આ મકાન રાજકોટના જાણીતા મંડપ સર્વીસ કોન્ટ્રાકટર પરમાર કિશોર મંડપ સર્વીસના માલીકીનુંછે અને ટોકન ભાડાથી

૨. સંસ્થાના નાયબ અધિક્ષક શ્રી કનકસિંહ ઝાલાની રૂબરૂ મુલાકાત.

૧૯૬૩ થી ભાડે આપેલ છે.

સંસ્થાના મકાનમાં ઉપરના ભાગમાં વિશાળ મોટો હોલ આવેલ છે.તેમાં સંસ્થાનાં અંતેવાસી યુવાનો સુવે છે અને રહે છે. તેમજ આ હોલનો ઉપયોગ સંસ્થાના ભોજનાલય માટે પણ થાય છે. એટલે કે ભોજન સમયે હોલનો ઉપયોગ ભોજનાલય તરીકે કરવામાં આવે છે. સંસ્થામાં રસોડા વિભાગ અલગ રાખવામાં આવેલ છે. આ ઉપરાતં સુપ્રિટેન્ડેન્ટ ને રહેવા માટે ઉપર કવાર્ટસ પણ છે. સંડાસ બાથરુમ ની વ્યવસ્થા ઉપરના ભાગમાં છે. નીચેના ભાગમાં ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટની ઓફીસ છે. ઓફીસ વિભાગમાં આગળના ભાગે એકાઉન્ટન્ટ (સિનીયર કલાર્ક)ની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. સંસ્થાની ફરતે નીચે ઓઈલ એન્જીનનાં પાર્ટસ તેમજ બીજા અન્ય પ્રોડકશનનાં કારખાના આવેલ છે.

સ્ટેટ હોમ ફોર મેન જુની સંસ્થાનુ મકાન એકંદરે હવા ઉજાસ વાળુ છે પરંતુ તેમ છતાં યુવાનો મેદાનમાં રમી શકે તે માટે અથવા તો નવરાશના સમયમાં મનોરંજન પ્રાપ્ત કરી શકે તે માટે રમત ગમત રમી શકાય તેવું ગ્રાઉન્ડ નથી.

**સંસ્થાનો મુખ્ય હેતુ [૩] :**

આ સંસ્થાનો મુખ્ય હેતુ સમાજના અનાથ નિરાધાર કે સમાજથી તરછોડાયેલા કે જેલમાંથી મુકિત થયેલા યુવાનોને સંસ્થામાં પ્રવેશ આપીને તેમની આવડત પ્રમાણે તાત્કાલીક કામ મળી રહે તેવા પ્રયત્ન કરવામાં આવે છે અને આમ અંતેવાસીને ઝડપથી કામે લગાડવામાં આવે છે.

આવી સામાજીક સમસ્યાઓના ભોગ બનેલા યુવાનોને સરળતાથી કામ મળી

૩. સમાજ સુરક્ષાખાતા મેન્યુઅલ ૧૯૯૩ પાનાનં–૫૬.

રહે તે માટે પ્રાઈવેટ એજન્સીઓને ભલામણ કરવામાં આવે છે. આ પ્રકારના યુવાનોમાં આત્મવિશ્વાસ જાગૃત કરીને સમાજમાં પુનઃ વસવાટ માટે તેમજ વહેલી તકે સ્વાવલંબી બને તે માટે તમામ પ્રયત્નો કરવામાં આવે છે.

સમાજમાંથી તિરસ્કૃત થયેલા, તરછોડાયેલા, માનસિક રીતે ભાંગી ગયેલા યુવાનો ગર્વભેર જંદગી જીવી શકે તેવા મહાન હેતુ સિધ્ધ કરવાનો સઘન પ્રયાસ રાજકોટની આ " સ્ટેટ હોમ ફોર મેન " સંસ્થા કરી રહેલ છે. આવા યુવાનોના જીવનમાં દિવાદાંડી નો પ્રકાશ પાથરી રાહ ચીંધવાનું ભગીરથ કાર્ય આ સંસ્થા કરી રહેલ છે.

**સંસ્થામાં પ્રવેશ માટેના નિયમો [૪] :**

જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ ચાલતી સંસ્થાઓમાં સારવાર મેળવેલ હોય તેવા અનાથ, નિરાધાર, સમાજ કે કુટુંબથી તરછોડાયેલા જેલમાંથી મુકત થયેલા કે સમાજીક સંસ્થાઓમાંથી છુટા થયેલા ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના યુવકો સરકારશ્રી દ્વારા નિમાયેલા કમિટી સમક્ષ રૂબરૂ અરજી સાથે મળવાનું રહે છે અને આ કમિટી યુવાનને પ્રવેશ આપવા માટે તમામ પાસાઓને તપાસે છે અને ત્યારબાદ પ્રવેશ આપવો કે નહી તેનો નિર્ણય લે છે.

યુવાનોને જયારે સંસ્થામાં પ્રવેશ આપવા માટે રૂબરૂ બોલાવવામાં આવે છે ત્યારે કમિટીના સભ્યો મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને ધ્યાને લઈ બધીજ હકીકત તપાસે છે, તેમની કાર્ય કરવાની ધગશ કેવી છે, તે ખાસ તપાસે છે. તે યુવાન સંસ્થામાં આવતા સંસ્થામાં વસવાટ કરતા અન્ય યુવાનો પર હકારાત્મક અસર પડે તે

---

૪ ગુજરાત સરકાર શિક્ષણ અને મજુર ખાતું ઠરાવ એસ એમ. એચ./૧૦૬/ ૩૫૯૧૪/ છ સચીવાલય, અમદાવાદ, તા. ૧૩/૭/૬૪.

ખાસ જોવામાં આવે છે. વ્યવસ્થિત, સ્વસ્થ જીવન જીવવાની આશા સાથેના યુવાનોને સંસ્થામાં અગ્રતાથી પ્રવેશ આપવામાં આવે છે.

ટુંકમાં કહીએ તો સુદ્રઢ અને સુસંસ્કૃત સમાજના પાયામાં રહેલા સિધ્ધાંતોને અનુસરીને જીવન જીવવાની નેમ રાખાતા યુવાનોને આ સંસ્થામાં પ્રવેશ આપવામાં આવે છે.

### (૧) પ્રવેશ માટે નિમાયેલ કમિટી અને તેનું કાર્ય [૫] :

સરકારશ્રી દ્વારા વધુમાં વધુ ૧૫ સભ્યોની બનેલી વ્યવસ્થા સમિતી નિમવાની જોગવાઈ છે. તેમાં વધુમાં વધુ ૭ બિનસરકારી સભ્યો સરકારશ્રી દ્વારા જયારે નીચે જણાવ્યા પ્રમાણેના સભ્યો વ્યવસ્થાપક સમિતીના કાયમી સભ્યો છે :

૧ જિલ્લા કલેકટરશ્રી

૨ જિલ્લા સેસન્સ જજશ્રી

૩ જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી

૪ સિવિલ સર્જનશ્રી

૫ મ્યુ. કોર્પોરેશનના મેયરશ્રી

૬ જિલ્લા રોજગાર અધિકારીશ્રી

૭ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી

૮ જિલ્લા સમાજ સુરક્ષા ખાતાના કોઈ સીનીયર અધિકારી (નિયામકશ્રીએ નિયુકત કરેલ )

વ્યવસ્થાપક સમિતીની બેઠક ઓછામાં ઓછી ત્રણ મહિને એકવાર બોલાવવાની રહે છે.

---

૫ નિયામકશ્રી, સમાજસુરક્ષા અમદાવાદનુ નિમયોની પુસ્તીકા, ૧૯૭૫ પાના નં–૫.

સંસ્થામાં પ્રવેશ મેળવવા ઈચ્છુક યુવકોને ટુંકી મુદતના ધોરણે એકવર્ષ માટેની મુદતે રહેવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ કમિટી દ્વારા ત્રણ માસની વધારાની મુદત રહેવા માટે આપી શકાય છે અને સંસ્થામાં રહેવા માટેની મંજુરી માટે નિયામકશ્રી સમાજસુરક્ષા અમદાવાદની પરવાનગી લેવાની રહે છે. વ્યવસ્થાપક સમિતીના તમામ સભ્યો આસંસ્થામાં નિયમિત રીતે મુલાકાતે આવે છે અને જરૂરિયાત પ્રમાણે યોગ્યમાર્ગદર્શન આપે છે. અંતેવાસીઓના પુનઃસ્થાપના માટેના તમામ પ્રયત્નોની કાર્યવાહી કરાવે છે તેમજ પ્રવેશ આપવાની કામગીરી સંભાળે છે.

**સંસ્થામાં અંતેવાસી યુવાનો સાથેની કાર્ય પધ્ધતિ :**

સંસ્થામાં આવતા અંતેવાસી યુવાનો પાસે જુદી જુદી કાર્ય પધ્ધતિથી તેમને જ્ઞાન આપવમાં આવે છે. આમ તેના દ્વારા તેનુ પુનઃ સ્થાપનનું અગત્યનુ પાસુ સિધ્ધ કરવામાં આવે છે.

અંતેવાસીને વ્યકિતગત એકાંકી કાર્ય પધ્ધતિથી કામધંધા માટે તૈયાર કરવામાં આવે છે. રંગકામના કોન્ટ્રાકટ કે કેટરીંગના કોન્ટ્રાકટ મેળવવા અને તેને વ્યવસ્થિત રીતે પાર પાડવા માટે જુથ કાર્ય પધ્ધતિનું જ્ઞાન આપીને જુથમાં કામગીરી કરવામાં આવે છે અને જરૂરી સમય સમયાતંરે સામુહિક સેમીનારો યોજીને ધંધાકીય બાબતોની માહિતી પ્રાપ્તી માટે સામુહિક કામગીરી પણ સોંપવામાં આવે છે. આ રીતે જરૂરીયાત પ્રમાણે સંસ્થાના અંતેવાસી સાથે કાર્ય પધ્ધતિ અપનાવવામાં આવે છે.[૬]

**સંસ્થામાં વસતા અંતેવાસીઓ અને તેમનું મનો વૈજ્ઞાનિક વલણ :**

સામાન્ય રીતે સ્ટેટ હોમ ફોર મેનની સંસ્થામાં ૧૮ વર્ષની ઉપરના અને ૪૦

૬. સંસ્થાના ડેપ્યુ સુપ્રીટેડન્ટ સાથેની રૂબરૂ મુલાકાતને આધારે.

વર્ષ સુધીના યુવાનો જોવા મળે છે. તે પૈકીના અમુક કલર કામના કોન્ટ્રાકટ રાખે છે, તો કેટલાક ફરસાણની દુકાનમાં કામ કરવા માટે જાય છે, કેટલાક અંતેવાસીઓ રીક્ષા ચલાવે છે, તો કેટલાક કેટરીંગના કામે જાય છે.આમાંના અમુક યુવાનો હેવી ડ્રાઈવીંગ લાયસન્સ પણ ધરાવતા હોય છે. આ સંસ્થામાં બી.કોમ., એલ.એલ.બી. સુધી ભણેલા અંતેવાસીઓએ પણ આશ્રય લીધેલ છે.

વિશેષમાં યુવાનોની માનસિક સ્થિતિ વિશે તપાસતા એવી જાણ થાયછે કે તેઓનું માનવું એવુ છે કે, તેઓને આ સમાજ સ્વીકારતો નથી. તેઓએવું માને છે કે ધંધા કે પોતાના મકાન માટે તેઓને લોન પણ મળતી નથી. તેઓના મનમાં એક એવી ગ્રંથી ઘર કરી ગયેલ હોય છે કે તેઓ માત્ર સ્ટેટ હોમમાં જ રહેવા સર્જયેલા છે. આવા યુવાનોમાં નિરાશા વધારે જોવા મળે છે.

સંસ્થામાં રહેતા યુવાનોમાં કોઈ ને કોઈ પ્રકારનું વ્યસન જોવા મળેલછે. જેવી કે બીડી, તમાકુ, ગુટકા, મસાલા જેવી વસ્તુઓના તેઓ બંધાણી છે.આમ આ યુવાનો પોતાની શારિરીક તંદુરસ્તી માટે કાળજી રાખતા નથી અને વ્યસનના ગુલામ બની જાય છે. પોતાના ભવિષ્ય અને પુનઃ સ્થાપન માટેની વિચારસરણી ધરાવતા યુવાનો ઓછા જોવા મળે છે.[૭]

**સ્ટેટ હોમ ફોરમેન સંસ્થાનું મહેકમ [૮]:**

ગુજરાત સરકાર દ્વારા આ સંસ્થાનો મુખ્ય હેતુ સિધ્ધ થાય તે માટે નીચે મુજબ મહેકમ મંજુર કરેલ છે.

૧ સુપ્રિટેન્ડેન્ટ – જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી

---

૭ સંસ્થાની રૂબરૂ મુલાકાત દરમ્યાન અંતેવાસીઓ સાથેની વાતચીતને આધારે

૮ સંસ્થાના હાજરી રજીસ્ટર

૨ ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ

૩ સિનીયર કલાર્ક

૪ વીઝીટીંગ મેડીકલ ઓફિસર **(VMO)**

૫ પટ્ટાવાળા

૬ ચોકીદાર

૭ સફાઈ કામદાર

૮ રસોયા

ઉપર્યુકત આઠ જગ્યાઓ પૈકી રસોયાની જગ્યા હાલમાં ખાલી છે તેથી સંસ્થાના અંતેવાસીઓ દ્વારા રસોઈ બનાવવામાં આવે છે.

**૧. સુપ્રિટેન્ડેન્ટશ્રીની કામગીરી :**

અધિક્ષકશ્રી વહીવટ, નિવાસીઓને પ્રવેશ આપવો અને છૂટા કરવા અંગેની વ્યાપક નિતિ, હિસાબો વેગેરેની સહિતની બધી બાબતોમાં સમાજસુરક્ષા નિયામકના હુકમો અને સામાન્ય દેખરેખ હેઠળ સંસ્થાના વડા છે.[૯]

નાણાંકિય બાબતમાં ઉપાડ અધિકારી તરીકે અધિક્ષકની જવાબદારી રહે છે. તેઓ વ્યવસ્થાપક કમિટીના મંત્રી હોવાથી સમિતીની બેઠક બોલવવા તથા તમામ અનુવર્તી કામગીરી કરવાની રહે છે.

સંસ્થાના અંતેવાસીની સંભાળ, સલામતી, રક્ષણ, સારવાર માટેની જવાબદારી અધિક્ષકશ્રીની રહેલી છે.

---

૯. સંસ્થાની નિયમો પુસ્તીકા–૧૯૭૫, પાના નં–૯.

અંતેવાસીઓ સાથે સહૃદયતા સાધી તેમના પ્રશ્નોનું નિરાકરણલાવવાની જવાબદારી સંસ્થાના અધિક્ષકશ્રીની રહેલી છે.

**અધિક્ષકશ્રીની ફરજો :**

૧. અધિક્ષકશ્રી સામાન્ય દેખરેખ અને સંસ્થાની સ્વચ્છતા અને નિવાસીઓના આરોગ્ય અંગેની ફરજો સંભાળેછે.
૨. તાબાના કર્મચારી વર્ગ પાસેથી શિસ્ત પાલનની જવાબદારી અધિક્ષકશ્રીની છે.
૩. સામાન્ય હિસાબો, ચુકવણી ,બિલો અને નિવાસીઓની રોકડ તેમજ બીજી કિંમતી વસ્તુઓ સુરક્ષામાં રાખવાની જવાબદારી અધિક્ષકશ્રીની છે.
૪. કચેરી પત્ર વ્યવહાર, મુલાકાતીઓ સાથેની મુલાકાત અને તેમને સંસ્થા બતાવવાની ફરજ અધિક્ષકશ્રીની રહેલી છે.
૫. મહિનામાં ઓછામાં ઓછા એકવાર ખાદ્ય સામગ્રીના કોઠારની ઓચિંતી તપાસ કરવાની જવાબદારી અધિક્ષકશ્રીની છે.
૬. અચોકકસ સમયાન્તરે મહિનામાં ઓછામાં ઓછી બે વાર સંસ્થામાં રાત્રી મુલાકાત લેવાની ફરજ અધિક્ષકશ્રીની રહેલી છે.

અધિક્ષકશ્રીની કામગીરી સમાજ સુરક્ષા અધિકારી સંભાળે છે.

**૨. નાયબ અધિક્ષકશ્રી (ડેપ્યુટી સુપ્રિ. ) ની કામગીરી :**

સંસ્થામાં અધિક્ષકશ્રીની કામગીરી સમાજ સુરક્ષા અધિકારીશ્રીને સોંપાયેલી છે તેથી આ બધી કામગીરી દેખરેખ હાલમાં નાયબ અધિક્ષકશ્રીના શીરે રહેલી છે.

સંસ્થાની રૂબરૂ મુલાકાત દરમ્યાન એવો ખ્યાલ સ્પષ્ટ થાય છે કે, સંસ્થાને ધબકતી રાખનાર સંસ્થાના હદય સમાન જો કોઈ પોસ્ટ હોય તો તેના નાયબ અધિક્ષકની છે. હાલના નાયબ અધિક્ષક પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક, ખંતથી, પ્રમાણીકતાથી બજાવી રહેલ છે. આ ઓફિસર સંસ્થાના દરેક અંતેવાસીઓની મુલાકાત લઈ તેમની સમસ્યા જાણી માહિતી પત્રકમાં નોંધ કરે છે અને તેમની પ્રગતિની પણ નોંધ કરે છે.

અંતેવાસી યુવાનો સમાજમાં પુનઃ સ્થાપિત થાય, સ્વમાનભેર જીંદગી જીવી શકે તે માટેના તમામ પ્રયત્નો કરે છે. સરકારશ્રીના નિયમ મુજબના તમામ રજીસ્ટરો નિભાવવા અને તેની જાળવણી કરવી વગરે અગત્યનીકામગીરી નાયબ અધિક્ષકશ્રી ની રહેલી છે.

**અન્ય કર્મચારીની કામગીરી :**

| | | |
|---|---|---|
| ૧. | પટાવાળા | સંસ્થાના પટ્ટાવાળા ઓફીસની અંદરની તેમજ બહારની કામગીરી બજાવે છે. તેમજ સરકારી રેકર્ડની વ્યવસ્થિત જાળવણી કરે છે. ટપાલ આપવા લેવા વગેરેની કામગીરી બજાવે છે. |
| ૨. | રસોયા | સંસ્થાના અંતેવાસીઓ માટે રસોઈ બનાવવાની કામગીરીરસોયાની છે તે સવાર સાંજના ભોજનની તૈયારી કરે છે. હાલમાં સંસ્થામાં આ જગ્યા ખાલી છે. તેથી રસોઈ અંતેવાસીઓ પોતાની જાતે બનાવે છે. |

૩. ચોકીદાર — ચોકીદારની ફરજ સંસ્થાની અને અંતેવાસીઓની દેખરેખ રાખવાની છે.

૪. સફાઈ કામદાર — સંસ્થાની સફાઈની કામગીરી બજાવે છે.

૫. **VMO** — પાર્ટટાઈમ **VMO** અઠવાડીયામાં ત્રણ વખત સંસ્થાની મુલાકાત લે છે.

**સ્ટેટ હોમ ફોર મેન સંસ્થાની આર્થિક બાબતો :**

આ સંસ્થા સંપુર્ણ સરકારી છે. તેથી આ સંસ્થાના ખાતાના વડા નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ તરફથી વર્ષ દરમ્યાન અંદાજપત્રમાં દર્શાવેલ ખર્ચના આંકડાઓનાં ધ્યાનમાં રાખીને જુદા–જુદા તબકકે નાણાકીય ગ્રાન્ટ ફાળવે છે. સદરહુ નાણાકિય ગ્રાન્ટમાંથી સંસ્થાના યુવાન અંતેવાસીઓ માટે ભોજન ખર્ચ, કલોધીંગ, બેડીંગ ખર્ચ, દવાનો ખર્ચ,માલ સામાન પુરવઠા ખર્ચ, લાઈટ બીલ, ટેલીફોન બીલ, કર્મચારીઓનો પગાર વગેરે પ્રકારના ખર્ચાઓ કરવામાં આવે છે આ રીતે અંતેવાસીઓના પુનઃસ્થાપના માટેના જરૂરી એવા તમામ ખર્ચ સરકારશ્રી તરફથી આપવામાં આવે છે. વર્ષ ૧૯૯૮–૯૯ માટે આ સંસ્થાનો કુલ ખર્ચ રૂા. ૨૦ લાખ થયેલ હતો.

આ ઉપરાંત સંસ્થામાંથી છૂટા થતા અંતેવાસીઓના પુનઃસ્થાપન માટે રૂા. ૫૦૦૦/– ની આર્થિક સહાય સંસ્થા તરફથી ચુકવવામાં આવે છે.[૧૦]

વિશેષમાં આ સંસ્થાને અન્ય સંસ્થાઓની માફક દાનમાં ખાસ ભોજન કે રોકડ રકમ મળતી નથી જે નોંધનીય બાબત છે.

---

૧૦. સંસ્થાના ખર્ચ રજીસ્ટરો, ગ્રાન્ટ ફાઈલને આધારે.

## સ્ટેટ હોમ ફોર મેનમાં અંતેવાસીને પુનઃસ્થાપના માટે ચુકવાયેલી સહાયની વિગતો[૧૧]

| ક્રમ | વર્ષ | કુલ રૂા. | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૯૯૬ | ૧,૨૦,૦૦૦ | ૩૮ |
| ૨ | ૧૯૯૭ | ૪૫,૦૦૦ | ૯ |

આમ વર્ષ ૧૯૯૬ તથા ૧૯૯૭ બાદ આ પ્રકારની સહાય ચૂકવાયેલ નથી.

**અંતેવાસીના નિભાવ ખર્ચની આંકડાકીય માહિતી[૧૨] :**

| ક્રમ | વર્ષ | કુલ ખર્ચ |
|---|---|---|
| ૧. | ૧૯૯૪–૯૫ | ૧,૮૨,૫૦૦ |
| ૨. | ૧૯૯૫–૯૬ | ૧,૮૭,૦૦૦ |
| ૩. | ૧૯૯૬–૯૭ | ૨,૭૫,૦૦૦ |
| ૪. | ૧૯૯૭–૯૮ | ૩,૫૭,૦૦૦ |
| ૫. | ૧૯૯૮–૯૯ | ૩,૦૨,૦૦૦ |
| ૬. | ૧૯૯૯–૦૦ | ૩,૪૭,૦૦૦ |

**સંસ્થામાં અંતેવાસી યુવાનોને આપવામાં આવતી સવલતો[૧૩] :**

– સંસ્થામાં રહેતા અંતેવાસી યુવાનોને રહેવાની, જમવાની, કલોધીંગ–બેડીંગની સગવડ વિનામુલ્યે પુરી પાડવામાં આવે છે.

– અંતેવાસીઓને મેડીકલ સારવાર મળી રહે તે માટે પાર્ટ ટાઈમ **VMO** તેમની સેવા આપે છે.

---

૧૧ અને ૧૨ સંસ્થાના ખર્ચ રજીસ્ટરો, ગ્રાન્ટ ફાઈલને આધારે.

૧૩. સંસ્થાના નાયબ અધિક્ષકશ્રીની રૂબરૂ મુલાકાત.

– અંતેવાસી યુવાનો પાસેથી માસિક ટોકન ફી પેટે રૂા. ૩૦/– લેવામાં આવે છે તેના બદલમાં ઉપર જણાવ્યા પ્રમાણેની સવલતો આપવામાં આવે છે.

– ધંધા રોજગારી મેળવવા માટે, ઔદ્યોગિક સંકુલોની રૂબરૂ મુલાકાતો લઈ અંતેવાસીઓને થાળે પાડવાનો પ્રયત્ન સઘન રીતે કરવામાં આવે છે.

– ધંધાકીય જ્ઞાન, અને લોન બાબતની સવલતોની સમજણ માટે સેમીનારનું આયોજન કરવામાં આવે છે.

– પુનઃસ્થાપનની લાયકાત ધરાવતા અંતેવાસીઓ માટે હાઉસીંગ બોર્ડના કવાર્ટર મળે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરાયેલ છે.

– પુનઃસ્થાપનની લાયકાત ધરાવતા અને સમાજના સ્વસ્થ અંગ બની શકે તેવા યુવાનોના લગ્ન કરાવવાનો પ્રયત્ન પણ આ સંસ્થા દ્વારા થાય છે.

– બેડીંગમાં, શેતરંજી, ચાદર, ઓશીકું , શેતરંજી નીચે પાથરવા કંતાન, ટુવાલ વગેરે આપવમાં આવે છે.

જમવામાં સવારે દાળ–ભાત, શાક, રોટલી અને સાંજે ખીચડી– શાક, રોટલી તથા દુધ આપવામાં આવે છે.

**મુલ્યાંકન :**

સંસ્થા વિશે જયારે અભ્યાસ કરવામાં આવેલ ન હતો ત્યારે મનમાં અવનવા વિચારો અને ખ્યાલો હતા કે આવા દિશાહીન જીવન જીવતાયુવાનો સાચા અર્થમાં

પુનઃ સ્થાપિત થતા હશે કે કેમ ? પણ સંસ્થા વિશે અભ્યાસ કર્યા બાદ આ ખ્યાલો સ્પષ્ટ થયા કે સમાજના આવા નિરાધાર,સમાજથી તરછોડાયેલા, જેલમાંથી છૂટેલા યુવાનોની આ સંસ્થા દિવાદાંડી સમાન સાબિત થાય છે.

એક વાત એ સ્પષ્ટ થાય છે કે સમાજમાં સરકાર કે સામાજીક સંસ્થાઓ પોતાની મર્યાદમાં રહીને મદદ કરવા માટે તત્પર જ હોય છે. પરંતુ એમના માટેની યોગ્યતા પણ હોવી એટલી જ જરૂરી છે. જે યુવાનોને સ્વસ્થ સમાજના નાગરિક બનવાની મહેચ્છા હોય, સમાજમાં પુનઃસ્થાપન પામવાની લગની હોય, તેમના માટે આ સંસ્થા સંપુર્ણપણે કાર્યરત છે તેમ કહીએ તો તે ખોટું નથી.

પુનઃસ્થાપન માટેની સહાય ચુકવવામાં આવેલ છે તે જ સાબિત કરેછે કે આ સંસ્થાના ઉમેદવારોને સ્વસ્થ સમાજના નાગરીક બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

આ સંસ્થા કુલ ૧૦૦ અંતેવાસીઓનો સમાવેશ થઈ શકે તેટલી પ્રવેશ મર્યાદા ધરાવે છે.

હાઉસીંગ બોર્ડના કવાટરનું જયારે કામકાજ ચાલુ હતું ત્યારે કુલ ૪૦ અંતેવાસીઓને કોઠારીયા ગામ પાસે કર્વાટર અપાયેલ છે અને તેમની નાણાકીય સહાય સંસ્થા દ્વારા ચુકવવામાં આવેલી છે. આમ ઘર વિહોણા યુવાનોને પોતાના ઘરની સવલત પણ આ સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવેલ છે.

સંસ્થાની સ્થાપનાથી માંડીને ડીસેમ્બર–૨૦૦૦ સુધીમાં કુલ દસ ૧૦ અંતેવાસી યુવાનોના લગ્ન સંસ્થા દ્વારા કરાવી આપવામાં આવેલ છે અને આ લગ્ન પ્રસંગો સમાજમાં ઉજવાતા લગ્ન પ્રસંગોની જેમ જ ઉજવાયેલ છે.

લગ્ન પ્રસંગે દંપતિને રૂા.૧૦,૦૦૦/–ની સહાય ચુકવવવામાં આવે છે જેમા રૂા. ૫૦૦૦/–ના કિસાન વિકાસ પત્રો તથા ઘરવખરી માટે રૂા.૫૦૦૦/– રોકડા ચુકવાય છે.

લગ્ન પ્રસંગે સમાજમાંથી સ્વૈચ્છીક સંસ્થાઓ તથા દાતાઓ તરફથી ઘરની જરૂરીયાત મુજબની ઘરવખરી કન્યાદાનમાં આપવામાં આવે છે.

**ઉપસંહાર :**

સમગ્ર ગુજરાત રાજયમાં આ પ્રકારનું કાર્ય કરતી સરકારી ચાર સંસ્થાઓ છે. રાજકોટમાં આવેલ આ પુરુષ રાજય આશ્રયગૃહમાં નિયમ પ્રમાણે ડિસેમ્બર ૨૦૦૦ અંતિમ કુલ ૧૮ અંતેવાસીઓની સંખ્યા રજીસ્ટરમાં નોંધાયેલ છે. જેઓના પુનઃસ્થાપનની કામગીરી માટે સઘન પ્રયાસો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

## પ્રકરણ – ૭

## "અંધ અને બહેરા મુંગા માટે કાર્ય કરતી સંસ્થાઓ"

**પ્રસ્તાવના :**

માનવ શરીરનું નાનકડું છતાં અમુલ્ય અંગે એટલે નેત્ર. નેત્રમાં રહેલી રોશની બંધ થતાં એ વ્યકિતના માટે જાણે કે સમગ્ર વિશ્વના દ્વાર કાયમના માટે બંધ થઈ ગયા હોય તેવું લાગે છે. માત્ર કલ્પનાચક્ષુ વડે જ અંધજનોએ જગતને નિહાળવાનું હોય છે. દેખતા જનોની વાતોથી, લાકડી કે હાથ વડે માર્ગ ફંફોસતા અલ્પ અનુભવથી જ તેણે પોતાનું જીવન વિતાવવું પડે છે.[૧]

વિશ્વના અંધજનોની કુલ સંખ્યાનો પાંચમો ભાગ એકલા ભારતમાં વસે છે. આટલા મોટા જનસમુદાયને અસહાય લેખી તેમની દયા ખાવી એ તેમની જીંદગી વેડફી નાખવા બરાબર છે. તેમના આત્મવિશ્વાસ પર કઠુરાઘાત કરવા બરાબર છે.

૧૯૬૪ ના રોયલ કોમનવેલ્થ સોસાયટી ફોર ધ બ્લાઈન્ડસ તથા ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ રીસર્ચના વાર્ષિક અહેવાલ પ્રમાણે આપણા દેશમાં ૧ કરોડ ૧૦ લાખ નેત્રહીનોમાં ૫૫ લાખ નેત્રહીન મહીલાઓ છે. તેમનો વિકટ પ્રશ્ન ભારતની લોકશાહી સરકાર તેમજ ભારતની અગ્રણી સામાજિક, શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ સમક્ષ પડયો છે.[૨]

---

૧. મિસ્ત્રી ઠાકોરભાઈ છ. 'અંધોનું શિક્ષણ' પ્રકાશક : મહેતા બાબુભાઈ પી., જ્ઞાન વિજ્ઞાન પ્રકાશન, અમદાવાદ પ્રથમ આવૃતિ વર્ષ ૧૯૬૭, પૃ. ૪

૨. A Letter received by National Association for the bliend in March - 1964 from the office of the National techoma control programme ministry of health, Govt. of India, Welfare Aug 1964, P. 32

અંધાપાના કારણોમાં ઓરી, અછબડાં, શીતળા અને બળિયા જેવા રોગો મુખ્યત્વે છે. આ ઉપરાંત ટાઈફોઈડ, મેનેજાઈટીસ કે એવી બીજી માંદગીના કારણે પણ અંધાપો આવે છે. કયારેક માનવી જન્મજાત અંધ હોય છે. કેટલીક વખત ડોકટરો કે કુટુંબીજનોએ આંખની સારવાર વખતે બતાવેલી બેદરકારીથી અંધાપો આવ્યાના પ્રસંગો પણ જોવા મળે છે. ઘણી વખત અકસ્માત થવાથી પણ આંખોની દ્રષ્ટિ જતી રહે છે.

આપણાં દેશમાં અંધોમાં ૬ ટકા જન્મથી અંધાપાની ખોડવાળા છે અને ૯૪ ટકા ને જન્મ પછી અંધાપાની ખોડ આવેલી છે. છતાં ૯૦ ટકા ખોડ માટે રોગ, ગરીબી અને અજ્ઞાનતા જવાબદાર છે.[૩]

વિકલાંતગતાના મુખ્ય બે પ્રકાર રહેલા છે.

(૧) શારીરિક વિકલાંગ
(૨) માનસિક વિકલાંગ

શારીરિક વિકલાંગના ત્રણ પ્રકાર છે.

(૧) અંધ
(૨) બહેરા મુંગા
(૩) હાડકાની ખોડ ખાંપણવાળા

અંધ એટલે શું ? તો તેમની સ્થિતિની સ્પષ્ટતા નીચે મુજબની પરિભાષાઓમાંથી જાણી શકાય છે.

(૧) અંધાપો શબ્દ મનુષ્યની એવી સ્થિતિને સુચવે છે કે જેમાં મનુષ્ય

---

૩. મિસ્ત્રી ઠાકોરભાઈ છ. 'અંધોનું શિક્ષણ' વર્ષ ૧૯૬૭, પૃ. ૪

પોતાની આંખથી શિક્ષણ સંબંધી અથવા કોઈ ક્રિયાત્મક વ્યવહારનું કામ કરી શકતો નથી.

(૨) લંબાવેલા હાથની આંગળીઓ જે વ્યકિત ત્રણ ફુટના અંતરેથી જોઈ શકતી નથી તે વ્યકિત અંધ કહેવાય.

(૩) પૂર્ણ અંધ એટલે જેનામાં જોવાની શકિતનો સંપૂર્ણપણે અભાવ હોય અને આંખ પર તીવ્ર પ્રકાશ ફેંકવામાં આવે છતાં તે વ્યકિત જરાપણ પ્રકાશ જોઈ શકતી નથી. તે પૂર્ણ અંધ કહેવાય.

(૪) જે લોકોની આંખો ઉપયોગી અને નકકર કામ કરવા માટે અસમર્થ હોય છે આંખની મદદથી કોઈ ધંધો કે કોઈપણ ક્રિયા કરી શકતા નથી તેઓને અંધ કહેવાય છે. પૂર્ણ અંધ પ્રકાશની કે રંગની કોઈપણ ઝાંખી મેળવી શકતો નથી જયારે અંશતઃ અંધ અમુક માત્રાઓમાં વસ્તુઓ જોઈ શકે છે. પ્રકાશ કે રંગની ઝાંખી મેળવી શકે છે.[૪]

નેત્રહીન હોવાથી અંધજન માનસિક રીતે ખોડવાળો હોતો નથી. વળી નેત્રહીનતાને કારણે નેત્રહીનોના વ્યવહારો પણ કયારેક અટકયા હોતા નથી. આવા નેત્રહીનોમાં અનેક એવા મહામાનવો થઈ ગયા છે કે જેમના ચર્મચક્ષુ ન હોવા છતાં પણ તેમણે તેના અંતરચક્ષુની મદદથી પ્રકાશહીન હોવા છતાં પણ વિશ્વને અમુલ્ય એવો જ્ઞાનનો પ્રકાશ આપ્યો હતો. જેના ઉદાહરણો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે.

## (૧) રામાયણ અને મહાભારતનો યુગ :

પ્રાચીન ભારતનાં ઈતિહાસનાં કેટલાક ઉદાહરણો તપાસીએ તો ઋગ્વેદની

---

૪. ૧૯૬૦ ના જુન મહિનાના કુરીયરના જણાવ્યા મુજબ વિશ્વ સંસ્થામાં રજુ થયેલા અંધ વિશેની તપાસના અહેવાલમાંથી, પૃ. ૭

રચનામાં "મહર્ષી દિર્ઘોતમાં" એ પોતાનું અમુલ્ય યોગદાન આપ્યું હતું.[૫] ભારતના ઈતિહાસમાં જોઈ શકાય છે કે પરિવાર અને સમાજે પ્રજ્ઞાચક્ષુ શ્રવણના માતા–પિતા બન્ને અંધ હતા છતાં પણ શ્રવણ તેને યાત્રા કરાવવા માટે પોતે પરિશ્રમ ઉઠાવીને નીકળ્યો હતો.

મહાભારતમાં ધૃતરાષ્ટ્ર અંધ હતા. ગાંધાર ઉપર ચડાઈ કરી, તેમના પરત મેળવી. ગાંધાર નરેશની પુત્રી ગાંધારીને અંધ ધૃતરાષ્ટ્રને પરણાવવા માટે ફરજ પાડી હતી. આમ પ્રચીન ભારતમાં અંધજનોનાં વંશવારસો ટકાવવા માટે પરણાવવા ભીષ્મે ગાંધાર ઉપર ચડાઈ કરી. પરંતુ સામાન્ય સ્થિતિના અંધનું શું ? આ દ્રષ્ટિએ જોતા સામાજીક અને લગ્નવિષયક બાબતમાં અંધની સ્થિતિ પ્રસંશનીય કે સારી ન હતી તેવું જણાય છે. અંધ બોલે અને અન્ય તેને અક્ષર દેહ આપે તે જ બુધ્ધિમાન નેત્રહીનો લાચાર ન હતા. તેમણે પણ સમાજને અનેરૂ પ્રદાન આપ્યું હતું. તેમના અનેક ઉદાહરણો ઈતિહાસના પૃષ્ઠ પર જોઈ શકાય છે.

### (૨) ગ્રીક કવિ હોમર :

ઈ.સ. પૂર્વે ૮ મી સદીમાં ગ્રીક કવિ હોમર થઈ ગયા. ઈતિહાસમાં ગ્રીક કવિ હોમરનાં સમય અંગે ચોકકસ માહિતી મળતી નથી. તેમણે અંધ હોવા છતાં બે મહાકાવ્યોની રચના કરી હતી. જે ઈલીયડ અને ઓડીસી તરીકે ઓળખાય છે. આ મહાકાવ્યો ઐતિહાસિક સામગ્રી પુરી પાડે છે. ઈલિયડ દ્વારા એશિયન પ્રજાની જીવન પધ્ધતિ, સામાજિક કે સંગઠન રાજકીય પરિસ્થિતિ વગેરે બાબતોનો ખ્યાલ આવે છે. ઓડીસીમાં ઓડેસિયસના સાહસ અને પરાક્રમોની વાતો વર્ણવમાં આવી છે. પહેલા એમ મનાતું કે આ બન્ને ફકત કાલ્પનીક કાવ્યો છે. પરંતુ ઉત્ખનન દ્વારા પુરાતત્વીય અવશેષો

૫. ઋગ્વેદ ૧–૧૬–૧૧

મળી આવતાં આ મહાકાવ્યોનું વિષયવસ્તુ કાલ્પનિક નથી તેમ પુરવાર થયું.

હોમરે કદાચ ભાટ ચારણોનાં મુખે ઈલીયડ અને ઓડીસીની વાતો સાંભળી અને તેને કાવ્યબધ્ધ કરી હશે. તેણે પોતાના સમયથી ૩૦૦ વર્ષ પહેલાની વાત આ કાવ્યદોમાં આલેખી છે. તેમાંથી ઈ.સ. ૭૫૦ સુધીના ગ્રીસની રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ વિશે માહિતી મળે છે. કારણકે ઈલીયડ અને ઓડીસીમાં ગ્રીક વિરોના શોર્યની વાત આવે છે. હોમર યુગ ઈ.સ. ૧૦૦૦ થી ઈ.સ. પૂર્વે ૭૫૦ સુધીનો ગણવામાં આવે છે. આમ કવિ હોમર અંધ હોવા છતાં ગ્રીકના ઈતિહાસમાં તેનું મહત્વનું પ્રદાન ગણાય છે.[૬]

## (૩) નિકોલસ સોન્ડરસન :

નિકોલસ સોન્ડરસન અમેરિકામાં થઈ ગયા. તેમણે નેત્રો ગુમાવ્યા હતા. તેઓ પ્રખર ગણિતશાસ્ત્રી હતા. તેમણે કેમ્બ્રીજ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. ગણિત વિષયમાં પ્રોફેસર તરીકે નિમાયા હતા. ૧૬ મી સદીમાં થઈ ગયેલા વૈજ્ઞાનિક આઈઝેક ન્યુટન સાથે પ્રોફેસર તરીકે સોન્ડરસનને સ્થાન મળ્યું હતું. તેઓ[૭] નેત્રહિન હોવા છતાં ઘણી પ્રગતિ હાંસલ કરી હતી.

## (૪) હેલન કેલર :

હેલનકેલરના જીવનમાં ત્રણ ત્રણ ઈન્દ્રિયની ક્ષતિ હોવાં છતાં હિંમત ધીરજ અને સતત રિશ્રમ વડે તેણે પોતાનું જીવન મુશ્કેલીઓ વચ્ચે પણ વિકસાવ્યું હતું. એટલું જ નહીં પણ અપંગજનોમાં જલવંત અને પ્રભાવશાળી તેમજ પ્રેરણાદાયી ઉદાહરણ

---

૬. ધારૈયા, કાઝી, ભટ્ટ અને જાની, ''ગ્રીસનો ઈતિહાસ'', રશ્મીકાંત જે. શાહ, અમદાવાદ, છટ્ટી આવૃતિ, ૧૯૭૪–૭૫, પૃ. ૨૨.

૭. છત્રપતિ નિલકંઠ ડાહયાભાઈ ''પ્રસિધ્ધ થયેલા અંધ મિત્રોનો પરિચય'', બાબુભાઈ પી. મહેતા, જ્ઞાન વિજ્ઞાન પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃતિ, ૧૯૬૬, પૃ. ૨૫.

પૂરું પાડયું હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૮૮૦ માં ૨૭ મી જુને અમેરીકાના ટસ્કુમ્બિય નામના એક શહેર ઈવગ્રીનમાં થયો હતો.[૮]

જન્મ સમયે હેલન સંપૂર્ણ સ્વસ્થ હતી. ૧૮ માસની થતાં તેને ભયંકર તાવ આવ્યો. આ મગજના તાવથી આંખની દ્રષ્ટિ, જીભની વાચા શકિત તથા કાનની શ્રવણશકિત તેણે ગુમાવી દીધી. તેના માતા–પિતાએ હેલનના ભાવિ જીવનમાં ઉત્કર્ષ માટે સતત પ્રયાસો કર્યા હતા. તેના પિતા ડોકટર કેલર તેના માટે સારા શિક્ષકની શોધમાં હતા. ઈ.સ. ૧૮૮૭ માં તેને મિસ. સુલીવાન નામે કેળવાયેલ અને ખુબજ લાગણીશીલ શિક્ષક મળ્યા હતા.[૯] અંધા બધિર અને મુક હોવા છતાં હેલને વિશ્વમાં પ્રસિધ્ધિ મેળવી. યંત્રોની મદદથી સાંભળતા અને બોલતા પણ શીખી ગઈ. તેણે સ્નાતકની પદવી મેળવી. બ્રેઈલ લીપીના માધ્યમ દ્વારા જર્મન, ફ્રેન્ચ અને લેટિન ભાષામાં અનેક પુસ્તકો તેણે વાંચ્યા હતા. અપંગોના વિવિધ મંડળોમાં જોડાયને તેણે વ્યાખ્યાનો આપ્યા હતા. અનેક પુસ્તકો લખ્યાં "મારી જીવનકથા" તેનું મહત્વનું પુસ્તક હતું. દેશ–વિદેશનો પ્રવાસ કર્યો.

હેલન કહેતા કે "સૌથી મોટું અંધારૂ" એક જ છે અને તે છે આપણું અજ્ઞાન તે આપણામાંથી દુર થવું જોઈએ.[૧૦]

હેલન ૮૦ વર્ષની ઉમરે પણ રોજના ૧૦ કલાક કામ કરતા હતા. દરેક પત્રનો બ્રેઈલ ટાઈપરાઈટર પર જવાબ આપતા. ૧૯૩૧ માં અંધોના ફાઉન્ડેશન માટે ૧૦ લાખ કરોડ ડોલરનો ફાળો એકત્ર કરવા બદલ અમેરિકાથી ટોકિયો સુધીની

૮. પેટલીકર ઈશ્વર, "અપંગોની પ્રતિભા", નવજીવન પ્રકાશન, અમદાવાદ – ૧૯૪૭, પૃ. ૩.

૯. રાવલ રવિશંકર 'કુમાર', એક તંત્રી, બચુભાઈ રાવત, અમદાવાદ ૧૯૬૮, નવેમ્બર, પૃ. ૫૩૯.

૧૦. અપંગોની પ્રતિભા,પૃ. ૧૨૧.

સરકારોના પારિતોષિકો, ચંદ્રકો અને માનચાંદ તેમને પ્રાપ્ત થયા હતા.[૧૧]

## (૫) કવિ મિલ્ટન :

ઈંગ્લેન્ડ ના કવિ મિલ્ટન અંગ્રેજી મહાકાવ્ય ના મહાન રચયિતા હતા. તેમણે ૪૫ વર્ષની વયે આંખોનું તેજ ગુમાવ્યું હતું. 'On His Blindness' એ દ્રષ્ટિ ગુમાવ્યાની ખોટને વાચા આપતું તેમનું પ્રથમ કાવ્ય હતું. ૧૪ લીટી નું બનેલું આ સોનેટ મિલ્ટનની ઈશ્વર પ્રત્યેની ઉંડી શ્રધ્ધાને ઉપસાવતું હતું. તેણે આંખો ની દ્રષ્ટિ ગુમાવી તેની ખોટ જીવનભર અનુભવી હતી.[૧૨]

## (૬) સંત સૂરદાસ :

સૂરદાસનો જન્મ દિલ્લી પાસેના સિહી ગામમાં સંવત ૧૯૩૫ માં થયો હતો. તેઓ જન્મથી અંધ હતા કે કામશકિત થી દુ:ખી થઈને તેમણે પોતાના હાથે જ ચર્મ ચક્ષુ ફોડી નાખ્યા હતા. તે અંગે મતભેદ પ્રવર્તે છે. સૂરદાસ અંધ હોવા છતા અનેક પદોની રચનાકરી હતી. તેના પદો સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. જે શ્રીકૃષ્ણ ની અનન્ય ભકિત અંગેના હતા. તેણે શ્રીકૃષ્ણ ની બાળલીલાનું અદભૂત વર્ણન પદોમાં કર્યુ હતું. સૂરદાસ મથૂરામા આવ્યા હતા ત્યારે બિરબલ અને તાનસેને તેમનું સંગીત સાંભળ્યું હતું. આમ મધ્ય યુગમાં સૂરદાસ નું સ્થાન ઉચ્ચકોટીનું મનાય છે.

## પ્રજ્ઞાચક્ષુ અન્ય વિભૂતિઓ :

– સ્વામી વિરજાનંદ:– આર્યસમાજની સંસ્થાનાં સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતિ ના ગુરૂ સ્વામી વિરજાનંદ હતા. તેઓ અંધ હતા અને મથૂરામાં રહેતા હતા. ગુરૂની આજ્ઞા માનીને તેમણે ધર્મ ગ્રંથ નો પ્રચાર કર્યો હતો.[૧૩]

---

૧૧. રાવલ રવિશંકર 'કુમાર', એક તંત્રી, બચુભાઈ રાવત, અમદાવાદ ૧૯૬૮, નવેમ્બર, પૃ. ૫૩૯.

૧૨. 'Milton John' on his Blindness, 'Parikh R. Zala', Parikh Prakashan - 1990, P. 137

૧૩. ડો. દેવરાજ ''વિશ્વ કે સતપુરૂષ', કાશી વિદ્યાલય, વિશ્વ વિદ્યાલય, વારાણસી, પૃ. ૧૬૯.

આ ઉપરની સ્વામી રામભદ્રાચાર્ય, કવિ હંસરાજ, પંડિત સુખલાલજી, ભીખાલાલ ચુનીલાલ શાહ વગેરે પ્રજ્ઞનચક્ષુઓ નું પણ સમાજમાં મહત્વનું પ્રદાન છે.

### ભારતમાં અંધજન પ્રવૃતિનો ઈતિહાસ :

પ્રાચીન ભારતમાં અંધોના શિક્ષણ અને વિકાશ અંગે કોઈ વ્યવસ્થા ન હતી. વિશ્વમાં સૌ પ્રથમ ઈ.સ. ૧૭૮૪ માં પેરિસમાં "વેલેન્ટાઈન હુઈ " નામની મહિલાએ અંધ શાળા શરૂ કરી હતી. [૧૪]

ભારતમાં અંધશિક્ષણ નાં વિકાશ અંગેનું કાર્ય ઈ.સ. ૧૮૯૮ માં ખ્રિસ્તી મિશનરી દ્વારા શરૂ થયું હતું સૌ પ્રથમ અંધશાળા " અર્મતસર" માં સ્થાપવામાં આવી હતી. કેટલાક કારણોસર આ શાળા દહેશાદૂન નજીક રાજપુર ગામે બદલવામાં આવી ત્યાં તેનું નામ "શાર્પ મેમોરિયલ સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ" રાખવામાં આવ્યું કુમારી એની શાર્પ નામની ખ્રિસ્તી મહિલાએ અમૃતસરની આ શાળા સ્થાપી હતી.[૧૫]

ઈ.સ. ૧૮૯૦ માં દક્ષિણ ભારતમાં પાલમકોટા નામના સ્થળે " ચર્ચ ઓફ બ્લાઈન્ડ મિશનરી સોસાયટી" ના ઉદભવે એક અંધશાળા શરૂ કરવામાં આવી હતી. દેશમાં ઉપરોકત સંસ્થાઓની સ્થાપના થયા બાદ સ્વાભાવિક પણે લોકોનુ ં ધ્યાન પ્રજ્ઞનચક્ષુ ઓ તરફ ખેચાયું હતું. ત્યારબાદ ઈ.સ. ૧૮૯૭ માંથી લાલ બિહારી સિંહાએ "કલકતા સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ" સંસ્થાનો પાયો નાખ્યો હતો. આજ સમયગાળા દરમ્યાન મુંબઈમાં " અમેરિકન સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ" ની સ્થાપના થઈ જે આજે "દાદર સ્કુલ ફોર ધ બ્લાઈન્ડ ગર્લ્સ" ના નામે ઓળખાય છે. [૧૬]

---

૧૪. છત્રપતિ નિલકંઠરાય ડાયાલાલ "પ્રસિધ્ધ થયેલ અંધ મિત્રોના પરિચય", એજન, પૃ. ૧૦.

૧૫. મિસ્ત્રી ઠાકોરભાઈ છ. 'અંધોનું શિક્ષણ' એજન, પૃ. ૧૨.

૧૬. મિસ્ત્રી ઠાકોરભાઈ છ. 'અંધોનું શિક્ષણ' એજન, પૃ. ૧૨.

આ સમયગાળા દરમ્યાન ભારતમાં અને ગુજરાતમાં અંધજનોના કાર્યો અને વિકાસ માટે ઘણી લોક જાગૃતિ આવી ચૂકી હતી. જેના કારણે સામાન્ય લોકો માં પણ અંધજનોના કાયો માટે કોઈના કોઈ સ્વરૂપે ઉત્સુકતા દેખાવા લાગી હતી. આના પરિણામે દેશમાં અંધો માટેની શાળાનું એક એવું મોટું મોજું ફરી વળ્યું કે એ સમયે કોઈ પણ રાજય એવું ન હતું કે જયાં અંધજનોના શિક્ષણ ની શરૂઆત ન થઈ હોય.

બીજા વિશ્વયુધ્ધમાં ભારતમાં અનેક સૈનિકો મોરચા ઉપર કામ કરતા હતા ત્યારે આ સૈનિકો માંથી ઘણા બધા સૈનિકો એ પોતાની આંખો ગુમાવી દીધી હતી. ત્યારે આ સમયે આવા સૈનિકોએ પોતાની આંખો ગુમાવી દીધી હતી. ત્યારે આ સમયે આવા સૈનિકોના પુર્નવસવાટની જટીલ સમસ્યા સરકાર સમક્ષ ઉપસ્થિત થઈ હતી. પરિણામે ૧૯૪૩ સુધીમાં અંધો માટે 'દહેરાદુન સેન્ટડન્ટસ્ટન્સ' નામની સંસ્થા સ્થાપવામાં આવી હતી. આઝાદી પછી ભારતે તે સંસ્થાનું નામ બદલીને 'ટ્રેનીંગ સેન્ટર ફોર ધ એડલ્ટ બ્લાઈન્ડ' રાખ્યું હતું. આ સંસ્થામાં ૧૫૦ જેટલા મોટી ઉમરના અંધજનો માટે શિક્ષણની વ્યવસ્થા છે. આ સંસ્થામાં પુખ્ત વયના અંધો માટે બે વર્ષના અભ્યાસક્રમની વ્યવસ્થા છે. દહેરાદુનમાં આવેલી આ અંધશાળામાં સમગ્ર ભારતમાં સૌથી મોટી છે. ત્યાં ભોજન રહેઠાણ વગેરે ખર્ચ સરકાર દ્વારા આપવામાં આવે છે. આ સંસ્થામાં ૧૯૫૭ થી અંધબહેનો માટેનો એક ખાસ અલગ વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો હતો. ૧૯૫૯ માં જુલાઈએ અંધ બાળકો માટે આદર્શ અંધશાળા સ્થાપવામાં આવી હતી.[૧૭]

૧૯૬૭ સૂધીમાં દેશમાં સરકારી તેમજ બિનસરકારી ૧૧૦ અંધ શાળાઓ હતી. જેમાં ચાર થી પાંચ હજાર બાળકો તથા અંધ સ્ત્રી– પુરૂષો શિક્ષણ મેળવતા હતા. [૧૮]

---

૧૭. ડો. વ્યાસ, રાજેન્દ્ર ટી. (ટ્રસ્ટી), વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ– રાજકોટ – રૂબરૂ મુલાકાત, ૨૭–૬–૨૦૦૦

૧૮. મિસ્ત્રી ઠાકોરભાઈ છ. 'અંધોનું શિક્ષણ' એજન, પૃ. ૧૨.

અંધોના શિક્ષણમાં અગત્યની વસ્તુલિપિ છે. તેમને બ્રેઈલ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આ લિપિ માં ખાસ કરીને પુસ્તકો તૈયાર કરવામાં આવે છે. આ લિપિ એ અંધજનોનાં શિક્ષણ અને વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. ઈ.સ. ૧૯૪૭ માં ભારતના શિક્ષણ ખાતાં તરફથી અપંગ માટેની એક શિક્ષણ શાખા ખોલવામાં આવી તેણે યુનેસ્કોને સૂચન કર્યુ કે દૂનિયા ભરની બધી ભાષા ઓ માટે એક અલગ બ્રેઈલ લિપિ તૈયાર કરવી તેથી જુદી જુદી ભાષામાં વાંચવી સહેલી પડે યુનેસ્કોએ ઘણા પ્રયત્નો બાદ ભારતીય બ્રેઈલ લિપિ ભારતીય ભાષાઓ માટે તૈયાર કરી. [૧૯]

## ગુજરાતમાં આવેલી અંધશાળાઓ :

ગુજરાત રાજયમાં અંધોને શિક્ષણ આપતી કુલ ૧૯ સંસ્થાઓ છે. જેમાં ૪–સરકારી, ૧૨–સરકાર માન્ય અને ૩–સરકાર અમાન્ય સંસ્થાઓ છે. આ ઉપરાંત પાંચ અંધજન મંડળો છે. અંધોના શિક્ષણમા ગુજરાત રાજયમાં અમદાવાદ સૌથી મોખરે છે. અમદાવાદમાં અંધો માટેની પ્રાથમિક શાળા, પુખ્ત વયના અંધો માટેની સંસ્થા,અંધ કન્યાઓ માટેની શાળા, અંધ કુમારો માટેની શાળાઓ, શિક્ષકો તૈયાર કરતી તાલીમી કોલેજો પણ છે.મોટા ભાગની સંસ્થાઓ અંધોને શિક્ષણ આપતી શાળાઓ કરતા અંધોને આશ્રય આપતી સંસ્થાઓ છે.[૨૦]

### (૧) સરકારી અંધશાળા મદન ઝાંપા રોડ– અમદાવાદ

- સ્થાપના ઈ.સ. ૧૯૧૫ માં થયેલ છે.
- સંચાલન ગુજરાત સરકાર હસ્તક છે.

---

૧૯. ડો. વ્યાસ, રાજેન્દ્ર ટી. (ટ્રસ્ટી), વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ– રાજકોટ – રૂબરૂ મુલાકાત, ૨૭–૬–૨૦૦૦

૨૦. મંકોડી પ્રકાશભાઈ જે., મેનેજીંગ ટ્રસ્ટી,વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ– રાજકોટ – રૂબરૂ મુલાકાત, ૨૨–૫–૨૦૦૨

- ૭ થી ૧૬ વર્ષ સુધીના અંધ ભાઈઓ માટે જ ધો. ૧ થી ૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ
- નેતરકામ, કાથીકામ વગેરે ઉદ્યોગોની તાલીમ
- સંગીતનો ડીપ્લોમા કોર્ષની સુવિધા
- વિનામુલ્યે સવલત[૨૧]

**(૨) બહેરા મુંગા અંધ શાળા – આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ.**

- સ્થાપના ઈ.સ. ૧૯૪૫ માં થયેલ છે.
- સ્વૈચ્છિક સંસ્થા છે.
- બહેરા મુંગા તથા અંધ ત્રણેય પ્રકારની શારીરિક ક્ષતિ ધરાવતા ભાઈઓ માટેની સંસ્થા છે.
- છાત્રાલયની સગવડતા છે.
- ધો. ૧ થી ૭ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે.
- સંગીત, મસાજ, નેતરકામ, પાટીકામ, કાથીકામ વગેરે ઉદ્યોગ શીખવવામાં આવે છે.
- સંગીત, હિન્દી, સંસ્કૃત શાળાંત પરીક્ષા તથા એસ.એસ.સી. ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે.[૨૨]

**(૩) અંધ કેળવણી કેન્દ્ર – ભાઈઓ માટે, વસ્ત્રાપુર, અમદાવાદ.**

- અંધજન મંડળ સંચાલીત સંસ્થા છે.
- અંધ શાળામાં ભાઈઓને સાહિત્ય, શિક્ષણ, સંગીત, ઉદ્યોગની તાલીમ તેમજ મસાજકામ ઉપરાંત ટેલીફોન ઓપરેટરની તાલીમ આપવામાં આવે છે.

---

૨૧. મિસ્ત્રી ઠાકોરભાઈ છ. 'અંધોનું શિક્ષણ' પૃ. ૪૦.

૨૨. રાડીયા ઈન્દુભાઈ જી. (શિક્ષક), વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ– રાજકોટ – રૂબરૂ મુલાકાત, ૪–૮–૨૦૦૪.

- શિક્ષકોને તાલીમ આપવા માટે "શિક્ષક ટ્રેનીંગ સેન્ટર" છે.
- નેશનલ એશોસીએશન ફોર ધ બ્લાઈન્ડ દ્વારા પ્રાદેશીક બ્રેઈલ પ્રેસ પણ ચાલે છે.[૨૩]

## (૪) લાઈટ હાઉસ – એચ. એલ. કોલેજ પાસે, મેમનગર – અમદાવાદ.

- સ્થાપના ૧૯૫૪ માં થયેલ છે.
- અંધ કન્યાઓ માટેની સંસ્થા છે.
- એસ. એસ. સી. સુધીનું શિક્ષણ ઉપરાંત સંગીત તથા ઉદ્યોગની તાલીમ આપવામાં આવે છે.
- ત્રીસ વર્ષ સુધીની બહેનો પ્રવેશ પાત્ર છે.
- ઉદ્યોગમાં નેતરકામ, પાટીકામ, ગુંથણકામ, સંગીત, બેન્ક અને મસાજ ની તાલીમ આપવામાં આવે છે.
- હિન્દી પરીક્ષાઓ, શાળાંત પરીક્ષાઓ તથા એસ.એસ.સી. પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં આવે છે.[૨૪]

## (૫) કર્ણાવતી

અમદાવાદમાં કર્ણાવતીમાં અંધ મહિલાઓ માટેની 'વર્કીંગ વુમન હોસ્ટેલ' આવેલી છે. જે અંધ બહેનો સ્વરોજગારી કરતી હોય તેમને માટેનું આ નિવાસસ્થાન છે.[૨૫]

## (૬) શિશુ અંધો માટેનું બાલમંદિર – આશ્રમ રોડ, અમદાવાદ.

- સ્થાપના ૧૯૫૨ માં થયેલ છે.

---

૨૩. મંકોડી પ્રકાશભાઈ જે., મેનેજીંગ ટ્રસ્ટી,વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ– રાજકોટ – રૂબરૂ મુલાકાત.

૨૪. વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ, રાજકોટ, પરિચય પુસ્તીકા, પ્રકાશક : સ્વ. ભીખાભાઈ શાહ તથા બેંગોલી સંકોતબેન પી. ૧૯૭૪, પૃ. ૩.

૨૫. રાડીયા ઈન્દુભાઈ જી. (શિક્ષક), વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ– રાજકોટ – રૂબરૂ મુલાકાત, ૪–૮–૨૦૦૪.

- અમદાવાદની બહેરા મુંગા શાળા શિક્ષણ સમિતિ દ્વારા સંચાલન થાય છે.
- ગુજરાત રાજયમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપતી આ માત્ર એક જ સંસ્થા છે.
- ૩ થી ૭ વર્ષ સુધીના બાળકો પ્રવેશપાત્ર
- શિક્ષણ છાત્રાલય, ભોજનાની નિશુઃલ્ક વ્યવસ્થા
- અંધ બાળકોને શૈક્ષણિક સાધનોના ઉપયોગ સાથે મૌખિક શિક્ષણમાં રસપ્રદ વાર્તા દ્વારા ચારિત્ર્ય ઘડતર
- સ્પર્શ અને ક્રિયા દ્વારા વિવિધ અનુભવગમ્ય જ્ઞાન
- શાળા જીવન અને છાત્રાલય જીવન માટે અંધ બાળકોને તૈયાર કરી સુટેવોનું ઘડતર કરવાનો મુખ્ય ઉદેશ્ય.[૨૬]

**(૭) અંધજન શાળા ઘોડદોડ રોડ – સુરત.**

- સ્થાપના ઈ.સ. ૧૯૫૪ માં.
- સરકાર માન્ય સંસ્થા છે.
- ૭ થી ૧૫ વર્ષના બાળકો પ્રવેશ પાત્રતા ધરાવે છે.
- સ્વૈચ્છિક સંસ્થા છે.
- શૈક્ષણિક તેમજ છાત્રાલય ફી લેવામાં આવતી નથી.
- ઉદ્યોગોમાં નેતરકામ, પાટીકામ, સંગીત, ચર્મકામ, કાગળના ફુલો બનાવવાનું વગેરે કામ શીખવવામાં આવે છે.[૨૭]

## સૌરાષ્ટ્રમાં અંધજનોના વિકાસ માટેની સંસ્થાઓ

(૧) શ્રી કૃષ્ણ કુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા – ભાવનગર.

---

૨૬. મિસ્ત્રી ઠાકોરભાઈ છ. 'અંધોનું શિક્ષણ' પૃ. ૪૧.

૨૭. મિસ્ત્રી ઠાકોરભાઈ છ. 'અંધોનું શિક્ષણ' એજન, પૃ. ૪૧.

(૨) ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળ – પોરબંદર

(૩) મેઘજી પેથરાજ સરકારી અંધશાળા – જુનાગઢ.

(૪) અંધ સર્વોદય મંડળ – જામનગર.

(૫) શ્રી બી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ – રાજકોટ.

(૬) અંધ સર્વોદય મંડળ – રાજકોટ.

(૭) અંધ વિદ્યાર્થી ભવન – વિસાવદર.

(૮) શ્રી મોહનલાલ ટી. દોશી અંધ વિદ્યાલય – સુરેન્દ્રનગર.

(૯) શ્રી અંધ સર્વોદય મંડળ દ્વારા સંચાલિત ભાઈઓ માટેની અંધશાળા – અમરેલી.

(૧૦) નાના બાળકો માટેની પ્રાથમિક શિક્ષણ આપતી અંધશાળા – માંગરોળ

(૧૧) શ્રી અંધ સર્વોદય મંડળ દ્વારા અંધ ભાઈઓ માટેની ઔદ્યોગીક તાલીમ આપતી શાળા – ઉના

માંગરોળ, ઉના, વિસાવદર અને સુરેન્દ્રનગરની સંસ્થાઓનો મુખ્ય ઉદેશ્ય અંધજનોના શૈક્ષણિક તાલીમ, ઔદ્યોગીક તાલીમ, રક્ષિત રોજગાર અને પ્રાથમિક શિક્ષણને ઉતેજન આપવાનો રહેલો છે.

અંધજનો માટેની ઉલ્લેખનીય કામ કરતી સૌરાષ્ટ્રની સંસ્થાઓનો પરિચય તેમની પ્રવૃતિને જાણીને આપી શકાય.[૨૮]

---

૨૮. શ્રી અંધ સર્વોદય મંડળ 'પંચવર્ષિય અહેવાલ', પ્રકાશક – કાનજીભાઈ પોપટ, વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૬, પૃ. ૧.

**સૌરાષ્ટ્રમાં અંધજન કલ્યાણ પ્રવૃતિનો પ્રારંભ :**

સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૯૫૧ માં અંધ સર્વોદય મંડળની સ્થાપના પોરબંદરમાં થઈ હતી. ત્યારથી અંધ કલ્યાણ પ્રવૃતિની શરૂઆત થઈ. ત્યારબાદ ૧૯૬૦ માં રાજકોટ શહેરમાં રાષ્ટ્રીય શાળા ખાતે સૌ પ્રથમ અંધ બહેનોની એક સંસ્થા શરૂ થઈ. ઈ.સ. ૧૯૭૩ ની જાન્યુઆરીની પહેલી તારીખે અંધજન કલ્યાણ મંડળ ભાઈઓ માટેની સંસ્થાની શરૂઆત થઈ.[૨૯]

**રાજકોટમાં અંધજન કલ્યાણ મંડળ ભાઈઓ માટેની પ્રવૃતિનો પ્રારંભ [૩૦] :**

અંધજન કલ્યાણ મંડળની રાજકોટ ખાતે સ્થાપના થઈ ઈ.સ. ૧૯૭૫ માં આ સંસ્થા ગુજરાત રાજયના સમાજ સુરક્ષા ખાતા તથા શિક્ષણખાતા તરફથી ગ્રાન્ટ મેળવતી થઈ અને સ્થાપના થયા બાદ તેમાં ટ્રસ્ટ એકટ, સોસાયટી એકટ અને ઈન્કમટેકક્ષ એકટ ધારા હેઠળ માન્યતા પ્રાપ્ત થયા બાદ મંડળે તેના અંધકલ્યાણ પ્રવૃતિના શ્રી ગણેશ કર્યા.

**અંધજન કલ્યાણ મંડળ દ્વારા રાજકોટમાં અંધ ભાઈઓના કલ્યાણની પ્રવૃતિઓ :**

**(૧) અંધજન છાત્રાલય :**

સમગ્ર ગુજરાત રાજયનું આ પ્રથમ ભાઈઓ માટેનું અંધજન છાત્રાલય છે રાજકોટ શહેર નાના ઔદ્યોગિક એકમનું શહેર હોવાથી આવા એકમોમાં કામ કરતા ચક્ષુહીનોને વેતન ઘણું અલ્પ પ્રમાણમાં મળે તે સ્વાભાવિક છે. અલ્પ વેતનને કારણે આવા નેત્રહીનો શહેરમાં રહી શકે નહી.[૩૧] જેથી આ સંસ્થાએ તા. ૧/૧૧/૭૩ થી નેત્રહીનો માટે છાત્રાલયની શરૂઆત કરી ૫૦ રૂા. જેવી નજીવી ફી લઈ છાત્રાલયમાં

---

૨૯. અંધજન કલ્યાણ મંડળ સંસ્થાની સ્થાપના ફાઈલના આધારે.

૩૦. અંધજન કલ્યાણ મંડળ સંસ્થાની ગ્રાન્ટ ફાઈલના આધારે.

૩૧. સંસ્થાના ૧૯૯૨ ના પ્રગતિ અહેવાલને આધારે.

રહેતા ભાઈઓને અધતન પ્રકારની સવલતો જેવી કે બે વખત ભોજન, બે વખત ચા કપડાલતા અને સફાઈની વ્યવસ્થા, સુવા માટે પલંગની વ્યવસ્થા આપવામાં આવે છે છાત્રાલયમાં ૩૦ અંતેવાસીઓને સમાવી શકાય તેટલી વ્યવસ્થા રહેલી છે.

### (૨) બ્રેઈલ સંદેશ પ્રકાશન :

નેત્રહીનો રોજબરોજની ઘટનાઓ તથા અંધજનોના નવા સમાચારોથી વાકેફ થાય તથા તેઓમાં સાહિત્ય, વિજ્ઞાન, સમાજ, રાજકીય વગેરે વિષયોમાં રસ જાગૃત થાય તે માટે બ્રેઈલ સંદેશ નામની ત્રિમાસિક અંક તા. ૧૫/૦૮/૭૩ ના રોજ એ વખતના સિંચાઈકૃષિ ખાતાનાં નાયબ પ્રધાનના વરદ હસ્તે ખુલ્લો મુકાયો. આ અંકનો લાભ સમગ્ર રાજય તથા દેશની બહાર વસતા ગુજરાતી અંધ ભાઈ–બહેનો લઈ રહયા છે. ગુજરાત રાજયમાં માત્ર બ્રેઈલ સંદેશ જ એક એવું સામયિક એ સમયમાં હતું કે જે, દૃષ્ટિ હિનોને વિના મુલ્યે આપવામાં આવતું હતું. [૩૨]

### (૩) અંધ બ્રેઈલ પુસ્તકાલય :

બ્રેઈલ લિપિના જાણકાર પ્રજ્ઞાચક્ષુ ભાઈ–બહેનો પોતાનો વાંચનશોખ કેળવી શકે તે માટે આ મંડળે તા. ૨૬ મી જાન્યુઆરી ૧૯૭૯ ના રોજ એક બ્રેઈલ પુસ્તકાલયની સ્થાપના કરી ગુજરાત રાજયના શિક્ષણ ખાતાની માન્યતા પામેલ અને અનુદાન મેળવતું આ બીજુ બ્રેઈલ પુસ્તકાલય છે હાલમાં આ પુસ્તકલયના ગુજરાતી, હિન્દી બ્રેઈલ પુસ્તકો તેમજ ૧૦ થી ૧૫ જેટલા સામયિકો ઉપલબ્ધ છે જેનો અંધવ્યકિતઓ વાંચન માટે ઉપયોગ કરે છે.

ઈ.સ. ૧૯૮૫ માં શાસ્ત્રી પુ. ડોંગરેજી મહારાજનું ભાગવત રહસ્ય નામનું પુસ્તક બ્રેઈલ લિપિમાં તૈયાર કરેલ છે ત્યારબાદ સંત મોરારીદાસ બાપુની રામાયણના

૩૨. સંસ્થાની બ્રેઈલ પ્રકાશન ફાઈલને આધારે.

૨૫ ભાગ તૈયાર કરેલ છે. તેમજ બાળ સાહિત્ય નવલકથાઓ સંગીતને લગતા પુસ્તકો બ્રેઈલમાં ઉપલબ્ધ છે. [૩૩]

સરકાર અને સમાજનો સાથ મળતા આજે ગુજરાત રાજયનું પ્રથમ હરોળનું આ બ્રેઈલ પુસ્તકાલય બની રહેલ છે. આ પુસ્તકાલય ૬૦૦ કરતા વધારે સભ્ય સંખ્યા ધરાવે છે.

**(૪) નેતર ઉદ્યોગ :**

જુના જમાનામાં અંધજનો ગાય અથવા દળેએ કહેવતને હવે નેત્રહીનોએ નિરર્થક કરી દીધેલ છે અંધજન એમના સ્પર્શ શકિતથી વણાટ કામના જુદા જુદા પ્રકારના નમુના બનાવવા, આસન બનાવવા નેતર ઉદ્યોગ જેવા અનેક વિધ ઉદ્યોગો કરી શકે છે. અંધજન કલ્યાણ મંડળના નેત્રહીન ભાઈઓ પણ આ કામ બહુ સારી રીતે કરી પોતાની આજીવિકા ઉભી કરી રહયા છે.

**(૫) અંધજન સંકલિત સહ–શિક્ષણ યોજના નેત્રહિનોની નુતન શિક્ષણ પધ્ધતિ :**

અંધજન સંકલિત સહ–શિક્ષણ યોજના એટલે દ્રષ્ટિ હિન અલ્પ દ્રષ્ટિવાળા બાળકને તેમના જ ગામની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ આપવાનું કાર્ય આ સંસ્થા દ્વારા ચાલી રહયુ છે. નેત્રહીન બાળકને તાલિમ આપવા માટે વિશિષ્ટ પ્રકારની તાલિમ મેળવેલ શિક્ષકને આ માટે નિમંણુક આપવામાં આવે છે અને રાજકોટ જીલ્લાના બધા જ તાલુકામાં આ યોજનાનો અમલ ભારત સરકારની નાણાંકીય મદદથી કરવામાં આવે છે જેને કારણે અસંખ્ય વિદ્યાર્થીઓ આ લાભ મેળવવા પાત્ર બનેલ છે.

---

૩૩. સંસ્થાની બ્રેઈલ પુસ્તકાલય ફાઈલને આધારે.

**(૬) ધ્વનિ સાહિત્ય (ટોકીંગ બુક લાઈબ્રેરી) :**

માધ્યમિક અને કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા ચક્ષુહીનો માટે સંપુર્ણ પાઠયક્રમ બ્રેઈલમાં મેળવવો શકય નથી. તેથી આવા વિદ્યાર્થીઓને ટેપરેકોર્ડરો અને કેસેટો આપી તેનો અભ્યાસક્રમ રેકોર્ડ કરી દેવામાં આવે છે અને આ કેસેટોનું શ્રવણ કરી નેત્રહીન વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ કરે છે.[૩૪]

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ આવી ટોકીંગ બુક કેસેટ લાયબ્રેરી અંધજન કલ્યાણ મંડળ તરફથી ૨૮/૨/૧૯૮૨ માં શરૂ કરવામાં આવી. આજે આ લાયબ્રરીનો કોલેજ અને વિદ્યાપીઠમાં અભ્યાસ કરતાં ઘણાં નેત્રહીન ભાઈ બહેનો લાભ લઈ રહયા છે. ૧૯૯૨ માં સંસ્થા પાસે ૧૦૦૦ કેસેટ તથા ૨૫ ટેપરેકોર્ડરો ઉપલબ્ધ હતા જેનો એ સમયે નેત્રહીન ભાઈ બહેનોએ લાભ લીધો હતો. [૩૫]

**(૭) રોજગાર સેવા અને આર્થિક સહાય અને પારિતોષિકો :**

તાલીમ પામેલ અંધજનોને યોગ્ય વ્યવસાય મળી રહે તે માટે મંડળ રોજગાર સેવા ચલાવે છે શહેરના જુદ જુદા કારખાના, ઓફીસો, શાળાઓ, બેંકો, કંપનીઓ વગેરે જગ્યાઓએ કામ મેળવી આપવાની મંડળ દ્વારા કાર્યવાહિ આ યોજના હેઠળ થઈ રહી છે શિક્ષણ લેતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય તથા માંદગી સમયે અંધ વ્યકિતને તબીબી સહાય તેમજ સ્વરોજગાર ઉભો કરવા માટે મંડળ દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે. અંધજનોને સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આપવામાં આવતા લાભોના તમામ નઈચઈ (ગર્વમેન્ટ રૂલ્સ) ની નકલ તેમજ ગુજરાત એસ. ટી. પાસ, રેલ્વે મુસાફરી પાસ તથા હવાઈ મુસાફરી પાસ વિના મુલ્યે કાઢી આપવામાં આવે છે.

---

૩૪. ટોકીંગ લાઈબ્રેરી ફાઈલને આધારે.

૩૫. ૧૯૯૨ નો સંસ્થાનો પ્રગતિ અહેવાલ.

ટુંકમાં અંધજનોને સ્પર્શતા તમામ  કાર્યો મંડળ મારફત કરીને નેત્રહીનોને કૌટુંબિક, સામાજીક તથા આર્થિક દરજજો ઉચો લાવવા માટે મંડળ યથાશકિત પ્રયત્નો કરે છે. વિશેષ અથવા ઉલ્લેખનિય કાર્ય કરનાર કોઈપણ અંધ વ્યકિતને પારિતોષિક આપાવામાં આવે છે એસ.એસ.સી. માટે સ્વદીપ્તિ પારિતોષિક આપવામાં આવે છે.

**(૮) મેરેજ બ્યુરો :**

અપંગ અને અસહાય લોકોને સમાજમાં સન્માનભર્યુ સ્થાન અપાવવા માટે સરકાર તથા અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ મેરેજ બ્યુરો સેવા ચલાવે છે. આ સેવા દ્વારા સમાજથી દુર ફેકાઈ ગયેલી વ્યકિતઓને પરસ્પર યોગ્યપાત્ર શોધી લગ્ન કરાવી આપે છે. ૧/૫/૭૮ થી આ સંસ્થાએ આ પ્રવૃતિનો પ્રારંભ કર્યો છે. આવા લગ્ન કરતી વ્યકિતના સુખી સંસાર માટે કુટુંબ નિભાવ માટેની આવશ્યક ચીજ વસ્તુ પણ આપવામાં આવે છે.

**(૯) ગૃહ શિક્ષણ યોજના :**

અકસ્માત કે રોગના કારણે દૃષ્ટિ ગુમાવી ચુકેલા પુખ્ત કે પ્રૌઢ વયના ભાઈ બહેનો માટે મંડળે રાજકોટ શહેરમાં ૧/૪/૭૫ થી ગૃહ શિક્ષણ સેવા દ્વારા અંધાપાને કારણે નિરાશ બની ગયેલી વ્યકિતઓમાં ફરી ઉત્સાહ અને આશાનો સંચાર કરવા બ્રેઈલ લિપિનું શિક્ષણ તથા પુર્નવસન આ શિક્ષણ દ્વારા આપવામાં આવે છે, અંધજનો માટે આ ગૃહ શિક્ષણ સેવા આર્શિવાદ સમાન સાબિત થઈ.

**(૧૦) બ્રેઈલ પ્રેસ :**

સૌરાષ્ટ્ર અને કચ્છમાં બ્રેઈલ લિપિના પુસ્તકો  છાપવા માટેનો એક પણ પ્રેસ ન હતો. તેથી આ સંસ્થાએ વર્ષ ૧૯૯૩ થી બ્રેઈલ પ્રેસનો શુભ પ્રારંભ રાજકોટ ખાતે

કરેલ છે. [૩૬] આ બ્રેઈલ પ્રેસ માટે લાયન્સ ઈન્ટરનેશનલ અને સ્વ. રંભાબેન સવદાસભાઈ કાલરીયા ટ્રસ્ટ તરફથી મોટી રકમનું દાન મળેલ છે જેની સહાયથી રૂા. ૧૦ લાખનું મુડી રોકાણ કરી સંસ્થાએ બ્રેઈલ પ્રેસનું કાર્ય શરૂ કરી દીધેલ હતું. આ બ્રેઈલ પ્રેસ અસ્તિત્વમાં આવતા સૌરાષ્ટ અને કચ્છના નેત્રહીન વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો તેમજ અન્ય સાહિત્ય સામગ્રી સહેલાઈથી ત્વરીત ઉપલબ્ધ થઈ શકેલ છે આ ઉપરાંત પુખ્ત વયના નેત્રહીન વ્યકિતઓને સામયિકો તથા આધ્યાત્મિક પુસ્તકો વાંચવા સુલભ બન્યા છે.

## ૨. શ્રી વૃજલાલ દુર્લભજી પારેખ, અંધ મહિલા વિકાસગૃહ, રાજકોટ

**સ્થાપના :**

આપણા દેશમાં નેત્રહીનોના સંખ્યા પ્રમાણ વિશે કોઈ એક મત નથી, પરંતુ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ રિસર્ચ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ધરવામાં આવેલ સર્વેક્ષણ પ્રમાણે ભારતમાં એક કરોડ ત્રીસ લાખ વ્યકિતઓ નેત્રહીન હોવાનો અંદાજ છે. જેમાંથી લગભગ ૫૦ % મહિલાઓ નેત્રહીન છે. [૩૭]

સૌરાષ્ટ્રમાં પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે નિવાસી શાળા શરૂ કરવાનો વિચાર કેટલાંક નેત્રહીન આગેવાનોને આવ્યો તેઓએ સૌ પ્રથમ ઈ.સ. ૧૯૫૩ માં નેત્રહીન મહિલાઓ માટે માત્ર દિવસના વર્ગો **(Day Classes)** ની પોરબંદરમાં શરૂઆત કરી. વિકાસ અને વહીવટી સરળતા ખાતર નેત્રહીન મહિલાઓ માટેની આ પ્રવૃતિને પ્રથમ સોનગઢ અને ત્યારબાદ ઈ.સ. ૧૯૫૬ માં રાજકોટમાં સ્થળાંતરીત કરવામાં આવી. દિવસના વર્ગોથી શરૂ કરેલી આ શિક્ષણ અને તાલિમની પ્રવૃતિ આજે ' અંધ મહિલા વિકાસ ગૃહ ' ના રૂપમાં પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે

૩૬. સંસ્થાની વાઉચર ફાઈલને આધારે.

૩૭. સંસ્થાનો દ્વિવાર્ષિક અહેવાલ – ૧૯૯૮ થી ૨૦૦૦, પાના નં. ૩.

ગુજરાત રાજયમાં આદર્શ શૈક્ષણિક સંસ્થા તરીકેનું સ્થાન ધરાવે છે.

આ સંસ્થાને એક નાના કુમળા છોડમાંથી એક વિશાળ વટવૃક્ષની શીતળ છાંય સુધી પહોંચાડનાર એક અનોખુ માનવીય વ્યકિતત્વ આદરણીય સ્વ. સંતોકબેન પી. બેંગાલીનો ઉલ્લેખ કરીને તેમના કાર્ય વિશે નોંધ લઈને સંસ્થા વિશે વિસ્તૃત માહિતી મેળવી શકાય.

**સ્વ. સંતોકબેન પી. બેંગાલીનો સંક્ષીપ્ત જીવન પરિચય :**

શ્રી સંતોકબેન પી. બેંગાલીનો જન્મ ૧૮–૧૧–૧૯૨૩ ના રોજ થયો હતો અને તેમનું દેહવસાન તા. ૨૭/૦૯/૨૦૦૪ ના રોજ તેમની કર્મભુમિ રાજકોટ ખાતે થયેલ છે. તેમણે છેલ્લા પાંચ દાયકાઓથી નેત્રહીન બહેનોના કલ્યાણની પ્રવૃતિને પોતાનુ કાર્યક્ષેત્ર બનાવ્યુ હતુ. [૩૮]

પુ. નારણદાસ કાકાના વડપણ હેઠળ ચાલતી રાષ્ટ્રીય શાળામાં ઈ.સ. ૧૯૪૭ માં તેઓ શિક્ષીકા તરીકે જોડાયા હતા શરૂઆતથી તેમનામાં સેવા સમર્પણ અને કર્મનિષ્ઠાની ભાવના જોવા મળતી હતી. સાહિત્ય પ્રત્યેનો પ્રેમ અને ઉત્કૃષ્ઠ લેખો લખવાની કળા તેમનામાં જન્મજાત હોવાનું જણાય છે.

તેમનામાં રહેલા ગુણો જોઈને પુ. શ્રી નારણદાસ કાકાની ઈચ્છા મુજબ તેમણે તે સમયે રાજકોટમાં શરૂ થયેલા અંધ મહિલા વિકાસગૃહના અધિક્ષક તરીકે તા. ૧/૭/૧૯૫૯ થી સંસ્થાકીય જવાબદારી સ્વીકારી તે સમયે નેત્રહીનો તરફ સમાજનો જે ઉપેક્ષા સભર દષ્ટીકોણ હતો તેને પરિવર્તિત કરવા રાજકોટ શહેરની આસપાસમાં અને દુરના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવાસ કરીને નેત્રહીન બહેનોમાં વાલીઓના

૩૮. ૨૮/૦૯/૨૦૦૪ નું અકિલા સાંધ્ય દૈનિક સમાચારપત્ર.

સતત સંપર્કમાં તેઓ રહયા કરતા અને સંસ્થામાં લાભાર્થી બહેનોની સંખ્યા વધે તે માટે પુરા પ્રયાસો કરતા.વર્ષોની મહેનત પછી આ સંસ્થામાં બહેનોનું સંખ્યા પ્રમાણમાં ક્રમશઃ વધવા લાગ્યુ.

આજે લાભાર્થીઓની સંખ્યા ૧૦૦ સુધી પહોંચવા પામી છે. તેમના વડપણ હેઠળ સંસ્થામાં નિમ્ન લિખીત પ્રવૃતિઓનો પ્રારંભ અને વિકાસ થઈ શકયો છે.

૧. નેત્રહીન બહેનો માટે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ
૨. વિશારદ સુધીનું સંગીત શિક્ષણ
૩. કેન, નાયલોન, કોયરવર્કની ઔદ્યોગિક તાલીમ
૪. ગૃહવિજ્ઞાનનું પ્રાથમિક પ્રશિક્ષણ
૫. દૈનિક જીવનના કાર્યો કરવાની કુશળતાઓ કેળવવાનું શિક્ષણ
૬. સંગીત અને ઉદ્યોગના માધ્યમ દ્વારા સ્વરોજગારી પુરી પાડવી
૭. સર્વધર્મ સમભાવની દિશામાં આધ્યાત્મીક કેળવણી પ્રજ્ઞાચક્ષુ બહેનો રામાયણ, ગીતાજી અને જૈન દર્શનનું જ્ઞાન મેળવે છે. બહેનોને આ દિશાનું શિક્ષણ આપવામાં તેમની મહત્વની ભુમિકા રહી છે.

આ ઉપરાંત તેમના સંનિષ્ઠ પ્રયાસોથી સંસ્થામાં બ્રેઈલ પ્રોડકશન સેન્ટરની શરૂઆત કરવામાં આવી જેમાં બ્રઈલ લીપીમાં પાઠય પુસ્તકો ઉપરાંત ઈત્તર વાંચનની સાહિત્ય સામગ્રી પણ તૈયાર થઈ શકે છે ગુજરાત રાજયમાં ઉચ્ચ અભ્યાસ કરતાં બહેનોને છેલ્લા પાંચ વર્ષથી આશરે રૂા. ૭૫૦૦૦/– ની શિષ્યવૃતિ તેમના પ્રયાસોથી આપવામાં આવે છે. [૩૯]

---

૩૯. સંસ્થાની શિષ્યવૃતિ ફાઈલના આધારે.

તેમના માર્ગદર્શન હેઠળ સંઘર્ષ બ્રેઈલ ત્રીમાસીક પત્રિકા પ્રકાશિત કરવામાં આવલી જેનો આશરે ૫૫૦ નેત્રહીનો લાભ લઈ રહયા છે. નેત્રહીનતા નિવારણ અર્થે તેઓશ્રીના પ્રયાસોથી સંસ્થાએ નેત્રરોગ નિદાન કેમ્પના આયોજન દ્વારા ઝામર મોતીયોના ઓપરેશનની ઝુબેશ શરૂ કરી છે.

આધુનિક યુગમાં નેત્રહીન મહિલાઓ કોમ્પ્યુટરના માધ્યમ દ્વારા રોજગારી મેળવી શકે તે હેતુસર કોમ્પ્યુટર વર્ગોનો અત્રે આરંભ કરવામાં તેઓશ્રી અગ્રેસર રહયા છે. આ સેન્ટરની શરૂઆત તા. ૬–૮–૨૦૦૦ ના રોજથી કરવામાં આવી છે.

નેત્રહીનોના કલ્યાણ અને ઉત્કર્ષને સ્પર્શતા વિવિધ લેખો અને આકાશવાણી પરથી પ્રસારીત થતા રત્નકણીકા કાર્યક્રમમાં તેમનું સાહિત્ય ક્ષેત્રે મોટું પ્રદાન છે તેમની દીર્ઘકાલીન સમાજ ઉપયોગી સેવાઓની કદર રૂપે ગુજરાતના રાજયપાલશ્રી તરફથી સંસ્થાને શ્રેષ્ઠ કામગીરી માટે રાજયકક્ષાનું પારિતોષિક અર્પણ કરવામાં આવ્યુ છે.

તા. ૨૭–૯–૦૪ ના રોજ તેઓશ્રીનું દેહવસાન થતા સૌરાષ્ટ્ર વિસ્તારના પ્રજ્ઞાચક્ષુ બહેનોએ માતૃ વત્સલા ગુમાવ્યાની લાગણીનો અનુભવ કર્યો છે અને રાજકોટના જાહેર જીવન ક્ષેત્રે એક સંનિષ્ઠ મહિલા કાર્યકરની ખોડ પડી છે.

**સંસ્થાનો ઉદેશ્ય :**

પ્રજ્ઞાચક્ષુ બહેનોને શિક્ષણ, સંગીત, ઔદ્યોગિક તાલીમ અને દૈનિક જીવનમાં ઉપયોગી એવી કાર્ય કુશળતાઓ કેળવવા માટે શિક્ષણ આપવા કે જેથી તેઓ સતત પરિવર્તનશીલ એવા આ સમાજમાં સ્વાવલંબી બની પોતાનું જીવન વ્યતિત કરી શકે.

**પ્રવેશ લાયકાત [૪૦] :**

– પાંચથી ચૌદ વર્ષના નેત્રહીન બહેનો જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વિના આ સંસ્થામાં પ્રવેશપાત્ર છે.

– ૧૫ થી ૨૫ વર્ષની બહેનો પણ ઔદ્યોગિક તાલિમ અને સામાજીક પુનઃ વર્સનના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર છે.

**સવલતો :**

આ સંસ્થામાં શિક્ષણ કે ઔદ્યોગિક તાલિમ માટે દાખલ થતા બહેનોને વિના મુલ્યે રહેવા તથા જમવાની વ્યવસ્થા આપવામાં આવે છે. આ ઉપરાંત પાઠયપુસ્તકો, શિક્ષણના સાધનો અને ઔદ્યોગિક તાલિમ માટે પણ કોઈ પણ પ્રકારનો ખર્ચ લેવામાં આવતો નથી. ગણવેશ અને શકય હોય ત્યાં સુધી તબીબી સારવાર વિના મુલ્યે આપવામાં આવે છે.

**પ્રવૃતિઓ :**

પ્રજ્ઞાચક્ષુ બહેનોને પુર્વપ્રાથમિક શિક્ષણ આપવાની પુરતી વ્યવસ્થા આ સંસ્થામાં છે. સોળ વર્ષની ઉમર થઈ ગઈ હોય તેવા પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે ખાનગી ઉમેદવાર તરીકે ધોરણ – ૧૦ અને ધોરણ – ૧૨ નો અભ્યાસ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

નેત્રહીન વ્યકિત માટે સંગીત ખુબ જ મહત્વનો વિષય હોવાથી પ્રારંભિકથી શરૂ કરીને સંગીત વિશારદ સુધીનં શિક્ષણ અહી આપવામાં આવે છે જેની પરીક્ષાઓનું આયોજન અખિલ ભારતીય ગાધર્વ મહાવિદ્યાલય મંડળ દ્વારા થાય છે વિવિધ પ્રકારની ખુરશીઓનું ભરતકામ, પગલુછણીયાની ગુંથણી, પ્લાસ્ટીકના વાયરથી બાસ્કેટ

૪૦. સંસ્થાના પ્રવેશ નિયમોની પુસ્તીકા.

બનાવવાની કામગીરી તથા મેટલ પાર્ટ ફિટીંગ જેવા હસ્ત ઉદ્યોગોનું શિક્ષણ અહી આપવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ બહેનોમાં સ્વતંત્ર રીતે હરવા ફરવાની ક્ષમતા કેળવવા માટે અહી ગતિશીલતાનું શિક્ષણ આપવા માટેનું આયોજન છે. તેમજ દૈનિક જીવનના કાર્યો જેવા કે સ્વચ્છતા અને સંઘડતા તેમજ નાના મોટા ગૃહ કાર્યો કરવા માટેની તાલિમ આપવામાં આવે છે બહેનોના વ્યકિતત્વ વિકાસમાં આધ્યાત્મિક શિક્ષણનું ઉચુ મહત્વ આંકીને આ સંસ્થામાં લાભાર્થી બહેનોને વધારાના વર્ગો દ્વારા રામાયણ, શ્રીમદ ભગવત ગીતા અને જૈન શાસ્ત્રોનું પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. ઘણી બહેનોએ રામાયણની ચોપાઈઓ, પ્રસંગો, સમગ્ર ગીતાજી તથા જૈન દર્શનના સામાયિક પ્રતિક્રમર્ણ, ભકતામર, રત્નાકરપચીસી વગેરે શ્લોકો કઠંસ્થ કર્યા છે જેનો સવાર સાંજ પાઠ થતા સંસ્થાના પરિસરને પવિત્રતા પ્રદાન કરનારો બને છે.

**સ્વરોજગારી [૪૧] :**

રાજકોટની સેવાકીય સંસ્થાઓના સહયોગથી સ્વાતંત્રય દિન, પ્રજાસત્તાક દિન, વિશ્વ વિકલાંગ દિન, લુઈ બ્રેઈલ તથા  હેલન કેલર જન્મ જયંતિ અને મંકરસંક્રાતિ તથા રક્ષા બંધન જેવા રાષ્ટ્રિય અને સામાજીક તહેવારો નિમિતે બેંઈલ વાંચન, લેખન, વકૃત્વ, સામાન્ય જ્ઞાન, રમત–ગમતની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. જે પ્રજ્ઞાચક્ષુ બહેનોમાં છુપાઈ રહેલા કલા કૌશલ્યને બહાર લાવે છે.

**નેત્રહીન મહિલાઓ માટે પ્રાદેશિક પરિસંવાદ [૪૨] :**

નેત્રહીન મહિલાઓ માટે રોજગારી અને સ્વરોજગારીના ક્ષેત્રમાં વધુ સારા અવસરો ઉપલબ્ધ થાય તે હેતુંસર શ્રી વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસગૃહ તથા

---

૪૧. સંસ્થાના લેડી સુ.પ્રી. કમ આચાર્ય શ્રી ઉષાબેન ત્રિવેદીની રૂબરૂ મુલાકાત.

૪૨. ૧૯૯૮ – ૯૯ સેમીનાર ફાઈલ પાના નં – ૧૧.

નેશનલ એસોશીએશન ફોર ધી બ્લાઈન્ડના પશ્ચિમ ભારતના ચાર રાજયો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગોવામાં નેત્રહીન મહિલા કલ્યાણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓના પદાધિકારીઓ તથા શિક્ષિત અને તાલિમ લેતા નેત્રહીન મહિલાઓ માટે તા. ૧૦–૧૧ ઓકટોબર ૧૯૯૯ દરમ્યાન રાજકોટ ખાતે બે દિવસના પ્રાદેશિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતુ.

બે દિવસના આ પ્રાદેશિક પરિસંવાદમાં ૧૧૮ નેત્રહીન મહિલાઓએ ભાગ લીધો હતો. આ પરિસંવાદ નેત્રહીન મહિલાઓએ નવીનતમ ટેકનોલોજીની તાલિમ મેળવીને રોજગારીના ક્ષેત્રમાં પ્રસ્થાપિત થવુ જોઈએ તેમ જણાવવામાં આવ્યુ હતુ. તેમજ ગ્રામ્ય નેત્રહીન મહિલાઓ માટે વ્યવસાયિક પુનર્વસનની દિશામાં નકકર કાર્યવાહિ હાથ ધરવા પર ભાર મુકયો હતો.

**સંસ્થાની આર્થિક વ્યવસ્થા :**

સંસ્થામાં કુલ ત્રણ વિભાગમાં કામગીરી થઈ રહેલ છે તેમાં બે વિભાગ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે છે. જયારે સ્કુલ વિભાગમાં સમાજ સુરક્ષાની ગ્રાન્ટ મળે છે. ૨૫ વર્ષથી વધુ ઉંમરનો પ્રજ્ઞાચક્ષુ બહેનોનો આર્થિક ખર્ચ ટ્રસ્ટ ભોગવે છે. સંસ્થામાં કુલ – ૨૨ નો સ્ટાફ છે તેમાંથી સુકલ વિભાગના ૭ શિક્ષકોનો ખર્ચ સમાજ સુરક્ષા ખાતુ આપે છે બાકીનો ખર્ચ ટ્રસ્ટની અન્ય આવક માંથી ચુકવવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષના આવક તથા ખર્ચના આંકડા નીચે મુજબ છે.

**: શાળા વિભાગ સમાજ સુરક્ષાની ગ્રાંન્ટ [૪૩] :**

| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાંન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૧૯૯૯ – ૨૦૦૦ | ૯.૮૫.૬૬૯ | ૧૧.૮૧.૫૬૦ |
| ૨ | ૨૦૦૦ – ૨૦૦૧ | ૧૧.૭૬.૭૬૩ | ૧૭.૧૧.૦૨૧ |
| ૩ | ૨૦૦૧ – ૨૦૦૨ | ૧૦.૭૯.૩૦૪ | ૧૨.૭૫.૫૦૨ |
| ૪ | ૨૦૦૨ – ૨૦૦૩ | ૮.૭૩.૩૮૯ | ૧૨.૦૮.૭૩૫ |
| ૫ | ૨૦૦૩ – ૨૦૦૪ | ૭.૬૪.૦૫૪ | ૧૨.૭૯.૮૪૦ |

નોંધ : ગ્રાંન્ટથી થયેલ વધારે ખર્ચ સંસ્થા પોતે ભોગવે છે.

**: ટ્રસ્ટ વિભાગ [૪૪] :**

| ક્રમ | વર્ષ | આવક | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૧૯૯૯ – ૨૦૦૦ | ૩૩.૩૭.૨૫૭ | ૮.૨૭.૯૬૩ |
| ૨ | ૨૦૦૦ – ૨૦૦૧ | ૩૬.૮૮.૯૬૦ | ૧૦.૧૦.૬૨૫ |
| ૩ | ૨૦૦૧ – ૨૦૦૨ | ૪૬.૩૮.૭૯૯ | ૨૩.૫૧.૮૭૦ |
| ૪ | ૨૦૦૨ – ૨૦૦૩ | ૪૭.૩૬.૨૨૭ | ૧૮.૩૮.૪૮૮ |
| ૫ | ૨૦૦૩ – ૨૦૦૪ | ૪૬.૪૭.૩૨૨ | ૧૭.૩૩.૦૪૧ |

૪૩. ગ્રાન્ટની ફાઈલ તથા ખર્ચ ફાઈલ – ૨૦૦૦ થી ૨૦૦૪.

૪૪. આવક રજીસ્ટર અને ખર્ચ રજીસ્ટરના આધારે.

## : ઉદ્યોગ વિભાગ [૪૫] :

| ક્રમ | વર્ષ | આવક | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૧૯૯૯ – ૨૦૦૦ | ૩.૫૧.૦૫૩ | ૨.૮૧.૨૧૭ |
| ૨ | ૨૦૦૦ – ૨૦૦૧ | ૩.૬૦.૪૫૩ | ૨.૭૭.૭૫૮ |
| ૩ | ૨૦૦૧ – ૨૦૦૨ | ૩.૪૧.૪૮૭ | ૨.૭૪.૪૭૪ |
| ૪ | ૨૦૦૨ – ૨૦૦૩ | ૩.૨૩.૫૫૨ | ૨.૫૫.૨૧૪ |
| ૫ | ૨૦૦૩ – ૨૦૦૪ | ૨.૬૬.૯૨૯ | ૨.૨૪.૪૫૭ |

સંસ્થાની નાણાંકીય ફાઈલો, ઓડીટ રીપોર્ટસ, બજેટ તથા આવક અને જાવક રજીસ્ટર પરથી સંસ્થાની સધ્ધરતાનો ચોકકસ ખ્યાલ આવે છે.

છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સંસ્થામાં રહી તાલિમ મેળવતી પ્રજ્ઞાચક્ષુ બહેનોની વિગત નીચે પ્રમાણે છે. [૪૬]

| ક્રમ | વર્ષ | તાલીમાર્થી બહેનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૧૯૯૯ – ૨૦૦૦ | ૮૪ |
| ૨ | ૨૦૦૦ – ૨૦૦૧ | ૮૭ |
| ૩ | ૨૦૦૧ – ૨૦૦૨ | ૯૦ |
| ૪ | ૨૦૦૨ – ૨૦૦૩ | ૮૮ |
| ૫ | ૨૦૦૩ – ૨૦૦૪ | ૮૪ |

૪૫. આવક રજીસ્ટર અને ખર્ચ રજીસ્ટરના આધારે.

૪૬. સંસ્થાના ૧૯૯૯ થી ૨૦૦૪ પ્રવેશ રજીસ્ટરના આધારે.

સંસ્થામાં રહીને તાલિમ પામ્યાબાદ ઘણી બહેનો પોતાના પગભર થવા સક્ષમ બની છે. જેમાંથી વિદ્યાસહાયકમાં ઘણી બહેનોની નોકરી મળેલ છે. જે નીચે મુજબ છે.

**વિદ્યાસહાયકમાં નોકરી મેળવેલ બહેનો :**

૧. લક્ષ્મીબેન ચંદ્રપાલ, કાલાવડ
૨. આશાબેન ચૌહાણ, મહુવા પાસે ગામડામાં
૩. દયાબેન ચાવડા, પાડાસણ – જેતપુર
૪. યાસ્મીનબેન ભારમલ, વડા – અમદાવાદ
૫. હમીદાબેન પરમાર – બોરસદ
૬. દમયંતિબેન ઠકરાર, ગોસા – પોરબંદર
૭. રેખાબેન બાધાણી, શાપુર – જુનાગઢ
૮. રીનાબેન જસાણી, જુનાગઢ
૯. કેતનાબેન સુતરીયા – સંકલિત શિક્ષણ
૧૦. મંજુલાબેન ટુકડીયા – અમદાવાદ પાસે
૧૧. અસ્મીતાબેન ગાંધી – સીકકા
૧૨. બાલુબેન પટેલ – ભુજ
૧૩. હેતલબેન જોષી – ફીઝીયોથેરાપીસ્ટ – રાજકોટ
૧૪. તૃપ્તીબેન જોષી – પાર્ટ ટાઈમ
૧૫. હેતલબેન નથવાણી – પ્રેકટીસ રાજકોટમાં
૧૬. મધુબેન પંડયા – સંગીત શિક્ષકા
૧૭. નીતાબેન ભટ્ટી, ચુડા – સુરેન્દ્રનગર
૧૮. મીરાબેન કાનાણી, જામનગર – પ્રાઈવેટ સ્કુલ
૧૯. લક્ષ્મીબેન ચાંડપા, સુરેન્દ્રનગર – પ્રાઈવેટ સ્કુલ

૨૦. નીરૂબેન લાખાણી – અપંગોની યુની. ચિત્રકુટમાં બ્રેઈલ શિક્ષક

વર્તમાન સમાજમાં પ્રજ્ઞાચક્ષુ બહેનોને સમાજના પ્રથમ કક્ષાના નાગરિક તરીકે જીવન જીવવાની તક સુલર્ભ થાય તે માટેની તાલિમ આ સંસ્થા દ્વારા આપવામાં આવે છે નિરાશા ખંખેરી અંધત્વના કારણે જન્મેલા સંજોગોનો સ્વીકાર કરીને સ્વમાનભેર જીવન જીવવાનું આ સંસ્થા દ્વારા પ્રજ્ઞાચક્ષુ બહેનોને શીખવવામાં આવે છે. નેત્રહીન મહિલાઓ માટે સમાજમાં પ્રવર્તતા નકારાત્મક દષ્ટિકોણને સકારાત્મક વલણમાં પરિવર્તિત કરવા માટે સંસ્થાના સંચાલકો પ્રશંસનીય પ્રયત્ન કરી રહયા છે.

નેત્રહીન વ્યકિત કોમ્પ્યુટરનો ઉપયોગ કરી બ્રેઈલ પ્રોડકશન સેન્ટરમાં સરળતાથી કામ કરી શકે તે હેતુંસર જોઝ વર્ઝન ૩.૭, સ્કીન રીડીંગ સોફટવેરનો આ સંસ્થાના કોમ્પ્યુટર સેન્ટરમાં ઉપયોગ કરવામાં આવ્યો છે જેના પરિણામે કોમ્પ્યુટર પર જે કાંઈ કામગીરી કરવામાં આવે તે શ્રાવ્ય સ્વરૂપમાં હોય છે. આ સંસ્થામાં રહેલ બહેનો માટે નવીનત્તમ ટેકનોલોજીનો ઉપયોગ કરીને નેત્રહીનતાના પ્રભાવને ઘટાડવા માટેનો આ પ્રયાસ ભવિષ્યમાં નેત્રહીન વ્યકિતઓને વિકાસની વધુ સારી તકો પુરી પાડશે.

## ૩. શ્રી એમ. પી. શાહ સરકારી અંધશાળા જુનાગઢની સ્થાપના તેમજ પ્રવૃતિની ઝલક :

શ્રી એમ. પી. શાહ સરકારી અંધશાળા આમ તો ઈ.સ. ૧૯૫૬થી ચાલુ હતી. આ સંસ્થા મેઘજી પેથરાજ દ્વારા ચલાવવામાં આવતી હતી. ત્યારબાદ હાલના મકાનમાં ઈ.સ. ૧૯૬૧ માં તેમની સ્થાપના કરવામાં આવી હતી.

શરૂઆતમાં છોકરાઓ અને છોકરીઓ બન્ને માટેની શાળાની શરૂઆત થયેલ હતી. આ શાળા રેસીડેન્સીયલ સ્કુલ છે. ડેશ સ્કોલર તરીકે બે બાળકો બહારથી આવે છે.

શાળામાં શૈક્ષણિક વિભાગના ૮ – ખંડો, વહીવટી વિભાગના – ૨ ખંડો તથા એક સ્ટોરરૂમ છે. આમ કુલ ત્રણ વિભાગો છે એટલે કે એક શૈક્ષણિક, બે ઉદ્યોગ અને શિક્ષણ તેમજ ત્રણ વહીવટી વિભાગ રહેલા છે. આ શાળાનો મુખ્ય ઉદેશ બાળકોને શિક્ષણ આપવું અને પ્રાથમિક ઔદ્યોગિક તાલીમ આપીને સમાજની અંદર માનભર્યુ સ્થાન પ્રાપ્ત કરવાનું રહેલું છે.

આ તાલિમ પ્રાપ્ત કરીને બાળકો મોટા થઈને સમાજમાં પોતાનું સ્ટેટસ બનાવી શકે છે.

**સંસ્થામાં પ્રવેશ માટેની લાયકાત :**

૬ થી ૧૬ વર્ષની ઉંમર વચ્ચેનો અંશતઃ અંધ કે સંપુર્ણ અંધ બાળક (છોકરો) આ સંસ્થામાં પ્રવેશને માટે લાયક છે. પ્રવેશ આપતા પહેલા તેમનું સંપુર્ણ મેડીકલ ચેક અપ કરવામાં આવે છે આ માટે એડમીશન કમીટીની સ્થાપના કરવામાં આવેલ છે. આ કમીટીમાં શિક્ષકો, સુપ્રીટેડન્ટ તેમજ ડોકટર અને હોસ્ટેલ વિભાગની એક વ્યકિતનો સમાવેશ કરવામાં હાવેલો હોય છે. સૌ પ્રથમ પ્રોવિઝનલ એડમીશન આપવામાં આવે છે. ત્યારબાદ તેમની લાયકાત અનુંસાર તેમને કાયમી પ્રવેશ આપવામાં આવે છે.

**અભ્યાસ તેમજ અન્ય ઈત્તર પ્રવૃતિઓ :**

પ્રાથમિક કક્ષાનું બ્રેઈલ લીપીનું જ્ઞાન આપવામાં આવે છે. બ્રેઈલ સ્લેટ અને મેથેમીટીકસ બોર્ડ જયાં સુધી વિદ્યાર્થી સંસ્થામાં રહે ત્યા સુધી પુરા પાડવામાં આવે છે. અંધ વિદ્યાર્થીને ૧ થી ૭ ધોરણ સુધીનું જ્ઞાન આપવામાં આવે છે. ત્યારબાદ પોરબંદર કે ભાવનગર વધારે અભ્યાસ માટે મોકલવામાં આવે છે.

બ્રેઈલમાં સ્વર અને વ્યંજન અલગ અલગ છે બ્રેઈલમાં લખવાની પધ્ધિતિ ઘણી જ લાંબી થઈ જાય છે. દા.ત. કેમ છો ? લખવા માટે નિચે પ્રમાણે લખવું પડે છે.

'ક' પછી 'એ' ત્યારબાદ 'મ' પછી ખાલી જગ્યા ત્યારબાદ 'છ' અને પછી 'ઓ' અને છેલ્લે પ્રશ્નાર્થ ચિન્હ આટલુ લખ્યા પછી 'કેમ છો ?' વાંચી શકાય છે.

હેમરીંગ થેરાપીથી દ્રઢીકરણનો પાવર વધુ એકટીવ થાય છે હેમરીંગ થેરાપીમાં રટણની પ્રક્રિયા કરવામાં આવે છે. અંધ વ્યકિત સંપુર્ણ નોર્મલ માનવ છે. માત્ર તેની પાસે વિઝન નથી મગજ વિચારે છે પણ આંખો જોઈ શકતી નથી. તે ચિત્રની કલ્પના કરી શકે છે પરંતુ ચિત્ર જોઈ શકતો નથી. વિદ્યાર્થીઓનો આ સંસ્થામાં પ્રવેશ એટલે એક છોડનું બીજા કયારામાં રોપાવું પરંતુ આ કયારો એવો છે કે જેમાં તેની માવજતનો સંપુર્ણ અવકાશ રહેલો છે. સંસ્થામાં રહેતો બાળક કે વિદ્યાર્થી તેમના સંસ્થાના આવાસના રોડ રસ્તા બિલ્ડીંગથી પરિચિત થાય છે અને સંપુર્ણ સ્વતંત્ર રીતે કેમ્પસમાં હરીફરી શકે છે.

**અંધજન સંકલિત સહશિક્ષણયોજના :**

અંધજન સંકલિત સહશિક્ષણ યોજના એટલે દ્રષ્ટીવાન અથવા અર્ધદ્રષ્ટિવાન બાળકોને સામાન્ય શાળામાં અંધ બાળકો અથવા અર્ધ દ્રષ્ટિવાળા બાળકો ભણતા હોય

ત્યારે તેઓને બ્રેઈલ લિપીનું શિક્ષણ, મુકત હલન ચલનની તાલિમ, પુર્નવસન, સરકારી તથા અર્ધસરકારી રાહતો પુરી પાડવી વગેરે કાર્યો અંધજન સંકલિત સહશિક્ષણ યોજના દ્વારા કરવામાં આવે છે.

**સંસ્થાની અન્ય પ્રવૃતિ તથા સવલતો :**

સંસ્થામાં અંતેવાસીઓના મનોરંજન માટની સગવડતા પણ છે. ટી.વી., ટેપ, મ્યુઝિક સીસ્ટમ વગેરે દ્વારા અતેવાસીઓને મનોરંજન મળી રહે છે. ક્રિકેટના સાધનો પણ આ સંસ્થામાં ઉપલબ્ધ છે. નવરાત્રી દરમ્યાન રાસ–ગરબાનો પ્રોગ્રામ સંસ્થામાં રાખવામાં આવે છે. વિવિધ તહેવારોની ઉજવણી પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

વર્ષમાં બે વખત સંસ્થામાં રહેતા અંતેવાસીઓનું મેડીકલ ચેકઅપ કરાવવામાં આવે છે. આ તબીબી પરિક્ષણ દરમ્યાન તેમની શ્રવણ શકિત પર વધારે જોર આપવામાં આવે છે. સામાન્ય માનવી કરતા અંધ વ્યકિતની કોઈપણ કાર્યશકિતનો પરિચય નિચે મુજબ ગણવામાં આવે છે.

રેસીયો : ૬૦ % દૃષ્ટિથી વસ્તુની પાસે
૨૦ % શ્રવણશકિતથી વસ્તુની પાસે
૨૦ % સ્પર્શ શકિતથી

આમ, મેડીકલ ચેકઅપ વખતે શ્રવણ શકિત અને સ્પર્શ શકિતની અનુભુતિની ખાસ કાળજી લેવામાં આવે છે.

**સંસ્થાનો વહિવટી વિભાગ [૪૭] :**

- આચાર્યશ્રી
- શૈક્ષણિક સ્ટાફ–શિક્ષકો કુલ–૫ ( ૨–જગ્યા ભરેલી છે, ૩– જગ્યા ખાલી છે.)
- ઉદ્યોગ શિક્ષક ( ૧–જગ્યા ભરેલી છે.)
- સંગીત શિક્ષક ( ૧–જગ્યા ભરેલી છે.)
- વર્ગ –૪, ચોકીદાર ( ૧–જગ્યા ખાલી છે.)
- હોસ્ટેલ એટેડન્ટ ( ૨ – જગ્યા ભરેલી છે.)
- રસોયા ( ૧–જગ્યા ભરેલી છે.)
- રસોયા મદદનીસ ( ૧–જગ્યા ખાલી છે.)
- સ્વીપર ( ૧–જગ્યા ખાલી છે.)
- સંસ્થામાં પાર્ટ ટાઈમ VMO (જગ્યા ખાલી છે.)
- સંસ્થાના મહેકમનો ૧૦૦ % ખર્ચ સરકારી ગ્રાંન્ટ માથી પુરો કરવામાં આવે છે.
- સંસ્થામાં રોકડદાન સ્વીકારવામાં આવતું નથી.

સંસ્થામાં રહેલા બાળકોને વાસણ સાફ કરવા, કપડા ધોવા જેવા બધા જ કાર્યમાં નિપુર્ણ બનાવવામાં આવે છે. આની પાછળ સંસ્થાનો એ ઉદેશ રહેલો છે કે અંધ વ્યકિત પોતે નોર્મલ વ્યકિતથી કમ નથી તે સ્વીકારતી થાય. રસોઈ બનાવતા પણ શીખવાડવામાં આવે છે.

સંસ્થામાં VMO (વિઝીટીંગ મેડીકલ ઓફીસર)ની જગ્યા ખાલી છે તેથી બાળકોને મેડીકલ ચેક અપ માટે સિવીલ હોસ્પીટલમાં લઈ જવામાં આવે છે.

---

૪૭. સંસ્થાની વહીવટી ફાઈલના આધારે.

બહારથી લેવાની થતી દવાઓનો ખર્ચ સંસ્થા ભોગવે છે. અંતેવાસી બાળકો પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. અંતેવાસીઓની મહત્તમ ૫૦ ની સંખ્યા રાખવામાં આવેલી છે. [૪૮]

સંસ્થામાં રહેલા અંતેવાસીઓની આવી ખોડ માટે સમીક્ષા કરતા માલુમ પડેલ કે આવા અંતેવાસીઓ મોટા ભાગે સમાજના પછાત વર્ગમાંથી આવતા હતા. મુસ્લીમ કોમ્યુનીટીમાં સગોત્ર લગ્નને પરિણામે પણ આ ખોડ ઉદભવવાનો વધારે સંભવ રહે છે. વધુ પડતી સંતતી અને ડીલીવરી વખતે દવાખાને ન જવું, ડીલેવરી પહેલાની સારવારનો અભાવ વગેરે બાબત આ ખોડ માટે જવાબદાર ગણી શકાય. કેમીકલ યુકત પાણીનો વપરાશ પણ આ ખોડ માટે જવાબદાર છે.

**સંસ્થામાં રહેલા બાળકોનો વિકાસ :**

આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે સંસ્થામાં ૧ થી ૭ ધોરણ સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. સંગીતમાં ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા વિશારદ અને સંગીત શિક્ષણ સહાયકનો ૭ – વર્ષનો કોર્ષની સુવિધા અત્રેની સંસ્થામાં ઉપલબ્ધ છે.

અંતેવાસીઓને પગ લુંછણીયુ બનાવવા બાસ્કેટ પેપર, વેસ્ટ પેપર વગેરની તાલીમ આપાવમાં આવે છે. ગૃહઉદ્યોગ, રીકેનીંગ વર્કથી પણ માહિતગાર કરાવવામાં આવે છે.

સંસ્થામાં રહીને અભ્યાસ કરી ગયેલ અંતેવાસી માંથી **૧૪– IPCL** કંપનીમાં કામ કરે છે. જેમને લીફટમેન અને પટ્ટાવાળા ના વર્કની કામગીરી સોપવામાં આવેલ છે. આ અંતેવાસીઓ પેકીંગ વિભાગમાં કાર્યરત રહેતા પણ જોવા મળે છે.

૪૮. પ્રવેશ મર્યાદા પરિપત્ર ફાઈલ ને આધારે.

બાઈન્ડીંગ પણ સારૂ કરતા રહેલા હોય છે. તેમજ ઉચ્ચ અભ્યાસમાં ફીજીયોથેરાપીસ્ટ તરીકે પણ કાર્ય કરે છે.

## ૪. શ્રી ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળ, પોરબંદર સંસ્થાની સ્થાપના અને પ્રવૃતિનો ઈતિહાસ :

**સ્થાપના :**

પુજય મહાત્મા ગાંધીજીની જન્મભુમિ અને સંતશ્રી સુદામાની પુણ્યભુમિ પોરબંદર શહેરમાં તા. ૧/૬/૧૯૬૦ ને બુધવારથી પ્રજ્ઞાચક્ષુઓના જીવનને ઉત્કર્ષમય બનાવતી આ સંસ્થાની સ્થાપના થઈ હતી. આ સંસ્થા છેલ્લા ચુમાલીસ વર્ષથી પ્રજ્ઞાચક્ષુઓની સેવાની પ્રવૃતિઓ ચલાવી રહી છે. આ સંસ્થામાં અંધજનોને ધર્મ કે કોમના ભેદભાવ વિના કોઈપણ પ્રકારની ફી લીધા સિવાય તદન ફ્રી શિક્ષણ તથા તાલીમ આપવામાં આવે છે.

આ સંસ્થાને પરમ આદરણીય સંતોના આર્શિવાદ મળેલ છે. જેમાં પરમ પુજનીય શ્રી રણછોડદાસજી મહારાજના વરદ હસ્તે સંસ્થાનું ભુમિ પુજન થયેલ છે. તેમજ આ સંસ્થાના લાભાર્થે શ્રી ડોંગરેજી મહારાજ શ્રી એ ભાગવત કથા તથા પુ. શ્રી મોરારીબાપુએ રામાયણ કથાઓ પણ કરેલ છે સંસ્થાના રજત જયંતિ મહોત્સવ પ્રસંગે પુ.શ્રી પ્રમુખ સ્વામી મહારાજે સંસ્થામાં રૂબરૂ પધારી વિદ્યાર્થીઓ તથા સંસ્થાને આર્શીવાદ આપેલ આ ઉપરાંત અન્ય સંતો મહંતોના આર્શિવાદ સંસ્થાને મળેલ છે.

આ સંસ્થાને પોરબંદર નગરપાલિકાની સહાયથી નિઃશુલ્ક જમીન પ્રાપ્ત થયેલ છે. જેના પર રાવલ નિવાસી સ્વ. શેઠ શ્રી ગોકળદાસભાઈ હાથી રાજરત્ન શેઠ

શ્રી નાનજીભાઈ કાલીદાસ મહેતા પરિવાર, સૌરાષ્ટ્ર કેમીકલ્સ ઈન્ડસ્ટ્રીઝ (બીરલાગ્રૃપ) તથા અન્ય ઉદાર સખાવતો અને સદભાવનાઓ દ્વારા અંધજનોને અનુરૂપ અને પુરતી સગવડતાવાળુ વિશાળ મકાન ઉપલબ્ધ થયું છે.

**સંસ્થાનો ઉદેશ્ય :**

જીવનમાંથી આંખોનું તેજ ગુમાવી બેઠેલા ચક્ષુહીન દશાએ નિરાશ, પરાધીન અને હતોત્સાહ બનેલા માનવીઓને એક આશા, ઉત્સાહ અને આત્મવિશ્વાસ તરફ પ્રેરવા તે સમાજની સામે પડેલુ એક મહાન કાર્ય છે. ગમે તેવી શારિરીક ખામીઓ હોવા છતાં મજબુત મનોબળ અને અખુટ આત્મ વિશ્વાસથી માણસ આગળ વધી શકે છે એ વાતનું તેને ભાન કરાવીએ શકિતને પામવાના પ્રબળ ઉત્સાહ અને પુરુર્ષાથ તેમનામાં જાગૃત કરવામાં આવે તો એ રીતે પોતાના નિરર્થક લાગતા જીવનમાં તેઓ નવા જોમ અને પ્રેરણા વડે દ્રઢ મનોબળ અને અખુટ આત્મવિશ્વાસ કેળવી શકે તેઓ સતત ઉદ્યમી બની પોતાની જાતે કુટુંબ અને સમાજને ઉન્નત બનાવે અને મનુષ્યોચિત આત્મ ગૌરવથી જીવન જીવતા શીખવવાનો મુળ ઉદેશ્ય આ સંસ્થાનો રહેલો છે અને આ કોઈ અશકય કે દુલર્ભ વાત નથી. જેણે ત્રણ ત્રણ જ્ઞાનેન્દ્રીયો ગુમાવી હતી એવા વિશ્વના અંધ બહેરા મંગાના સમર્થ પ્રતિનિધિરૂપ ડો. કુમારી હેલન કેલરનું પુરૂર્ષાથી જીવનઆનું ઉત્તમ ઉદાહરણ છે એટલે કેળવણી અને શિક્ષણ દ્વારા જ્ઞાન અને સંસ્કારોનો વિકાસ થાય. આ માટે તેઓને પુરતી તક, સગવડતા અને યોગ્ય તાલીમ આપવામાં આવે તો તેઓ ઘણું બધુ કરી શકે છે તેની સાબિતી પુરી પાડવાનો આ સંસ્થાનો મુળ ઉદેશ્ય રહેલો છે.

**સંસ્થાની પ્રવૃતિઓ :**

**(૧) પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને બ્રેઈલ લીપીના માધ્યમથી શિક્ષણ :**

સંસ્થા દ્વારા બ્રેઈલ લીપીના માધ્યમ દ્વારા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને ધોરણ ૧ થી

૭ સુધીનો અભ્યાસ કરવવામાં આવે છે. આ માટે સંસ્થાએ ટીચર ટ્રેઈનીંગ કોલેજ ફોર ધ બ્લાઈન્ડ દ્વારા ટ્રેઈન થયેલા શિક્ષકોને રોકી પધ્ધિતિસરની ટ્રેનીંગ આપવામાં આવે છે. ધોરણ ૧ થી ૭ નો અભ્યાસક્રમ ગુજરાત સરકારે નકકી કર્યા મુજબનો હોય છે. તે જ છે, પરંતુ આ અભ્યાસક્રમને બ્રેઈલ લીપીમાં તૈયાર કરીને બાળકોને ભણાવવામાં આવે છે.

બ્રેઈલ સ્લેટ, બ્રેઈલ ગણિત, બોર્ડ ટાઈપ રાઈટર જેવા સાધનોથી તથા ભૌગોલીક અભ્યાસ માટે વિશિષ્ટ રીતે તૈયાર કરેલા વિશ્વના નકશાઓ, દેશના નકશાઓ, જુદા જુદા રાજયો, પર્વતો, સમુદ્રોનો વિશિષ્ટ રીતે ભૌગોલીક અભ્યાસ પણ કરાવવામાં આવે છે.

**(૨) ભારતીય શાસ્ત્રીય સંગીતની તાલીમ :**

સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય શાસ્ત્રીય સંગીતનો પધ્ધિતિસરનો નિષ્ણાંત શિક્ષકો દ્વારા અભ્યાસ કરાવવામાં આવે છે. જેમાં શાસ્ત્રીય ગાયન તેમજ શાસ્ત્રીય વાદ્યો જેવા કે હાર્મોનિયમ, તબલા, ગીટાર, સિતાર, વાયોલીન, બેંજો, બંસી જેવા અનેક વાદ્યો શાસ્ત્રીય પધ્ધિતિથી શીખવાડવામાં આવે છે અને તૈયાર થયા બાદ સરકાર માન્યથી બૃહદ ગુજરાત સંગીત સમિતિ–અમદાવાદ દ્વારા પરિક્ષાઓ અપાવવામાં આવે છે. જેનું પોરબંદર ખાતે પરિક્ષા કેન્દ્ર પણ સંસ્થાને મળેલ છે.

શાસ્ત્રીય ગાયનમાં સંગીત વિશારદ (બી.એ.) સંગીત શિક્ષા વિશારદ (બી.એડ. સમકક્ષ) તથા સંગીત અલંકાર સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે.

સંસ્થા પહેલેથી જ માને છે કે, સંસ્થાનો વિદ્યાર્થી અભ્યાસ પુરો કરી સમાજમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરે. જે માટે અન્ય વ્યવસાયિક ક્ષેત્રો કરતા સંગીત ક્ષેત્રનું

વિશાળ ફલક વધુ લાભદાયી અને ઉપયોગી રહયું છે અને રહેશે જેથી સંગીત ક્ષેત્રે દરેક વિદ્યાર્થીને પારંગત બનાવવામાં આવે છે.

**હળવા હુન્નર ઉદ્યોગની તાલીમ :**

કેન વર્ક, હળવુ સુથારી કામ, પગલુંછણીયા બનાવવા જેવા હળવા હુન્નર ઉદ્યોગની તાલીમ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. જે વિદ્યાર્થીઓની પ્રકૃતિ અને રૂચિ ટેકનિકલ લાઈનની હોય તેને આ ક્ષેત્રમાં આગળ વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવે છે.

**વિવિધ સ્પર્ધાઓનું આયોજન :**

સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના વ્યકિતત્વ અને શારિરીક વિકાસાર્થે વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે જે નિચે મુજબ છે.

– **વ્યકિતત્વ વિકાસની સ્પર્ધાઓ :**

(૧) સામાન્ય જ્ઞાન સ્પર્ધાઓ

(૨) વકૃત્વ સ્પર્ધાઓ

(૩) શાસ્ત્રીય સંગીત સ્પર્ધાઓ

(૪) હળવા કંઠય સંગીત સ્પર્ધાઓ

– **રમત–ગમત સ્પર્ધાઓ**

(૧) રનીંગ સ્પર્ધાઓ

(૨) લંગડી સ્પર્ધાઓ

(૩) ઝડપી ચાલ સ્પર્ધાઓ

(૪) લોંગ જમ્પ સ્પર્ધાઓ

(૫) ગોળા ફેક સ્પર્ધાઓ

(૬) બરછી ફેક સ્પર્ધાઓ

(૭) મ્યુઝીક બોલ સ્પર્ધાઓ

સંસ્થા દ્વારા યોજાતી આ સ્પર્ધાઓમાં વિજેતા સ્પર્ધકને પ્રથમ, દ્વિતીય, તૃતિય ઈનામો તથા પ્રમાણપત્રો આપવામાં આવે છે. આ સ્પર્ધાના આયોજનમાં શહેરની સામાજીક સંસ્થાઓ ઈન્નર વ્હીલ કલબ, રોટરી કલબ, લાયન્સ કલબ, રોટરેકટ કલબોને સહાયક બનાવવામાં આવે છે.

ઉપરોકત સ્પર્ધાઓથી તૈયાર થયેલા વિદ્યાર્થીઓને પ્રાદેશિક તથા રાજય કક્ષાએ યોજાતા જુદા જુદા રમોતોત્સવમાં મોકલવામાં આવે છે. જેમાં સુદર દેખાવો કરી વિદ્યાર્થીઓએ ઈનામો મેળવેલા છે.

**વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા આપવામાં આવતી સવલતો :**

**૧. રહેવા જમવા સાથેની છાત્રાલય વ્યવસ્થા :**

સંસ્થામાં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને રહેવા માટે અદ્યતન હોસ્ટેલની વ્યવસ્થા છે. જેમાં પ્રત્યેક વિદ્યાર્થીઓને પલંગ, પુરતા બીછાના, સ્વતંત્ર કબાટો જેવી સંપુર્ણ સગવડતાઓ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓની તદુરસ્તી સારી રહે તે માટે ખાસ ડિઝાઈનથી તૈયાર કરવામાં આવેલ હવા ઉજાસવાળા રૂમો, ગેલેરી, સંડાસ–બાથરૂમ, ૨૪ કલાક પાણીની વ્યવસ્થાથી સજજ પોતાની માલીકીનું જ હોસ્ટેલ બિલ્ડીંગ સંસ્થાએ તૈયાર કરાવેલ છે.

આ ઉપરાંત ભોજન માટે વિશાળ ડાઈનીંગ હોલ, ડાઈનીંગ ટેબલથી સુસજ્જ છે. જેમાં સવારે ચા, નાસ્તો બપોરે ભોજન રીસેસમાં ચા સાંજે ભોજન આપવામાં આવે છે.

**૨. તબીબી સારવાર :**

સંસ્થાના વિદ્યાર્થીઓમાં તંદુરસ્તી આરોગ્ય જળવાઈ રહે તે માટે શહરેના જે તે ક્ષેત્રના સ્પેશીયાલીસ્ટ ડોકટરને સાથે રાખી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં દરેક વિદ્યાર્થીની શારિરીક તપાસ કરી જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને મફત દવા પુરી પાડવામાં આવે છે. વધુ જરૂરીયાત જણાય તો ખાનગી દવાખાનામાં પણ સારવાર આપવામાં આવે છે જેનો સંપુર્ણ ખર્ચ સંસ્થા દ્વારા ભોગવવામાં આવે છે.

**: સંસ્થામાં રહેલ વર્ષ પ્રમાણે અંતેવાસીઓની સંખ્યા દર્શાવતું પત્રક [૪૯] :**

| વર્ષ | અંતેવાસીઓની સંખ્યા |
|---|---|
| ૧૯૯૭ – ૧૯૯૮ | ૨૫ |
| ૧૯૯૮ – ૧૯૯૯ | ૩૬ |
| ૧૯૯૯ – ૨૦૦૦ | ૨૮ |
| ૨૦૦૦ – ૨૦૦૧ | ૨૫ |
| ૨૦૦૧ – ૨૦૦૨ | ૨૭ |

**શિક્ષણ આપ્યાબાદની સેવાઓ :**

વિદ્યાર્થીઓનો અભ્યાસ પુર્ણ થયાબાદ તેના વ્યકિતગત રસના વિષયો અને પ્રકૃતિને ધ્યાનમાં રાખીને જુદા જુદા વ્યવસાયિક ક્ષેત્રોમાં જોડવામાં આવે છે જેમાં શિક્ષક, પ્રાધ્યાપક, ફિઝિયોથેરાપીસ્ટ, કલાકાર, કારીગર જેવા અનેક વ્યવસાયો

૪૯. સંસ્થાના વર્ષવાર જનરલ રજિસ્ટરના અધારે.

ઉપરાંત ખાનગી વ્યાપાર ઉદ્યોગક્ષેત્રે પ્રવૃત કરવામાં આવે છે.

સંસ્થા દ્વારા જુદા જુદા ઔધોગિક એકમો, વ્યાપારગૃહો, સરકારી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને સર્વિસમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવે છે અને ખુબ આનંદની વાતએ છે કે જુદા જુદા ઔદ્યોગિક ગૃહોમાં કુશળ કારીગરો તરીકે સરકારી, માધ્યમિક અને પ્રાથમિક સ્કુલોમાં સંગીત શિક્ષક તથા સાહિત્ય શિક્ષકો તરીકે તબીબી ક્ષેત્રે ફિઝિયોથેરાપીસ્ટ તરીકે તથા સંગીતના કલાકારો તરીકે સંસ્થાના વિદ્યાર્થીઓ ખુબ જ સારી વ્યાવસાયિક ક્ષેત્રે સફળતાઓ પ્રાપ્ત કરી આર્થિક રીતે સધ્ધરતા પ્રાપ્ત કરેલ છે.

**વિદ્યાર્થીઓના જીવનમાં સંસ્થાનું યોગદાન :**

સંસ્થાના સ્થાપક કે જેઓ પોતે પ્રજ્ઞાચક્ષુ છે, તે તેમજ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ એવું સમજે છે કે, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને માત્ર ઔપચારિક શિક્ષણ કે તાલીમ આપવાથી પોતાના કાર્યનો અંત આવી ગયો ન ગણાય. પરંતુ તેઓ પોતાના જીવનમાં સ્વાશ્રયી થઈ સ્વમાનભેર આજીવીકા મેળવતા થાય અને પોતાની જાતે પગભર થાય ત્યારે જ ખરૂ કામ થયુ ગણાય સંસ્થા આવા સદઉદેશ્યોને સદભાગ્યે ચરિતાર્થ કરી અત્યાર સુધીમાં વિશાળ પ્રમાણમાં વિદ્યાર્થીઓન આજીવિકા મેળવતા કરી પગભર બનાવ્યા છે એટલુ જ નહી સંસ્થાના સ્થાપકે ઘણા બધા વિદ્યાર્થીઓના લગ્ન જેવી વિષમ ગણાતી બાબતોમાં રસ દાખવી ઉપયોગી નિવડી લગ્નો કરાવી દાંપત્ય જીવન જીવતા કર્યા છે.

સંસ્થા વિશે એક ખુબ જ અગત્યની વાત કરીએ તો, એ છે તેનો હકારાત્મક અભિગમ **(Positive Attitude)** સંસ્થાપકે સાથે રૂબરૂ વાતચિત કરતા તેમણે જણાવેલ કે સરકાર ખુબ જ આપે છે. જે અત્યાર સુધી કોઈ પણ સ્વેચ્છિક સંસ્થા

પાસેથી સાંભળવા મળેલ નથી. સંસ્થા પાસે આયોજન પુર્વકની રજુઆત હોય અને સરકારને તેમનામાં વિશ્વાસ આવે તો ગમે તેટલી રકમ સરકાર આપે જ છે. આમ, સ્થાપકનો કહેવાનો આશય છે ડોનેશન પણ જરૂરીયાત મુજબ જ સંસ્થા સ્વીકારે છે.

**ઉદેશ્યની ફલશ્રુતિ :**

(૧) કલોલ ફેકટરીમાં ભીખાલાલ પટેલ કે જેઓ આર્મેચર, મોટર રીવાઈડીંગના ઓથોરાઈઝ પર્શન તરીકે કાર્ય કરે છે.

(૨) રમેશભાઈ ધાનાણી (પટેલ) બિલ્ડરનો વ્યવસાય કરે છે.

(૩) પ્રોફેસર વિપુલ શાહ–અમેરીકાની મ્યુઝિક કોલેજમાં સંગીતના પ્રોફેસર તરીકે કાર્યરત છે.

(૪) બિરલા ફેકટરી :– ચાર વિદ્યાર્થી

– પોપટલાલ કોરાટ

– નારણભાઈ સીંધવ

– જગદીશભાઈ બટારા

– પ્રભાશંકર દવે

(૫) મહારાણી મીલ :– ચારવિદ્યાર્થી

– જશંવત સોરઠીયા

– જીવાભાઈ કુકડીયા

– ધીરૂભાઈ મોકરીયા

– હરબમ સુડાવદરા – બોલ બેરીંગ વર્ક

(૬) કમલેશ ગોહીલ :– ધોરણ ૧૨ પાસ સંગીત શિક્ષા વિશારદ **(Bead in Music)**

(૭) માવજી અને નંદન :– સંગીત વિશારદ

(૮) સાહિત્યના શિક્ષકો :–

સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી વિષયમાં સરકારી સ્કુલોમાં શિક્ષક તરીકે પોરબંદર અને રાણાવાવમાં વિદ્યાર્થીઓ ફરજ બજાવે છે.

## ૫. કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા – ભાવનગરની સંસ્થાનો ઈતિહાસ અને તેની પ્રવૃતિ : (શ્રીમતિ પરસનબેન નારણદાસ રામજી શાહ, તળાજાવાળા – પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય)

રજવાડાના સમયથી એક વિશિષ્ટ અનોખી ભાત પાડતી સામાજીક સંસ્થા " કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા " એક ઉત્તમ નમુનેદાર અંધજનો માટેની આદર્શશાળા છે. આ માટે ભાવનગર ગૌરવ લઈ શકે તેમ છે. આજે જયારે અંધજનોની ઉત્કર્ષ માટેની દેશપરદેશમાં અનેક પ્રવૃતિઓનો પ્રારંભ થઈ ચુકેલો છે અને આ પ્રવૃતિ તેજગતીથી ચાલી રહી છે. ત્યારે વર્ષો પહેલા કાઠીયાવાડમાં ભાવનગર રાજયે સૌ પ્રથમ પહેલ કરી આ પ્રોત્સાહિત કાર્યનો પ્રારંભ કર્યો હતો.[૫૦]

આ સંસ્થાની સ્થાપના ૬ જાન્યુઆરી ૧૯૩૨ ના રોજ થઈ હતી. લગભગ ૭૦ વર્ષ જુની ભાવનગર જીલ્લાની એક માત્ર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલયમાં ધોરણ ૧ થી ૧૦ સુધીનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

ગુજરાતમાં પ્રજ્ઞાચક્ષુ છોકરા – છોકરીઓની કો–એજયુકેશનવાળી પ્રથમ શાળા તરીકેનું માન આ સંસ્થાને જાય છે. ૧૦૦ થી વધારે પ્રજ્ઞાચક્ષુઓ અહી શિક્ષણ અને વ્યવસાય તાલીમ લઈ રહયા છે. શિક્ષણ ઉપરાંત સુથારીકામ, લુહારીકામ, કેનિંગકામ, પ્લાસ્ટીક મોલ્ડીંગ, આર્મેચર વાઈડીંગ તથા સંગીત વગેરેની તાલીમ અહી અપાય છે. શરૂઆતમાં મોબાલીટી અને બ્રેઈલલીપીમાં કુશળતા પ્રાપ્ત કર્યા

૫૦. સંસ્થા સ્થાપના પરિચય અહેવાલ.

પછી પ્રજ્ઞાચક્ષુઓને બ્રેઈલ પુસ્તકો, ઓડીયો કેસેટ અને રીડરની સગવડતાઓ અપાય છે. પરિણામે સંખ્યાબંધ પ્રજ્ઞાચક્ષુઓ શાળામાં ધોરણ – ૧૦મું પુરુ કરીને ધોરણ–૧૨ થી ગ્રેજયુએટ અને બી.એડ. સુધીની ડીગ્રી પ્રાપ્ત કરે છે આ ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ બાળકોમાં સંગીતની વધુ રૂચી હોવાથી આ સંસ્થામાં પ્રારંભિકથી વિશારદ સુધી સંગીતની તાલીમ અને સંગીતના આધુનિક સાધનો દ્વારા ગાતા–વગાડતા શીખવવામાં આવે છે હાલમાં આ સંસ્થાના ઘણા બાળકો પોતાનો વ્યકિતગત પ્રોગ્રામ આપે છે.

સંસ્થામાં નેશનલ, એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, ભાવનગર જીલ્લા શાળા પણ કામ કરી રહી છે. જેના દ્વારા જીલ્લાભરમાં અંધત્વ નિવારણના કાર્યક્રમ ઉપરાંત વિકલાંગોને પુનઃસ્થાપન કરવાની પ્રવૃતિઓ ચાલે છે.

શાળાના શૈક્ષણિક કાર્ય માટે સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ તરફથી ૭૫ ભાઈઓ અને ૨૫ બહેનોની ટોચ મર્યાદા મંજુર કરવામાં આવી છે. [૫૧]

**શાળામાં વર્ષવાર વિદ્યાર્થીઓની સંખ્યા :**

શાળાના ૬ વર્ષથી વધુ ઉમરના પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ અને બહેનોને છાત્રાલય અને સ્કુલમાં પ્રવેશ આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓ ગુજરાત રાજયના જુદા જુદા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવે છે. છેલ્લા દસ વર્ષમાં શાળામાં દાખલ થયેલા વિદ્યાર્થીની વર્ષવાર સંખ્યા નિચે પ્રમાણે છે.

---

૫૧. મંજુર થયેલ મહેકમ ફાઈલના આધારે.

**: શાળામાં પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની વર્ષવાર સંખ્યા દર્શાવતું પત્રક [૫૨] :**

| વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧૯૯૨ – ૧૯૯૩ | ૭૩ | ૧૨ | ૮૫ |
| ૧૯૯૩ – ૧૯૯૪ | ૬૬ | ૨૩ | ૮૯ |
| ૧૯૯૪ – ૧૯૯૫ | ૭૧ | ૧૭ | ૮૮ |
| ૧૯૯૫ – ૧૯૯૬ | ૬૬ | ૧૯ | ૮૫ |
| ૧૯૫૬ – ૧૯૯૭ | ૭૫ | ૧૯ | ૯૪ |
| ૧૯૯૭ – ૧૯૯૮ | ૭૦ | ૧૯ | ૮૯ |
| ૧૯૯૮ – ૧૯૯૯ | ૭૬ | ૨૧ | ૯૭ |
| ૧૯૯૯ – ૨૦૦૦ | ૬૬ | ૨૭ | ૯૩ |
| ૨૦૦૦ – ૨૦૦૧ | ૬૯ | ૨૬ | ૯૫ |
| ૨૦૦૧ – ૨૦૦૨ | ૭૪ | ૨૮ | ૧૦૨ |

**છાત્રાલય :**

સંસ્થામાં ભાવનગરથી શહરેથી દુરના કે અન્ય વિસ્તારોમાંથી આવે છે છેલ્લા દસ વર્ષમાં શાળામાં દાખલ થયેલા વિદ્યાર્થીની વર્ષવાર સંખ્યા નિચે પ્રમાણે છે.

---

૫૨. સંસ્થામાં પ્રવેશ રજીસ્ટરને આધારે.

**: છાત્રાલય પ્રવેશ દર્શાવતું પત્રક [૫૩] :**

| વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧૯૯૨ – ૧૯૯૩ | ૭૩ | ૧૨ | ૮૫ |
| ૧૯૯૩ – ૧૯૯૪ | ૫૭ | ૨૧ | ૭૮ |
| ૧૯૯૪ – ૧૯૯૫ | ૫૯ | ૧૪ | ૭૩ |
| ૧૯૯૫ – ૧૯૯૬ | ૫૬ | ૧૫ | ૭૧ |
| ૧૯૫૬ – ૧૯૯૭ | ૬૪ | ૧૮ | ૮૨ |
| ૧૯૯૭ – ૧૯૯૮ | ૬૩ | ૧૭ | ૮૦ |
| ૧૯૯૮ – ૧૯૯૯ | ૭૬ | ૨૧ | ૯૭ |
| ૧૯૯૯ – ૨૦૦૦ | ૬૬ | ૨૭ | ૯૩ |
| ૨૦૦૦ – ૨૦૦૧ | ૬૯ | ૨૬ | ૯૫ |
| ૨૦૦૧ – ૨૦૦૨ | ૬૮ | ૨૧ | ૮૯ |

**પ્રાથમિક શાળા :**

શાળામાં ધોરણ ૧ થી ૭ સુધીનું શિક્ષણ અપાય છે. જેમાં વર્ગવાર વિદ્યાર્થીઓની સંખ્યા નિચે મુજબ છે સાથોસાથ ટેકનિકલ શિક્ષણ બોર્ડ દ્વારા મંજુરી મેળવી બે કોર્સ ચાલે છે. સંસ્થાની મુલાકાત દરમ્યાન સંખ્યા નીચે મુજબ રહી હતી.

---

૫૩. છાત્રાલમાં પ્રવેશ રજીસ્ટરને આધારે.

**: પ્રાથમિક શાળા સમાજ સુરક્ષા ખાતાની માન્યતા મેળવેલ [૫૪] :**

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| બાલ મંદિર | ૭ | ૫ | ૧૨ |
| ૧ | ૫ | ૨ | ૭ |
| ૨ | ૪ | ૪ | ૮ |
| ૩ | ૧ | ૫ | ૬ |
| ૪ | ૮ | –– | ૮ |
| ૫ | ૫ | ૧ | ૬ |
| ૬ | ૩ | ૧ | ૪ |
| ૭ | ૪ | ૧ | ૫ |
| પ્રાથમિક વિભાગ | ૩૭ | ૧૯ | ૫૬ |

**માધ્યમિક શાળા [૫૫] :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ માધ્યમિક શાળામાં ધોરણ ૮ થી ૧૦ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. જેમાં વર્ગવાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૮ | ૪ | ૧ | ૫ |
| ૯ | ૩ | ૫ | ૮ |
| ૧૦ | ૯ | ૨ | ૧૧ |
| કુલ | ૧૬ | ૮ | ૨૪ |

૫૪. હાજરી પત્રકને આધારે.

૫૫. "એજન"

**ટેકનિકલ સ્કુલ ફોર ધી બ્લાઈન્ડ :**

ટેકનિકલ વિભાગમાં ત્રણ પ્રકારના વ્યવસાયિક કોર્ષ ચલાવવામાં આવે છે જેમાં કોર્સ મુજબ વિદ્યાર્થીની સંખ્યા નીચે મુજબ છે. પ્રથમ બે ટ્રેડ માટે નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા મંજુરી મેળવેલ છે. જયારે કોમ્પ્યુટર સેન્ટર ફોર ધી વીઝયુઅલી ઈમ્પેડ માટે રોજગાર અને તાલીમ નિયામકશ્રી, ગાંધીનગર પાસેથી મંજુરી મેળવવાની કાર્યવાહી ચાલી રહેલ છે. [૫૬]

| ક્રમ | ટ્રેડનું નામ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કેન નોયલોન એન્ડ કોયર વર્ક | ૬ | —— | ૬ |
| ૨ | ઈલેકટ્રીક મોટર રીવાઈન્ડીંગ | ૯ | – | ૯ |
| ૩ | કોમ્પ્યુટર સેન્ટર ફોર ધી વી. આઈ. | ૬ | ૧ | ૭ |
| | કુલ | ૨૧ | ૧ | ૨૨ |

**સંગીત અભ્યાસક્રમો [૫૭] :**

સંગીતમાં વિદ્યાર્થીઓને સંગીતના જુદા–જુદા અભ્યાસ પ્રમાણે શિક્ષણ આપવામાં આવે છે. જેની વિગતવાર સંખ્યા નીચે મુજબ રહી હતી.

| અભ્યાસક્રમ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| પ્રારંભિક | ૧૫ | ૦૩ | ૧૮ |
| પ્રવેશિકા પ્રથમ | ૧૦ | ૦૪ | ૧૪ |
| પ્રવેશિકા પુર્ણ | ૦૩ | ૦૪ | ૦૭ |
| મધ્યમા પ્રથમ | ૦૪ | ૦૧ | ૦૫ |
| મધ્યમા પુર્ણ | ૦૨ | ૦૧ | ૦૩ |
| વિશારદ પ્રથમ | —— | ૦૩ | ૦૩ |
| વિશારદ પુર્ણ | ૦૧ | —— | ૦૧ |

૫૬. ટેકનીકલ અભ્યાસક્રમ મંજુરી ફાઈલ.

૫૭. સંગીત પ્રવેશ ફાઈલ.

**વ્યવસાયિક તાલીમ :**

આ શાળામાં અંધ બાળકોને સુતારી કામ, કેનીંગ કામ, પ્લાસ્ટીક કામ, લુહારી કામ વગેરે વિભાગમાં તાલીમ આપવામાં આવે છે અને જે ઉત્પાદન થાય તેના ૨૫% વળતર વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. સંસ્થામાં જે બાળકો સંપુર્ણ તાલીમ મેળવી લે પછી જો તેને સ્વરોજગારી મેળવવા માટે પોતાનો અંગત ઉદ્યોગ શરૂ કરવો હોય તો લોન મેળવી આપવા માટે સહાય કરવામાં આવે છે.

| ક્રમ | ટ્રેડનું નામ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કેનીંગ | ૩૦ | ૧૬ | ૪૬ |
| ૨ | સુતારી | ૧૪ | –– | ૧૪ |
| ૩ | લુહારી | ૧૦ | –– | ૧૦ |

**વિદ્યાર્થીઓનું મેડીકલ ચેકઅપ :**

સંસ્થામાં બાળકોના આરોગ્યની તપાસ માટે તબીબોનો કેમ્પયોજવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓની શારિરીક તપાસ કરાવવામાં આવે છે અને ડોકટરની સલાહ મુજબ વિદ્યાર્થીઓને જરૂરી સારવાર મળે તેવો પ્રંબધ કરવામાં આવે છે.

**તહેવારોની ઉજવણી :**

વિદ્યાથીઓને શાળામાં તથા છાત્રાલયમાં શૈક્ષણિક વિષયોના જ્ઞાનની સાથોસાથ વ્યાવહારિક તેમજ સામાજિક જ્ઞાન મળે તેમજ તેઓમાં બિન–સાંપ્રદાયિકતા અને સામુહિકતાની લાગણી જન્મે તે હેતુથી શાળામાં વિવિધ ધાર્મિક તેમજ રાષ્ટ્રિય તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. જેવા કે ૧૫ મી ઓગષ્ટ, ૨૬ મી જાન્યુઆરી, રક્ષાબંધન, મકરસંક્રાતિ, હોળી, ધુળેટી, નાતાલ, ઈદ વગેરે ઉજવવામાં આવે છે. આ તહેવારોની ઉજવણી શહેરની અન્ય સામાજિક સંસ્થાઓના સહયોગથી કરવામાં આવે છે.

આ ઉપરાંત સંસ્થાના બાળકોમાં રહેલા કલા કૌશલ્ય તેમજ આગવી સુઝ અને શકિત બહાર લાવી શકાય તેવા હેતુંથી દર વર્ષ સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે દરેક ધોરણમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવેલા વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવે છે.

ત્રીજી ડિસેમ્બર એટલે કે વિશ્વ વિકલાંગ દિન સમગ્ર વિશ્વમાં આ દિવસને વિકલાંગ દિન નિમીતે ઉજવવામાં આવે છે. આ સંસ્થા પણ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી આ દિવસની ઉષ્મા સભર ઉજવણી કરે છે જેમાં સંગીત ખુરશી, દેડકા ડોડ, કવીઝ સ્પર્ધા, કોમ્પ્યુટર ઓપરેટીગ ડેમોસ્ટ્રેશન વગેરેનું આયોજન કરવામાં આવે છે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવે છે.

**કોમ્પ્યુટર ટ્રેનીંગ સેન્ટર :**

તા. ૨૫/૧૨/૨૦૦૧ ના રોજ સંસ્થા ખાતે શ્રી ચંદ્રકાંત અને શ્રીમતી કુંદનબેન સી. મહેતા કોમ્પ્યુટર ટ્રેનીંગ સેન્ટર ફોર ઘી વીઝયુઅલી હેન્ડી કેપની સ્થાપના કરવામાં આવેલ છે. આ સંન્ટરમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે ખાસ ટોકીગ સોફટવેર તેમજ ડ્રોઈગને લગતો પ્રોગ્રામ વસાવવામાં આવેલ છે. સાથો સાથ બ્રેઈલનો 'ડેસબરી' પ્રોગ્રામ પણ વસાવેલ છે. ૨૦૦૧ – ૨૦૦૨ ની સાલમાં ૭ બાળકોને પ્રવેશ આપીને આઈ.ટી.આઈ., ગુજરાત સરકાર માન્ય કોર્સ ચાલુ કરવામાં આવેલ છે. ૨૦૦૩ ની સાલમા કુલ ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે. [૫૮]

પ્રજ્ઞાચક્ષુઓને કોમ્પ્યુટર તાલીમ આપતી સંસ્થાઓમાં સમગ્ર ગુજરાતમાં માત્ર એક જ સંસ્થાનું માન આ સંસ્થા મેળવી જાય છે. બ્રેઈલ પ્રીન્ટીગ પ્રેસ દરેક ભાષામાં બુક તૈયાર થાય છે. કોમ્પ્યુટર પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓ નેટ પર સર્ફીંગ પણ કરી શકે છે.

૫૮. ૨૦૦૨–૦૩ નો સંસ્થાનો વાર્ષિક અહેવાલ.

સ્ક્રીન રીડીંગ સોફ્ટવેર કે જે આખા વિશ્વમાં પ્રજ્ઞાચક્ષુઓ વાપરે છે તે કોમ્પ્યુટર પર દાખલ કરેલ છે જે મોનીટર પર મેસેજ આવે છે તે ઈંગ્લીશ ભાષામાં પ્રજ્ઞાચક્ષુઓ સાભળી શકે છે.

**બ્રેઈલ પ્રેસ :**

સંસ્થાના બ્રેઈલ પ્રેસમાં પાઠયપુસ્તકોનું બ્રેઈલીકરણ કરવામાં આવે છે અને રાજયની અન્ય સંસ્થાઓમાં તેની લાયબ્રેરીમાં આપવામાં આવે છે. ૨૦૦૨ ની સાલમાં ધોરણ –૨ ના પાઠયપુસ્તકનું બ્રેઈલીકરણ કરવામાં આવેલ જેમાં ગણિત વિષયનો પણ સમાવેશ છે. અને કુલ ૪૮ પુસ્તકોનું બ્રેઈલીકરણ કરી કપડવંજ, આહવા, પાટડી, ધાંગધ્રા વગેરે સંસ્થામાં આપવામાં આવેલ હતા.

બાળ–પુસ્તકો, નવલકથાઓ, ધાર્મિક કથાઓ, જીવન ઘડતર, જીવન ચરિત્રો વગેરેનું બ્રેઈલીકરણ કરવામાં આવેલ છે. ૨૫૦ પેઈઝનું એક સામાન્ય પુસ્તક બ્રેઈલ ભાષામાં સાત કે આઠ ભાગમાં તૈયાર થાય છે.

રેપીડેક્ષ ઈંગ્લીશ કોર્ષ, સાત પગલા આકાશમાં, સરસ્વતિ ચંદ્ર, સૌરાષ્ટની રસધાર આપણા સંતો તુકારામ–કબીર જેવા પુસ્તકોનું બ્રઈલકરણ કરવામાં આવેલ છે.

બ્રેઈલમાં પુસ્તકોના રૂપાંતર માટે ગુજરાત સરકાર દ્વારા ૫૦૦૦૦ ની ગ્રાન્ટ આપવામાં આવે છે. જયારે રાજારામ મોહનરાય ફાઉન્ડેશન–કલકતાની રૂા. એક લાખની સહાય મળેલ છે.[૫૯]

---

૫૯. ભટ્ટ કલ્પનાબેન, લાઈબ્રેરીયન, જિલ્લા લાઈબ્રેરી, સાથેની રૂબરૂ મુલાકાત.

**જીલ્લા બ્રેઈલ લાયબ્રેરી :**

સંસ્થા ખાતેની આ લાયબ્રરી સમગ્ર ભાવનગર જીલ્લાની સંસ્થાઓને સેવા પુરી પાડે છે. બ્રેઈલ પ્રેસમાં છપાતા પુસ્તકો ઉપરાંત બ્રેઈલ સામયિકો, વર્તમાન પત્રો અને સમગ્ર વિશ્વના સમાચારો આ લાયબ્રેરીમાંથી પ્રજ્ઞાચક્ષુઓને મળી રહે છે.

બ્રેઈલ ઈન્સ્ટીટયુટ કેર્લીફોનીયાની વેબસાઈટ પર પ્રસારીત થતા સમાચાર સંકલીત કરીને લાયબ્રેરીમાં રાખવામાં આવેલ છે. અમેરીકાનું બ્રેઈલ મીરર મેગેઝીન ફ્રી સંસ્થાને મળે છે. દહેરાદુનનું બ્રેઈલધારા મેગેઝીનનું તથા દિલ્હી જીજ્ઞાસા મેગેઝીન અને રાજકોટના સંઘર્ષ મેગેઝીનનું લવાજમ ભરીને લાયબ્રેરીમાં મંગાવવામાં આવે છે સર જે. ડગન બ્રેઈલ પ્રેસ બોમ્બેથી વર્તમાન અને વિજ્ઞાન ભારતી પણ મંગાવવામાં આવે છે.

## શૈક્ષણિક, રમત,ગમત, બ્રેઈલ લેખન–વાચન તથા સાંસ્કૃતિક ક્ષેત્રે બાળકોની સિધ્ધિઓ :

**શૈક્ષણિક :**

ધોરણ – ૧૦ માં ૭ વિદ્યાર્થીઓએ માર્ચ ૨૦૦૧ માં બોર્ડની પરીક્ષા આપેલ જે તમામ પ્રથમ વર્ગ સાથે ઉત્તીણ થયેલ સૌથી વધુ ગુણ ૭૫.૭ % રાણવા મહેશ નસીંગભાઈએ મેળવેલ છે.

ટેકનિકલ સર્ટી કોર્ષ – ટેકનિકલ પરીક્ષા બોર્ડ ગુજરાત રાજય દ્વારા લેવાતી ઈલેકટ્રીક મોટર રીવાઈન્ડીગ અને કેન નાયલોન એન્ડ કોયર વર્ક બન્ને વિભાગનું ૧૦૦ % પરિણામ આવેલ છે.

**રમતગમત ક્ષેત્રે :**

– નવેમ્બર ૨૦૦૧ માં આઠમો અખિલ ગુજરાત નેત્રહિન ચેસ ટુર્નામેન્ટમાં મેનાબા જાડેજાને પ્રોત્સાહન ઈનામ

– અખિલ ગુજરાત અંધ રમોત્સવ – ઓકટો. – ૨૦૦૧ માં કુલ ૨૦૮ સ્પર્ધકોમાં સંસ્થાની નીચે મુજબ ટેસ્ટ હતી.

| | | |
|---|---|---|
| સ્પર્ધાનું નામ | – | પ્રાપ્ત કરેલ સ્થાન |
| ગોળા ફેંક | – | પ્રથમ, દ્વીતીય અને તૃતીય |
| લોંગ જમ્પ | – | સ્ત્રી–પુરુષ બન્નેમાં દ્રીતીય |

– તેરમો અખિલ ગુજરાત એથલેટીકસ રમતોત્સવ ડિસેમ્બર ૨૦૦૧ માં નેત્રહીન સ્પર્ધકોમાં લોંગ જમ્પ અને બરછી ફેકમાં પ્રથમ તેમજ દ્વીતીય સ્થાન સંસ્થાના બાળકોએ મેળવેલ છે.

સમગ્ર રીતે અવલોકન કરતા કહી શકાય કે સંસ્થાના ઉદેશ્યની પુરતી માટેના તેમના ૧૦૦ % પ્રયત્નોનું લગભગ ૧૦૦ % પરિણામ મેળવેલ છે.

## ૬. શ્રી અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર – જામનગર

**સંસ્થા સ્થાપના :**

શ્રી અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર, જામનગરની સ્થાપના ઈ.સ. ૧૯૮૦ માં કરવામાં આવી. પ્રજ્ઞાચક્ષુભાઈઓને શિક્ષણ અને તાલીમ મળી રહે તે ઉમદા હેતુથી સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા અંધજન સર્વોદય મંડળ, રાજકોટ સ્થાપિત સંસ્થા છે.

**સંસ્થાનું આવાસગૃહ :**

આ સંસ્થાનું મકાન એરોડ્રામ રોડ પર ખુબ જ વિશાળ જગ્યામાં બંધાયેલ છે. મોકળાશ ભર્યા વાતાવરણમાં નેત્રહિનભાઈઓ આરામથી હરીફરી શકે એવી વિશાળ જગ્યામાં આ મકાનનું બાંધકામ થયેલ છે.

હોસ્ટેલ બિલ્ડીંગમાં નેત્રહીન વિદ્યાર્થીઓને રહેવા માટેની સુંદર વ્યવસ્થા છે. અલગ અલગ રૂમમાં બેડ સાથેની પથારી વ્યવસ્થા સંસ્થા તરફથી પુરી પાડવામાં આવે છે. નેત્રહીન વ્યકિતઓ એક બીજા સાથે ભટકાઈ જાય તે રીતે હોસ્ટેલ બિલ્ડીંગના મકાનની ડીઝાઈન રહેલી છે.

હોસ્ટેલ બિલ્ડીંગની સાથે જ ભોજનાલય છે ભોજનાલયની સ્વચ્છતા તેમાં રહેલા કોઠારરૂમની સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી છે. નેત્રહીન ભાઈઓને ટેબલ–ખુરશી પર ભોજન પીરસવામાં આવે છે. સવારે ચા / દુધ સાથે નાસ્તો, બપોરે દાળ–ભાત–શાક–રોટલી અને સાંજે ખીચડી–શાક–ભાખરીનું શુધ્ધ સાત્વીક ભોજન પીરસવામાં આવે છે.

**સ્કુલ વિભાગ :**

પ્રાથમિક કક્ષાનું જ્ઞાન બાળકોને મળી રહે તે માટે બ્રેઈલનો કોર્ષ કરેલા તાલીમ પામેલા શિક્ષકોની નિમણુંક કરવામાં આવેલી છે. બ્રેઈલમાં પ્રાથમિક શાળાને લગતા કોર્ષનું અધ્યયન નેત્રહીન વિદ્યાર્થીઓને કરાવવામાં આવે છે. શિક્ષણ માટે બ્રેઈલ પુસ્તકો વિદ્યાર્થીઓને પુરા પાડવામાં આવે છે. શિક્ષણમાં ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા જેવા વિષયો રસ પુર્વક શીખવાડવામાં આવે છે.

નેત્રહીન વિદ્યાર્થીઓ ખાનગી ઉમેદવાર તરીકે એસ.એસ.સી. અને એચ.એચ.સી.ની પરિક્ષા આપી શકે તે માટે પણ સંસ્થામાં વ્યવસ્થા રહેલી છે. આવી પરિક્ષાઓ આપતા તેજસ્વી નેત્રહીન વિદ્યાર્થી ભાઈઓને જોઈતી તમામ સગવડ સંસ્થા તરફથી પુરી પાડવામાં આવે છે.

**સંસ્થાના સ્વપ્ન દ્રષ્ટા શ્રી પ્રકાશભાઈ મંકોડી :**

નેત્રહીન વ્યકિતઓના ઉત્કર્ષ માટે ઝઝમતુ વ્યકિતત્વ એટલે શ્રી પ્રકાશભાઈ તેઓ સંસ્થાના અધિક્ષકની ફરજ બજાવે છે તેઓ ખુદ પ્રજ્ઞાચક્ષુ છે. એટલે આવી વ્યકિતના જીવનમાં આવતી મુશ્કેલીઓને તેના સિવાય વધારે કોણ સમજી શકે.

નેત્રહીન વ્યકિતઓના વિકાસ માટે તેઓનો ફાળો અનન્ય છે. સતત આવા વ્યકિત સમુહની સમસ્યાઓના ઉકેલમાં કાર્યરત પ્રકાશભાઈ મંકોડી રાજકોટમાં આવેલી શ્રી વૃજલાલ દુર્લભજી પારેખ અંધ મહિલા વિકાસગૃહ સંસ્થાના મેનેંજીગ ડિરેકટર પણ છે.

વર્તમાનયુગ એટલે કોમ્પ્યુટર યુગ નેત્રહીનો માટે પણ કોમ્પ્યુટરનું જ્ઞાન સરળ બનેલ છે 'સ્ક્રીન રીડીંગ સોફટવેર ફોર ધ બ્લાઈન્ડ ' નો ઉપયોગ કરી શ્રાવ્ય રૂપમાં કોમ્પ્યુટર પર નેત્રહીન વ્યકિતઓ કામ કરી શકે તે માટે તેમણે ભગીરથ પુરુષાર્થ કરીને કોમ્પ્યુટરનું જ્ઞાન મેળવતા નેત્રહીન વ્યકિતઓને કર્યા છે. એટલું જ નહી પણ આ ભાઈઓ સ્વરોજગારી મેળવી શકે તેવા વ્યવસાયલક્ષી તાલીમ કોર્ષ પણ પોતાની સંસ્થામાં શરૂ કર્યા છે.

**સંસ્થામાં કરવામાં આવતી પ્રવૃતિઓ :**

આ સંસ્થા નિવાસી સંસ્થા છે. તેમાં રહેતા લાભાર્થી નેત્રહીનભાઈઓ સ્વાવલંબી બને એ માટે તેમને રોજીંદી પ્રવૃતિઓની પણ તાલીમ આપવામાં આવે છે. તે પોતાની જાતે જ પોતાનું કામ કરતા થાય તે માટે દૈનિક જીવનની કામગીરીથી તેને વાકેફ કરવામાં આવે છે. તે પોતાના કપડા પોતાની જાતે ધોવે, સુકવે અને ઘડી કરે છે.

આ ઉપરાંત પથારી વ્યવસ્થિત કરવી, રૂમ વાળીને ચોખ્ખા રાખવા, પોતા મારવા વગેરે જેવી કામગીરી કરે છે આવાસગૃહમાં આવેલા બગીચાને પાંગરતો રાખવામાં આ ભઈઓનો ફાળો સવિશેષ રહેલો છે છોડના કયારાઓ કરવા પાણી સીંચવું વગેરે કાર્યથી તેમના જીવનમાં ઉત્સાહનું સીંચન થાય છે.

**સ્વરોજગારી :**

પુકત ઉમરના નેત્રહીન ભાઈઓ  કે જેઓને આ સંસ્થા સીવાય કયાંય આશરો નથી તેમના માટે સ્વરોજગારી  સાથે રહેવા – જમવાની વ્યવસ્થા સંસ્થામાં રહેલી છે. પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ પ્રસની કામગીરી સરળતાથી કરી શકે છે માટે સંસ્થામાં એક બાઈન્ડીગ વર્કશોપ ઉભુ કરવામાં આવેલ છે. પગલુંછણીયા બનાવવા, નેતર અને કેન વર્ક દ્વારા આવા નેત્રહીન ભાઈઓ સ્વરોજગારી કરી રહેલ છે. જેમાંથી ખર્ચ બાદ કરતા વધતી આવક આવા લાભાર્થી ભાઈઓને આપી દેવામાં આવે છે.

નેત્રહીન ભાઈના કાર્ય, તેમની પ્રગતિ અને સંસ્થાનું ઉત્તમ કાર્ય જઈને સ્વસ્થ સમાજના લોકો ગૌરવ અનુભવી શકે છે. ભાઈઓની કાર્યસુઝ અને ઉભરાતી ક્ષમતા જોને આશ્ચર્યની લાગણી થાય છે. સંસ્થાની મુલાકાત દરમ્યાન એક પણ ભાઈ કે વિદ્યાર્થીને નિરાશ ન જોયા દરેકમાં કંઈક કરી બતાવવાનો પ્રતિભાવ જોઈ ખરેખર આશ્ચર્યમુગ્ધ બની જવાય છે. તેઓનો શ્રમ, નિષ્ઠા અને શિસ્તપાલનની

ચોકકસતા જોઈ તેમના પ્રત્યે આદરની લાગણી વ્યકત થાય છે. આવી સંસ્થામાં થઈ રહેલ કાર્ય બધી જ સંસ્થાઓમાં થાય તો આજનો સમાજ દુઃખમાંથી સ્વર્ગીય સુખ અનુભવે એ વાત સંસ્થાનું કાર્ય જોતા અનુભવાય છે.

## બહેરામુંગા વ્યકિતઓ માટે કામ કરતી સંસ્થાઓ :

'કાન' એ માણસ અને તેના પર્યાવરણને જોડતી મહત્વની સાંકળ છે. ઈશ્વરે ઉત્પન્ન કરેલી આ અજાયબ સૃષ્ટિને આંખથી નીહાળવી અને કાનથી તેને સર્જેલા પંખીઓના ટહુકારને માણવાએ મનુષ્ય જીવનને પ્રભુએ અર્પેલી મહાન ભેટ છે. શું આપણે કયારેય વિચાર્યુ છે કે આપણે સાંભળી ન શકતા હોત તો શું પરિસ્થિતિ હોત? આપણે બહેરી વ્યકિતઓના એકસીડેન્ટ વિશે સાંભળ્યુ છે પરંતુ કયારેય કોઈ અંધ વ્યકિતનું એકસીડેન્ટ થયું તેવું સાંભળવવામાં આવ્યું નથી. વિકલાંગ વ્યકિતઓમાં કદાચ સૌથી વધારે મુશ્કેલી બહેરી વ્યકિતઓને પડે છે. અંધ સ્પર્શથી માણી શકે છે. શારિરીક વિકલાંગ પણ કુદરતના દરેક તત્વોને અનુભવી શકે છે માત્ર બધીર વ્યકિતઓ જ કુદરતના તત્વોને માણવા માટે કદાચ બાકી રહી જાય છે.

ઈ.સ. પૂર્વે પાંચમાં સૈકામાં ગ્રીસમાં હીપોક્રેઈટસ (ઈ.સ. પૂર્વે ૪૬૦ થી ૩૭૦) નામે એક જાણીતા વૈદ વિધ્વાન થઈ ગયા. તેમણે કહયું કે "જન્મથી જ બહેરા માણસો બોલી શકતા નથી" [૬૦]

બધીરોની બાબતમાં ઈગ્લેન્ડમાં એક અદાલતમાં કેસ ચાલ્યો હતો ત્યારે મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો હતો તે આ મુજબ હતો. બધીર વ્યકિત મુંગી નથી માત્ર બહેરી છે. તેમને શ્રવણ શકિત ન હોવાને કારણે તેઓ બોલી

૬૦. ગાંધી બંસીધર હીરાલાલ, "બહેરા મુંગાના શિક્ષણનો ઈતિહાસ", પ્રકાશક : રામલાલ પરીખ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃતિ વર્ષ ૧૯૬૯, પાના નં. ૩.

શકતા નથી. [૬૧] એટલે કે બહેરાશ એક એવા પ્રકારની અપંગતા છે જે સાંભળી શકતા નથી તે મુંગા બને છે. [૬૨]

**વિશ્વમાં બહેરા મુંગા શાળાની સ્થાપનાનો ઈતિહાસ :**

"પ્રભુ મને વાચા આપો" – મુક બાળકની આ પ્રાર્થના હૃદયસ્પર્શી છે.

જન્મ પછીનું પહેલું રૂદન તે નવા જગતમાં પોતાની લાગણીનો પડઘો પાડવાનો પહેલો પ્રયત્ન. ત્યારબાદ ક્રમશઃ પ્રયાણમાંથી ધીમે ધીમે વાચા ફુટે, અને વખત જતા વ્યકિત ધાણીફુટ ભાષણો આપવાની ક્ષમતા કેળવે. આ વાણી કઈ રીતે ઉદભવી ? જન્મથી જ કાન પર પડતા ધ્વનીને બાળક પ્રતિભાવ આપે છે. અવાજ મીઠો હોય તો સ્મિત પ્રગટે, કર્કશ હોય તો ભયની લાગણી અને રૂદન કરે છે.

શબ્દ સાંભળતા તે મગજમાં કોતરાઈ જાય છે. તેનો અર્થ સમજાય છે અને ધીમે ધીમે શબ્દ બોલવાની શકિત આવે છે. જે શબ્દ સાંભળે તે શબ્દ બોલી શકાય એટલે કે બોલવા માટે સાંભળવાનો અનુભવ જરૂરી છે. જે વ્યકિત સાંભળવાનો અનુભવ ધરાવતી નથી તે વ્યકિતને બહેરી વ્યકિત તરીકે ઓળખવામાં આવે છે. તેમના માટેની શાળાની વિશ્વમાં નીચે મુજબ શરૂઆત થઈ.

ઈ.સ. ૧૭૫૦ માં ફ્રાન્સમાં એક જાહેર શાળા સ્થાપવમાં આવી. યુરોપના ખુણે ખુણેથી બાળકો આ શાળામાં અભ્યાસ માટે આવતા. ચાર્લ્સ માઈકલ ડીલએપીએ અનેક બહેરામુંગાને શિક્ષણનો લાભ મળે તે માટે નિઃસ્વાર્થ ભાવે ગરીબ–તવંગરના ભેદભાવ વગર બધીરોની શાળા સ્થાપી જયારે સેમ્યુઅલ હીનીકે ૧૪ મી એપ્રિલ ૧૭૭૮ માં જર્મનીમાં આવી શાળાની શરૂઆત કરી. ઈંગ્લેન્ડમાં ઈ.સ. ૧૭૬૦ માં

૬૧. રાવત કે. જે., પ્રિન્સીપાલ, સરકારી બહેરા મુંગા શાળા, જુનાગઢ.

૬૨. શ્રીમતિ શાહ એ. એચ., આચાર્ય, વિરાણી બહેરા મુંગા શાળા, વાર્ષિક અહેવાલ ૧૯૮૭.

એડીનબરો ખાતે થોમસ બ્રેડવુડ શાળા શરૂ કરી. ૧૫ મી એપ્રિલ ૧૮૧૭ માં યોમાસ હોપકિન્સ ગેલોડેટે અમેરીકામાં હાર્ડફર્ડ ખાતે બહેરામુંગા શાળા શરૂ કરી. ઈ.સ. ૧૭૮૪ માં ઈટાલીમાં એબેસીલ્વાસ્ટ્રીએ આવી પ્રથમ શાળાની શરૂઆત કરી. જયારે ભારતમાં ૧૮ મી સદીના અંતમાં કલકતા અને મુંબઈ ખાતે બહેરામુંગા શાળાની શરૂઆત થઈ. [૬૩]

સાંભળવુ, બોલવું અને વાતચિત કરવી એ આંખની વાત છે. આપણે આપણા મિત્રો સાથે વાતચિત કરી શકીએ છીએ, તેઓની રમુજ ભરી વાતો (જોકસ) સાભળીને હસીએ છીએ, પરંતુ જો આપણે સાંભળી શકતા ન હોઈએ અને વાતો કરી શકતા ન હોઈએ તેમજ બોલી શકતા ન હોઈએ તો, આપણે ઘણું બધુ ગુમાવવાની લાગણી અનુભવત આપણે જીવનના આનંદને માણી ન શકત. ઈશ્વરે આપણને આપેલી શકિતની અમુલ્ય ભેટને સ્વીકારીને જેમની પાસે તે નથી. તેવી વ્યકિતઓને મદદરૂપ થઈને કૃતજ્ઞતા વ્યકત કરવી જોઈએ.

સૌરાષ્ટ્રમાં બહેરામુંગા વ્યકિતઓ માટે ગંભીરતા પુર્વક મહત્વનું કાર્ય કરતી ઉલ્લેખનીય સંસ્થાઓ છે.

(૧) શ્રી ખી.લ. બહેરામુંગા શાળા, ભાવનગર

(૨) સરકારી બહેરામુંગા શાળા, જુનાગઢ

(૩) શ્રી અને શ્રીમતિ છ. શા. વિરાણી બહેરામુંગા શાળા, રાજકોટ.

(૪) શ્રી દુર્લભજી, શ્રી રાજ પારેખ અને અમૃતબેન પારેખ બહેરામુંગા શાળા, સુરેન્દ્રનગર.

(૫) મેઘરાજ મુન્દ્રા અને ધનાણી બહેરામુંગા શાળા, જામનગર.

---

૬૩. વિરાણી બહેરા મુંગા શાળા, વાર્ષિક અહેવાલ ૧૯૮૭.

આ સંસ્થાઓની પ્રવૃતિ વિશેષ કરતા પહેલા આ બીમારી કે ખોડ થવાના કારણ વિશે વાત કરીશું.

**બહેરાશ આવવાના કારણો :**

**જન્મ પહેલા અથવા સગર્ભાવસ્થા દરમ્યાન :**

જો સગર્ભાવસ્થા દરમ્યાન ગાલપચોળી, ઓરી, અછબડા, નુરબીબી, ટાઈફોઈડ, ટી.બી., મેલરીયા, ગર્ભાશયમાં ચાંદી વગેરે જેવા રોગ થાય તો પેટમાં રહેલા બાળકની શ્રવણ શકિતને નુકસાન થવાની શકયતા ઘણી વધુ રહે છે.

– સગર્ભાવસ્થા દરમ્યાન લેવામાં આવતી દવાઓ, એન્ટીબાયોટીક દવાઓ, એક્ષ રે અથવા આર. એચ. બ્લડ ગ્રુપમાં જો ખામી હોય તો બાળકની શ્રવણ શકિતને નુકશાન થવાની શકયતા રહે છે.

– સગર્ભાવસ્થા દરમ્યાન પડવાથી / વાગવાથી શારિરીક ઈજા થવા પામી હોય તો પણ ગર્ભમાં રહેલા બાળકની શ્રવણ શકિતને નુકશાન થવાની સંભાવના રહે છે.

– સગોત્ર લગ્ન સંબંધને કારણે પણ બાળક બહેરૂ જન્મવાની શકયતા ખુબ વધી જાય છે.

– પતિ કે પત્ની બન્નેના લોહીમાં થેલેસેમીયા થોડાઘણા અંશે હોય ત્યારે આ શકયતા રહે છે.

**જન્મબાદ :**

– બહેરાશ આવવાનું એક સામાન્ય કારણ કાનમાંથી રસી આવવાનું અને કાનમાં ઈન્ફેકશન લાગવાનું છે.

– કાન પર મારવામાં આવેલ લાફો / મુકકો સાંભળવામાં ખામી ઉભી કરી શકે છે.

– જો લાંબા  સમય સુધી ખુબ મોટા અવાજવાળા વાતાવરણમાં કામ કરવામાં આવે કે રહેવામાં આવે તો બહેરાશ આવી શકે છે.
– સ્નાનાગારમાં પાણીમાં તરતી વખતે કલોરીનયુકત પાણી કાનમાં જાય તો ઈન્ફેકશનની શકયતા રહે છે.
– કાનમાં વારંવાર થતો દુઃખાવો અને રસી કાયમી બહેરાશ  સર્જી શકે છે.

## ઓછી શ્રવણ શકિત ધરાવતી વ્યકિતની ઓળખ [૬૪] :

– બેધ્યાનપણું
– પ્રશ્નોના જવાબ સમજી ન શકે / જે પ્રશ્નો પુછવામાં  આવે તે બરાબર સમજી ન શકે.
– શિક્ષકે કહેલી વાતનું પુનરાવર્તન કરવા કહે.
– જયારે તેને પુછવામાં આવે ત્યારે બાધો બની જાય.
– જલદીથી વર્ગમાં કંટાળી જાય/થાકી જાય વર્ગમાં જયારે ચર્ચા થતી હોય ત્યારે તેમાં ભાગ લે નહી.
– કોણ બોલે છે  / કઈ બાજુએથી અવાજ આવે છે તેની ખબર ન પડે વર્ગમાં ચારે તરફ જોયા કરે.
– વારંવાર કાનમાં દુઃખાવો થવાની ફરિયાદ કરે, કાનની અંદરથી રસી નીકળે.
– પોતે ખુબ જ મોટા અવાજે બોલે / વાત કરે.
– બોલવામાં ભુલ કરે જેવી કે વચ્ચે વચ્ચેના શબ્દો ન બોલે / એક ને બદલે બીજો શબ્દ ઉચ્ચારે.

## બહેરાશ  નિવારણના પગલાઓ :

એક સર્વેક્ષણ મુજબ સામાન્ય બાળકોની શાળાઓમાં ૧૫ % ૨૦ % બાળકોને

૬૪. બહેરાશ પ્રતિકાર – સર જોન વિલ્સન મેમોરીયલ સી.બી.આર. પ્રોગ્રામના આધારે.

અને તેનાથી મોટી ઉંમરના લોકોમાં ૩૫ % થી ૪૦ % ને ઓછી વધતી બહેરાશ હોય છે.[૬૫] તેથી બહેરાશ નાબુદીમાં નીચે મુજબના પગલા લેવા અત્યંત જરૂરી છે.

– કાનમાં કદી વસ્તુથી સાફ કરવા નહી કે કાનમાં કદી ધારદાર વસ્તુ નાખવી નહી.
– જયારે કાનમાં દુઃખાવો થાય, રસી થાય, ફોલ્લી થાય કે સોજો આવે ત્યારે ઈ.એન.ટી. ડોકટરનો સપર્ક કરવો.
– કાન ઉપર લાફો ન મારવો.
– સગોત્ર લગ્ન અટકાવવા.
– લગ્ન પહેલા લોહીની તપાસ કરાવવી.
– દવાઓથી આવતી બહેરાશ અટકાવવા નિષ્ણાંત ડોકટરની સલાહ મુજબ જ દવા લેવી.
– ગાલપચોળીયા, ટાઈફોઈડ, ઓરી કે અછબડા જેવા રોગો થાય ત્યારે ખાસ ધ્યાન રાખવું સમયસર આ રોગની નાબુદીની રસીનો ડોઝ લઈ લેવો. આ રોગો થાય ત્યારે કાનની શ્રવણ શકિતની તપાસ કરાવવી ખાસ જરૂરી છે.
– મોટા અવાજોથી કાનનું રક્ષણ કરવું.
– ઘોંઘાટવાળા ખુબ મોટા અવાજ યુકત વાતાવરણમાં કામ કરવાનું હોય તો ' ઈયર પ્લગ ' નો ઉપયોગ કરવો. સામાન્ય સંજોગોમાં રૂ નો ઉપયોગ પણ સાવધાની પુર્વક કરી શકાય.
– સર્ગભાવસ્થા દરમ્યાન તબિયતની ખુબ કાળજી લેવી સમયાંતરે ડોકટરને મળીને ખોરાક, તંદુરસ્તી, હેમોગ્લોબીન અને વેકસીન લેવા અંગે તેમની સલાહ લઈ તેનો અમલ કરવો.
– કોઈ પણ પ્રકારના તેલ કે પ્રવાહીનો ઉપયોગ કાનને સાફ કરવા માટે ન કરવો આમ, કરવાથી કાનમાં રસી કે દુઃખાવો થઈ શકે.

૬૫. વહેતા કાન સાવધાન

– કુટુંબમાં વારસગત બહેરાશ હોય તો કોઈ સારા સ્પીચ અને હીયરીંગ સેન્ટરમાં નિષ્ણાંત ઓડિયોલોજીસ્ટ પાસે સમયાંતરે કાનની શ્રવણશકિતની તપાસ કરાવવી.

ઉપર પ્રમાણેની કાળજી રાખવાથી બહેરાશ આવતી મહંદ અંશે રોકી શકાય છે. બાકી તો કુદરતી રીતે જન્મથી જ આવેલી બહેરાશ અને તેનાથી ઉદ્‌ભવતા પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ બનતા પ્રયત્નો કરે છે.

## શ્રી ખી. લ. બહેરામુંગા શાળા ભાવનગર :

ઈ.સ. ૧૯૭૦ માં તે વખતના ભારતના પ્રધાનમંત્રી શ્રીમતી ઈંદીરા ગાંધીના વરદ હસ્તે આ સંસ્થાની શિલારોપણ વિધી કરવામાં આવેલ હતી.[૬૬] રોયલ નેશનલ ઈન્સ્ટીટયુટ ફોર ધી ડેફ, લંડન પાસેથી ટેકનિકલ માહિતી મેળવીને શ્રવણમંદ બાળકોની સંસ્થાનું અહી નિર્માણ કરવામાં આવ્યુ છે.

સ્પેશ્યલ સ્કુલની ડીઝાઈન દ્વારા તૈયાર થયેલ આ શાળા શ્રેષ્ઠ આર્કિટેકચરનો નમુનો છે લાલ રંગના ઘડેલા રફ પથ્થરનું સુંદર સ્થાપત્ય, બાળ સ્વભાવને અનુરૂપ ભુલભુલામણીવાળા કોરીડોર, વર્ગની અર્ધવતૃળાકાર બેઠકો, અવાજની સ્પષ્ટતા માટે ખાસ વ્યવસ્થા, લિપરીડીંગ માટે કુદરતી પ્રકાશનું આયોજન, તેજસ્વી રંગોનો સપ્રમાણ ઉપયોગ, ચારે તરફ ફુલ, ઝાડ, લીલાછમ હરિયાળી અને લતા મંડપો વચ્ચે પક્ષીના માળાની જેમ છુપાય રહેલા વર્ગ ખંડો અને તેમાં અધ્યયન કરતા શ્રવણમંદ બાળકો વચ્ચે પોપટ, ચકલા, પારેવાનું ગુંજન, ચીલાચાલુ શિક્ષણથી જુદું જ વાતાવરણ ખડુ કરે છે. અહી વર્ગ એટલે ચાર દિવાલોનું ખોખું નહી પરંતુ શિક્ષણની જીવંત પ્રક્રિયાનું ભૌતિક સાધન છે. સંસ્થાના ઓડિયોલોજી, સ્પીચ, પેરેન્ટ કાઉન્સેલીંગ, ટીચર્સ એન્ડ મધર્સ ટ્રેઈનીંગ કોલેજ, નર્સરી થી ધો.૧૦ તેમજ

૬૬. સંસ્થાના શીલારોપણ વિધિ ફોટોગ્રાફના આધારે.

અનેક પ્રકારની વ્યવસાયિક તાલીમની સુવિધા છે.

આ સંસ્થાની સ્કુલ ડે સ્કુલ છે આ સંસ્થામાં વાણીની અને બહેરાશની ખામીઓને સુધારવા / દુર કરવા માટે સંપુર્ણ સાધન સામગ્રી ધરાવતું ઓડિયો અને સ્પીચ કલીનીક છે. વિપુલ પ્રમાણમાં અત્યંત આધુનિક અને વૈજ્ઞાનિક સાધનો ધરાવતા આ કિલનીકમાં નિષ્ણાંત ઓડિયોલોજીસ્ટ અને સ્પીચ પેથોલોજીસ્ટ ફુલ ટાઈમ સેવા આપી રહયા છે. આ કલીનીકમાં નિષ્ણાંતોના માર્ગદર્શન દ્વારા ખુબ ઓછા સમયગાળામાં જ સમસ્યાઓનું નિવારણ કરી શકાય છે.

ઓડિયોલોજી અને સ્પીચ પેથોલોજી આ બન્ને મેડીકલના ક્ષેત્રો છે. આ બન્ને ક્ષેત્રો ઓડિયોલોજીસ્ટ  કે જે કાનની શ્રવણ ખામીનું નિદાન કરે છે અને વ્યકિતની વાણીમાં ખામી હોય તેને સુધારે છે આ ઉપરાંત આ બન્ને ક્ષેત્રો ENT ડોકટર કે જે કાનની પેથોલોજી જાણે છે તેની સાથે સંકળાયેલા છે. શ્રવણમંદોના પુનઃ સ્થાપન માટે તેઓ શ્રવણયંત્રનો યોગ્ય ઉપયોગ કરી શકે તે માટે ઓડિયોલોજીસ્ટ એ મુખ્ય ચાવી રૂપ વ્યકિત છે. [૬૭]

વ્યકિતની વાણીમાં ખામી હોય, અવાજ કે ઉચ્ચારણમાં ખામી હોય અથવા તો વ્યકિત તુટક–તુટક શબ્દો બોલતી હોય એટલે કે વાણીમાં અસ્ખલિત પ્રવાહ ન હોય, તેવી વ્યકિતની વાણી સુધારણા કરવામાં સ્પીચ પેથોલોજીસ્ટ અગત્યનો ભાગ ભજવે છે. એટલે કે સ્પીચ પેથોલોજીસ્ટ ભાષા વાણી અને વોઈસ (અવાજ) સુધારણાનું કાર્ય કરે છે.

---

૬૭. સંસ્થાના ઓડીયોલોજી વિભાગની રૂબરૂ મુલાકાતના આધારે.

સંસ્થામાં બાળ મંદિરથી શરૂ કરી એસ.એસ.સી. સુધીનું શિક્ષણ બધિર વિદ્યાર્થીઓને અપાય છે. શ્રવણમંદ યુવક યુવતીઓ શિક્ષણની સાથે સાથે ઔદ્યોગિક – વ્યવસાયિક તાલીમ મેળવી પગભર બની શકે તેવો ઉદેશ સંસ્થાના પાયામાં રહેલો છે.

શૈક્ષણિક તાલીમની સાથે સાથે વ્યવસાયલક્ષી તાલીમની સાથે સાથે વ્યવસાયલક્ષી ઔદ્યોગિક તાલીમ એ શ્રવણમંદ બાળકોના જીવનની અત્યંત આવશ્યકતા ગણાય છે. આ તાલીમ તેમને જીવન જીવવા માટે આત્મનિર્ભર બનાવી શકે છે. ભાવનગરની આ શાળામાં અભ્યાસ કરી અનેક બાળકોએ વ્યવસાયીક તાલીમ મેળવી છે અને હાલ તેઓ સમય સમથે કદમ મીલાવી પોતાનો ધંધો કે નોકરી કરી રહયા છે.

શ્રવણમંદ બાળકોની શૈક્ષણિક તાલીમને કેટલીક મર્યાદાઓ  છે. વિદ્યાર્થીની રૂચિ મુજબ સંસ્થામાં જે તે વિભાગમાં તાલીમ આપવામાં છેલ્લા ત્રણ દાયકાથી ચાલતી આ તાલીમમાં ગુજરાત અને ગુજરાત બહારના વિદ્યાર્થીઓએ તાલીમ મેળવેલ છે અને પોતાના પગભર થઈ કુટુંબને બોજારૂપ ન બનતા ઉપયોગી બન્યા છે.

સંસ્થામાં તાલીમ માટે બહારગામથી આવતા યુવક યુવતીઓમાટે રહેવા જમવાની વ્યવસ્થા છે.

## ઔદ્યોગિક તાલીમ અભ્યાસક્રમ [૬૮]:

### (૧) ડીટીપી (કોમ્પ્યુટર) છાપકામ માટે :

સંસ્થાના કે. પી. દેસાઈ કમ્પ્યુટર સેન્ટરમાં ડીટીપી (ડેસ્ક ટોપ પબ્લીકેશન) કોમ્પ્યુટરની તાલીમ અપાય છે.

પ્રિન્ટીંગ પ્રેસમાં કોમ્પ્યુટરનો ઉપયોગ કઈ રીતે થાય છે તે અંગેની તાલીમ અપાય છે. બુકવર્ક, બિલબુક, આમંત્રણ કાર્ડ, રજીસ્ટરોનું કમ્પોઝીંગ, ગ્રાફીક ડીઝાઈન વગેરે શીખવવામાં આવે છે.

આધુનિક પ્રિન્ટીંગ ટેકનોલોજીના ભાગરૂપે હવે પ્રિન્ટીંગ પ્રેસમાં થતુ કંમ્પોઝીશન તથા ગ્રાફીક ડીઝાઈનનું કામ કોમ્પ્યુટર ઉપર શરૂ થયુ છે. દરેક મોટા ન્યુઝ પેપરો, મેગેઝીન તથા એડર્વટાઈઝ વિભાગોમાં હવે કોમ્પ્યુટરો આવી ગયા છે અને પ્રિન્ટીંગમાં કોમ્પ્યુટર ઉપર કંપોઝીશન કરનારો એક અલગ વર્ગ બહાર આવ્યો છે, ત્યારે તેની પાયાની સમજુતી સાથેનો તાલીમ વર્ગ જરૂરી બન્યો છે. શ્રવણમંદ બાળકો આ ક્ષેત્રમાં પાછળ ન રહી જાય તે માટે આ સંસ્થા ડી.ટી.પી.ની તાલીમ આપે છે આ કોર્ષનો સમયગાળો ૧ વર્ષનો છે અને લાયકાત ધોરણ ૧૦ પાસ તેમજ ઉંમર મર્યાદા ૧૮ થી ૨૫ વર્ષની છે.

### (૨) કંપોઝિંગ પ્રિન્ટીગ બાઈન્ડીગ :

સંસ્થાના આ વિભાગમાં હેન્ડ કંપોઝીશન, લેટરપ્રસ પ્રિન્ટીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ, બાઈન્ડીંગ વગેરની તાલીમ આપવામાં આવે છે. તાલીમ માટે ટ્રેડલ મશીન, કટિંગ મશીન, ઓફ સેટ મશીન અને પંચીગ મશીન વસાવવામાં આવ્યા છે.

૬૮. સંસ્થાની તાલીમી પુસ્તિકાને આધારે.

અત્યારે પ્રિન્ટીંગ કામ જીવન જરૂરીયાત જેવું બની ગયુ છે સફળતા પુર્વક તાલીમ પુર્ણ કરનાર વિદ્યાર્થી ઝડપથી નોકરી, ધંધો મેળવી શકે છે. ઓછુ ભણેલા, નાના ગામ કે તાલુકામાં રહેતા શ્રવણમંદોને પણ આ તાલીમ મેળવવાથી પગભર થવાનો સારો અવકાશ રહે છે.

| | | |
|---|---|---|
| કોર્સનું નામ | – | પ્રિન્ટીંગ પ્રેસ |
| સમયગાળો | – | ૧ વર્ષ |
| લાયકાત | – | ૪ ધોરણપાસ |
| ઉંમર | – | ૧૪ થી ૨૫ વર્ષ |

**(૩) સીવણ કામ :**

સંસ્થામાં કપડા બનાવવાનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

બધિર વિદ્યાર્થીઓ માટે આ કોર્સ આર્શીવાદ રૂપ છે બહુ જ સરળતાથી વિદ્યાર્થી કટીંગ, સીલાઈનું કામ શીખી શકે છે. સંસ્થામાં સિલાઈના ૨૬ મશીન, જાપાનના બે સીલાઈ મશીન એક એમ્બ્રોઈડરી મશીન તથા એક ઈન્ટરલોક મશીન વસાવવામાં આવેલ છે. તાલીમ દરમ્યાન વિદ્યાર્થીને બાળકો તથા સ્ત્રીઓના પોશાકો સીવતાં શીખવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કોર્સનું નામ | – | સીવણ કામ |
| સમયગાળો | – | ૨ વર્ષ |
| લાયકાત | – | ૪ ધોરણપાસ |
| ઉંમર | – | ૧૪ થી ૨૫ વર્ષ |

**(૪) ઉન નીટીંગ :**

ઉનમાંથી બનતા સ્કાર્ફ, મફલર, બેબી ફ્રોક, કાન ટોપી, લેડીઝ–જેન્ટસ સ્વેટર તથા શાલ વગેરે બનાવવાની તાલીમ આપવામાં આવે છે.

ઓછી મુડી રોકણાથી શરૂ કરી શકાય તેવા આ વ્યવસાય માટે ઉન–નીટીંગ વિભાગ છે. જેમાં જાપાનના બે મશીનો મુકવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| કોર્સનું નામ | – | ઉન નીટીંગ |
| સમયગાળો | – | ૧ વર્ષ |
| લાયકાત | – | ૪ ધોરણપાસ |
| ઉંમર | – | ૧૪ થી ૨૫ વર્ષ |

**(૫) હાથનું ભરત ગુંથણ–મશીન એમ્બ્રોઈડરી :**

જમાનો ગમે તેટલો આગળ વધે પરંતુ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હાથનું ભરત ગુંથણ હજુએ એટલુ જ લોકપ્રિય છે. સંસ્થામાં ચાલતા આ અભ્યાસક્રમમાં બધી જ જાતના ટાંકા શીખવવામાં આવે છે. જેમાં ફેન્સી ટાંકામાંથી બનતું ટેબલ કલોથ, ચાકળા, વોલ પીસ, સાડી ભરત તથા પંચ વર્કનું કામ શીખવવામાં આવે છે.

હાથભરતની સાડીઓ, ટેબલ કલોથ, વોલપીસ, પેચવર્ક કરેલ કામની હજુએ એટલી જ માંગ રહેલ છે. વ્યવસાયની તકો ખુબ હોઈ બહેરા બાળકો માટે આ તાલીમ ઘણી ઉપયોગી છે. ઘેર–બેઠા નજીવા મુડી રોકાણથી વિદ્યાર્થી પોતાની રોજી રોટી મેળવી શકે છે.

| | | |
|---|---|---|
| કોર્સનું નામ | – | ભરત ગુંથણ |
| સમયગાળો | – | ૧ વર્ષ |
| લાયકાત | – | ૪ ધોરણપાસ |
| ઉંમર | – | ૧૪ થી ૨૫ વર્ષ |

**(૬) ફોટોગ્રાફી :**

આ અભ્યાસક્રમમાં ઈનડોર ફોટોગ્રાફી, આઉટડોર ફોટોગ્રાફી, ડેવલપીંગ તથા વિડિયો ફોટોગ્રાફી વગેરે શીખવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કોર્સનું નામ | – | ફોટોગ્રાફી |
| સમયગાળો | – | ૧ વર્ષ |
| લાયકાત | – | ૪ ધોરણપાસ |
| ઉંમર | – | ૧૪ થી ૨૫ વર્ષ |

**સંસ્થાના ઉદેશ્યની ફલશ્રુતિ :**

– જિગર વી. સલોત

સંસ્થાના ડી.ટી.પી. કોમ્પ્યુટર વિભાગમાં તાલીમ મેળવી એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરી ભાવનગરના લીપીઝ મિડીયામાં નોકરી કરી હાલમાં સંસ્થાના કોમ્પ્યુટર વિભાગમાં બાળકોને તાલીમ આપવાનું તથા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રીનું કામ સુંદર રીતે કરે છે.

– અશોક એલ. મોદી

સંસ્થાના સીવણ વિભાગમાં તાલીમ મેળવી ધોરણ–૧૦ સુધીનો અભ્યાસ કર્યો. આબુ રોડ (રાજસ્થાન) માં સ્વતંત્ર રીતે પોતાનો ધંધો કરે છે.

– હિતેષ કે. મહેતા

સંસ્થાના પ્રિન્ટીંગ વિભાગમાં તાલીમ મેળવી ધોરણ–૧૦ સુધીનો અભ્યાસ કર્યો. મામા કોઠા રોડ, ભાવનગરમાં ' ક્વોલીટી પ્રિન્ટર્સ ' ના નામે પોતાનું પ્રિન્ટીંગ પ્રેસ સફળતાપુર્વક ચલાવે છે. હાલમાં તેણે પોતાનું ઓફસેટ મશીન પણ વસાવ્યુ છે.

– બાબુગીરી એચ. ગૌસ્વામી

સંસ્થાના ફોટોગ્રાફી વિભાગમાં તાલીમ મેળવી ધોરણ–૧૦ સુધીનો અભ્યાસ કર્યો. ઈન્ડોર, આઉટડોર ફોટોગ્રાફી સારી રીતે કરી શકે છે. સંસ્થાના કાર્યક્રમોની ફોટોગ્રાફીનું કામ કરે છે. ઉપરાંત શ્રવણમંદ બાળકોને ફોટોગ્રાફીના તાલીમ પણ આપે છે.

## સરકારી બહેરામુંગા શાળા, જુનાગઢ :

### સંસ્થાની સ્થાપના :

સૌ પ્રથમ ઈ.સ. ૧૯૫૮ પહેલા આ સંસ્થા મુંબઈ રાજય હેઠળ હતી અને તેની હેડ ઓફીસ પુના બેસતી હતી. ત્યારે આ સંસ્થામાં અંધશાળા અને બહેરામુંગા શાળા બન્ને સાથે હતી. ત્યારબાદ મેઘજી પેથરાજ શાહે ૧૯૬૧ માં અલગ અંધશાળાની સ્થાપના કરી અને બહેરામુંગા શાળા અંધશાળાથી અલગ પડી.

સરકારી બહેરામુંગા શાળા, જુનાગઢની વિધીવત સ્થાપના ઈ.સ. ૧૯૬૩ થઈ ત્યારે સર્વ પ્રથમ તેમના આચાર્ય શ્રી જે. ડી. ઉપાધ્યાય સાહેબ હતા. સમગ્ર ગુજરાત રાજયમાં સરકારી કુલ ત્રણ બહેરામુંગા શાળાઓ છે.

૧. રાજપીપળા

૨. જુનાગઢ

૩. મેહેસાણા

સરકારી બહેરામુંગા શાળા, જુનાગઢ નવાબ સ્ટેટના વખતમાં આવેલ ગરાસીયા બોર્ડીગના મકાનમાં બેસે છે. રાજમહેલ જેવી ભવ્ય ઈમારત ગીરનાર પર્વતની તળેટીની ગોદમાં અતિશય સુંદર લાગે છે. ઘણી જ વિશાળ જગ્યા હોવાથી લાભાર્થીઓ મોકળાશનો અનુભવ કરે છે.

સરકારી બહેરામુંગા શાળા, જુનાગઢ નિવાસી શાળા છે. ગુજરાત સરકારશ્રી તરફથી ૧૫૦ ની હોસ્ટેલ પ્રવેશ મર્યાદા નકકી કરવામાં આવેલ છે. છતાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે લેવાય છે કેમ કે જુનાગઢ જીલ્લામાં તો આ એક જ સંસ્થા છે પરંતુ આજુબાજુ અમરેલી કે પોરબંદર જીલ્લામાં સ્વૈચ્છિક એક પણ બહેરામુંગાની સંસ્થા આવેલી નથી. આપણે ઉપર જોઈ ગયા તે પ્રમાણે સમગ્ર ગુજરાતમાં માત્ર ત્રણ જ સરકારી સંસ્થાઓ છે. જયારે ગ્રાંન્ટ લેતી તેમજ સ્વૈચ્છિક આશરે ૩૨ સંસ્થાઓ છે.[૬૯]

ગુજરાતમાં ડાંગ તેમજ દાહોદ જીલ્લામાં પણ આવી એક પણ સંસ્થા આવેલી નથી.

સંસ્થા સરકારી હોવાથી સંપુર્ણ ખર્ચ સરકારશ્રી તરફથી ચુકવવામાં આવે છે. વાર્ષિક બજેટને આધારે નકકી થયેલા માપદંડ મુજબ સરકારી ગ્રાંન્ટનો ઉપયોગ થાય છે.

૬૯. સંસ્થાના પ્રિન્સીપાલની રૂબરૂ મુલાકાત.

**પ્રવેશના નિયમો ૭૦ :**

સરકારી બહેરામુંગા શાળા, જુનાગઢ માટે ઈ.સ. ૧૯૬૪ ના જુન માસથી પ્રવેશના નિયમો અમલમાં મુકવામાં આવ્યા છે. આ સંસ્થામાં છોકરાઓ તેમજ છોકરીઓ બન્નેને પ્રવેશ આપવામાં આવે છે.

હોસ્ટલની મર્યાદામાં રહીને બહારગામના વિદ્યાર્થીઓને રહેવાની સગવડતા આપવામાં આવે છે. સ્થાનિક વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીઓને સ્કુલમાં પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશના નિયમો નીચે મુજબ છે.

- બાળક કે બાલિકા બહેરામુંગા હોવા જોઈએ.
- વિદ્યાથીની ઉંમર ૭ થી ૧૦ વર્ષ વચ્ચેની હોવી જોઈએ.
- બાળક કે બાલિકા શારિરીક અને માનસિક રીતે સ્વસ્થ હોવા જોઈએ.
- બાળક કે બાલિકા છાત્ર જીવન માટે યોગ્ય હોવા જોઈએ.
- મુક બધીરતા સિવાય અન્ય શારિરીક ખામી હોવી જોઈએ નહી.
- બાળક કે બાલિકા પ્રવેશ પરિક્ષામાં બુધ્ધિલક્ષ્યાંક પરિક્ષામાં શૈક્ષણિક રીતે યોગ્ય જણાય તો જ પ્રવેશ આપવામાં આવશે.
  (ખાસ સંજોગોમાં ત્રણ માસ માટે પ્રાયોગિક પ્રવેશ આપવામાં આવે છે.)
- શિક્ષણ વર્ષના પ્રથમ સત્રમાં અર્થાત જુનથી ઓકટોમ્બર મહિના સુધીમાં જ બાળકોને પ્રવેશ આપવામાં આવશે.
- પ્રવેશ અરજી અંગેની અગ્રેસરતાને લક્ષમાં લઈ ( ઉપરોકત યોગ્યતા પુર્ણ કરનાર પ્રવેશકને) પ્રવેશ આપવામાં આવે છે.
- બાળકોને પ્રવેશ આપવાની કે ન આપવાની તમામ સત્તા સંસ્થાના આચાર્યશ્રીની છે.

---

૭૦. સંસ્થાના પ્રવેશ ફાઈલ અને રજીસ્ટરના આધારે.

– શાળા તથા છાત્રાલયના તમામ નિયમો માતા–પિતા કે વાલીને બંધનકર્તા રહેશે.

**સંસ્થામાં વસતા અંતેવાસીઓની દિનચર્યા :**

| સમય | પ્રવૃતિ |
|---|---|
| સવારે ૬ : ૦૦ | ઉઠવું |
| ૦૬ : ૦૦ થી ૬ : ૩૦ | દાતણ કરવું |
| ૦૬ : ૩૦ થી ૭ : ૩૦ | વ્યાયામ કરવો. |
| ૦૭ : ૩૦ થી ૮ : ૦૦ | દુધ – નાસ્તો કરવો. |
| ૦૮ : ૦૦ થી ૯ : ૦૦ | કેમ્પસમાં શ્રમ કાર્ય |
| ૦૯ : ૦૦ થી ૧૦ : ૦૦ | સ્નાન કરવું. |
| ૧૦ : ૦૦ થી ૧૧ : ૦૦ | ભોજન કરવું |
| ૧૧ : ૦૦ થી ૧૧ : ૩૦ | શાળાએ જવાની તૈયારી કરવી. |
| ૧૧ : ૩૦ થી ૦૫ : ૦૦ | શાળામાં શિક્ષણ |
| ૦૫ : ૦૦ થી ૦૬ : ૦૦ | રમત–ગમત |
| ૦૬ : ૦૦ થી ૦૭ : ૩૦ | રાત્રી ભોજન |
| ૦૭ : ૩૦ થી ૦૮ : ૦૦ | પ્રાર્થના અને હાજરી |
| ૦૮ : ૦૦ થી ૦૯ : ૩૦ | સ્વ–શિક્ષણ |
| ૦૯ : ૩૦ થી રાત્રી દરમયાન | સુઈ જવું. |

**શૈક્ષણિક તેમજ ઈત્તર પ્રવૃતિઓ :**

સંસ્થાના વિદ્યાર્થીઓને ધોરણ – ૯ સુધીનો અભ્યાસ કરવવામાં આવે છે. ત્યાર પછીના અભ્યાસ માટે ભાવનગર અને રાજકોટની સંસ્થામાં મોકલવામાં આવે છે. ભાવનગર અને રાજકોટની સંસ્થામાં ધોરણ–૧૦ સુધીના અભ્યાસની સગવડતા છે ઉચ્ચતર અભ્યાસ માટે અમદાવાદમાં વ્યવસ્થા છે.

ધોરણ–૯ સુધીનો બહેરામુંગા શાળાનો અભ્યાસક્રમ સામાન્ય બાળકોની શાળાનો હોય છે. એટલે કે બહેરામુંગા શાળામાં ધોરણ–૯ સુધી ભણેલ વિદ્યાર્થીને સામાન્ય રીતે ધોરણ–૬ પાસ માનવામાં આવે છે.

રોજગાર કચેરીમાં જયારે આવા ૯ ધોરણ પાસ ઉમેદવારની બેકાર ઉમેદવાર તરીકે નામ નોંધણી કરવામાં આવે ત્યારે તેમની શૈક્ષણિક લાયકાત ધોરણ–૬ દર્શાવવામાં આવે છ. ધોરણ–૧૦ બહેરામુંગા શાળામાં પાસ હોય તો ધોરણ–૭ પાસ દર્શાવવામાં આવે છે.

આ સંસ્થામાં અભ્યાસ માટે કુલ ૧૨ ખંડો છે. જેમાં છોકરાઓ અને છોકરીઓને સાથે અભ્યાસ કરાવવામાં આવે છે. બન્નેની હોસ્ટેલ અલગ અલગ છે.

– **શૈક્ષણિક સ્ટાફ :**

૧ – આચાર્યશ્રી

૧ – ગૃહપતિ

૧ – જુનીયર કલાર્ક

૮ – ભાષા શિક્ષકો

૨ – ઉદ્યોગ શિક્ષકો

– **હોસ્ટેલ સ્ટાફ :**

| છોકરાઓની હોસ્ટેલ | છોકરીઓની હોસ્ટેલ |
|---|---|
| હોસ્ટેલ એટેડન્ટ – ૩ | લેડી એટેડન્ટ – ૨ |
| રસોયા – ૨ | રસોયા – ૧ |
| છોકરાઓ – ૧૦૮ | છોકરીઓ – ૪૭ |
| ફરાસ – ૧ | |
| સ્વીપર – ૧ | |

**છાત્રાલય સુવિધા :**

છાત્રાલયમાં વસતા વિદ્યાર્થીઓ તેમજ સ્કુલના વિદ્યાર્થીઓને ચાર–જોડી વાર્ષિક યુનિફોર્મ આપવામાં આવે છે. છાત્રાલયમાં પલંગ તેમજ બિસ્તરની વ્યવસ્થા સરકારશ્રી તરફથી પુરી પાડવામાં આવે છે.

છાત્રાલયમાં ટી. વી. રમત ગમતના સાધનો અને સંગીતના સાધનો વસાવવામાં આવેલા છે. જેનાથી બાળકોને મનોરંજન મળી રહે છે. બહેરામુંગા માટે આવતા સમાચાર વિદ્યાર્થીઓને ખાસ જોવા દેવામાં આવે છે. વિદ્યાર્થીઓના મનોરંજન માટે નૃત્ય, ગરબા જેવા પ્રોગ્રામ પણ રાખવામાં આવે છે.

**વ્યવસાયલક્ષી અભ્યાસ :**

શૈક્ષણિક સ્ટાફમાં D. D. ed કોર્ષ કરેલા શિક્ષકોને અભ્યાસ માટે સરકારશ્રી તરફથી નિમવામાં આવે છે. D. D. ed (ડેફ ડીપ્લોમાં એન્જયુકેશન) આ કોર્ષ અમદાવાદ અને ભાવનગરની ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજમાં થાય છે.

આ કોર્ષ દ્વારા અંગ્રેજી મુળાક્ષરો, ગુજરાતી મુળાક્ષરો વગેરે શીખવવામાં આવે છે. અંગ્રેજી, ગુજરાતી, સમાજવિદ્યા બધા જ વિષયો ભણાવવામાં આવે છે.

બાળકોની ઓડીયોલોજી ટેસ્ટ લઈને તેમની સમજ શકિતની ક્ષમતા નકકી કરવામાં આવે છે. શિક્ષકો દ્વારા અહેવાલ ભરવામાં આવે છે અને તેમના પર સતત ધ્યાન રાખી સુધારાઓના અવકાશને નોંધવામાં આવે છે.

વ્યવસાયલક્ષી શિક્ષણમાં ચિત્ર અને શિવણ બન્ને વિષયની તાલીમ આપવામાં આવે છે.  શિવણ અને ફોટોગ્રાફીના કામમાં આ સંસ્થાના ઘણા ભુતપુર્વ વિદ્યાર્થીઓ જોડાયેલા છે   અને પોતાના જીવન માટે અર્થોપાજન કરે છે.

આ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બહારની દુનિયા સાથે વ્યવહાર કરતા થાય એવી ટ્રેનીંગ પણ આપવામાં આવે છે. તેમને પૈસા આપીને ટ્રેનીંગ બેઈઝ પર ખરીદ કરવા મોકલવામાં આવે છે.જેથી તેઓ સમાજ સાથે સંકલન સાધી શકે અને સામાજીક વ્યવહારોથી પરીચિત થાય.

આવા વિદ્યાર્થીઓના કુટુંબીજનોને તેઓ સાથે વાતચિત કરતા થાય તે ખાસ કહેવામાં આવે છે. કેમ કે વિદ્યાર્થી કે વ્યકિત સાંભળી શકતી નથી તેથી બીજા  પોતાની વાતો કરે છે. એવું ધારીને શંકાશીલ માનસ ધરાવતું થઈ જાય છે. એટલે  વાલીને તેમની ભાષા હાવભાવ દ્વારા સમજાવી શકે તેટલું શીખવા સમજાવવામાં આવે છે.

**મેડીકલ અને અન્ય સુવિધાઓ :**

મેડીકલની ટોટલ સુવિધા સરકારશ્રી તરફથી પુરી પાડવામાં આવે છે. નિયમિત રીતે સરકારી હોસ્પીટલમાં બાળકોનું મેડીકલ ચેકઅપ કરાવવામાં આવે છે. જરૂર પડયે તબીબો દ્વારા બહારથી દવા લખી દેવામાં આવે છે ત્યારે સરકારી ખર્ચે આવા વિદ્યાર્થીની દવા પુરી પાડવામાં આવે છે. સરકારશ્રી તરફથી દર મહિને ૫૦૦ રૂા. સુધી વિદ્યાથીને તબીબી સહાય માટે ખર્ચ કરી શકવાની જોગવાઈ છે.

શારિરીક અપંગોને કાયદાકીય રીતે જે સવલતો મળે છે તેવો સ્પેશીયલ કાયદો બધીરો માટે અસ્તીત્વમાં નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે, ' બધીરો ' માટે કોઈ અલગ કાયદો (ધારો) નથી પરંતુ સામાન્ય અપંગોને મળતા લાભ બધીરોને મળે છે. [૭૧]

સંત સરદાસ યોજના હેઠળ સમાજ સુરક્ષા દ્વારા ૧ થી ૧૮ વર્ષની કોઈ પણ અપંગ વ્યકિત ૭૫ % થી વધુ ખોડ ધરાવતી હોય તો ૧૦૦ રૂા. અને ૧૮ થી ૪૫ વર્ષ સુધી ૨૦૦ રૂા. સહાય સરકારશ્રી તરફથી આપવામાં આવે છે.

આ ઉપરાંત શિવણ મશીનની સહાય, હીયરીંગ એડ માટે પણ અપંગ સહાય સરકારશ્રી તરફથી આપવામાં આવે છે.

**સરકારી સંસ્થાની સામાજિક પ્રવૃતિ :**

આ સંસ્થામાં અભ્યાસ પામેલા વિદ્યાર્થીઓના વાલીઓને જીવનસાથી તરીકેના

૭૧. સમાજ સુરક્ષા ખાતા મેન્યુઅલ પાના નં. ૮૨ ના આધારે.

કાર્ય માટે પણ સુચન કરવામાં આવે છે.

સંસ્થાના બે અંતેવાસીઓ સુરેશ ભગવાન અને માયા ભગવાન કે જે બન્ને અનાથ બાળકો હતા તેમણે સંસ્થામાં રહીને અભ્યાસ પુરો કર્યો બાદમાં બન્નેને લગ્નગ્રંથીથી જોડવામાં આવ્યા.

હાલમાં તેઓ પીપલ્સ વેલ્ફેર સોસાયટી – ડુમીયાણી (તા. ઉપલેટા) (જીઃ રાજકોટ) સ્કુલમાં રસોડા વિભાગમાં સર્વિસ કરે છે.

## શ્રી અને શ્રીમતિ છ. શા. બહેરામુંગા શાળા, રાજકોટ :

### સ્થાપનાનો ઈતિહાસ :

શ્રી અને શ્રીમતિ છ. શા. બહેરામુંગા શાળા, રાજકોટની સ્થાપના ઈ.સ. ૧૯૬૧ ની ૬ ઠી ઓકટોબરે રાજકોટના રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડમાં થઈ હતી. શરૂઆતમાં સ્થાપના સમયે વિદ્યાર્થીઓની સંખ્યા ત્રણ હતી અને શિક્ષકોની સંખ્યા બે હતી.[૭૨]

ઈ.સ. ૧૯૬૨ માં જુન માસમાં રાષ્ટ્રીયશાળાના જ એક ખંડમાં ૬ છાત્રોની સંખ્યા સાથેના એક છાત્રાલયની સ્થાપના કરવામાં આવી. શાળાના પ્રથમ આચાર્ય શ્રી ખેમાભાઈ ના. ભાટીયા હતા. જેઓ તા. ૧૧–૪–૭૨ ના રોજ નિવૃત થયા. તેમણે સંસ્થાની સ્થાપનામાં પાયાની ઈંટનું કાર્ય કરેલ છે. હાલમાં આ સંસ્થામાં ૨૦૫ બાળકો શિક્ષણ લઈ રહયા છે. તેમાંથી ૯૫ બાળકો છાત્રાલયમાં નિવાસ કરે છે. જેમનો નિવાસ, ભોજન, અલ્પાહાર, શૈક્ષણિક તથા વ્યવસાયિક તાલીમ વગેરેનો ખર્ચ સંસ્થા તરફથી પુરો પાડવામાં આવે છે.

---

૭૨. વિરાણી બહેરામુંગા શાળા, રાજકોટ સ્મરણીકા અહેવાલ ઈ.સ. ૧૯૯૦ ને આધારે.

સંસ્થા સમાજ સુરક્ષા હેઠળની ગ્રાન્ટ મેળવતી સંસ્થા છે જેથી તેમને સરકારી આર્થિક સહાય મળે છે અને સમાજમાંથી દાનના સ્વરૂપમાં સંસ્થા અનુદાન પણ પ્રાપ્ત કરે છે.

શાળાનું નવું મકાનની શરૂઆત તા. ૧૦–૪–૧૯૬૪ ના રોજ ઢેબરભાઈ રોડ, સ્વામીનારાયણ ગુરૂકુળ પાસે કરવામાં આવી. તે સમયના નાયબ શિક્ષણમંત્રી ડો. મીસીસ ટી. એસ. સુંદરમ રામચંદનના હસ્તે શીલારોપણ વિધિ કરવામાં આવી હતી. [૭૩] શાળાની સાથે જ છાત્રાલયના મકાનનું બાંધકામની શીલારોપણ વિધિ તા. ૧૦–૪–૧૯૬૪ ના રોજ કરવામાં આવી જેમાં સમાજસુરક્ષા ખાતાના નિયામકશ્રી ડો. જયોત્સનાબેન શાહે ઉદઘાટક તરીકે હાજરી આપી હતી. આ ઉપરાંત સંસ્થામાં મહેતા મુક બધીર બાલમંદિર અને શ્રીમતિ વિદ્યાબેન દીપચંદ ગારડી કુમાર કન્યા છાત્રાલય નામના આવાસો આવેલા છે. જેમાં છાત્રોને રહેણાંકની સંપૂર્ણ સુવિધાઓ આપવામાં આવે છે.

હાલમાં આ સંસ્થાની શાળામાં બાલમંદિરના ત્રણ વર્ગો છે તથા ધો. ૧ થી ૧૦ નું શિક્ષણ અપાય છે. શાળામાં બાળકોને બોલતા, બીજાનું બોલેલું સમજતા શીખવવામાં આવે છે. શાળામાં વૈજ્ઞાનિક પધ્ધતિ તથા ઈલેકટ્રોનીક સાધનો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં શિક્ષણ સાથે વ્યવસાયિક તાલીમ આપવાનો જોગવાઈ છે. વ્યવસાયિક તાલીમમાં ચિત્રકામ, સીવણકામ, નીટીંગ તથા હસ્તઉદ્યોગ શીખવવામાં આવે છે.

શાળામાં ચાલી રહેલા અન્ય વિભાગોમાં ઓડીયોલોજી સેન્ટર મુખ્ય છે. જેમાં કાનની બહેરાશ માપવા અદ્યતન ઓડીયોમીટરની સગવડ તથા સાઉન્ડપ્રુફ રૂમની

૭૩. સંસ્થાની નવા મકાન બાંધકામ અંગેની ફાઈલના આધારે.

સગવડતા પ્રાપ્ય છે. સંસ્થામાં સ્પીચ થેરાપી કલીનીક પણ આવેલ છે. જેમાં બોલવામાં પડતી તકલીફોનું નિરાકરણ કરવામાં આવે છે. જરૂરતમંદ બાળકો માટે હીયરીંગ એઈડ બેંકની પણ સગવડતા છે. બધીર બાળકો માટે પુસ્તકાલય પણ છે.

**સંસ્થાની ઉદેશ્યપુર્તી :**

આ સંસ્થાના ૪૦ વર્ષના ગાળા દરમિયાન અનેક વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી ગયા. શિક્ષણ પછી પોતાના પગ પર ઉભા રહી સ્વાવલંબી જીવન ગાળતા આ સંસ્થાના બધિરો પૈકી ઉદાહરણરૂપ સિધ્ધિઓ નીચે મુજબ છે.

– નિલાબેન પી. દોશી, રાજકોટ ખાતે ડો. હર્ષદભાઈ દોશીના દવાખાનામાં મદદ કરે છે.
– નરેન્દ્ર બી. જોશી, રાજકોટ કાપડમીલમાં નોકરી કરે છે.
– મહેન્દ્ર એમ. શેઠ, રાજકોટ ખાતે મહેન્દ્ર સ્પીનીંગ ઈન્ડસ્ટ્રીઝ નામનો સ્વતંત્ર વ્યવસાય કરે છે.
– મહેશ વી. અંજારીયા, ભુજ ખાતે પ્રિન્ટીંગ પ્રેસમાં નોકરી કરે છે.
– સુકેતુ નટવરલાલ, રાજકોટ ખાતે પેઈન્ટીંગનો સ્વતંત્ર વ્યવસાય કરે છે.
– કુ. કોષા નવીનભાઈ, વડોદરા ખાતે ટાઈપીસ્ટ તરીકે કામ કરે છે.
– દિપક હંસરાજભાઈ, લંડન ખાતે ફેકટરીમાં કામ કરે છે.
– મુકેશ ગોવિંદજી, ભૂજ ખાતે સરકારી પ્રિન્ટીંગ પ્રેસમાં નોકરી કરે છે.
– રાજુ બી. તન્ના, રાજકોટ ખાતે પોતાનું સ્વતંત્ર કારખાનું ધરાવે છે.
– કુ. જયોત્સના જાદવજી, દીવ ખાતે સરકારી શાળામાં નોકરી કરે છે.
– કુ. કલ્પના વી. અંજારીયા, મુન્દ્રા ખાતે નીટીંગ વ્યવસાયમાં સ્વરોજગારી.
– ભરત સવજીભાઈ હેરમા, રાજકોટ ખાતે પ્રેસમાં કમ્પોઝીટર તરીકે નોકરી કરે છે.

– કુ. શારદા કે. જાની, રાજકોટ ખાતે લેબોરેટરીમાં કામ કરે છે.
– કુ. ઈલા સી. પિત્રોડા, જામનગર, લંડન ખાતે પિતાના વ્યવસાયમાં મદદ.
– અશ્વિન એચ. ધરદેવ, રાજકોટ ખાતે પોતાનો પ્રિન્ટીંગ પ્રેસ ધરાવે છે.
– સપન એન. રીંડાણી, વડોદરા ખાતે ટી. વી. અને કોમ્પ્યુટર સર્વીસનું પોતાનું કાર્ય કરે છે.

શ્રી દુર્લભજી, શ્રી રાજ પારેખ અને અમૃતબેન પારેખ બહેરામુંગા શાળા, સુરેન્દ્રનગર તેમજ મેઘરાજ મુન્દ્રા અને ધનાણી બહેરામુંગા શાળા, જામનગર સંસ્થાની પ્રવૃતિ અને કાર્ય ઉપરોકત સંસ્થાની સાથે જ સંકળાયેલું કાર્ય છે. આ બન્ને સંસ્થાઓ પોત પોતાના કાર્યક્ષેત્ર હેઠળના બાળકો ના પુનઃસ્થાપન માટે સુંદર પ્રવૃતિઓ ચલાવી રહેલ છે. આ સંસ્થાઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે સઘન પ્રયત્નો કરવામાં આવે છે અને ઉચ્ચ અભ્યાસ માટે રાજકોટ તેમજ ભાવનગર ની સંસ્થામાં મોકલવામાં આવે છે.

અપંગોની પ્રેરણામૂર્તી અમેરિકન મીસ હેલનકેલરના શબ્દોમાં કહીએ તો "બહેરામુંગા બાળકોની કેળવણી વિષયક સમસ્યાઓ અંધ બાળકો કરતા ઘણી ગુંચવાડાભરી છે. બહેરામુંગા બાળકોનો જ્ઞાનરૂપી ઝરો ભાષાના અભાવે સુકાય જાય છે અને તેથી બહેરામુંગા બાળકોનું દુઃખ ઘણું મુંઝવણભર્યું હોય છે." [૭૪]

આમ, ઉપરોકત અંધ અને શ્રવણમંદ અંતેવાસીઓ માટે કાર્ય કરતી સંસ્થાઓ તેમની શૈક્ષણિક સવલતથી માંડીને તેમના જીવન – નિર્વાહ સુધીની તકેદારી રાખીને વ્યવસ્થા કરે છે.

---

૭૪. શાહ અનસુયાબેન એચ., "બહેરામુંગાનો ઈતિહાસ તથા શિક્ષણ", વિશેષાંક અહેવાલ, ફેબ્રુઆરી ૧૯૭૬ પાના નં. ૧૬

આપણી એક પ્રાચીન કહેવત છે કે "દાંત આપ્યા છે તે ચવાણું પણ આપશે" એ જ રીતે કુદરતે અસામાન્ય વ્યકિતઓનું નિર્માણ કરીને સામાન્ય માનવીને કુદરત પ્રત્યે ૠણ વ્યકત કરવાની તક પણ આપેલી છે.

સામાન્ય માનવી પોતાને નોર્મલ વ્યકિત બનાવવા બદલ ઈશ્વર પ્રત્યે ૠણ અદા કરવા માટે આવા વ્યકિતઓની સેવા કરતો રહેશે અને આ સેવાની સુવાસથી માનવીના જીવનનો બાગ મહેંકતો રહેશે.

# પ્રકરણ – ૮

# સામાજીક સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં કાર્યરત અન્ય સંસ્થાઓની પ્રવૃતિનો ઈતિહાસ

## પ્રસ્તાવના :

સાંપ્રત સમાજમાં સામાન્ય માનવીથી જુદા જ પ્રકારનું વ્યકતિત્વ ધરાવતા માનવ સમુદાય વિશે આપણે ૧ થી ૭ પ્રકરણમાં ક્રમશઃ ચર્ચા કરી તેમનો ઉદભવ તેમના માટે કરવામાં આવતું કાર્ય તેઓને મદદરૂપ સંસ્થાઓનો ઉદભવ તેમના માટે સૌ પ્રથમ જુદા જુદા દેશોમાં થયેલ કાર્યની શરૂઆત અને ભારતમાં તેમના વિશે થતા કાર્યની ચર્ચા કરી.

શારીરિક અપંગ, મુક–બધીર, માનસીક વિકલાંગ, સમાજથી તરછોડાયેલ બાળકો, જે લોકોનો કોઈ આધાર નથી, કુટુંબ નથી એવી વ્યકિતઓ માટે સરકારી આવાસગૃહ વગેરે વિશેની જાણકારી પ્રાપ્ત કરી. જુદી જુદી સરકારી સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં અભ્યાસ અને તાલીમ પામતા અંતેવાસીઓ વિશે જાણ્યા પછી આવી અપંગતા ધરાવતી વ્યકિતઓનું ભવિષ્ય શું ? શું તેઓ સમાજમાં એક સામાન્ય માનવીની જેમ પ્રસ્થાપિત થઈ શકે છે ? આ એક ગંભીર પ્રશ્ન છે.

વર્તમાન યુગ એટલે કોમ્પ્યુટરનો યુગ છે શારીરિક વિકલાંગ વ્યકિત આ ક્ષેત્રમાં આગળ વધી શકે છે? આ પ્રશ્નનો જવાબ હા છે. કુદરતે તેમની એકાદ શકિત છીનવી લઈને બાકી તેના બદલામાં શકિતનો અખુટ ભંડાર આપ્યો છે. આપણે દરેક પ્રકારની અપંગતા ધરાવતી વ્યકિતઓના વિકાસ માટે કાર્ય કરતી સૌરાષ્ટ્રની ઉલ્લેખનીય સંસ્થાઓની વાત કરી. કે જે ખરેખર પોતાના ઉદેશ્યની પુર્તી માટે કાર્યરત એવી સચોટ સંસ્થાઓ છે.

હવે આપણે એવી ત્રણ સંસ્થાઓની વાત કરવાની છે. તેમાં બે સંસ્થાઓ અલગ જ પ્રકારની છે. જયારે એક સંસ્થા અંધજન વિશે કાર્ય કરતી સંસ્થા છે. આ સંસ્થાનો ઉલ્લેખ સાતમાં પ્રકરણમાં ન કરતા આ પ્રકરણમાં એટલા માટે કરવામાં આવ્યો છે કે, આ પુખ્ત વયના પુરુષોની તાલીમ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા છે, એમનો મુળ ઉદેશ્ય આવી અંધ વ્યકિતના પુનઃસ્થાપનનો જ છે અને તે માટે તે ખંતપુર્વક કાર્ય કરે છે.

આ પ્રકરણમાં નીચે મુજબની ત્રણ  સંસ્થાના કાર્યને મુલવવાનું છે.

૧. જીલ્લા વિકલાંગ પુનર્વસન કેન્દ્ર – રાજકોટ અને જામનગર
૨. **AT & T** ટેકનોલોજી પાર્ક ફોર ધી ડીસેબઅલ – ભાવનગર
૩. શ્રીઅંધજન તાલીમ કેન્દ્ર – અમરેલી

## જીલ્લા વિકલાંગ પુનર્વસન કેન્દ્ર અને તેની પ્રવૃતિઓ :

ગ્રામીણ પુનર્વસન યોજના અંતર્ગત ગ્રામ્ય અને જીલ્લા સ્તરે વિકલાંગોને પુનર્વસન સંબંધી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા દેશના ૧૦૭ જિલ્લાઓમાં વિકલાંગ પુનર્વસન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.[૧] તેમાંથી ગુજરાતમાં રાજકોટ, જામનગર અને સુરત જિલ્લાઓમાં આ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં બે જગ્યાએ એટલે કે જામનગર અને રાજકોટમાં આ કેન્દ્ર કાર્યરત છે.[૨]

રાજકોટ, જામનગર અને સુરત ખાતેના જીલ્લા  વિકલાંગ પુનર્વસન કેન્દ્રોની જવાબદારી ભારત સરકાર હસ્તક સંસ્થા, મુંબઈને સોપવામાં આવી છે.

૧. જિલ્લા વિકલાંગ પુનર્વસન કેન્દ્ર મંજુરી ફાઈલ પરિપત્ર : જુન ૨૦૦૧
૨. "એજન"

ગુજરાત સરકારની મદદથી જામનગરની ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પીટલ અને રાજકોટમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાય સરકારી હોસ્પીટલમાં તારીખ ૨૧ જુન ૨૦૦૧ ના રોજ ખોલવામાં આવ્યા છે.[૩] આ કેન્દ્રો ગુજરાત સરકાર અને જીલ્લા પ્રશાસનના સહકારથી શરૂ કરવામાં આવ્યા છે. તેમાં ચાર વિભાગો છે ઓડીયોલોજી તથા સ્પીચથેરાપીનો વિભાગ, મુકબધીરો માટેનો વિભાગ, મંદબુધ્ધિના બાળકો માટેનો વિભાગ, પોર્થોટીક એન્ડ ઓર્થોટીક દર્દીઓ માટેનો વિભાગ આ કેન્દ્રોમાં નીચે મુજબની સેવાઓ ઉપલબ્ધ છે.

વિકલાંગતાની તપાસણી, વિકલાંગતાનું પ્રમાણપત્ર, સહાયક ઉપકરણો ઉપલબ્ધ કરાવવા જેમ કે ચશ્મા, શ્રવણયત્રો, ટ્રાયસીકલ, વ્હીલચેર, કાખઘોડી, કૃત્રીમ અવયવો, બ્રેઈલમાં પુસ્તકો, ટેપ રેકોર્ડર, કેસેટ વગેરે આપવાના, સહાયક ઉપકરણોના ઉપયોગનું માર્ગદર્શન આપવું સહાયક ઉપકરણોની દુરસ્તીની સેવાઓ, ઓડીયોલોજી ( બહેરાશ વિશેની તપાસ અને માર્ગદર્શન) તથા સ્પીચ થેરાપી સેવાઓ, વિકલાંગ વ્યકિતના શિક્ષણ, વ્યવસાયિક પ્રશિક્ષણ, રોજગાર, સ્વરોજગાર વગેરે માટે માર્ગદર્શન અને સલાહ, વિકલાંગ માટે અવરોધ મુકત વાતાવરણ નિમાર્ણ કરવું, વિકલાંગો માટે, રોજગારના સ્થાનિક સ્ત્રોત ધ્યાનમાં રાખીને વ્યવસાયિક શિક્ષણ અને યોગ્ય વ્યવસાયની પસંદગી અને આર્થિક રીતે નિર્ભર બનવા માટે માર્ગદર્શન અને સલાહ, વિકલાંગ બાળકો શિશુ વર્ગ ચલાવવા જિલ્લામાં વિકલાંગો માટે કાર્ય કરતા સર્વ સ્તરના કાર્ય કર્તાઓ માટે શૈક્ષણિક કાર્યક્રમો યોજવા અને વિકલાંગતાની ઓળખ, વેળાસર નિદાન અને પુનર્વસનની માહિતી આપવી વિકલાંગોના પાલકો માટે માર્ગદર્શક શિબીરો યોજવી.

---

૩. જિલ્લા વિકલાંગો કેન્દ્ર સ્થાપી હુકમોની ફાઈલ પરીપત્ર ૦૧ / ૨૦૦૧.

**જીલ્લા પુનર્વસન કેન્દ્રનું મહેકમ :**

આ પુનર્વસન કેન્દ્રો માટે ૮ – વ્યકિતના સ્ટાફની ભારત સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલી છે.

૧. સ્પેશીયલ એજયુકેટર – ૧
૨. ઓથો. એન્જીન્યર – ૧
૩. ઓર્ડીયોલોજીસ્ટ એન્ડ સ્પીચ પેથોલોજીસ્ટ – ૧
૪. સ્પેશીયલ એજયુકેશન ઈન મેન્ટલી હેન્ડીકેપ – ૧
૫. કલાર્ક કમ એકાઉટન્ટ – ૧
૬. વર્કશોપ આસી. – ૧
૭. પ્યુન – ૧
૮. સાયકોલોજીસ્ટ કલીનીકલ – ૧ (જગ્યા ખાલી છે.)

આ સંસ્થા સંપુર્ણ રીતે સરકારી સંસ્થા હોવાથી સંસ્થાના વાર્ષિક બજેટને આધારે ખર્ચની વિગતો રેહેલી હોય છે.

**તાલીમ વ્યવસ્થા :**

વિકલાંગોની તાલીમ માટે શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર માંથી લાભાર્થીઓ આવે છે. તેના માટે સમાજ સુરક્ષા ખાતાની સહાયથી તેઓની એસ.ટી. મુસાફરીના પાસની વ્યવસ્થા કરવામાં આવે છે.

હીપરીંગ હેન્ડીકેપ, મેન્ટલી હેન્ડીકેપ તથા જુદી જુદી વિકલાંગતા ધરાવતા લાભાર્થીઓની આઈ. કયુ. ક્ષમતા પ્રમાણે તેમને તાલીમ આપવામાં આવે છે. આ રીતે તેમને શિક્ષીત કરવામાં તથા પગભર કરવા માટે આ સંસ્થા શ્રેષ્ઠ સરકારી પ્રયાસ કરી રહેલ છે.

**જીલ્લા પુનર્વસન કેન્દ્ર દ્વારા  કરવામાં આવેલ કાર્યની વિગત :**

**: વર્ષ જુન  ૨૦૦૧ થી મે  ૨૦૦૨ દરમ્યાન આવેલ કુલ કેસોની યાદી[૪] :**

| ક્રમ | કેસની વિગત | નોંધાયેલ કેસની સંખ્યા | |
|---|---|---|---|
| | | જામનગર | રાજકોટ |
| ૧ | ઓડીયોલોજીકલ કેઈસ | ૧૧૫૫ | ૧૦૭૦ |
| ૨ | સ્પીચ થેરાપી કેઈસ | ૨૪૨ | ૨૬૭ |
| ૩ | હીયરીગ એન્ડ ડીસપેન્ઝીગ કેઈસ | ૧૬૩ | ૧૮૯ |
| ૪ | ઓર્થોડીકલી હેન્ડીકેપ | ૪૭૭ | ૪૮૨ |
| ૫ | ઓર્થોડીકલી કેઈસ ડીસ્ટ્રીબ્યુટેડ | ૧૦૬ | ૮૯ |
| ૬ | હીયરીંગ એમ્પારીંગ કેઈસ રજી. | ૭૪ | ૫૯ |
| ૭ | સ્પેશીયલ એજયુકેશન બાળકો | ૮૯૬ | ૭૫૨ |
| ૮ | મેન્ટલી રીટાયર્ડ કેઈસ | ૮૮ | ૭૯ |
| ૯ | સ્પેશીયલ એજયુકેશન બાળકો | ૭૬૭ | ૬૮૩ |
| ૧૦ | અંધ વિકલાંગતા કેઈસ | ૩૨ | ૪૭ |
| કુલ | ટોટલ નંબર ઓફ કેઈસ | ૪૦૦૨ | ૩૭૧૭ |

૪. **Yearly Report DDRC, Jamnagar - Rajkot.**

## : શારિરીક અપંગ વિભાગ :

## જુન ૨૦૦૧ થી મે ૨૦૦૨ દરમિયાન કરેલી કામગીરીની વિગત[૫]

| ક્રમ | મહિના | કુલ કેઈસ | | સાધન સહાય વહેંચણી | | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| ૧ | જુન | —— | અ– | —— | —— | —— |
| ૨ | જુલાઈ | —— | અ– | —— | —— | —— |
| ૩ | ઓગષ્ટ | —— | અ– | —— | —— | —— |
| ૪ | સપ્ટેમ્બર | —— | —— | —— | —— | —— |
| ૫ | ઓકટોબર | ૦૨ | —— | —— | —— | —— |
| ૬ | નવેમ્બર | ૧૪ | ૦૧ | —— | —— | —— |
| ૭ | ડીસેમ્બર | ૪૫ | ૩૧ | —— | —— | —— |
| ૮ | જાન્યુઆરી | ૩૨ | ૧૮ | —— | —— | —— |
| ૯ | ફેબ્રુઆરી | ૬૪ | ૪૮ | ૦૭ | ૧૩ | ૯૦,૧૫૪,૧૧ |
| ૧૦ | માર્ચ | ૯૧ | ૨૬ | ૨૮ | ૦૭ | ૧,૧૯,૩૮૩,૭૮ |
| ૧૧ | એપ્રિલ | ૦૯ | ૦૨ | ૦૪ | ૦૨ | ૧૧,૩૧૨,૧૬ |
| ૧૨ | મે | ૬૬ | ૧૬ | ૧૩ | ૦૪ | ૫૯,૭૨૦,૨૨ |
| | કુલ | ૩૧૯ | ૧૪૩ | ૫૨ | ૨૬ | ૨,૮૦,૫૭૦,૨૭ |

૫. **Yearly Report DDRC.**

## : શારિરીક અપંગ વિભાગ :

## જુન ૨૦૦૧ થી મે ૨૦૦૨ દરમિયાન કરેલી કામગીરીની વિગત[૬]

| ક્રમ | મહિના | કુલ કેઈસ | | સાધન સહાય વહેંચણી | | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| ૧ | જુન | –– | –– | –– | –– | –– |
| ૨ | જુલાઈ | –– | –– | –– | –– | –– |
| ૩ | ઓગષ્ટ | –– | –– | –– | –– | –– |
| ૪ | સપ્ટેમ્બર | –– | –– | –– | –– | –– |
| ૫ | ઓકટોબર | ૦૨ | –– | –– | –– | –– |
| ૬ | નવેમ્બર | ૧૪ | ૦૧ | –– | –– | –– |
| ૭ | ડીસેમ્બર | ૪૫ | ૩૧ | –– | –– | –– |
| ૮ | જાન્યુઆરી | ૩૨ | ૧૮ | –– | –– | –– |
| ૯ | ફેબ્રુઆરી | ૬૪ | ૪૮ | ૦૭ | ૧૩ | ૯૦,૧૫૪,૧૧ |
| ૧૦ | માર્ચ | ૯૧ | ૨૬ | ૨૮ | ૦૭ | ૧,૧૯,૩૮૩,૭૮ |
| ૧૧ | એપ્રિલ | ૦૯ | ૦૨ | ૦૪ | ૦૨ | ૧૧,૩૧૨,૧૬ |
| ૧૨ | મે | ૬૬ | ૧૬ | ૧૩ | ૦૪ | ૫૯,૭૨૦,૨૨ |
| | કુલ | ૩૧૯ | ૧૪૩ | ૫૨ | ૨૬ | ૨,૮૦,૫૭૦,૨૭ |

૬. **Yearly Report DDRC.**

## : મંદબુધ્ધિનો વિભાગ :

## ૨૦૦૧ થી ૨૦૦૨ દરમ્યાન થયેલી કામગીરીની વિગત [૭]

| ક્રમ | મહિના | રજી. OPD | | પ્રિ સ્કુલ | | પ્રિ સ્કુલ કલાસીસ | | વોકેશનલ ટ્રેનીંગ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | M | F | M | F | M | F | M | F |
| ૧ | જુન | —— | —— | —— | —— | —— | —— | —— | —— |
| ૨ | જુલાઈ | —— | —— | —— | —— | —— | —— | —— | —— |
| ૩ | ઓગષ્ટ | —— | —— | —— | —— | —— | —— | —— | —— |
| ૪ | સપ્ટેમ્બર | ૦૧ | —— | —— | —— | ૦૧ | —— | ૧૦ | —— |
| ૫ | ઓકટોબર | ૦૫ | ૦૧ | ૦૬ | ૦૨ | ૧૮ | ૦૯ | ૨૩ | —— |
| ૬ | નવેમ્બર | ૦૧ | ૦૨ | ૦૧ | —— | ૮૫ | ૧૪ | ૩૦ | —— |
| ૭ | ડીસેમ્બર | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૨ | ૧૦૫ | ૦૮ | ૨૦ | ૧૨ |
| ૮ | જાન્યુઆરી | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૩ | ૮૩ | ૨૨ | ૧૧ | ૦૮ |
| ૯ | ફેબ્રુઆરી | —— | ૦૧ | અ– | ૦૧ | ૫૨ | ૩૪ | ૦૫ | ૦૨ |
| ૧૦ | માર્ચ | ૧૨ | ૦૫ | ૦૧ | ૦૨ | ૧૮ | ૦૬ | ૦૩ | ૦૩ |
| ૧૧ | એપ્રિલ | ૨૮ | ૦૫ | ૦૪ | ૦૨ | ૯૦ | ૨૬ | ૧૦ | ૦૯ |
| ૧૨ | મે | ૧૯ | ૧૪ | ૦૨ | ૦૩ | ૩૭ | ૨૧ | ૧૬ | ૦૬ |
| | કુલ | ૭૧ | ૩૨ | ૧૮ | ૧૫ | ૪૫૯ | ૧૪૦ | ૧૨૮ | ૪૦ |

ઉપરોકત બધી આંકડાકીય માહિતી પરથી કહી શકાય કે ઘણાં જ ટુંકા ગાળામાં સ્થાપાયેલ આ જીલ્લા વિકલાંગ પુનર્વસન કેન્દ્રએ કામગીરીમાં હરણફાળ ભરીને અદ્વીતીય સિધ્ધી હાંસલ કરેલ છે. જરૂરીયાતવાળા લાભાર્થીઓને સરકારી સહાયથી તેમને જોઈતા સાધનો પ્રાપ્ત થવાથી તેમની અંધકારમય જીંદગીમાં પ્રકાશની જયોત પ્રજવલ્લીત થયેલ છે.

૭. વાર્ષિક રીટર્ન રીપોર્ટસ ફાઈલના આધારે

**AT & T ટેકનોલોજી પાર્ક ફોર ડીસેઅબલ અને તેની પ્રવૃતિ :**

**AT & T** અને તેની ફાઉન્ડેશન અમેરીકાનું સૌથી મોટું ચેરીટેબલ ટ્રસ્ટ છે. જેના આર્થિક સહયોગથી પી.એન.આર. સોસાયટી – ભાવનગર ખાતે **AT & T** ટેકનોલોજી પાર્ક ફોર ધી ડિસેબલ્ડ કાર્યરત છે. આ ટેકનોલોજી પાર્કને શેર એન્ફ ફાઉન્ડેશન –**USA** નો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ સંસ્થાની ૯/૪/૨૦૦૧ ના રોજ થયેલ છે.

આ સંસ્થાઓ દ્વારા વેબ સાઈટ, પર્સનાલીટી પ્રીડિકશન થ્રુફન્ટ પેજ, સર્ફીગ ઓન ધી ઈન્ડીઈન રોડ, એમ્બિશીયસ ઈન્ડીયા લી. એ. ટી. એન્ડ ટી. સ્ટુડન્ટસ ડેટા માયક્રિએશન, વિડીયો ઈમ્પશેન જેવા કોમ્પ્યુટર પ્રોગ્રામ વિદ્યાર્થીઓ બનાવે છે. જયારે ડેટા બેઈઝ પ્રોજેકટસમાં હોસ્પીટલ મેનેજમેન્ટ, પે–રોલ સીસ્ટમ, પોલીસ હોલ્ડર મેનેજમેન્ટ, બિલ્ડીંગ સીસ્ટમ, સ્કીલ બેન્ક, લાયબ્રેરી મેનેજમેન્ટ, મેઈલીંગ, કોન્ટેક મેનેજમેન્ટ, ફેશન ડિઝાઈનીંગ વર્લ્ડ અને સાઈકલો પીડીયા વગેરે પર કામ ડીસેબલ્ડ વિદ્યાર્થીઓ કરે છે.

**સંસ્થાનો ઉદેશ્ય :**

વિકલાંગોના ઉચ્ચ ભવિષ્યના નિમાર્ણ માટે ૨૧ મી સદીમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીની અભ્યાસ

**મુખ્ય હેતુ :**

આ દ્રષ્ટિકોણનો મુખ્ય હેતું વિકલાંગોના જીવનને ઈન્ફોર્મેશન ટેકનોલોજી પાર્કની વિવિધક્ષેત્રની બાબતોમાં વિકાસ બેળવી ટેકનોલોજી સર્વિસના વ્યાપારનું આ વિદ્યાર્થી દ્વારા સંચાલન થવું.

**મુળભુત સફળતા :**

તાલીમ દરમ્યાન નિયમિત પરીક્ષાઓ દ્વારા વિદ્યાર્થીની સફળતાનો મુલ્યાંકન સતત કરવામાં આવે છે.

- કોમ્પ્યુટર પર ઓન લાઈન સર્ટીફીકેટ ટેસ્ટ પર લેવામાં આવે છે.
- છ માસની તાલીમના અંતે વિકલાંગ વિદ્યાર્થીઓ દ્વારા તેમનો **I.T.** પ્રોજેકટ પુરો થાય છે.
- મધુ સુરાણીએ ૯૭ % માર્ક સાથે ઓન લાઈન ટેસ્ટ પાસ કરેલ છે.
- જીગર સલોત અને પાયલ ગાંધી નામના બન્ને બંહેરા વિદ્યાર્થીઓએ ખુબ જ સફળતા પુર્વક બ્રેઈલ – બેચ ઓન લાઈન ટેસ્ટ પાસ કરેલ છે.

**પરિણામલક્ષી કાર્યો :**

- ૨૮ વિદ્યાર્થીઓમાંથી ૨૩ વિકલાંગ વિદ્યાર્થીએ સફળતા પુર્વક ટ્રેનીંગ પાસ કરેલ છે.
- ૨૩ વિદ્યાર્થીઓમાંથી ૧૩ વિદ્યાર્થીઓને નોકરી મળેલ છે.
- એક યુગલે પોતાનો સ્વતંત્ર ધંધો ચાલુ કરેલ છે.

**તાલીમ દરમ્યાનનો અભ્યાસ :**

- **H.T.M.L.** પ્રોગ્રામીંગ
- **D.H.T.M.L.** પ્રોગ્રામીંગ
- જાવા સ્કીપટ પ્રોગ્રામીંગ
- માઈક્રોસોફટ ફ્રન્ટ પેઈઝ **2K**
- માઈક્રો મીડીયા સોફટવેર
- પેઈન્ટ શોપ પ્રો એન્ડ એનીમેશન શોપ
- **X ray & Cool 3D**

## I.T. કોર્ષની મુખ્ય તાલીમ :

### (૧) કોમ્પ્યુટર બેઈઝીગ ટ્રેનીંગ :

કોમ્પ્યુટર ફંડામેન્ટલસ સાથે કોમ્પ્યુટરની બેઈઝીક ટ્રેનીંગની શરૂઆત કરવામાં આવે છે. એટલે કે કોમ્પ્યુટરના પાયાના જ્ઞાનથી તાલીમની શરૂઆત કરવામાં આવે છે. આ તાલીમ એવા વિદ્યાર્થીઓ માટે છે કે જે કોમ્પ્યુટર ઓપરેટીંગ વિશે કશું જ જાણતા હોતા નથી.

### (૨) ડાટા બેઝ ટ્રેનીંગ :

ડાટા બેઝ ટ્રેનીંગ વિદ્યાર્થીને જાતે જ કસ્ટમાઈઝ એપ્લીકેશન સોફ્ટવેર તૈયાર કરવામાં મદદ કરે છે વિદ્યાર્થીને સારા પરિણામ માટે તૈયાર કરે છે.

### (૩) હાર્ડવેર ટ્રેનીંગ :

હાર્ડવેર ટ્રેનીંગ નટસ અને બોલ્ટસ દ્વારા કોમ્પ્યુટર મશીનની જાળવણી માટેનું ઉડાણથી વિદ્યાર્થીને જ્ઞાન આપે છે.

### (૪) વેબ ડીઝાઈનીંગ ટ્રેનીંગ :

વેબ પેઈઝ ડીઝાઈનીંગ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની કલ્પના શકિતથી ઈન્ટરનેટ પર વેબ સાઈટસ બનાવવાની મદદ કરે છે. જે તેમની સર્જનાત્મકતાને વધારે છે.

### સંસ્થાકીય સવલતો :

બહાર ગામથી આવતા વિદ્યાર્થીઓ માટે ઘર જેવા વાતાવરણમાં રહેવા તથા જમવાની સુંદર વ્યવસ્થાવાળી હોસ્ટેલ છે.

નવામાં નવા શોધાયેલા સોફટવેરની સી.ડી. અને. કોમ્પ્યુટર બુક તથા આઈ.ટી.ના મેગેઝીન સાથેની અદ્યતન લાયબ્રેરી સંસ્થામાં આવેલી છે. જેનો વિકલાંગ વિદ્યાર્થી ઉપયોગ કરી જમાના સાથે તાલ મેળવે છે.

અદ્યતન હાર્ડવેર અને સોફટવેર સાથેની એક અલ્ટ્રા મોર્ડન લેબ સંસ્થા ધરાવે છે. જેમાં વિદ્યાર્થીઓ તાલીમ પામે છે.

**સંસ્થાની અન્ય પ્રવૃતિઓ :**

- **I. T.** સેમીનારો
- હાર્ડવેર સેમીનાર
- સોફટવેર સ્કીલ મેનેજમેન્ટ
- રીઝયુમ બીલ્ડીંગ ટ્રેનીંગ
- પર્સનાલીટી ડેવલપમેન્ટ કલાસીસ
- સ્પોકન ઈંગ્લીંશ પ્રોગ્રામ
- **I. T.** મેળાઓ
- વાલી સંમેલનો
- ચાલુ અને અભ્યાસ પુર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે નોકરીની શોધ

આમ, ભાવનગરની આ **AT & T** ટેકનોલોજી પાર્ક ૨૧ મી સદીમાં હરણફાળ ભરી રહેલા યુગમાં સામાન્ય માનવીની સાથે જ વિકલાંગ વ્યકિતને હોડમાં ઉતારે છે.

## શ્રી અંધજન તાલીમ કેન્દ્ર અમરેલીની પ્રવૃતિ :

અમરેલી જીલ્લામાં કોઈ પણ પ્રકારની અંધજનો માટેની સેવાકીય પ્રવૃતિ ન હતી. આથી અમરેલી શહેરના જે સીંગપરા વિસ્તારમાં ભાડાના મકાનમાં ૧૦ મી સપ્ટેમ્બર

૧૯૭૨ ના રોજ અત્યારના અધિક્ષક શ્રી બાબુભાઈ એ. બાળવાણીએ સંસ્થાની સ્થાપના કરી હતી. ત્યારબાદ મે ૧૯૭૮ માં સંસ્થાનું પોતાનું મકાન તૈયાર થઈ જતા સંસ્થા મિતલ રોડ, દત્ત મંદીર પાસે કાયમ માટે સ્થાળાંતર પામી.[૮] સંસ્થા પાસે પોતાની માલીકીની ૫– એકર અને ૬ ગુઠા જમીન હતી. તેના પર સંસ્થાનું વિશાળ મકાન બાંધવામાં આવેલ છે. [૯]

અર્ધવતુળાકાર બાંધકામમાં સંસ્થાનું મકાન બાંધવામાં આવેલ છે. શરૂઆતમાં બગીચો છે. ત્યારબાદ લુઈ બ્રેઈલ સ્મારક બનાવેલ છે. કેનીંગ વિભાગ, સ્ટોરરૂમ, સંગીતરૂમ, ઓફીસ, ઈલેકટ્રીક મોટર રીવાઈન્ડીંગ વિભાગ, બ્રેઈલ વર્ગ સહિત કુલ ૧૦ રૂમ અર્ધવતુળાકાર બાંધકામમાં આવેલા છે.

તેમની પાછળ હોસ્ટેલરૂમ – ૧ અને ઓપન ટુ સ્કાય અને હોસ્ટેલરૂમ – ૨ તથા બુક બાઈન્ડીંગ વિભાગ આવેલા છે. તેમની પાછળ ડાઈનીગ હોલ, કિચન વગેરે આવેલા છે. ત્યારબાદ વિશાળ ખુલ્લુ મેદાન છે અને તેને છેડે વર્કશોપ વણાટ વિભાગ અને સ્ટાફ કવાર્ટર આવેલા છે અમરેલી, રાજકોટ હાઈવે પર આ સંસ્થા આવેલી છે.

**સંસ્થાનો મુળ હેતુ :**

આ સંસ્થાની સ્થાપનાનો મુળ હેતું પ્રજ્ઞાચક્ષુઓને શિક્ષણ અને તાલીમ આપી પગભર કરવા તેમજ તેમને વ્યવસાયમાં થાળે પાડવાનો છે (પુનર્વસન કાર્ય કરવાનું મુખ્ય ધ્યેય છે.)

---

૮. સંસ્થા સ્થાપના અહેવાલ.

૯. સંસ્થા મકાન બાંધકામ ફાઈલ.

**સંસ્થામાં પ્રવેશ કાર્યવાહિ :**

સંસ્થામાં કોઈ પણ જ્ઞાતિ – જાતિના ભેદભાવ વગર ૧૮ થી ૨૩ વર્ષની ઉમરના પ્રજ્ઞાચક્ષુઓને પ્રવેશ આપવામાં આવે છે. સંસ્થામાં કુલ પ્રવેશની સંખ્યાની મહત્તમ મર્યાદા ૧૨૫ (એકસો પચીસ) ની છે.[૧૦]

સંસ્થામાં પ્રજ્ઞાચક્ષુ અંતેવાસીઓને રહેવા – જમવા – તેલ – સાબુ – અભ્યાસ તથા કલોથીંગ–બેડીંગની સંપુર્ણ સગવડ કોઈ પણ પ્રકારની ફી લીધા વગર સંસ્થા તરફથી પુરી પાડવામાં આવે છે.

સંસ્થામાં અંતેવાસીઓનો આત્મવિશ્વાસ સુદઢ થાય તે માટે જુદા જુદા વિષયના નિષ્ણાંત વિદ્વાનોને બોલાવીને દરેક ક્ષેત્રની સમજણ આપવામાં આવે છે. જુદા જુદા ઉદ્યોગના નોકરીદાતાઓને બોલાવીને એકમોની સમજણ આપવામાં આવે છે. સંસ્થાના શૈક્ષણિક વિભાગમાં પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષણ માટેના સ્પર્શથી શીખી શકાય તેવા તમામ પ્રકારના બ્રેઈલ સાધનો સંસ્થા તરફથી પુરા પાડવામાં આવેલ છે.

**પરિણામલક્ષી શિક્ષણ :**

સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ પોતાના પગભર ઉભા રહી શકે તે માટે બુક બાઈન્ડીંગ, ઈલેકટ્રીક મોટર રીવાઈન્ડીંગ હેન્ડલુમ વણાટ અને નેતર કેનીંગ કામ જેવા ટેકનિકલ ઉદ્યોગની તાલીમ આપીને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનું પુનર્વસન કરવામાં આવે છે.

**સંસ્થાના અંતેવાસીની મેડીકલ વ્યવસ્થા :**

સંસ્થાના મેડીકલ સુવિધાનો તમામ ખર્ચ સંસ્થા તરફથી પુરો પાડાવમાં આવે છે.

૧૦. સંસ્થાની પ્રવેશ ફાઈલના આધારે પાના નં. ૫.

સંસ્થાએ પગાર આપીને મેડીકલ સેવાઓ આપવા માટે અમરેલીના ડો. શ્રી વી. પી. રાવલ સાહેબને રોકેલ છે. જે દર અઠવાડીયે આવીને અંતેવાસીઓને તપાસે છે.

છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન મેડીકલ જુદી જુદી બીમારીમાં નીચે મુજબ પ્રજ્ઞાચક્ષુ અંતેવાસીઓએ લાભ લીધેલ છે. [૧૧]

**મનોરંજનની સુવિધા :**

સંસ્થાના અંતેવાસી વિદ્યાર્થીઓ માટે બ્રેઈલ લીપીવાળા પ્લેઈંગકાર્ડ, શતરંજ, ડ્રાફટ, સેન્ટલપેગ, અંધજનો રમી શકે તેવા બેટ–દડા (ક્રીકેટ રમવા માટે) રેડીયો, ટેપ, રેર્કોડરો વગેરે સંસ્થા તરફથી વસાવવામાં આવ્યા છે જેનો અંતેવાસીઓ મનોરંજન માટે ઉપયોગ કરે છે.

**સંસ્થામાં પ્રવેશ મેળવેલ અંતેવાસી [૧૨] :**

સંસ્થામાં પ્રવેશ મેળવેલ અંતેવાસીઓની છેલ્લા પાંચ વર્ષના જ્ઞાતિ વર્ગીકરણ પરથી જણાય છે કે સમાજના અનુ. જાતિ અને બક્ષીપંચમાંથી મહત્તમ સંખ્યા આવેલ છે.

**સંસ્થાનું મહેકમ [૧૩] :**

૧. સંગીત શિક્ષક – ૧
૨. ઉદ્યોગ શિક્ષક – ૩
૩. બ્રેઈલ શિક્ષક – ૧

---

૧૧. સંસ્થાની મેડીકલ ફાઈલ તથા રજીસ્ટરના આધારે.

૧૨. વર્ષવાઈઝ પ્રવેશ રજીસ્ટર, અંતેવાસી ફાઈલ.

૧૩. મહેકમ ફાઈલના આધારે પાના નં. ૭.

૪. એકાઉન્ટન્ટ – ૧

૫. ગૃહપતિ – ૨

૬. પટ્ટાવાળા – ૨

૭. એટેન્ડન્ટ – ૩

૮. ચોકીદાર – ૧

૯. સ્વીપર – ૧

૧૦. મદદ રસોયા – ૧

૧૧. કામવાળા – ૧ ( વર્ગ – ૪)

૧૨. પાર્ટટાઈમ **VMO** – ૧

કુલ – ૧૭

**સ્ટાફનું કાર્ય – ફરજો** [૧૪]**:**

- સંગીત શિક્ષક : તાલીમાર્થીને સંગીતનું શિક્ષણ આપવું
- ઉદ્યોગ શિક્ષક : તાલીમાર્થીને વણાટકામ, બુકબાઈન્ડીંગ કામ, બોકસ મેન્યુ. કામ, મોટરરીવાઈન્ડીંગ, કેનીંગ કામની તાલીમ આપવી.
- બ્રેઈલ શિક્ષક : તાલીમાર્થીને બ્રેઈલ લીપીનું જ્ઞાન આપવું
- એકાઉન્ટન્ટ : સંસ્થાનું હિસાબી કાર્ય / વહીવટી કાર્ય કરવાનું
- ગૃહપતિ : તાલીમાર્થીની સારસંભાળ તેમજ શૈક્ષણિક તમામ પ્રકારનું કાર્ય કરવું
- પટ્ટાવાળા : સંસ્થાના કાર્યાલયની કામગીરી કરવી.
- એટેડેન્ટ : તાલીમાર્થીઓને ભોજન પીરસવું તબીબી સારવાર માટે લઈ જવા કલોધીગ બેડીંગ વ્યવસ્થિત રાખવા ઉપરાંત તાલીમાર્થી સંબંધી તમામ પ્રકારનું કાર્ય.

---

૧૪. ફરજ વ્યવસ્થા ફાઈલ પાના નં. ૧૦.

- ચોકીદાર : સંસ્થા સંકુલમાં દેખરેખ રાખવી.
- સ્વીપર : સંસ્થાનું મકાન – રૂમ – લોબી – મેદાન સાફ રાખવા ટોઈલેટ – બ્લોક સાફ કરવાનું કાર્ય.
- મદદ રસોયા : રસોડામાં તાલીમાર્થીઓ માટેની રસોઈ કરવી તેમજ રસોડાને લગતી કામગીરી કરવી.
- કામવાળા : રસોડા વિભાગમાં અનાજ સાફ કરવું, શાક સમારવુ, વાસણ માંજવા તેમજ રસોડાને લગતી તમામ કામગીરી
- પાર્ટટાઈમ (VMO) અંતેવાસીઓની તબીબી ચકાસણી કરી સારવાર આપવા પાત્ર અંતેવાસીઓને દવા આપવા સુચના આપવી.

**હિસાબી – ખર્ચ :**

અંધજન તાલીમકેન્દ્ર, અમરેલીને સમાજસુરક્ષા ખાતા, ગુજરાત રાજય તરફથી નીચે મુજબ અનુદાન મળે છે.

- કર્મચારી (માન્ય જગ્યા) પગાર ખર્ચ ૧૦૦ % રકમ
- અંતેવાસીઓના ભોજન ખર્ચના વ્યકિતદીઠ રૂા. ૪૫૦ /– (સરેરાશ હાજરી ગણત્રીમાં લઈને)
- ઈત્તર ખર્ચ મર્યાદામાં રહીને રૂા. ૯૦ /–

અનુદાન સીવાય ઘટતી રકમ ટ્રસ્ટ તરફથી મળે છે.

અંધજન તાલીમકેન્દ્ર – અમરેલી સંસ્થા કોઈ કાનુન નીચે કામ કરતી નથી પરંતુ સ્વૈચ્છિક સંસ્થા છે. જેનું રજીસ્ટ્રેશન અપંગધારા હેઠળ થયેલ છે.

સંસ્થાનો હેતું અનુસાર પ્રજ્ઞાચક્ષુ અંતેવાસીઓને ઔદ્યોગિક તાલીમ, બ્રેઈલઈલીપી દ્વારા સાહિત્ય શિક્ષણ, સંગીત દ્વારા લલીત કલાઓ શીખવવામાં

આવે છે અને આ દ્વારા તેઓ સમાજમાં પોતાના પગભર ઉભા રહી શકે છે. આ લક્ષ્યને પાર પાડવા સંસ્થાએ પુરા તાલીમ પામેલા ઉદ્યોગ–શિક્ષક, પુરા તાલીમ પામેલા સાહિત્ય શિક્ષક અને પુરા તાલીમ પામેલા સંગીત શિક્ષણ નીમેલા છે.

સંસ્થાને પોતાનો હેતુ સિધ્ધ કરવા માટે ઠીક ઠીક સફળતા સાંપ્રત છે.

આ સંસ્થામાં રહીને પ્રજ્ઞાચષુ વિદ્યાર્થીઓએ તાલીમ લીધેલ છે તેમાંથી કુલ ૨૧૯ (બસ્સો ઓગણીસ) વિદ્યાર્થીઓ ગુજરાત રાજયના જુદા જુદા જીલ્લાઓમાં જુદી જુદી જગ્યાએ નોકરી કરે છે.

સંસ્થામાં અભ્યાસ કરેલ સરકારી નોકરી કરતા ૫૭ (સતાવન) અંધ શિક્ષકોના અંધ ભાઈ–બહેનો સાથે લગ્ન કરાવી સ્થિર સંસાર આપેલ છે. સંસ્થાની લાયબ્રેરીમાંથી સમગ્ર ભારતમાં રેકોર્ડ કરેલી સંસ્થાની લાયબ્રરીની શૈક્ષણિક કેસેટો અંધજનોને ઘેર બેઠા મોકલી આપી શિક્ષણની સુગમતા કરી આપવામાં આવેલ છે.

સંસ્થાના અંધ વિદ્યાર્થીઓની પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટીમ બેગ્લોર મુકામે રાષ્ટ્રીય કક્ષાએ ભારતભરમાં ચેમ્પીયન થયેલ છે. જે આ સંસ્થાની અનેરી સિધ્ધિ છે.

સંસ્થાએ પોતાનો હેતુ પાર પાડી મેળવેલ સિધ્ધિઓના ઉપલક્ષ્યમાં નામદાર ગુજરાત રાજય સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગે અંધ–અપંગ કર્મચારીઓને રોજગારી આપવા તેમજ અપાવનાર સંસ્થા " સેક્રેટરીશ્રી અમરેલી જીલ્લા અંધજન તાલીમ કેન્દ્ર અમરેલી" ને વર્ષ ૧૯૯૬ ના શ્રેષ્ઠ નોકરી દાતાનો એવોર્ડ તા. ૧૩/૮/૯૯ ના રોજ રાજયપાલ શ્રી સુંદરસિંહ ભંડારીના

વરદ હસ્તે ગાંધીનગર ખાતે અર્પણ થયેલ છે.

## વિકાસ વિદ્યાલય, વઢવાણ શહેર – સુરેન્દ્રનગર અને તેની પ્રવૃતિઓ :

વિકાસ વિદ્યાલય, વઢવાણ શહેરની સ્થાપના ઈ.સ. ૧૯૪૫ માં ઝાલાવડમાં શરૂ કરવામાં આવી. ત્યારથી લઈ આજ સુધી આ સંસ્થા ક્રમે ક્રમે આંધી વચ્ચેથી પસાર થઈ વિકાસ કરી રહી છે.

આ સંસ્થાનો મૂળભૂત હેતુ બહારથી ગમે તેવા વાતાવરણમાંથી આવતી સ્ત્રીને રક્ષણ આપી પગભર બનાવી તેમનો ભૂતકાળ ભુલાવી દઈ શિક્ષણ અને ઉદ્યોગ દ્વારા સ્થિરતા આપવાનો છે અથવા તો કુટુંબમાં ફરીથી ભળી જાય તેવું કાર્ય કરવાનો છે. આમ આ સંસ્થા સ્ત્રીઓને આશ્રય અને રક્ષણ પૂરું પાડે છે.

આ સંસ્થામાં સમાજમાંથી તરછોડાયેલા બાળકોને પણ આશ્રય આપવામાં આવે છે. શિશુગૃહ નામનું તેમનું એક એકમ આવા ત્યજાયેલા બાળકોનો ઉછેર કરી જરૂરીયાતમંદ દંપતિને દત્તક સંતાન તરીકે પણ સોંપે છે. સંસ્થાની મુલાકાત વખતે સંસ્થામાં આવા ત્યજાયેલા ૧૫ બાળકો હતા અને છેલ્લા વર્ષ દરમિયાન પાંચ બાળકોને દતક આપવામાં આવ્યા હતા.

સ્ત્રીઓ અને બાળકોને આશ્રય માટે સંસ્થામાં જ છાત્રાલયની સ્થાપના કરવામાં આવી છે. કન્યા છાત્રાલય, અધ્યાપન છાત્રાલય અને પછાતવર્ગ છાત્રાલયમાં કુલ ૭૦૯ લાભાર્થીઓ છે. [૧૫]

---

૧૫. વિકાસ વિદ્યાલય, દિપોત્સવી અંક ઈ.સ. ૧૯૯૯, પાના નં. ૫૭.

આ સંસ્થામાં સ્વ. શ્રી વાડીલાલ કેશવજી ઘી વાળા હોસ્પીટલ પણ બાળકો અને સ્ત્રીઓની સારવાર માટે ઉપલબ્ધ છે. આ દવાખાનું સંસ્થાના એક અંગ તરીકે ચાલે છે. આ હોસ્પીટલમાં સોળ પથારીની વ્યવસ્થા છે. ખાસ કરીને ત્યજાયેલા કે જન્મના બે પાંચ દિવસના બાળકોને આઠ વર્ષ સુધી હોસ્પીટલમાં રાખવામાં આવે છે. આ હોસ્પીટલમાં બે ફુલટાઈમ નર્સ રાખવમાં આવેલ છે. આ ઉપરાંત ઓનરરી ડોકટર રાખવામાં આવ્યા છે. આમ અનુભવી અને સેવાભાવી સ્ટાફથી બાળકોનું આરોગ્ય સચવાય છે. ડોકટરો બાળકોના આરોગ્યમાં રસ લઈ સેવા આપે છે. આ હોસ્પીટલ છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત છે. [૧૬]

**શૈક્ષણિક સવલતો [૧૭]:**

**શ્રીમતિ એમ. એમ. શાહ પ્રાથમિક શાળા :**

પ્રાથમિક શાળામાં વિદ્યાલયના તેમજ બહારના બાળકો પણ આવે છે. આ શાળાની સ્થાપના પણ ૧૯૪૫ માં જ થઈ છે. અત્યારે શાળામાં ૨૧૧ બાળકો અભ્યાસ કરે છે અને અત્યાર સુધીમાં ૩૯૬૧ બાળકોએ લાભ લીધો છે.

**શ્રીમતિ એમ. એમ. શાહ ગર્લ્સ હાઈસ્કુલ :**

આ હાઈસ્કુલની સ્થાપના ૧૯૪૭ માં કરવામાં આવી. આ હાઈસ્કુલમાં અત્યારે ૭૦૦ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. અભ્યાસ ઉપરાંત શિક્ષણ, સંગીત, ચિત્ર વગેરે વિષયો શાળાના સમય બાદ શીખવવામાં આવે છે. શાળા ઈતર પ્રવૃતિઓમાં પણ લાભ લે છે. રમતગમત ક્ષેત્રે યુવક મહોત્સવમાં ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓએ અગ્રતાક્રમે આવી શાળાનું ગૌરવ વધારેલ છે. અહીં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વર્ગો પણ શરૂ કરવામાં આવેલ છે. માધ્યમિક વિભાગની શરૂઆતથી ૧૯૯૯ સુધીમાં

---

૧૬. વિકાસ વિદ્યાલય, તબીબી ફાઈલ નં. ૧૮, પાના નં. ૧૬.

૧૭. વિકાસ વિદ્યાલય ની શૈક્ષણિક સવલતો અંગેની ફાઈલ તથા રજીસ્ટરો.

૮૨૩૩ તથા ઉચ્ચતર માધ્યમિકમાં ૧૩૫૮ બાળાઓએ લાભ લીધો છે.

આ ઉપરાંત સંસ્થામાં અધ્યાપન મંદિર, ફાઈન આર્ટસ કોલેજ, કોલેજ ઓફ એજયુકેશન, હેન્ડીક્રાફટ ટીચર્સ ટ્રેનીંગ કોલેજ, સી.યુ. શાહ ટેકનીકલ ઈન્સ્ટીટયુટ, શ્રીમતિ શીવબાઈ મણીબાઈ ઉદ્યોગગૃહ તેમજ શ્રી મહેતા ખાદી ઉદ્યોગગૃહ ચલાવવામાં આવે છે.

**કુટુંબ સલાહ કેન્દ્ર :**

આ કેન્દ્રમાં રોજબરોજના કુટુંબ કલેશના, પતિ–પત્નીના ઝગડા અન્વયે કાયદાકીય સલાહ લેવા મોટી સંખ્યામાં બહેનો આવે છે. આ કેન્દ્ર ૨૯ વર્ષ પૂરા કરી ૩૦ મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. આ કેન્દ્ર દ્વારા ૨૭ વર્ષમાં ૫૯૯૦ કેસ આવેલા જેમાંથી ૫૭૩૨ નો નિકાલ કરવામાં આવેલ છે.

**વિદ્યાલય પ્રિન્ટરી :**

સેન્ટ્રલ સોશ્યલ વેલફેર બોર્ડ તરફથી બહેનોને ઉદ્યોગ શીખવી પગભર કરવાનો પ્રોગ્રામ છે. આ પ્રેસને રૂા. ૩૦,૦૦૦ ની ગ્રાન્ટ મળેલ છે. બાકીની રકમ સંસ્થા તરફથી ચૂકવવામાં આવે છે. આ પ્રેસ માટે મકાન નથી તેથી હાલમાં ભોજનાલયમાં શરૂ કરવામાં આવેલ છે. બહેનો પ્રેસમાં કમ્પોઝીટર તરીકે કામ કરે છે. આ સંસ્થાએ બહેનોને રોજી માટે તૈયાર કર્યા છે. જેમની સંખ્યા ૧૯૨ છે. તેમાંથી ઘણા બીજા અન્ય પ્રેસમાં કામ કરે છે.

**શિશુગૃહ :**

ભારત સરકારના માનવ સંશોધન ખાતા દ્વારા માન્ય શિશુગૃહમાં ૪ થી ૬ વર્ષના સંસ્થાની મુલાકાત વખતે કુલ ૧૧ બાળકો હતા. આ બાળકો એક વર્ષની અંદરના

ત્યજાયેલા છે. જે ક્રમે ક્રમે દતક આપવામાં આવે છે.

## શોર્ટ સ્ટે હોમ :

ભારત સરકારના માનવ સંશોધન વિભાગ દ્વારા આ એકમ માન્ય છે. અને તે છેલ્લા પાંચ વર્ષથી ચાલે છે. જેમાં સામાજિક અન્યાયોનો ભોગ બનેલ બહેનોના પ્રશ્નોનો ઉકેલ આવે ત્યાં સુધી તેમને આ ગૃહમાં રાખવામાં આવે છે. હાલમાં ૨૨ બહેનો અને બાળાઓ લાભ લઈ રહેલ છે.

## સંસ્થાની આર્થિક વ્યવસ્થા :

આ સંસ્થા ગુજરાત રાજય સમાજ સુરક્ષા ખાતા હેઠળની ગ્રાન્ટ મેળવતી સંસ્થા છે. તેના ઘણા એકમો હોવાથી મહદ અંશે ખર્ચ સમાજ સુરક્ષા ખાતા દ્વારા અને બાકીનો ઘટતો ખર્ચ સંસ્થા તરફથી ભરપાઈ કરવામાં આવે છે. છેલ્લા ચાર વર્ષ દરમિયાન થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે. [૧૮]

| વર્ષ | મળેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | સંસ્થાએ ચૂકવેલ રકમ |
|---|---|---|---|
| ૧૯૯૮–૯૯ | ૨૦૨૮૮૪૯૭ | ૨૦૪૩૭૮૫૭ | –૧૪૯૩૬૦ |
| ૧૯૯૯–00 | ૨૫૧૦૮૧૪૯ | ૨૫૨૮૮૩૫૨ | –૧૮૦૨૦૩ |
| ૨000–0૧ | ૮૨૨૦૯૨૮ | ૮૨૨૦૯૨૮ | – |
| ૨00૧–0૨ | ૨૪૭૫૮૦૮૯ | ૨૪૭૫૮૦૮૯ | – |

૧૮. સંસ્થાની સમાજ સુરક્ષા ગ્રાન્ટ ફાઈલ, ગ્રાન્ટ રજીસ્ટર તથા ખર્ચ રજીસ્ટર ૧૯૯૮,૧૯૯૯,૨૦૦૦,૨૦૦૧ ના આધારે.

## કુટુંબ સલાહ કેન્દ્રની શરૂઆતથી માર્ચ ૨૦૦૧ સુધી આવેલ તેમજ નિકાલ કરેલ કેસની વિગત [૧૯]

| | |
|---|---|
| પતિ–પત્ની વચ્ચે વિસંવાદ | ૪૫૨૮ |
| કૌટુંબિક કલેશ | ૭૭૩ |
| અનૈતિક તત્વનો રંજાડ | ૫૫૦ |
| નિરાધાર | ૭૪ |
| શંકાસ્પદ મૃત્યુ | ૧૧૬ |
| આપઘાત | ૮ |
| ખોરાકી | ૮ |
| દ્વિપત્ની | ૧૧૫ |
| છુટાછેડા | ૫ |
| નાસી ગયેલા | ૧૧૯ |
| પરચુરણ | ૨૪૫ |
| નિકાલ : ૬૪૧૧, ચાલુ : ૧૭૬, કુલ : ૬૨૩૫ | |

૧૯. સંસ્થાના કુટુંબ સલાહ કેન્દ્ર ફાઈલ અને રજીસ્ટરના આધારે.

## સંસ્થામાં દાખલ થયેલ અંતેવાસી ૨૦૦૦–૨૦૦૧ [૨૦]

| ક્રમ | વિગત | સંસ્થાની શરૂઆતથી અત્યાર સુધી | નવા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ત્યજાયેલા | ૩૯૪ | ૧૬ | ૪૧૦ |
| ૨ | આશ્રયે આવેલ | ૧૩૯૯ | – | ૧૩૯૯ |
| ૩ | પતિ–પત્નીના ઝઘડાથી | ૨૦૦૦ | ૪૭ | ૨૦૪૭ |
| ૪ | અભ્યાસ માટે | ૭૦૫૮ | ૨૯૦ | ૭૩૪૮ |
| ૫ | આર્થિક મુશ્કેલી | ૩૭૯૭ | ૧૧૧ | ૩૯૦૮ |
| ૬ | લોહીના વેપારથી | ૪૮ | – | ૪૮ |
| ૭ | માતા–પિતાના ઝઘડાથી | ૭૫૪ | ૪૦ | ૭૯૪ |
| ૮ | ફસાયેલા | ૧૧૫ | ૧ | ૧૧૬ |
| ૯ | બેકાબુ | – | – | – |
| ૧૦ | મુંગા–બહેરા–અપંગ | ૮૦ | – | ૮૦ |
| ૧૧ | ચોરીના ગુન્હામાં | ૬૪ | – | ૬૪ |
| ૧૨ | ભિક્ષાવૃતિ | ૩૭ | – | ૩૭ |
| ૧૩ | મંદબુધ્ધિ | ૨૬ | – | ૨૬ |
| ૧૪ | બાળલગ્ન | ૪ | – | ૪ |
| ૧૫ | અનૈતિક તત્વોનો ભોગ | ૧૨૧ | ૧ | ૧૨૨ |
| ૧૬ | નિરાધાર | ૪૩૦ | ૬૨ | ૪૯૨ |
| ૧૭ | માતા સાથે આવેલ | ૯૧૨ | ૩૫ | ૯૪૭ |
| ૧૮ | વિધવા | ૬૯ | ૧ | ૭૦ |
| ૧૯ | અન્ય | ૧૨૦૮ | ૨ | ૧૨૧૦ |
|  | કુલ | ૧૮૫૦૬ | ૬૦૨ | ૧૯૧૨૨ |

૨૦. સંસ્થાના પ્રવેશ રજીસ્ટરના આધારે.

## સંસ્થામાંથી છૂટા થયેલ અંતેવાસી ૨૦૦૦–૨૦૦૧ [૨૧]

| ક્રમ | વિગત | સંસ્થાની શરૂઆતથી અત્યાર સુધી | નવા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અભ્યાસ પૂરો થવાથી | ૫૧૦૮ | ૧૮૨ | ૫૨૯૦ |
| ૨ | વાલીને સોંપ્યા | ૫૪૫૮ | ૧૯૮ | ૫૬૫૬ |
| ૩ | રાજીખુશીથી છૂટા થયા | ૨૩૭૯ | ૨૮ | ૨૪૦૭ |
| ૪ | સમાધાન થવાથી | ૨૧૯૪ | ૩૧ | ૨૨૨૫ |
| ૫ | લગ્ન થવાથી | ૧૪૯ | ૧ | ૧૫૦ |
| ૬ | મૃત્યુ થવાથી | ૧૪૫ | ૫ | ૧૫૦ |
| ૭ | બીજી સંસ્થામાંથી | ૩૯૮ | ૫ | ૪૦૩ |
| ૮ | કોર્ટ મારફત વાલીને સોપ્યા | ૧૩૧ | – | ૧૩૧ |
| ૯ | દતક આપ્યા | ૧૩૮ | ૧૦ | ૧૪૮ |
| ૧૦ | કહયા વગર ગયા | ૭૧ | – | ૭૧ |
| ૧૧ | પગભર થવાથી | ૧૬૨૨ | ૧ | ૧૬૨૩ |
| ૧૨ | વધુ અભ્યાસ માટે | ૨૧૫ | – | ૨૧૫ |
| | કુલ | ૧૮૦૦૮ | ૪૬૧ | ૧૮૪૬૯ |

ઉપરોકત બધી જ સંસ્થાઓ ને સમાજ સુરક્ષાના કાર્યમાં મુલવતા કહી શકાય કે આ સંસ્થાઓનું કાર્ય તેમના ધ્યેયને વરેલું છે. સંસ્થા પોતાના ધ્યેયની પુરતી માટે બનતા બધા જ પ્રયત્નો કરે છે. આ સાથે સંસ્થાના લાભાર્થીઓએ પણ પોતાનો સહકાર વ્યકત કરીને સંસ્થાને પોતાના ધ્યેયમાં સિધ્ધિ સાંપડતી કરવી જોઈએ કેમકે સરકાર અને સંસ્થા બન્ને પોતાના ધ્યેયમાં અટલ છે પરંતુ માધ્યમ તો સંસ્થાના લાભાર્થીઓ જ છે એટલે કે આ લાભાર્થીઓએ પણ પોતાની ફરજની રૂએ કરવું પડતું કાર્ય નિષ્ઠાથી કરવું જોઈએ જેથી સમાજ અને સરકારના ધ્યેયની સિધ્ધિ પ્રાપ્ત થાય.

૨૧. સંસ્થાના નિકાલ રજીસ્ટરના અધારે.

# પ્રકરણ – ૯
# તારતમ્ય

ગ્રીક શબ્દ IOROPIA માંથી History શબ્દ ઉતરી આવ્યો છે IOROPIA નો અર્થ LEARNING થાય છે. TO LEARN એટલે શીખવું માણસનો જયારથી જન્મ થાય છે ત્યારથી માંડીને મૃત્ય પર્યંત તે કંઈ ને કંઈ નવી વસ્તુ તેના જીવનમાં શીખતો જ રહેતો હોય છે. ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો પ્રાચીન સમયથી જ માનવી કંઈક અને કંઈક નવું શીખતો આવ્યો છે અને સમાજ જીવનને સમૃધ્ધ કરતો આવ્યો છે.

સામાજિક ઈતિહાસના ના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો જેને સ્વસ્થ નાગરિક તરીકે સમાજમાં જીવવાની પ્રબળ ઈચ્છા છે. તેમને પણ નવું નવુ શીખવાની ઈચ્છાઓ રહેલી છે. પરંતુ જન્મજાત શારિરીક કે માનસિક દુર્બળતાને કારણે તેમનો વિકાસ સીમિત બની જાય છે અને આવા વ્યકિત સમુહને સામાજિક સુરક્ષાની પણ આવશ્યકતા રહેલી છે.

સામાજિક સમસ્યાઓનો ઈતિહાસ માનવ સમાજ જેટલો જ પ્રાચીન છે. તો માનવ સમાજના ઉદ્ભવ સાથે જ સામાજીક હુંફ, પ્રેમ, કાર્ય ,એકબીજાને મદદ, દાન અને વિશ્વ બંધુત્વના બીજ પણ પ્રાચીન કાળથી રોપાયેલાં જોવા મળે છે. તેના સંદર્ભમાં જોઈએ તો વિશ્વના બધા જ ધર્મનો પાયો માનવ કલ્યાણના આદર્શ ઉપર ઉભો છે અને જીવ માત્ર તરફ અનુકંપાનો ઉપદેશ આપે છે. તંદુરસ્ત સમાજજીવનનો અને રાજય શકિતનો આધાર પણ મહતમ માનવ કલ્યાણ પર રહેલો છે.

પ્રાચીન કાળમાં પણ સામાજિક સમસ્યાઓ હતી. તેનો ઈતિહાસ તપાસીએ તો પ્રાચીન સમયથી જ માનવ સબંધોમાં વિખવાદ, નિરક્ષરતા, શોષણ અને અત્યાચાર વગેરે જોવા મળે છે. પરંતુ એ વખતે માનવીની સામાજિક સભાનતાનો વિકાસ ઓછો થયો હતો. પ્રાચીન કાળમાં જનસંખ્યા ઓછી હતી. ઉદ્યોગીકરણ, યાંત્રિકીકરણ, શહેરીકરણ વગેરે પ્રક્રિયાઓનો વિકાસ પણ થયો ન હતો. તેથી વિપરીત અસરોથી લોકો મુકત હતા. લોકો મહંદ અંશે ઉપભોગતાવાદી નહી પણ ઉપયોગીતાવાદી જીવન જીવતા હતાં. આથી તે યુગમાં સમસ્યાઓની તીવ્રતાનું પ્રમાણ ઓછુ હતું. પરંતુ સમયાતરે વર્તમાન યુગમાં સમાજમાં ઓદ્યોગીકકરણ અને શહેરીકરણ થતાં સામાજિક તનાવ અને સંઘર્ષના પ્રશ્નો વિશેષ ઉપસ્થીત થયેલ છે. આધુનિક ઈતિહાસમાં સામાજિક સમસ્યાઓના વૈજ્ઞાનિક અને વસ્તુલક્ષી અભ્યાસને પરિણામે સામાજિક તનાવ અને સંઘર્ષ વગેરેના પ્રશ્નો ઉપસ્થીત થયેલ છે. આધુનિક ઈતિહાસમાં સામાજિક સમસ્યાઓના વૈજ્ઞાનિક અને વસ્તુલક્ષી અભ્યાસઓને પરિણામે સામાજિક સમસ્યાઓના વાસ્તવિક કારણો કે ઉદ્‌ભવેલાં પરિબળો વિશે જાણકારી પ્રાપ્ત થતાં તેના નિવારણ માટેના બુધ્ધીગમ્ય અને તાર્કિક પગલાં લેવાના પ્રયાસો શરૂ થયા હતા.

સંયુકત રાષ્ટ્રસંઘના ત્રીજું આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણ સમાજ કાર્યના અભ્યાસ ઉપર જ થયેલ છે. જેમનો મુખ્ય ઉદ્દેશ માનવ સમાજની ગરિમાના પુનઃ સ્થાપના કાર્યને વેગવંતુ બનાવવાનો રહેલો છે.

સામાજિક સુરક્ષાના ઈતિહાસના સંદર્ભમાં પ્રાચીન યુગથી શરૂ કરીને વર્તમાન યુગ સુધીમાં ક્રમિક રીતે સમાજ અને રાજયે પગલાઓ લીધા છે.

વિશ્વના ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોવા જઈએ તો પ્રાચીન યુગની સામાજિક વ્યવસ્થા અને તે સમયના સમાજની જીવનશૈલી એવા પ્રકારે ગોઠવાયેલી હતી જેના પરિણામે આધુનિક યુગમાં રહેલ સંસ્થાઓની તે સમયે જરૂરીયાત ન હતી. સંયુકત પરિવારની પ્રથા તથા એક બીજાના સુખ દુઃખમાં સાથની ભાવનાથી સમસ્યાઓનો સુખદ ઉકેલ સાંપડતો હતો. વિકલાંગ બાળક શારીરિક કે માનસિક રીતે દુર્બળ હોય તેનો પણ વડીલોની છત્રછાયામાં ઉછેર સામાન્ય બાળકની જેમ જ તે સમયે થતો હતો.

મધ્યકાલિન યુગમાં આ પ્રથા પ્રચલિત હતી. પરંતુ ધીમે ધીમે તેમાં બદલાવ આવતા આવા બાળકો અને માનવીની વ્યવસ્થા કરવાની સમાજમાં તાત્કાલીક જરૂરીયાતો ઉભી થઈ હતી.

ઈ.સ. ૧૨૦૦થી ૧૫૦૦ સુધી ઈંગ્લેન્ડમાં ધર્મ અને ધાર્મિક સંસ્થાઓનો વિકાસ થતા ધાર્મિક ગુરૂઓ અને પાદરીઓએ નિઃસહાય વિધવાઓ નિરાધારો અને બિમાર વ્યકિતઓની સહાયતા અને સુરક્ષા પ્રદાન કરવાનું નેતૃત્વ લીધુ હતુ. બારમીથી પંદરમી સદી સુધી આ સુરક્ષાનું કાર્ય ચર્ચો અને ધાર્મિક સંસ્થાઓના દેખરેખ હેઠળ ચાલતું હતું.

ઈ. સ. ૧૫૩૧ માં હેનરી આઠમાં એ ગરીબોની મદદનો સૌ પ્રથમ કાયદો ઈંગ્લેન્ડમાં બહાર પાડયો અને તેમાં સુધારા વધારા સાથે ઈંગ્લેન્ડની સરકારે ઈ.સ. ૧૫૩૫ માં એક બીજો કાયદો અમલમાં મૂકયો. ઈ. સ. ૧૬૦૧ માં રાણી એલીઝાબેથે **Poor Law Act** અમલમાં મુકયો હતો. આ કાયદાએ ગરીબોની મદદ સંબંધી આગલા બધા જ કાયદાને એકસુત્રમાં બાંધી દીધા. ઈ.સ. ૧૮૬૭ માં બોસ્ટલ નામના સ્થળે બાળ અપરાધીઓ માટે એક નવી સંસ્થાની સ્થાપના કરવામાં

આવી. ઈ. સ. ૧૯૧૨ થી બાળકો માટે એક અલગ બાળ અદાલતની જોગવાઈ કરવામાં આવી.

ઈ.સ. ૧૯૩૫ સુધી અમેરીકામાં સામાજિક કાર્યનો વિકાસ ઈંગ્લેન્ડની સાથો સાથ હતો અને તેમની પ્રવૃતિ તથા કાર્ય પણ ઈંગ્લેન્ડનાં કાર્ય જેવું જ હતું પરંતુ ત્યાર બાદ અમેરીકાના સમાજ સુરક્ષાના કાર્યક્રમમાં પણ પરિવર્તન આવ્યુ પરંતુ તે ઈંગ્લેન્ડ ના કાર્ય કરતાં પ્રગતિકારક હતું.

ઈ.સ. ૧૯૫૭ માં અમેરીકામાં પ્રથમ ભીક્ષાગૃહની ન્યુયોર્કમાં સ્થાપના થઈ ત્યાર પછી બીજા શહેરોમાં પણ ધીમે ધીમે એમની શરૂઆત થઈ. ઈ.સ.૧૯૬૨માં માનવ શકિત વિકાસ તથા પ્રશિક્ષણ કાયદો અને ઈ.સ. ૧૯૬૩ માં રાષ્ટ્રીય વ્યવસાય કાયદો ઘડવામાં આવ્યો જે હાલમાં પણ અમલમાં છે.

ઈ.સ. ૧૯૮૦ માં પહેલી વાર ઈસાઈ ધર્મ પ્રચારકો દ્વારા સમાજકાર્યની શરૂઆત થઈ હતી ત્યારબાદ આ કાર્યનો ફેલાવો થયો. પરંતુ ભારતમાં એમનું ક્ષેત્ર તેની સ્વતંત્રતા બાદ જ વિસ્તર્યું.

ભારતમાં થયેલા સામાજિક કાર્યના ઈતિહાસને ત્રણ તબકકામાં મુલવી શકાય.

૧. પ્રાચીન અને મધ્યકાલીન સમાજલક્ષી કાર્યનો ઈતિહાસ
૨. બ્રિટીશયુગ દરમ્યાન સામાજિક કાર્યનો ઈતિહાસ
૩. સ્વતંત્રતા પછીનો સામાજિક કાર્યનો ઈતિહાસ

ભારતમાં પ્રાચીન સમયમાં રાજય, વેપારી, જમીનદાર અને સહાયક મંડળો પોતાની જોગવાઈ અનુસાર ધર્મના પવિત્ર કાર્ય માટે મદદ કરવાના કાર્યમાં એક બીજાની આગળ નીકળવાની કોશીષ કરતા હતા.

બૌધ્ધ સમયમાં પણ સમાજલક્ષી કાર્ય કરવામાં આવેલ તેવી વાત કુલવાક જાતકમાં કરી છે તો કૌટીલ્યના અર્થશાસ્ત્રમાં પણ પ્રજાની ભલાઈ માટે કરવામાં આવતા કાર્યની નોંધ કરવામાં આવેલ છે. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વિદ્યાદાન પ્રાચીન ભારતમાં એક મહત્વનું પાસુ હતું. વિદ્વાન પુરોહિતો ગરીબ બાળકોને દરરોજ ભોજન પણ આપતા હતા.

સલ્તનયુગમાં ફિરોઝ તુગલકે રોગગ્રસ્ત તથા દુ:ખી વ્યકિતઓની સેવા માટે હોસ્પીટલનું નિર્માણ કર્યું હતું. ઈ.સ.૧૭૦૭ માં ઔરંગઝેબના મૃત્યુ પછી ભારતમાં મુગલ સતા નબળી પડી અને સાથે સાથે રાજકીય અરાજકતા વ્યાપક બની હતી. આમ ભારતમાં ૧૫૦ વર્ષ સુધી અરાજતકતાનો યુગ હતો. અંગ્રેજ શાસન દરમ્યાન બંગાળમાં સૌ પ્રથમ ક્રિશ્ચન મીશનરીઓએ સુધારણા તેમજ સામાજિક સેવાની ભારતમાં શરૂઆત કરી.

બ્રીટીશ શાસન હેઠળ ભારતમાં સામાજિક સમસ્યાઓ પરત્વે ઓછું કાર્ય થયેલ છે. પરંતુ આમ છતા સરકાર દ્વારા અમુક કાયદાઓ પસાર કરીને આ સમસ્યાઓ પર કાબુ રાખવાનો પ્રયત્ન અવશ્ય કર્યો હતો એમ કહી શકાય.

ભારતમાં સ્વતંત્રતા પ્રાપ્તી બાદ ઈ.સ. ૧૯૪૭ પછી સામાજિક સમસ્યાઓ અને સુરક્ષા કાર્યક્રમોની સરકારની દેખરેખ હેઠળ શરૂઆત થઈ.

ભારતીય બંધારણમાં છેલ્લા પરિશિષ્ટના ત્રણ લીસ્ટ અનુસાર અમુક જવાબદારીઓ રાજય સરકારને સોંપવામાં આવેલ હતી. તેમાં સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષાની કામગીરી પણ રાજય સરકાર હસ્તક ફાળવવામાં આવી હતી.

ગુજરાતમાં સમાજ સુરક્ષા (સમાજ કલ્યાણ) નો પૂર્વ ઈતિહાસ તપાસીએ તો મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર રાજય બન્ને અલગ હતાં. પરંતુ મહારાષ્ટ્ર રાજય વખતે નાયબ નિયામક લેવલે જેને રીજીયોનલ ઓફીસ કહેવાતી તે ઓફીસ રાજકોટના જુના સરકારી દવાખાનામાં બેસતી હતી. તેની નીચે આ સંસ્થાનું સંચાલન થતું હતું તા. ૧–૫–૧૯૬૦થી ગુજરાત રાજય અસ્તીત્વમાં આવતા ઈ.સ.૧૯૬૦થી આ બધી સંસ્થાઓ ગુજરાત રાજય સમાજ કલ્યાણ હસ્ત મુકાયેલ છે.

ગુજરાત સરકાર અસ્તીત્વમાં આવતાં પ્રથમ નશાબંધી અને સમાજ કલ્યાણ સચીવાલયના વિભાગ હેઠળ આ વિભાગ મુકાયો હતો. ત્યારબાદ શ્રમ અને રોજગાર અને સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ આ વિભાગ મુકાયો. અને હાલમાં સામાજિક ન્યાય અધિકારીતા હેઠળ મુકાયેલ છે.

સૌરાષ્ટ્રમાં સમાજસુરક્ષા ખાતા હેઠળ સરકારી તથા સ્વૈચ્છિક ઘણી સંસ્થાઓ કાર્યરત છે. પરંતુ જેમના કાર્યની નોંધ લઈ શકાય તેવી સંસ્થાઓનો ઈતિહાસ તપાસી અને તેમની સેવા, પ્રવૃતિ તથા સામાજિક સમસ્યાઓના નિરાકરણ માટેના પ્રયત્નોને મુલવવાનો મહતમ પ્રયાસ કરેલ છે.

રાજકોટ ઓબ્ઝર્વેશન હોમ સંસ્થાની સ્થાપના ૧–૧૦–૧૯૫૫ ના રોજ કરવામાં આવી હતી. આ સંસ્થામાં સમાજથી તરછોડાયેલા, નિરાધાર, અનાથ, ભુલા પડેલા ૬ થી ૧૬ વર્ષસુધીના બાળકોને અને ૧૮ વર્ષ સુધીની કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે. તેમજ સંસ્થામાં તેમને આશ્રય, રક્ષણ, ખોરાક, કપડાં વૈદકીય સારવાર, વગેરે સુવિધાઓ વિના મુલ્યે સરકારશ્રી તરફથી પુરી પાડવામાં આવે છે.

ઓબ્ઝર્વેશન હોમ–જુનાગઢ ગીરનાર પર્વતના સાનિધ્યમાં હરિયાળી વચ્ચે આવેલું છે. તેમાં આવતા બાળકોને મોકળાશ મળે તેટલી પર્યાપ્ત જગ્યામાં પથરાયેલું છે. આ સંસ્થાની સ્થાપના તા. ૧–૪–૧૯૬૧ ના રોજ કરવામાં આવેલી હતી. જુનાગઢ ઓબ્ઝર્વેશન હોમની સંસ્થામાં શિક્ષણ, પુનઃસ્થાપન, મેડીકલ સારવાર રમત–ગમત અને મનોરંજનની પ્રવૃતિઓ દ્વારા સારવાર આપીને અંતેવાસી બાળકોને સામાન્ય બાળક બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

સ્પેશ્યલ હોમ ફોર બોયઝ સંસ્થાની સ્થાપના ઈ.સ. ૧૯૫૭ માં કરવામાં આવી હતી. આ સંસ્થામાં નિરાધાર, નિરંકુશ, રખડતાં, ભટકતા તેમજ ગુનેગાર બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. સંસ્થામાં તેમની સાર–સંભાળ રાખી શૈક્ષણિક તેમજ ઓદ્યોગિક તાલીમ આપી સમાજમાં પુનઃ સ્થાપના કરવામાં આવે છે.

સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ સંસ્થાની સ્થાપના તા. ૧ એપ્રિલ ૧૯૬૦ના રોજ કરવામાં આવેલી હતી. આ સંસ્થામાં ૭૫ બાળાઓને સમાવી શકાય તેટલી મર્યાદા છે. જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ આવી બાળાઓને આ સંસ્થામાં ભોજન, રહેઠાણ, કપડા, આશ્રય, રક્ષણ, વૈદકીય સારવાર ઉપરાંત

શિક્ષણ હુન્નરની તાલીમ આપવામાં આવે છે. બાળાઓનું સમાજમાં પુનઃ સ્થાપન કરવા માટે સિલાઈ મશીન જેવા સ્વરોજગારીના સાધનો પણ સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.

ગુજરાત રાજયમાં બાળકો માટેના બે અપંગ બાળગૃહો અસ્તીત્વમાં છે. તેમાંથી ગુજરાત સરકારની પ્રથમ સંસ્થા રાજકોટ ખાતેના અપંગ બાળ ગૃહની તા. ૨૮ મી માર્ચ ૧૯૭૧ના રોજ શરૂઆત થઈ. કુલ ૨૨ વ્યકિતઓનું મહેકમ તેમજ શરૂઆતમાં માત્ર ૪ બાળકોથી રાજકોટના ભકિતનગર સ્ટેશન રોડ ખાતે સેવા સંઘના મકાનમાં અપંગ બાળકોની રહેણાંકીય સંસ્થાની શરૂઆત કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર કચ્છના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા અપંગ બાળકોને આ સંસ્થામાં પ્રવેશ આપવામાં આવે છે. જેમાં અપંગતા નિવારણ માટે અપંગને આર્થોપેડીક ડોકટરના અભિપ્રાય મુજબ જરૂરી સારવાર, સાધન સહાય, કેલીપર્સ ઘોડી, ટ્રાયસીકલ વગેરે આપવામાં આવે છે. તેમજ આ સંસ્થામાં વિના મુલ્યે રહેવા–જમવાની સુવિધા પુરી પાડવામાં આવે છે. જરૂરીયાતમંદ અપંગ બાળકોનું ઓપરેશન મફત કરવામાં આવે છે. સંસ્થામાં અપંગ બાળકોને સુથારીકામ, ટેલરીંગકામ, કેન વર્ક વગરે હળવા કામની તાલીમ આપવામાં આવે છે.

ભાવનગરની રત્ન સમાન સંસ્થા પી.એન.આર. સોસાયટી ફોર રીલીફ એન્ડ રીહેબીલીટેશન ઓફ ધી ડીસેબલ્ડ સંસ્થા દ્વારા વિકલાંગોના શ્રેય માટે અનેકવિધ કાર્યો હાથ ધરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફાઉન્ડેશન લંડન અને આ સંસ્થા સંયુકત રીતે ૧૯૮૯ થી પોલીયો નાબુદી માટે કાર્યરત અભિયાન ચલાવી રહેલ છે.

સમગ્ર ભારતભરમાં ૪૫૦ થી વધુ સફળ પોલીયો ઓપરેશન કેમ્પ કરી બે લાખથી વધારે દર્દીઓને તપાસી ૯૦,૦૦૦ જેટલા ઓપરેશન સફળતા પુર્વક કરેલ છે. પોલીયો ઓપરેશન આ સંસ્થાની પ્રાધાન્ય પ્રવૃતિ છે. આ સંસ્થાએ પોતાનું કૃત્રિમ સાધનો અને અવયવોનું વર્કશોપ પણ સ્થાપેલ છે.

ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, રાજકોટ સંસ્થાની સ્થાપના સને ૧૯૫૯ ના ભિક્ષા પ્રતિબંધક ધારા અન્વયે તા. ૨–૧૦–૧૯૭૮ થી કરવામાં આવેલ છે. આ સંસ્થામાં નામદાર કોર્ટ મારફત રાજકોટ શહેર માંથી ભિક્ષા પ્રતિબંધક ધારા અન્વયે ભિક્ષુકોને પકડી દાખલ કરવામાં આવે છે. મોટાભાગના ભિક્ષુક રખડતા, ભટકતા, નિરાધાર, કુટુંબમાંથી તરછોડાયેલી વ્યકિત હોય છે અથવા માનસિક રીતે ભાંગી પડેલા બેસહારા લોકો હોય છે. આવા ભિક્ષુકોને યોગ્ય તાલીમ આપી સમાજમાં પુનઃસ્થાપન કરવાના પ્રયાસો કરવામાં આવે છે. સંસ્થામાં વણાટ વિભાગ ચાલુ છે તેમજ અભણ ભિક્ષુકોને અક્ષરજ્ઞાન આપવાની વ્યવસ્થા છે.

સમાજમાં માનસિક રીતે નબળા એવા બાળકોને યોગ્ય તાલીમ મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા ૧૯૫૯ ની તા. ૧૫ મી જુલાઈએ માંગરોળ મુકામે માનસિક ક્ષતિવાળા બાળકોની સંસ્થાની સ્થાપના કરવામાં આવી. જે ગુજરાતની સૌ પ્રથમ સંસ્થા હતી. માંગરોળમાં તેના વિકાસ અપુરતો અને લાભાર્થીની સંખ્યા ઓછી જણાતા ઈ.સ. ૧૯૬૧માં આ સંસ્થાને રાજકોટ ખાતે ડો. ચિનોયના બંગલા પાસે જયરાજ કુંજ નામના મકાનમાં સ્થળાંતરીત કરવામાં આવી. ઈ.સ. ૧૯૭૦ માં આ સંસ્થાને ભકિતનગર સ્ટેશન રોડ પર આવેલ જુના સામાજિક કાર્યકર વિદ્યાલયમાં ખસેડવામાં આવી. તા. ૧ એપ્રિલ ૧૯૭૪ ના રોજ કલાવડ રોડ ખાતે આ સંસ્થાના બાળકોની પરિસ્થિતીને ખાસ ધ્યાનમાં લઈને બનાવવામાં આવેલ માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ

નામના મકાનમાં આ સંસ્થાનું સ્થળાંતર કરવામાં આવ્યુ.

સને ૧૯૫૯થી ચાલતા આ મંદ બુધ્ધીવાળા બાળકોના ગૃહમાં વધુમાં વધુ ૬૦ બાળકોને રાખવાની જોગવાઈ છે. આ સંસ્થાના બાળકોને સંસ્થામાં જ શિક્ષણ, તાલિમ, તબીબી સારવાર આપવામાં આવે છે. રહેવાની, જમવાની, કપડાની સરકારશ્રી દ્વારા વિનામુલ્યે સુવિધા આપવામાં આવે છે. સંસ્થામાં આશ્રય આપવામાં આવેલ અંતેવાસીઓને જરૂરી તાલીમ આપી પુનઃ સ્થાપિત કરવાનો સઘન પ્રયત્ન થયેલ છે. નિરાધાર બાળકોને જીવે ત્યાં સુધી આશ્રય, સારવાર આપી તેમની વૃતિઓમાં સતત સુધારો લાવવા સંસ્થાએ સતત પ્રયત્ન કરેલ છે. કેટલાંક અંતેવાસીઓને શિવણ, વણાટ, રસોઈકામ તથા ગૃહ સુશોભનની તાલીમ પણ આપવામાં આવી છે. જેથી તેમની મનોદશામાં તેમજ તેમના આવેગોમાં સુધારો કરી શકાયેલ છે.

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા – ભાવનગરની સ્થાપના ૧૯૭૯ માં થયેલી હતી દેશમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા માનીસક ક્ષતિવાળા બાળકો માટે વૈદકીય સારવાર, સામાજીક કલ્યાણ શિક્ષણ, તાલીમ અને કાનુની રક્ષણ તેમજ પુનઃ સ્થાપન માટે ઉલ્લેખનીય કાર્ય થાય છે તેનુ જીવંત ઉદાહરણ આ સંસ્થા છે. આ સંસ્થામાં મોટી ઉમરના મંદબુધ્ધિના ભાઈ – બહેનોને વ્યવસાયીક તાલીમ આપવા માટે અલગ વ્યવસ્થા છે. વ્યવસાયીક તાલીમ ગ્રુપ–૧ માં મોટી ઉમરના ભાઈઓ તથા વ્યવસાયીક તાલીમ ગ્રુપ–૨ માં મોટી ઉમર મંદબુધ્ધિના બહેનોને તાલીમ આપવામાં આવે છે.

ગુજરાત સરકારશ્રી આદિજાતી વિકાસ વિભાગ દ્વારા ઠરાવ પસાર કરીને ઈ. સ.૧૯૫૭ માં સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તાર માટે જુનાગઢ શહેરમાં ''સ્ટેટ હોમ ફોર મેન'' ની સ્થાપના કરવામાં આવી. પરંતુ સમયાન્તરે માલુમ પડયું કે, જુનાગઢ શહેરમાં સંસ્થાની પ્રવૃતિ માટે યોગ્ય માધ્યમોની ખોટ છે. જુનાગઢ શહેરનો ધંધાકીય વિકાસ ઓછા હોવાને કારણે નોકરી ધંધાની લાભાર્થીઓને તક પુરી પાડી શકાતી ન હતી. આખરે સરકારશ્રીમાં આ બાબતે ફેર વિચારણાં કરવામાં આવી અને ઈ.સ. ૧૯૬૩માં જુનાગઢ ખાતેથી રાજકોટમાં આ સંસ્થાને તબદીલ કરવામાં આવી હતી.

આ સંસ્થાનો મુખ્ય હેતુ સમાજના અનાથ નિરાધાર કે સમાજથી તરછોડાયેલા કે જેલમાંથી મુકત થયેલા યુવાનોને પ્રવેશ આપીને તેમની આવડત પ્રમાણે તાત્કાલીક કામ મળી રહે તેવા પ્રયત્ન કરવાનો છે. આવી સામાજિક સમસ્યાઓના ભોગ બનેલા યુવાનોને સરળતાથી કામ મળી રહે તે માટે ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓને ભલામણ કરવામાં આવે છે. આ પ્રકારના યુવાનોમાં આત્મવિશ્વાસ જાગૃત કરીને સમાજમાં પુનઃ વસવાટ માટે તેમજ વહેલી તકે સ્વાવલંબી બને તે માટે તમામ પ્રયત્નો કરવામાં આવે છે.

સમાજમાંથી તિરસ્કૃત થયેલા, તરછોડાયેલા અને માનસીક રીતે ભાંગી ગયેલા યુવાનો ગર્વભેર જીંદગી જીવી શકે તેવો મહાન હેતુ સિધ્ધ કરવાનો સઘન પ્રયાસ રાજકોટની આ ''સ્ટેટ હોમ ફોર મેન'' સંસ્થા કરી રહેલ છે.

સૌરાષ્ટ્રની સંસ્થાઓમાંથી જે સરકારી સંસ્થાઓ છે તેમનો બધો જ વહીવટ સરકારના નિયમ પ્રમાણે ચાલે છે. તેથી તેમનો બધો ખર્ચ સરકારી નિયમ પ્રમાણે થાય છે. સમાજસુરક્ષા નિયામક, ગાંધીનગરની વડી કચેરી મારફત આ બધી સંસ્થાઓના

વહીવટનું સંચાલન થાય છે. આ માટે જીલ્લા કક્ષાએ જીલ્લા સમાજસુરક્ષા અધિકારી વર્ગ–૨ ની નિમણુંક છે તેમના નિયંત્રણ હેઠળ સંસ્થા વહીવટ ચલાવે છે.

દરેક સંસ્થાના વડા તરીકે અધિક્ષક ફરજ બજાવે છે. તેમને સંસ્થાની સંપુર્ણ જવાબદારીસોંપવામાં આવેલી છે. તેમની નીચે સંસ્થાની જરૂરીયાત પ્રમાણે એકાઉન્ટન્ટ, કેસ વર્કર શિક્ષકો, એટેન્ડન્ટ, નર્સ, માળી, ચોકીદાર, રસોયા, સ્વીપરનો સ્ટાફ રહેલો હોય છે. કન્યાઓની સંસ્થામાં હાઉસ–મધરની એક વધારાની જગ્યા રહેલી છે. કન્યાઓની સંસ્થામાંની બધી જ જગ્યાઓ મોટા ભાગે સ્ત્રી કર્મચારીથી ભરવામાં આવે છે.

અધિક્ષક અને કર્મચારી દ્વારા બાળકોના પ્રવેશની કાર્યવાહી, તેમની રહેવાની વ્યવસ્થા તેમજ શિક્ષણની સવલતો માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. આ કર્મચારીઓ દ્વારા સંસ્થામાં રહેલી શાળામાં અને બહાર ઉચ્ચ શિક્ષણ માટે જતા વિદ્યાર્થીઓની સવલતની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આ ઉપરાંત શારીરીક તેમજ માનસીક રીતે અપંગ બાળકોની મેડીકલ સારવારથી લઈ તેમના ઓપરેશન કરાવવા સુધીની કામગીરીની દેખભાળ આ બધા સંસ્થાના કર્મચારી દ્વારા કરવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતુ ગુજરાત રાજય અમદાવાદ દ્વારા દરેક સંસ્થાના ખર્ચના બજેટ તૈયાર કરવામાં આવે છે. ખર્ચના તૈયાર કરેલા અંદાજો મુજબ નાણાંકીય ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટમાંથી કર્મચારીનો પગાર, અંતેવાસીઓને ભોજન ખર્ચ, શૈક્ષણીક ખર્ચ,વાહન ખર્ચ વિજળી ખર્ચ વગેરે સરકારશ્રીના નિયમને આધીન રહીને ફાળવેલ ગ્રાન્ટમાંથી ખર્ચ નિયંત્રણ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવે છે.

અપંગ બાળગૃહ રાજકોટ, માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ રાજકોટ, સ્પેશયલ હોમ ફોર ગર્લ્સ જેવી સંસ્થાઓમાં સમાજમાંથી દાતાઓ તરફથી દાનનો મોટો પ્રવાહ આ સંસ્થાઓને રોકડ સ્વરૂપે અથવા ભોજનની વસ્તુ સ્વરૂપે મળી રહે છે. તેના પરિણામે આ સંસ્થાઓમાં સરકારશ્રીના ખર્ચમાં નિભાવ ખર્ચ ઓછો આવે છે.

સ્પેશયલ હોમ ફોર બોયઝ, ભિક્ષુક સ્વિકાર કેન્દ્ર જેવી સંસ્થાઓને પણ થોડા ઘણા અંશે સમાજમાંથી વસ્તુના સ્વરૂપમાં સહાય મળી રહે છે.

અંધ અને બહેરામુંગાની અપંગતા ધરાવતી વ્યકિતઓને પોતાની એક અલગ જ ભાષાની જરૂર પડે છે. અંધ વ્યકિતઓને શરૂઆતના જમાનામાં સુરદાસ તરીકે ઓળખવામાં આવતા હતા અને બહેરામુંગા વ્યકિતોઓને અન્ય સ્વસ્થ વ્યકિતઓના સમુહથી અલગ દર્શાવવામાં આવતા હતા.

સૌરાષ્ટ્રમાં અંધજનો માટે ઉલ્લેખનીય કામ કરતી (૧) અંધજન કલ્યાણ મંડળ, રાજકોટ (૨) શ્રી વૃજલાલ દુર્લભજી પારેખ, અંધ મહિલા વિકાસગૃહ, રાજકોટ (૩) શ્રી એમ. પી. શાહ સરકારી અંધશાળા, જુનાગઢ (૪) ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળ, પોરબંદર અને (૫) શ્રીમતિ પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા) પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય (૬) શ્રી અંધજન વિવિધલક્ષી તાલિમ કેન્દ્ર, જામનગર ઉલ્લેખનીય છે બહેરામુંગા વ્યકિતઓ માટે (૧) ભાવનગરની કે. એલ. ઈન્સ્ટીટયુટ ફોર ડેફ, (૨) જુનાગઢની સરકારી બહેરામુંગા શાળા, (૩) શ્રી અને શ્રીમતિ છ. શા. બહેરામુંગા શાળા, રાજકોટ, (૪) શ્રી દુર્લભજી, શ્રી રાજ પારેખ અને અમૃતબેન પારેખ બહેરામુંગા શાળા, સુરેન્દ્રનગર અને (૫) મેઘરાજ મુન્દ્રા અને ધનાણી બહેરામુંગા શાળા, જામનગર વગેરે કાર્ય કરે છે.

અંધત્વ અને બહેરામુંગા જેવી અપંગતા ધરાવતા બાળકોને તાલીમ સમાજમાં પ્રસ્થાપિત કરવાનું કાર્ય આ સંસ્થાઓ કરી રહી છે.

જીલ્લા પુનર્વસન કેન્દ્રએ ભારત સરકારની સંસ્થા છે અલીયાવર્જંગ હેઠળ ગુજરાતમાં ત્રણ જગ્યાએ આ સંસ્થા ચાલે છે. તેમાંથી સૌરાષ્ટ્રમાં જામનગર અને રાજકોટ બન્ને જગ્યાએ આ સંસ્થા કાર્યરત છે. આ સરકારી સંસ્થામાં બહેરામુંગા, માનસિક ક્ષતિગ્રસ્ત, શારીરિક અપંગ જેવી મુશ્કેલીઓના નિવારણ માટેની કામગીરી થઈ રહી છે. AT & T ટેકનોલોજી પાર્ક, ભાવનગરની સંસ્થા વિકલાંગોને કોમ્પ્યુટર નિષ્ણાંત બનાવીને તેમને રોજગારી પુરી પાડવામાં સફળ રહે છે. અને પ્રજ્ઞાચક્ષુઓ વધુમાં વધુ પોતાની જાતે પગભર થઈને પોતાનું સ્વાવલંબન કરી શકે તે માટે અમરેલીની અંધજન તાલીમ કેન્દ્ર સંસ્થા કાર્ય કરે છે.

સંશોધન હેઠળની સરકારી સંસ્થાની મોટાભાગની આર્થિક વ્યવસ્થા સરકાર પર નિર્ભર છે. જયારે સ્વૈચ્છિક સંસ્થાઓ સમાજમાંથી અનુદાન મેળવે છે અને સરકારશ્રીની ગ્રાંન્ટનો પણ ઉપયોગ કરે છે.

## : તારમ્ય નિષ્કર્ષ :

સમાજ જીવનનો પ્રારંભ થયો ત્યારથી જ સિકકાની બીજી બાજુની જેમ સામાજિક સમસ્યાઓનો પ્રારંભ થયો છે ભારતમાં આઝાદી પહેલા શારીરિક કે માનસિક ખોડવાળી વ્યકિતઓ તરફ દયા અને કરૂણાથી જોવામાં આવતું હતું પરંતુ ભારતમાં સ્વતંત્રતા પ્રાપ્તી બાદ સમાજ કલ્યાણને વરેલ ભારત સરકારે સમાજના સમસ્યા સમાન પ્રશ્નોના નિરાકરણનો ભાર પોતે ઉપાડી અને મોટું યોગદાન આપ્યું છે એ હકીકત તરફ ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. કારણકે સમાજમાં

સામાન્ય મંતવ્ય એવું પ્રવર્તે છે કે સરકાર દ્વારા ચાલતી બધી જ પ્રવૃતિઓ નિરાશાજનક, ખોટ કરતી અને ભ્રષ્ટાચારથી ભરેલી હોય છે. જેના સારા પરિણામો કયાંય જોવા મળતા નથી. પરંતુ હકીકતમાં સરકાર દ્વારા ચાલતી આ સંસ્થાઓનો અભ્યાસ કરતા મને સરકારના સુંદર પ્રયત્નો જોવા મળ્યા છે. જેની ચર્ચા મેં મારા પ્રસ્તુત શોધનિબંધમાં વિસ્તારથી કરી છે.

આ સંસ્થાઓની ગઈકાલ તપાસતા, વર્તમાનને મુલવતાં અને તેના આધારે આવતીકાલ માટે સુચનો કરવા પ્રસ્તુત શોધ નિબંધમાં મેં નમ્ર પ્રયાસ કર્યો છે.

સમાજ સુરક્ષાના પ્રત્યક્ષ માર્ગદર્શન નીચે માનવતાના ઝરણા સમાન સરકાર દ્વારા ચાલતી આ સંસ્થાઓની સેવાકીય, વહીવટી અને આર્થિક વ્યવસ્થા ઘણી સુંદર માલુમ પડી છે. આ સંસ્થાઓની સુંદર માનવીય સેવા તરફ સમાજ જીવંત જાગૃતિ બતાવ રહ્યો છે જે પ્રસંશનીય ગણી શકાય.

સામાજિક તદુંરસ્તી તરફ સરકારે જે જીવંત જાગૃતિ બતાવેલ છે તેને વિવિધ સ્તરે મુલવવી જરૂરી છે. પરંતુ સમાજમાં ઉદ્‌ભવતા પ્રશ્નો માટે વિચારીએ તો માનવી કયાં ઉભો છે અને સામાજિક સમસ્યા નિવારણ માટે માનવી અને સમાજની કેટલી ફરજો છે તે વિચારવું જરૂરી જણાય છે.

ઔદ્યોગિકકરણ અને નગર વિકાસનાં દુષિત પરિણામ સ્વરૂપ વિભકત કુંટુંબો વધતા વર્ષોથી ચાલી આવતી સામાજિક સમસ્યાઓએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. પરંતુ સાથે સાથે વૈજ્ઞાનિક સંશોધનોએ વર્તમાન યુગમાં માનસિક, શારીરિક સમસ્યાઓને હળવી બનાવી છે તેવુ આ સંસ્થાઓના અભ્યાસ દરમ્યાન જોવા મળ્યું છે. એક સમયે શારીરિક કે માનસિક ખોડવાળા બાળકો સમાજ અને

કુટુંબ માટે બોજારૂપ અને અભિશાપ રૂપ ગણાતા હતા. પરંતુ તેના સ્થાને કુટુંબ અને સમાજનો બોજો સરકારે ઉપાડી સરકારે સમાજનો ભાર હળવો બનાવ્યો છે.

અપંગ બાળગૃહમાં પ્રવેશ લેતા બાળકો સામાન્ય રીતે ગરીબ અને અસહાય સમાજમાંથી આવે છે તેવું જોવા મળ્યું છે. આવા બાળકોના શિક્ષણ, તાલીમ વગેરે તરફ પુરતું લક્ષ્ય આપવું અત્યંત જરૂરી છે. તેમનો તબીબી ખર્ચ તથા અન્ય ખર્ચ હવે સરકાર ભોગવે છે. તદ્ઉપરાંત આવા અપંગ બાળકો નિઃસહાય નથી પણ સમાજના અન્ય તદુરસ્ત બાળકો કરતા તે પાછળ નથી તેવું માનસિક પ્રોત્સાહન આ સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે. વર્તમાન યુગમા તબીબી સુવિધા ઘણી જ ખર્ચાળ છે ત્યારે જરૂરીયાતના સંજોગોમાં ઓપરેશન દ્વારા કે માનસિક રોગના ડોકટર દ્વારા તેમનામાં ઉભી થયેલ શારીરીક, માનસિક કે અન્ય ક્ષતિ સાથે સાથે બાળકોમાં રહેલી લઘુતાગ્રંથી દુર કરી સમાજને તંદુરસ્ત નાગરિક આપવાનો ભગીરથ પ્રયાસ આ સંસ્થા દ્વારા સરકાર કરે છે.

સમાજ સુરક્ષા વિભાગ અંતગર્ત આવેલી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરી પણ પ્રસંશનીય છે. મંદ બુધ્ધિના બાળકોના માનસિક સ્તરમાં કોઈપણ પ્રકારની તબીબી ઈલાજથી સુધારણા શકય નથી. તેથી આવાં બાળકોને વિવિધ પ્રકારના સુચનોનું સતત માર્ગદર્શન તથા રીપીટેશન મેથડથી તાલિમ બધ્ધ કરવામાં આવે છે સાથે સાથે બાળક પોતાના રોજીંદા કર્યા પોતે કરી શકે તેનું શિક્ષણ આપવામાં આવે છે. અને જો બાળક નિરાધાર હોય તો તેને જીંવત પર્યત સાચવવાની ફરજ પણ આ સંસ્થા ઉપાડે છે જે ઘણી જહેમત માગી લે તેવી બાબત છે. આ રીતે સરકારનું સમાજ કલ્યાણ તરફ આ એક અત્યંત ઉમદા પગલું મને જણાયું છે. આ સંસ્થાઓના સર્વાંગી અભ્યાસ પછી આ બધી જ સંસ્થાઓની પ્રવૃતિઓને જુદા જુદા ત્રણ વિભાગોમાં મુલવવા પ્રયત્ન કર્યો છે. તેમાં સંસ્થાનું પ્રદાન, સંસ્થાની મર્યાદાઓ

અને જરૂર જણાય છે ત્યાં અભ્યાસ દરમિયાન સુચારૂ સંચાલન માટે અને સંસ્થાની કામગીરીને વધુ સારી બનાવવા માટે શું ખુટે છે તે દર્શાવવા પણ પ્રયત્ન કર્યો છે જેના ત્રણ વિભાગ પાડયા છે.

**૧) સૌરાષ્ટ્રની સંસ્થાઓનું યોગદાન**
**૨) સૌરાષ્ટ્રની સંસ્થાઓની મર્યાદાઓ**
**૩) સૌરાષ્ટ્રની સંસ્થાઓને વધુ બહેતર બનાવવા માટેના સુચનો**

## સૌરાષ્ટ્રની સંસ્થાઓનું યોગદાન :

સૌરાષ્ટ્રની સંસ્થાઓનું કાર્ય એ ભારતીય સંસ્કૃતિના પાયાના સિધ્ધાંતો જેવા કે સેવા અને સમર્પણ, અન્યોના દુઃખ પ્રત્યે સહાનુભુતિ, પરોપકાર જેવા ઉમદા ઉદેશો સાથે જોડાયેલું છે. ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આ ભારતમાં આ સેવા કાર્ય પ્રાચીન સમયથી થતુ આવ્યું છે. પરંતુ તેમના માધ્યમો બદલાતા રહેલા છે.

સૌરાષ્ટ્રની સંસ્થાઓના કાર્યના સંદર્ભમાં જોઈએ તો સમાજમાંથી તરછોડાયેલા વર્ગના બાળકો, અપંગ બાળકો, માનસિક રીતે દુર્બળ બાળકોનું સમાજમાં પુનઃ સ્થાપન કરવા માટેના વિકાસના પંથે કે કેડીએ ચાલીને કાર્ય કરતી આ સંસ્થાઓ છે. આ સંસ્થાઓ સમાજના આવા માનસીક કે શારીરીક રીતે અપંગ બાળકો તથા સમાજના નિયમથી વિરુધ્ધ ભુલા પડેલા યુવાનોના સાચા રાહબર બનીને તેમને સમાજમાં પુનઃ સ્થાપિત કરવાનુ ઉમદા કાર્ય કરી રહેલ છે.

અપંગ બાળકો કે જે પોતાના મા–બાપની આર્થિક નબળી પરિસ્થિતીને કારણે તથા ગામડાઓમાં રહેતા હોવાથી શાળાકીય શિક્ષણ મેળવવા માટે અસમર્થ બનેલા છે તેવા બાળકોને સંસ્થામાં પ્રવેશ આપી તેમની શૈક્ષણિક જરૂરીયાત તથા મેડીકલ સારવાર પુરી પાડી તેમને પોતાના પગ પર ઉભા કરવા માટેનો અથાગ પ્રયત્ન આ અપંગ બાળગૃહ, રાજકોટ સૌરાષ્ટ્ર ની સંસ્થા કરી રહેલ છે.

આ સંસ્થા દ્વારા બાળકને માનસિક પ્રોત્સાહન મળી રહે તેવી ખેલકુદની પ્રવૃતિઓ પણ કરાવાય છે. એક સંપુર્ણ સ્વસ્થ બાળક જે રમતો રમી શકે તેવી રમતોની સ્પર્ધા દ્વારા સંસ્થા બાળકોને એવુ માનસિક પ્રોત્સાહન આપે છે કે તમો પણ આ બાળકો જેટલા જ સક્ષમ છો તમો પણ આ બધી જ પ્રવૃતિ કરી શકો છો આ બળ બાળકોને મળતા તેમના વિકાસને વેગ મળે છે તેમ કહીએ તો તે વધારે પડતું નથી.

અપંગ બાળગૃહ રાજકોટની સંસ્થામાં કુલ ૩૯૮ બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે. જેમાંથી જરૂરીયાતમંદ ૨૧ બાળકોના ઓપરેશન કરવામાં આવેલ છે. આ સવલતની સામે રાજય સરકાર દ્વારા લગભગ સરેરાશ દર વર્ષે ૧૦ થી ૧૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ નિભાવ પેટે આપવામાં આવે છે.

માનસિક રીતે ક્ષતિગ્રસ્ત બાળકો કે જેના મનોવલણોને ધ્યાને આ મંદબુધ્ધિની સંસ્થામાં તેમની પાસે રીપીટેશનની મેથડ દ્વારા જીવન જરૂરી કાર્ય પ્રણાલીનું કાર્ય શીખવવાનો પ્રયત્ન કરાવવામાં આવે છે. અક્ષરજ્ઞાન (અંકજ્ઞાન) મેળવી શકે તે માટે શિક્ષકો સતત પ્રયત્નશીલ હોય છે. તો વણાટકામ જેવા કાર્ય દ્વારા માનસિક એકાગ્રતાનો મંદબુધ્ધિના બાળકમાં વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે અને તેમને પુનઃ સ્થાપનની પ્રવૃતિમાં લગાડવામાં આવે છે. આવા બાળકોની પરિસ્થિતી

ગાંડપણમાં ન ખપી જાય તેનો મહતમ ખ્યાલ રાખીને તેઓને બગીચાને પાણી પાવું, કપડા ધોવડાવવા, સાફ સફાઈ જેવા કાર્યોમાં નિરીક્ષણ હેઠળ મુકવામાં આવે છે.

ભાવનગરની "અંકુર" મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં તો આવી વિકલાંગતા ધરાવતા બાળકોના માતાપિતાને પણ ટ્રેનીંગ આપવામાં આવે છે જેથી તે પોતે બાળકની સમસ્યાઓ સમજી શકે અને બને ત્યાં સુધી તેનું નિવારણ કરી શકે.

માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, રાજકોટમાં સ્થાપનાથી માંડીને તા. ૩૧–૩–૨૦૦૧ સુધીમાં ૯૪૮ બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે. જેની સામે સરકાર દ્વારા સંસ્થામાં કુલ ૧૯ વ્યકિતઓનું મહેકમ મંજુર થયેલ છે અને સરકાર દ્વારા વાર્ષિક આશરે બે લાખ રૂપિયાની ગ્રાન્ટ દર વર્ષે મંજુર કરવામાં આવે છે. શ્રી ડી. જી. પાઠક સ્કુલ ફોર મેન્ટલી રીટાર્ડેડ, જુનાગઢ મંગલમુર્તિ વિકાસ ટ્રસ્ટ દ્વારા ચાલતી સ્વૈચ્છિક સંસ્થા છે. જેમાં આશરે ૩૫ જેટલા મંદબુધ્ધિના બાળકો તાલિમબધ્ધ થઈ રહયા છે. આ સંસ્થા સંપૂર્ણપણે સ્વૈચ્છિક સંસ્થા છે. ભાવનગરની "અંકુર" મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સરેરાશ ૫૦ વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહયા છે. સમાજ સુરક્ષા ખાતા અમદાવાદ તરફથી ૭૫ લાભાર્થીઓની સંખ્યા મંજુર થયેલ છે જે પૈકી ૧૯૯૯ ના વર્ષને બાદ કરતા સંખ્યા મર્યાદા દરેક વર્ષમાં ઓછી છે.

ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, રાજકોટ સંસ્થામાં ભિક્ષુકોના પુનઃ સ્થાપન માટેના તમામ પ્રયત્નો કરવામાં આવે છે. તેમને અક્ષરજ્ઞાન, ઉદ્યોગ શિક્ષકો દ્વારા વણાટ કામ સુથારીકામ જેવુ વ્યવસાયલક્ષી જ્ઞાન આપવામાં આવે છે. એટલું જ નહી પરંતુ સંસ્થા માંથી જયારે છુટા કરવામાં આવે છે ત્યારે યોગ્ય ધંધા રોજગાર માટે

સરકારશ્રી તરફથી આર્થિક સહાય પણ આપવામાં આવે છે.

ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર સંસ્થાની જરૂરીયાત મુજબ કુલ ૩૩ નું મહેકમ મંજુર થયેલ હતું. પરંતુ સરકારની કરકસરના અંતે માત્ર ૮ સરકારી કર્મચારી હાલમાં ફરજ પર છે. ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, રાજકોટમાં ઈ.સ. ૨૦૦૦ સુધીમાં ૧૦૮૬ ભિક્ષુકોને પ્રવેશ આપવામાં આવેલ છે. આ સંસ્થાનો સરેરાશ વાર્ષિક ખર્ચ રૂપિયા એક લાખથી ૧,૨૫,૦૦૦ જેટલો છે. આ સંસ્થાની આર્થિક બાબતની એક ખાસિયત એ છે કે કુલ ખર્ચના ૫૦% ખર્ચ સરકારશ્રીના નિયમ અનુસાર કોર્પોરેશને તેમની ગ્રાન્ટમાંથી ચૂકવવાનો રહે છે. ભિક્ષુક સ્વીકાર કેન્દ્રમાંથી તાલીમ આપીને રજા અપાયેલ વ્યકિતને સ્વનિર્ભર બનવા માટે અધિક્ષકની ભલામણ અનુસાર વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. રમેશભાઈ નામનો એક ભિક્ષુક હાલમાં પણ મહાત્મા ગાંધી છાત્રાલય રાજકોટમાં છાત્રાલયના રસોડામાં રોજમદાર નોકરી તરીકે નોકરી કરે છે. તો કેટલાક અન્ય ભિક્ષુકો સરકારી સહાય મેળવીને નાના મોટા છુટક ધંધાઓ કરે છે.

ઓબ્ઝર્વેશ હોમ, સ્પેશ્યલ હોમ ફોર બોયઝ અને સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ માં સંસ્થામાં સમાજમાંથી તિરસ્કૃત તરછોડાયેલ અનાથ બાળકોને આશ્રય આપીને તેઓ પણ આ સભ્ય સમાજના એક નાગરિક બની શકે તે પ્રકારની તમામ તાલીમ તથા શૈક્ષણીક મેડીકલ સવલતો આપીને સમાજમાં એક સ્વસ્થ અંગત તરીકે ઉભા રહેવા સક્ષમ બનાવવામાં આવે છે.

ઓબ્ઝર્વેશન હોમમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન કુલ ૩૧૫ બિનગુનેગાર બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે અને કુલ ૨૪૨ ગુનેગાર બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે. સ્પેશ્યલ હોમ ફોર બોયઝમાં ઈ.સ. ૧૯૯૫ થી ૨૦૦૦ સુધીમાં

૩૯૮ બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે. સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સમાં છેલ્લા દશ વર્ષમાં ૨૧૭ બિનગુનેગાર બાળાઓને પ્રવેશ આપવામાં આવેલ છે. કુલ ૫૪ ગુનેગાર બાળાઓને આ સમય દરમિયાન પ્રવેશ આપવામાં આવેલ છે.

"સ્ટેટ હોમ ફોર મેન " સંસ્થામાં બાળક પુખ્ત ઉમરનું થાય છે ત્યાર પછી જે અનાથ છે. જેને કોઈ ઘર નથી તેમને રહેવા માટેની સવલત આપી ધંધા– રોજગાર શોધી અપાવવા સુધીનું કાર્ય કરવામાં આવે છે. તેમને રહેઠાણની સાથોસાથ ભોજનની સવલત પણ આવે છે. આ ઉપરાંત સમાજમાં સુસંસ્કૃત નાગરિક બની જીવી શકે તેવા યુવાનોના લગ્ન પણ સંસ્થાની સહાયથી કરાવી આપવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ ગૃહસ્થ જીવનના પ્રારંભ માટે રૂા.૫૦૦૦/– રોકડા તેમજ રૂા.૫૦૦૦/– ની ઘરઉપયોગી વસ્તુઓ સહાય તરીકે આપવામાં આવે છે.

"સ્ટેટ હોમ ફોર મેન" સંસ્થામાં કુલ ૮ વ્યકિતઓનું મહેકમ મંજુર થયેલ છે. આ સંસ્થામાં નિભાવ ખર્ચ પેટે વાર્ષિક આશરે ૩,૦૦,૦૦૦ રૂપિયાની ગ્રાન્ટ સરકારશ્રી તરફથી મંજુર કરવામાં આવેલ છે. આ સંસ્થામાં અંતેવાસીઓના પુનઃસ્થાપન માટે ૧૯૯૬ માં ૧.૨૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા જયારે ૧૯૯૭ માં ૪૫૦૦૦ ચૂકવવામાં આવેલ હતા. લાભાર્થીઓની સંખ્ય ક્રમશઃ ૩૮ અને ૯ હતી. ત્યારબાદ ૨૦૦૦ સુધીમાં આવી કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી. સંસ્થા દ્વારા સ્થાપનાથી માંડીને ડીસેમ્બર ૨૦૦૦ સુધીમાં કુલ ૧૦ અંતેવાસી યુવાનોના લગ્ન કરાવી આપીને સમાજમાં સ્વસ્થ નાગરિક તરીકે સ્થાપિત કરવામાં આવેલ છે. કુલ ૪૦ અંતેવાસીઓને કોઠારીયા ગામ પાસે હાઉસીંગ બોર્ડના કવાટરની નાણાંકીય સહાય સંસ્થા તરફથી ચૂકવવામાં આવેલ છે. જે સાબિત કરે છે કે આ સંસ્થા લાભાર્થીઓને સ્વસ્થ સમાજના નાગરિક બનવાની તક પૂરી પાડે છે.

ભાવનગરની પી.એન.આર. સોસાયટી દ્વારા સંચાલીત અંધ શાળામાં આધુનિક યુગને તાલ મેળવતા પ્રજ્ઞાચક્ષુઓ કોમ્પ્યુટર પર કામ કરી રહેલ છે. આ બાબત ન જાણતા જનસમુદાય માટે આશ્ચર્યજનક છે. આ હકિકત  સંસ્થામાં રહેલી બ્રેઈલ લાયબ્રેરી જે સૌરાષ્ટ્રની ઉચ્ચકક્ષાની લાયબ્રેરી છે. આ લાયબ્રેરીની મદદથી ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરી શકયા છે અહીંના વિદ્યાર્થીઓએ રાજય કક્ષાએ તથા  રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સિધ્ધિ મેળવેલ છે. પોરબંદરની શ્રી ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળમાં તૈયાર થઈને ઘણા બધા અંધવિદ્યાર્થીઓને જીવનનો સાચો રાહ સાંપડયો છે.

રાજકોટની શ્રી વૃજલાલ દુર્લભજી પારેખ અંધ મહિલા ગૃહની સંસ્થા સમગ્ર સૌરાષ્ટ્રમાં રહેલી અંધ બહેનોને શીતળ છાયા આપે છે અને પગભર થવામાં સહાયરૂપ થાય છે.  છેલ્લા પાંચ વર્ષ દરમિયાન આ સંસ્થામાં ૮૬૬ બહેનોને પ્રવેશ આપવામાં આવેલ છે.  જેની સામે સમાજ સુરક્ષા ખાતા તરફથી વાર્ષિક ૧ થી ૧.૨૦ લાખની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.  ગ્રાન્ટથી થયેલ વધારે ખર્ચ સંસ્થા પોતે ભોગવે છે.

જુનાગઢની એમ. પી. શાહ સરકારી અંધશાળામાં ૬ થી ૧૬ વર્ષની ઉમરના બાળકોને પ્રવેશ આપીને ધો. ૧ થી ૭ સુધીનું જ્ઞાન આપવામાં આવે છે.  આ શાળામાં વિદ્યાર્થીઓને સમાજ સુરક્ષાની મંજુરી મુજબ ૫૦ વિદ્યાર્થીઓને છાત્રાલય માટે પ્રવેશ મર્યાદા છે.  સંસ્થામાં રહીને અભ્યાસ કરી રહેલ અંતેવાસીઓમાંથી ૧૪ બાળકો **IPCL** કંપનીમાં કામ કરે છે.  આ સંસ્થાના વિદ્યાર્થીઓમાંથી અમુક વિદ્યાર્થીઓ ફીઝીયોથેરાપીસ્ટ તરીકે પણ કામ કરી રહેલ છે.

જુનાગઢની સરકારી બહેરામુંગા શાળા, જુનાગઢ જીલ્લા તેમજ આજુબાજુના અન્ય જીલ્લાઓ માટે આવી અપંગતા ધરાવતા બાળકો માટેની એક માત્ર સંસ્થા છે.

તેમનું ભવ્ય ઐતિહાસીક આવાસગૃહ બાળકો માટે મોકળાશભર્યુ વાતાવરણ પુરુ પાડે છે. ભાવનગરની કે. એલ. ઈન્સ્ટીટયુટ ફોર ડેફ સંસ્થાની વ્યવસ્થા અને કાર્ય ખરેખર પ્રસંશનીય છે. બાળકોના વર્ગખંડ, લાયબ્રેરી તેમજ ઓડીયોલોજી વિભાગ તેમની તબીબી સારવારના રૂપે એક અનોખી છાપ છોડી જાય છે. આ સંસ્થાનું સંપુર્ણ મકાન અદભુત છે. સંસ્થા દ્વારા ચલાવતા તાલીમ કોર્ષથી વિદ્યાર્થી પગભર થાય છે.

વિરાણી બહેરા મુંગા શાળા રાજકોટમાં વિદ્યાર્થી એસ.એસ.સી. સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે છે. ૩ બાળકોથી શરૂ થયેલ આ શાળા આજે ૩૦૦ ની સંખ્યાએ પહોંચી ચુકી છે. આ સંસ્થામાં અપાતુ શિક્ષણ સામાન્ય બાળક કરતા જુદા જ પ્રકારનું છે. આથી પરિશ્રમ અને કાળજી માંગી લે છે. શાળામાં આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિ તથા ઈલેકટ્રોનીક સાધનો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

ભાવનગર બહેરામુંગા શાળાના કુલ ૪ વિદ્યાર્થીઓ તાલીમ મેળવી કોમ્પ્યુટર વિભાગમાં, સીવણ વિભાગમાં, પ્રિન્ટીંગ વિભાગમાં અને ફોટોગ્રાફી વિભાગમાં કામ કરી રહયા છે.

સરકારી બહેરા મુંગા શાળા, જુનાગઢમાં સરકારી મર્યાદા પ્રમાણે ૧૫૦ ની છાત્રાલય પ્રવેશ મર્યાદામાં પ્રવેશ આપવામાં આવે છે. આ સંસ્થા દ્વારા તાલીમ આપ્યા બાદ વિદ્યાર્થીઓના લગ્ન કરાવી આપવા સુધીની ફરજ બજાવવામાં આવે છે.

ભાવનગરની પી.એન.આર. સોસાયટી દ્વારા પોલીયો નાબુદી માટે અભિયાન ચલાવવામાં આવેલ છે. આ સોસાયટીએ લગભગ સમગ્ર ભાવનગર જીલ્લાને પોલીયો મુકત કરેલ છે. અસંખ્ય ઓપરેશનો કરીને દર્દીને ચાલતા કરેલા છે. તેમનું કુત્રિમ સાધનો અને અવયવોનું વર્કશોપ અસંખ્ય અપંગોને ચાલવામાં

મદદરૂપ નીવડયુ છે. આ સંસ્થાની બેનમુન કાર્યશૈલીથી પ્રભાવીત બનેલ લંડનની ઈમ્પેકટ ફાઉન્ડેશન સંસ્થાએ આ સંસ્થાને મદદરૂપ થવા માટે જોડાણ કર્યું છે એ તેમની અનેરી સિધ્ધિ છે અને જે આ સંસ્થાની કામગીરીની સચોટતા બતાવે છે.

પી.એન.આર. સોસાયટી, ભાવનગર અને ઈમ્પેકટ ફાઉન્ડેશન, લંડનને સંયુકત રીતે સમગ્ર ભારતમાં ૪૫૦ વધુ પોલીયો ઓપરેશન કેમ્પ કરી ૨,૦૦,૦૦૦ વધુ દર્દીઓને તપાસી ૯૦,૦૦૦ જેટલા ઓપરેશન સફળતાપૂર્વક કરેલ છે.

AT & T ટેકનોલોજી પાર્ક, ભાવનગરની સંસ્થા વિકલાંગો માટે કોમ્પ્યુટર શિક્ષણ પુરુ પાડે છે અને તેમના કોર્ષથી તેમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીને સારી કારકીર્દી અને ઉચ્ચ ભવિષ્ય મળેલ છે. આ સંસ્થાને AT & T ફાઉન્ડેશન USA તરફથી ભારતમાં સૌ પ્રથમ ભાવનગરના ટેકનોલોજી પાર્ક ફોર ધી ડિસેબલ્ડને રૂા. ૨૫ લાખનું અનુદાન મળેલ છે. સંસ્થાના કુલ ૨૮ વિદ્યાર્થીઓમાંથી ૨૩ વિદ્યાર્થીએ સફળતાપૂર્વક ટ્રેનીંગ પસાર કરેલ છે. આ ૨૩ વિદ્યાર્થીઓમાંથી ૧૩ વિદ્યાર્થીઓને નોકરી મળેલ છે.

અંધજન તાલીમ કેન્દ્ર, અમરેલીની સંસ્થામાં સંસ્થાનો મૂળભૂત હેતુ પ્રજ્ઞાચક્ષુઓને પુર્નવસન કરાવવાનો છે. કુલ ૧૨૫ ની પ્રવેશ મર્યાદામાં કોઈપણ જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર ૧૮ થી ૨૩ વર્ષના પ્રજ્ઞાચક્ષુઓને સંસ્થામાં પ્રવેશ આપવામાં આવે છે. જે માટે કુલ ૧૯ વ્યકિતઓનું મહેકમ મંજુર થયેલ છે. કુલ જગ્યાના ખર્ચની ૧૦૦% ટકા રકમ સમાજ સુરક્ષા ખાતા ગુજરાત દ્વારા ચૂકવવામાં આવે છે. અનુદાન સિવાય ઘટતી રકમ ટ્રસ્ટ ભોગવે છે. સંસ્થામાં અભ્યાસ કરીને નોકરી કરતા કુલ ૫૭ અંધ શિક્ષકોના સંસ્થા દ્વારા લગ્ન કરાવી આપવામાં આવેલ છે. સંસ્થાની સિધ્ધિ એ છે કે ૧૯૯૬ નો શ્રેષ્ઠ નોકરીદાતાનો ગુજરાત સરકારનો એવોર્ડ આ સંસ્થાને પ્રાપ્ત

થયેલ છે.

જિલ્લા પુનર્વસન કેન્દ્ર રાજકોટ અને જામનગર સંપૂર્ણપણે સહકારી સંસ્થા છે. જેને માટે ૮ વ્યકિતના મહેકમની ભારત સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. આ પુનર્વસન કેન્દ્રમાં શારિરીક અપંગ, માનસિક વિકલાંગ અને બધીર વ્યકિતઓને સારવાર તેમજ તાલીમ આપવામાં આવે છે. પ્રિ સ્કુલ કલાસીસ અને વોકેશનલ ટ્રેનીંગ જેવી કામગીરી આ સરકારી સંસ્થામાં કરાવવામાં આવે છે.

આમ સૌરાષ્ટ્રની આ સંસ્થાઓ સેવાકીય પ્રવૃતિઓમાં આગવું સ્થાન ધરાવે છે. તેનો ખ્યાલ ઉપર દર્શાવેલ યોગદાનની વિગતો ઉપરથી આવે છે. સૌરાષ્ટ્રની આ સંસ્થાઓ આપણા ભવ્ય ભુતકાળની સામાજિક સેવા પ્રવૃતિની ઘરોહર છે.

## : સૌરાષ્ટ્રની સંસ્થાઓની મર્યાદાઓ :

ગુજરાત સરકાર દ્વારા ચાલતી સૌરાષ્ટ્રની આ સંસ્થાઓ સમાજના તરછોડાયેલા, તિરસ્કૃત અને દુર્બળ લોકોના પુનર્વસનનું ઉમદા કાર્ય કરી રહી છે. છતા તેમાં કેટલીક મર્યાદાઓ જોવા મળે છે. કોઈ પણ સંસ્થાની મર્યાદાનું મુલ્યાંકન તે સંસ્થાની પ્રગતિની સીડી છે. આ ઉમદા સત્યને સ્વીકારીને સૌરાષ્ટ્રની સંસ્થાની મર્યાદાઓ તરફ અંગુલી નિદેશ કરવાનું મન થાય છે.

૧. અપંગ બાળગૃહ સૌરાષ્ટ્ર એ માત્ર છોકરાઓની સંસ્થા છે. ગુજરાતભરમાં માત્ર બે જ આવી અપંગ બાળ ગૃહ સંસ્થાઓ છે તેમાંની એક આ સંસ્થા એક છે. પરંતુ સૌરાષ્ટ્રમાં માત્ર છોકરાઓ માટેની જ સંસ્થા છે જેથી સૌરાષ્ટ્રની

અપંગ બાળાઓ આ સંસ્થામાં રહેલા ઉમદા હેતુથી વંચીત રહી જાય છે. જેટલી સમસ્યા છોકરાઓના પુનઃસ્થાપનની સમાજમાં રહેલી છે તેટલી જ છોકરીઓ માટે પણ રહેલી જ છે પરંતુ આવી સરકારી સંસ્થા કન્યાઓ માટેની સૌરાષ્ટ્ર આખામાં એક પણ નથી.

આ જ રીતે માનસીક ક્ષતિવાળા બાળકોનું ગૃહ રાજકોટ તેમજ ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર રાજકોટ બન્ને સંસ્થાઓ માત્ર બાળકો અને પુરૂષો માટેની જ છે. આવી સંસ્થાઓ કન્યાઓ કે મહિલાઓ માટેની સૌરાષ્ટ્રમાં નથી. જેથી સૌરાષ્ટ્રમાં માનસિક ક્ષતિવાળી બાળા અને મહિલા ભિક્ષુકને સમાજમાં પુનઃ સ્થાપિત કરવાનું ધ્યેય સિધ્ધ થતુ નથી.

જુનાગઢ જિલ્લામાં માત્ર જુનાગઢ ખાતે જ સરકારી બહેરામુંગા શાળા આવેલી છે. આવી સરકારી કે સ્વૈચ્છિક બીજી કોઈ સંસ્થા અમરેલી અને પોરબંદરના તેમના નજીકના જિલ્લાઓમાં નથી જેથી પ્રવેશ મર્યાદા કરતા પણ વધારે પ્રવેશ આ સંસ્થામાં બાળકોને આપવામાં આવે છે

૨. અપંગ બાળ ગૃહ રાજકોટ ખાતે છેલ્લા ઘણા સમયથી અપંગ બાળકોના ઓપરેશન થયેલ નથી તે બાબતનું સંશોધન કરતા જાણવા મળેલ છે કે ઓપરેશન પછી પુરી પાડવી પડતી મેડીકલ સવલત આપવામાં સંસ્થા નબળી પડી છે સંસ્થામાં જે છેલ્લા ઓપરેશન થયેલ તેમાં ઓપરેશન બાદ મળવી જોઈતી મેડીકલ સવલત જેવી કે કેલીપર્સ, કસરત વગેરે આપવામાં સંસ્થા દ્વારા ઢીલ થઈ છે. જેથી ઓપરેશન બાદ મળવું જોઈએ તેટલું પરિણામ પ્રાપ્ત થઈ શકેલ નથી. એમ માનદ ઓર્થો. સર્જન **(VMO)** સાથેની રૂબરૂ મુલાકાતમાં જણાયેલ છે.

૩ અપંગ બાળગૃહ, રાજકોટનું નવું આવાસગૃહ ૧.૨૭ કરોડના ખર્ચે બંધાયેલુ છે. આ સંસ્થાના માનદ ડોકટર સાથે રૂબરૂ વાતચિત દરમ્યાન સંશોધકને જણાયુ છે કે VMO સાહેબના તબીબી દ્રષ્ટીકોણના સુચનોનો લાભ લેવામાં આ સંસ્થા નિષ્ફળ નીવડી છે. ઓર્થો. ડોકટર સાહેબ સાથે બાળકોના આવાસ અને મેડીકલ ટ્રીટમેન્ટ માટેના અલગ વિભાગ બાબતે કોઈ જ ચર્ચા વિચારણા સરકારશ્રી તરફથી કરવામાં આવેલ નથી. જેના પરિણામે સંસ્થાના નવા આવાસમાં તબીબી સારવારનો, શિક્ષણનો અલગ વિભાગ બનાવવામાં આવેલ નથી. પરંતુ એક જ આવાસમાં રહેઠાણ, શિક્ષણ અને મેડીકલ સારવાર બધા જ વિભાગોનો સમાવેશ કરવામાં આવેલ છે. સંશોધકને સખેદ નોંધવુ પડે છે કે નવા બંધાયેલા આવાસમાં VMO સાહેબના તબીબી વિભાગને લગતા સુચનો લેવામાં સંસ્થા નિષ્ફળ નીવડી છે.

૪. માનસિક ક્ષતિવાળા બાળકોનું ગ્રુહ, રાજકોટ સંસ્થામાં સંસ્થાની રૂબરૂ મુલાકાતો દરમ્યાન સંશોધકને એવું ધ્યાનમાં આવેલ છે કે અંતેવાસીઓ યુનિફોર્મ વગર મેદાનમાં ખેલકુદના સમય દરમ્યાન તેમની દૈનિક ક્રિયાઓ કરતા જોવા મળે છે સંસ્થાની વહીવટી નબળાઈ ગણી શકાય. વિશ્વ અપંગ દિનના દિવસે બાળકોને જયારે બાલ ફિલ્મ જોવા લઈ જવામાં આવતા હતા તે સમયની સંશોધનની મુલાકાતમાં અંતેવાસીઓ વેલડ્રેસમાં જોવા મળેલ.

૫. "સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ" સંસ્થામાં બાળાઓ નવરાશના સમયમાં મેદાનમાં નિષ્ક્રીય રીતે ટહેલતી સંસ્થાની સંશોધકની વારંવારની મુલાકાતો દરમ્યાન જોવા મળેલ. બાળાઓના નવરાશના સમયનો સદ્ઉપયોગ કરવામાં સંસ્થા નબળી સાબિત થઈ છે તેવુ જણાય છે. આ બાળાઓના

અભ્યાસના પ્રગતિના અહેવાલો તપાસતા તેઓને અભ્યાસમાં ખુબ જ ઓછો રસ હોવાનું જાણવા મળેલ છે એમનું કારણ સંશોધક દ્વારા તપાસતા અધિક્ષક મેડમ તેમજ તાલીમ શિક્ષક દ્વારા જાણવા મળેલ કે આ બાળાઓ જે માહોલમાંથી આવે છે તેમાં અભ્યાસનું મહત્વ ખુબજ ઓછું હોય છે. પરિણામે વર્તમાન પરિસ્થિતિમાં પણ તેઓ અભ્યાસમાં ધ્યાન આપવા માટે નબળા સાબીત થાય છે. ટુંકમાં શિક્ષણ પ્રત્યે બાળાઓમાં કોઈ જ પ્રકારનો હકારાત્મક અભિગમ કેળવવા માટે મોટાભાગના કેસોમાં પ્રયત્ન થતો જોવા મળ્યો નથી.

સંશોધકનું આ બાબતે માનવું છે કે આ મર્યાદા માટે સમાજ પોતે જવાબદાર છે. કેમકે અધિકારી અને કર્મચારીગણ સમાજનો જ એક ભાગ છે. સરકાર દ્વારા તેમની નિયુકિત તે આવી સંસ્થાઓના ઉત્કર્ષ માટેની એક મહત્વની જવાબદારી છે. સરકાર આ માટે બનતા આર્થિક તેમજ વહીવટી બધા જ પ્રયત્નો કરે છે પરંતુ કાર્યની ફરજ બજાવવાની જવાબદારી સમાજના જ એક અંગરૂપ અધિકારી તથા કર્મચારીઓ પર રહેલી છે. તેઓ જેટલી સચોટતાથી કાર્ય કરશે તેટલું સારૂ પરિણામ સંસ્થા અને સમાજને મળશે.

૬. સરકારી સંસ્થાની આર્થિક બાબતોને તપાસતા સંશોધકને જણાયેલ છે કે સંસ્થાના અધિક્ષકશ્રીઓને સંસ્થાના આકસ્મીક ખર્ચને પહોંચી વળવા માટે માત્ર રૂા ૫૦/– રૂા. આકસ્મીક ખર્ચ પેટે સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ છે જે રકમ ખુબ જ ઓછી છે. જરૂરીયાતના યોગ્ય સમયે નાણાના અભાવે ખર્ચ કરવા માટેની સતા ન હોવાથી ખર્ચ કરવા માટે ઉપરી અધિકારી પાસેથી મંજુરી મેળવવી પડે છે અને આમ યોગ્ય સમયે નાણાના અભવે સવલત પ્રાપ્તીના પ્રયાસનું ફળ યોગ્ય પ્રમાણમાં મળી

શકતું નથી.

૭. માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ તેમજ અપંગ બાળગૃહની સંસ્થાઓને દાતાઓ તરફથી આર્થિક સહાય વસ્તુના સ્વરૂપમાં અથવા ભોજનના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. તેમના કરતા ઘણા જ ઓછા પ્રમાણમાં અન્ય સંસ્થાઓને આ સહાયનો લાભ મળે છે. સ્પેશ્યલ સ્કુલ ફોર બોયઝની સંસ્થાની બરોબરીમાં સ્પેશ્યલ સ્કુલ ફોર ગર્લ્સની સંસ્થાને વધારે પ્રમાણે સમાજમાના દાતાઓ તરફથી સગવડતા પ્રાપ્ત થાય છે. આ બાબતે સંશોધકનું માનવું છે કે બાળકોને પણ બાળાઓ જેટલું જ પ્રોત્સાહન આપીને વધારે સગવડતા આપવામાં આવે તો તેનો વિકાસ કરીને સ્વસ્થ નાગરિક તરીકે સમાજમાં ઉભા રહી શકે.

૮. સૌરાષ્ટ્રની સરકારી સંસ્થાઓમાં કરકસરના પગલા રૂપે આવશ્યક સેવાઓમાં ગણાતી જગ્યાઓ જેવી કે ફીઝીઓથેરાપીસ્ટ, નર્સ તેમજ કેસ વર્કરની અગત્યની જગ્યા ઘણા લાંબા સમયથી ખાલી રહેલ જોવા મળેલ છે.

૯. જીલ્લા પુનર્વસન કેન્દ્ર, જામનગરની સંસ્થા ગુરુગોવિંદસિંહ ઈરવિન હોસ્પીટલના રેડિયોલોજી ડીપાર્ટમેન્ટ પાછળ આવેલી છે. જેની નકારાત્મક અસર ત્યાં આવતા અંતેવાસીઓ પર ન થાય તે માટે તેમનો વિભાગ અન્યત્ર ખસેડવાની જરૂર છે. તેમ સંસ્થાના અધિક્ષકે સંશોધકને રૂબરૂ મુલાકાતમાં જણાવેલ છે.

૧૦. સૌરાષ્ટ્રની સરકારી સંસ્થાઓનો વિકાસ તેમને મળતી ગ્રાન્ટને ધ્યાનમાં લઈને જ થાય છે. સંશોધકને સખેદ નોંધવું પડે છે કે સરકારી સંસ્થાઓનો વહીવટી સ્ટાફ વિકાસના અંદાજો સફળતાપૂર્વક રજુ કરવામાં ઢીલો સાબિત

થાય છે. જેને પરિણામે સ્વૈચ્છિક સંસ્થાઓ કરતા સરકારી સંસ્થાઓ વિકાસના કાર્યોમાં પાછળ રહી જાય છે. સંશોધકની અંધજન ગુરૂકુળ પોરબંદરની રૂબરૂ મુલાકાત વખતે તેમના વડાશ્રીએ જણાવેલ કે સરકાર તો ખુબજ આપવા તૈયાર છે પરંતુ તે માટેનો સાચો, સરળ, વિકાસલક્ષી પ્રોગ્રામ આપવા માટે સક્ષમ અધિકારી / વ્યકિત જરૂરી છે.

૧૧. સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે અપંગો માટે ખાસ રોજગાર કચેરી આવેલી છે તેમાં અપંગોને નોકરી મળેલ હોય તેવા છેલ્લા ચાર વર્ષના આંકડા તપાસતા વર્ષ ૨૦૦૦ માં નોકરી મળેલ કુલ ૨૨ માંથી ૭ સ્ત્રીઓ, વર્ષ ૨૦૦૧ નોકરી મળેલ કુલ ૧૧ માંથી ૧૧ પુરુષો, વર્ષ ૨૦૦૨ માં નોકરી મળેલ કુલ ૩૬ માંથી ૨૨ સ્ત્રીઓ, વર્ષ ૨૦૦૩ માં નોકરી મળેલ ૫૭ માંથી ૨૩ સ્ત્રીઓ અને વર્ષ ૨૦૦૪ માં નોકરી મળેલ કુલ ૪૪ માંથી ૬ સ્ત્રીઓને રોજગારી મળેલ છે.

ઉપર્યુકત આંકડાઓ પરથી તારણ કાઢી શકાય કે કુલ લગભગ ૧૬૦૦ બેરોજગારોના નામ આ રોજગાર કચેરી ખાતે નોંધાયેલ છે તેની સામે અપંગોને મળેલ રોજગારીના આંકડા એ સાબિત કરે છે કે અપંગોને નોકરીની શકયતાઓ નહિંવત છે.

૧૨. તા. ૫–૧–૨૦૦૫ ના ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના અહેવાલ મુજબ છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં આશરે ૧૦.૪૫ લાખ અપંગો છે તેમના પ્રમાણમાં આવી સંસ્થાઓની સંખ્યા ઓછી છે. સામાજિક જાગૃતિના અભાવે ધનિકો તો લાભ નથી લેતા પરંતુ ગરીબીની રેખા નીચે જીવતા લોકો પણ પોતાના અપંગ સંતાનોને આવી સંસ્થામાં મોકલતા નથી તે

ઉપરથી એવું લાગે છે કે કાં તો સમાજમાં જાગૃતિનો અભાવ છે અથવા તો લોકોને સમાજ કલ્યાણના આદર્શ સાથે સંકળાયેલ આવી સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાની પ્રવૃતિમાં વિશ્વાસ નથી અથવા તો પોતાનું સંતાન ત્યાં સલામત નહીં રહે તેવો છૂપો ભય છે. આ સ્થિતિ દુર કરવા સરકાર અને તેમના કર્મચારીઓએ તથા સ્વૈચ્છિક સંસ્થાના વડાઓએ આત્મમંથન કરવું જરૂરી છે.

## : સૌરાષ્ટ્રની સંસ્થાઓ અંગેના સુચનો :

સૌરાષ્ટ્રની સંસ્થાઓનું યોગદાન અને સૌરાષ્ટ્રની સંસ્થાઓની મર્યાદાઓનો વિસ્તૃત ખ્યાલ મેળવ્યા બાદ આ શોધ નિબંધના નિષ્કર્ષ રૂપે કેટલાક અગત્યના અને નકકર સુચનો કરવાનું જરૂરી લાગે છે. આ શોધ નિબંધના લેખન માટેની યાત્રા દરમ્યાન પ્રત્યક્ષ મુલાકાતો અને અનેક દસ્તાવેજોના અભ્યાસના પરિપાક રૂપે કેટલીક મર્યાદાઓ જોવા મળે છે જે નીચે મુજબ છે.

૧. અપંગ બાળગૃહ, માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ તથા ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર તેમજ સ્ટેટ હોમ ફોર મેન જેવી સંસ્થા માત્ર છોકરાઓ કે પુરૂષો માટે છે. તેમને બદલે સૌરાષ્ટ્રના આ મોટી વસ્તીવાળા વિસ્તારમાં કન્યાઓ અને મહિલાઓ માટે પણ આવી સંસ્થાઓ શરૂ કરવી જરૂરી છે અને તે માટે સરકારશ્રી તેમજ સમાજના દાતાઓ વિચારે તે બાબત અત્યંત જરૂરી છે તેવું સંશોધકનું માનવું છે.

૨. અપંગ બાળકોના ઓપરેશન બાદ તેમને આપવી પડતી જરૂરી તબીબી સહાય તેમજ સારવાર સરકારશ્રી દ્વારા ઝડપી બનાવવામાં આવે તો

છેલ્લા વર્ષથી જે બાળકો ઓપરેશનના લાભથી વંચીત રહી ગયેલ છે તેવી પરિસ્થિતિ ફરીથી ઉપસ્થિત ન થઈ શકે.

૩. માનસિક ક્ષતિવાળા બાળકોને બની શકે ત્યા સુધી સંસ્થાની ઓળખ સાથેના યુનિફોર્મમાં જ રાખવામાં આવે તો ભાગી જવાના કિસ્સામાં કે ભુલા પડવાના કિસ્સામાં તેમને શોધવામાં કે સમાજના લોકો દ્વારા આવી સંસ્થામાં તેમને પહોંચાડવામાં સરળતા રહી શકે.

૪. સ્પેશ્યલ સ્કુલ ફોર ગર્લ્સની સંસ્થામાં બાળાઓને નવરાશના સમયમાં સાંસારિક જીવનમાં ઉપયોગી થાય તેવી રસોઈકામ જેવી પ્રવૃતિ અને સ્વરોજગારીની પ્રવૃતિમાં ઉપયોગી થાય તેવું સીવણ, નીટીંગ અને બીજા તાલીમી કોર્ષો જેવી પ્રવૃતિઓમાં સંસ્થા દ્વારા રસ લેતી કરવામાં આવે તો સભ્ય સમાજના એક ગૃહિણી તરીકેના રોલ માટે તે પરિપકવ બની શકે.

૫. સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સની સંસ્થાની બાળાઓનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરી તેમનો ઉપચાર કરી આ બાળાઓને અભ્યાસમાં રસ લેતી કરવાની તાત્કાલીક જરૂરીયાત છે એમ કહી શકાય.

૬. ભિક્ષા લેતો ભિક્ષુક જેટલો દોષિત છે તેટલો જ દોષિત ભિક્ષા આપનાર વ્યકિત છે તેમ માની અમલીકરણ થાય તો ભિક્ષા નાબુદી અભીયાનને સફળતા મળે તેમ માની શકાય.

૭. આર્થિક વ્યવહારોમાં અધિક્ષકોને આકસ્મીક ખર્ચના પ્રસંગે મંજુરીની અપેક્ષાએ ખર્ચ કરવાની છુટ આપવામાં આવે તો અપંગ બાળગૃહ

જેવી સંસ્થાઓના અંતેવાસી બાળકોને ઓપરેશન પછીની સવલતો યોગ્ય સમયે પુરી પાડી શકાય.

૮. ઓકયુપેશનલ થેરાપીસ્ટ, નર્સ, કેસ વર્કર જેવી અગત્યની જગ્યાઓ અમુક સંસ્થાઓમાં ઘણા લાંબા સમયથી ખાલી પડેલ છે તે જો સત્વરે ભરવામાં આવે તો બાળકોને આરોગ્ય તેમજ મનોવલણલના વિકાસને વેગ મળી શકે અને ઓપરેશન બાદ આપવામાં આવતી સારવારનું યોગ્ય પરિણામ મળી શકે.

૯. દાતાઓ તરફથી જે દાન ભોજનના સ્વરૂપમાં માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ તેમજ અપંગ બાળગૃહ સંસ્થાઓમાં મળી રહે છે તે માત્ર પુણ્ય કમાવવાની વૃતીથી અપાતુ દાન ન બની રહે તે જોવાની સમાજ તથા સરકારની ફરજ હોઈ શકે.

૧૦. વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ સંસ્થા પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ માટે છે. આ કન્યાઓને કુદરતે દ્રષ્ટિ આપી નથી તેથી પુખ્ત વયની કન્યાની વયની સલામતી માટે કડક વ્યવસ્થા કરવી જરૂરી છે. બિભત્સ ફીલ્મો અને ટીવીના ઉતેજક દ્રષ્યોને કારણે સામાજિક અરાજકતા અને સલામતિના પ્રશ્નો વિકરાળ બની ગયા છે. આવી સ્થિતિ વચ્ચે નેત્રહીન યુવાન મહિલાઓનું રક્ષણ જરૂરી છે. સંસ્થાએ ચોકીદારની વ્યવસ્થા કરી છે પરંતુ બંધુકધારી પોલીસની કાયમી ધોરણે સેવા લેવી જરૂરી જણાય છે.

૧૧. અપંગો માટે અનામત રખાયેલી જગ્યાઓ ખરેખર ભરાયેલી છે કે કેમ ? તેની જાણકારી આ સરકારી સંસ્થાઓએ ખાસ રાખવાની જરૂર છે સાથે સાથે

સરકારશ્રી દ્વારા પણ કડક નિયમ સાથે તેમની તપાસ જરૂરી છે.

૧૨. રોજગારીના સરકારી આંકડા મુજબ જાણી શકાય છે કે અપંગોને નોકરીની શકયતાઓ ઓછી છે તેથી સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓમાં તે લોકો સ્વરોજગારી કરીને અર્થોપાર્જન કરી શકે તેવા તાલીમી કોર્ષને અગ્રતા આ સંસ્થાઓએ આપવી જોઈએ.

૧૩. વિકલાંગો માટે જે કાયદાઓ સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવ્યા છે તેનો ચોકસાઈપુર્વક દરેક ક્ષેત્રે અમલ કરાવવાની જવાબદારી આવી સંસ્થાઓ અને જાગૃત સમાજના શીરે આવે છે.

૧૪. સામાજિક સુરક્ષાનું કાર્ય કરતી દરેક સંસ્થાએ આ બાબતની ખાસ નોંધ લેવાની રહે છે કે સમાજમાં પુણ્ય કમાવાની ભાવનાવાળા લોકો તીથી ભોજન કરાવીને સંસ્થામાં આશ્રીત બાળકોને દયામણા ન બનાવે. સમાજમાં આવા પુષ્પોની મહેકને ફેલાવતી રાખવા તેમના સ્વમાન અને ખુમારીને જાળવવાની ફરજ આવી સંસ્થાઓના શીરે રહેલી છે.

## : ઉપસંહાર :

સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષા ખાતા હેઠળ સંચાલિત સંસ્થાઓની સમાજ ઉપયોગી પ્રવૃતિના આ સંશોધનના કાર્ય દરમ્યાન આવા બાળકો અને વ્યકિતઓની નજીક જઈને તેમના જીવનમાં ડોકીયુ કરવાની જે તક મળી તેનાથી તેઓ વિશેની ઘણી જ મહત્વની જાણકારી પ્રાપ્ત થયેલ છે અને તે સમાજ સમક્ષ મુકવાનો આ નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે.

આવા અપંગ, માનસિક રીતે અસ્વસ્થ બાળકોને સવલતોની સાથે પ્રેમ, હુંફ અને સલામતીની આવશ્યકતા રહે છે. આ બધી સંસ્થાઓના અધિક્ષકો એક વડિલની જવાબદારીથી બાળકોને પ્રેમ અને હુંફનું વાતાવરણ પુરુ પાડે છે. તે જોતા તે ઘણું જ ઉમદા અને પ્રશંસનીય કાર્ય છે.

અપંગ બાળગૃહ સૌરાષ્ટ્રની સંસ્થામાં રહેલા અપંગ બાળકોને પોતાના કુટુંબના સભ્યો માનીને જ તેઓની સંસ્થાના અધિક્ષક તેમજ કર્મચારીગણ તેમને ઘર જેવું જ વાતાવરણ પુરુ પાડે છે. તેથી બાળકોની ખુમારીથી જીંદગી જીવવાની ઈચ્છા બળવતર બને છે.

બાળાઓના અને મહિલાઓના ઉધ્ધાર અને વિકાસ માટે કાર્ય કરતી સંસ્થાઓ ખરેખર સમાજમાં દિવાદાંડીરૂપ છે. કેમકે આવી સંસ્થાઓના પ્રયાસથી અંધ, અપંગ, માનસિક રીતે વિકલાંક અને બધીર બાળાઓ સમાજમાં પુનઃ સ્થાપિત થાય છે. સમાજથી તરછોડાયેલી મહિલાઓને આશ્રય આપીને આવી સંસ્થાઓ તેમને ઘર જેવું હુંફાળું વાતાવરણ પુરૂ પાડે છે અને નવું જીવન જીવવાનું પ્રેરક બળ પૂરું પાડે છે.

સૌરાષ્ટ્રની સંસ્થાઓનું સર્વાંગી મુલ્યાંકન કરતા તેમની પ્રવૃતિઓનું નકારાત્મક કરતા હકારાત્મક પરિણામ ઘણું વધારે પ્રમાણમાં જોવા મળેલ છે. તે જોતા એમ કહી શકાય કે આ સંસ્થાઓ સામાજિક સુરક્ષાની બાબતમાં દિવાદાંડી રૂપ કાર્ય કરી રહેલ છે.

# પરિશિષ્ટ

## પ્રશ્નાવલિ

પ્રેષક :
**શ્રીમતિ દક્ષા છગનભાઈ મોરીધરા**
જુનીયર કર્લાક
મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી,
રાજકોટ–૩૬૦૦૦૧.

પત્રવ્યવહારનું સરનામું :
**શ્રીમતિ દક્ષા છગનભાઈ મોરીધરા**
'અનમોલ' આદર્શ સોસાયટી –૨,
રેષકોર્સ રીંગ રોડ, પટ્રોલ પંપ પાછળ,
રાજકોટ–૩૬૦૦૦૧ (ફોન : ૨૪૭૩૨૦૯)

પ્રતિ,
આદરણીય અધિક્ષક શ્રી, –––––––––––––––––––– સંસ્થા,
માનનીય શ્રી,
નમસ્કાર

સવિનય જણાવવાનું કે, હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસ અનુસ્નાતક ભવન અંતર્ગત અને ઈતિહાસ અનુસ્નાતક ભવનના પ્રાધ્યાપક તથા અધ્યક્ષ ડો. એ. એમ કિકાણી સાહેબનાં માર્ગદર્શન હેઠળ પી. એચ. ડી.નો નિબંધ તૈયાર કરી રહેલ છું. મારા સંશોધનનો વિષય છે. "સૌરાષ્ટ્રમાં સમાજ સુરક્ષા ખાતા હેઠળની સંસ્થાઓ દ્વારા બજાવવામાં આવતી સમાજ ઉપયોગી પ્રવૃતિઓનો ઈતિહાસ અને તેની અસરો – એક અધ્યયન" મારા નિબંધના એક ભાગરૂપ આપની પાસેથી મારે કેટલીક માહિતી મેળવવાની હોય આ માહિતી મેળવવા હું પ્રશ્નાવલી ઉપકરણનો ઉપયોગ કરી રહેલ છું. આ પ્રશ્નાવલીની સઘળી વિગતો જણાવવા આપ સાહેબને નમ્ર વિનંતી છે, આપના તરફથી મળેલ માહિતીનો સંશોધન સિવાય કયાંય ઉપયોગ થશે નહી તેવી ખાત્રી ઉચ્ચારું છું.
આપશ્રીના સહયોગની અપેક્ષા સાથે, કુશળતા પ્રાર્થું છું.
આભાર સહ,

દક્ષાબેન મોરીધરા

પ્રાથમિક માહિતી :–

અધિક્ષકશ્રીનું પુરું નામ :–

આ હોદા પર કઈ સાલથી છો ? કુલ અનુભવ :

સરનામું ......................................................................................

......................................................................................................

ફોનઃ (ઓ) (ઘર)

૧ સંસ્થાનું નામ

૨ સંસ્થાની સ્થાપના કયારે થઈ ?

૩ સંસ્થાની સ્થાપના કયા સંજોગોમાં થઈ ?

૪ સંસ્થા આ મકાનમાં પહેલેથી જ છે ? હા/ના

જો ના, તો પહેલા કયાં મકાનમાં હતી ?

૫ સંસ્થાની મકાન સુવિધા યોગ્ય છે ? હા/ના

ખંડો કેટલા છે ?

વિભાગો કેટલા છે ?

વિવિધ વિભાગોના નામ આપો.

૬ સંસ્થાની સ્થાપના પૂર્વે જે તે પ્રવૃતિ (સેવાઓ) માટેની સવલતો કયાં–કયાં હતી ? કોના દ્વારા હતી ? કેવી રીતે હતી ? તે સમયની સમસ્યાઓ શું હતી ?

૭ સંસ્થાની સ્થાપનાનો મુળ હેતુ શું છે ?

૮ સંસ્થામાં કેવા પ્રકારના અંતેવાસીઓ પ્રવેશને યોગ્ય છે ?

૯ સંસ્થામાં તેમના માટે શૈક્ષણીક સવલતો કેવા પ્રકારની ઉપલબ્ધ છે ?

૧૦ સંસ્થામાં રહેવા માટે અંતેવાસીઓને કેવા પ્રકારની સવલત ઉપલબ્ધ છે ?

૧૧ અંતેવાસી બાળકો / વ્યકિત માટે મનોરંજનની શું સગવડતા ઉપલબ્ધ છે ?

૧૨ સંસ્થામાં રહેલ અંતેવાસીઓ માટે કેવા પ્રકારની તબીબી સેવાઓ ઉપલબ્ધ છે ?

૧૩ કેવા પ્રકારના શિક્ષણ દ્વારા સંસ્થામાંના અંતેવાસીનેપોતાના પગભર ઉભા રહી શકે તેવું શિક્ષણ આપવામાં આવે છે ?

૧૪ અંતેવાસીનો આત્મ વિશ્વાસ સુદઢ બને તે માટે સંસ્થા દ્વારા શું કાર્ય કરવામાં આવે છે ?

૧૫ સંસ્થામાં કુલ પ્રવેશ સંખ્યાની મહતમ મર્યાદા શું છે ?

૧૬ મેડીકલ સુવિધાનો તમામ ખર્ચ સંસ્થા પુરો પાડે છે કે કેમ ? હા/ના

૧૭ સંસ્થામાં પ્રવેશ આપેલ તેમજ સારવાર પ્રાપ્ત કરેલ કુલ કેટલા ઉમેદવારોએ વર્ષ પ્રમાણે સુવિધા પ્રાપ્ત કરી ?

૧૮ સંસ્થામાં પ્રવેશ મેળવેલા અંતેવાસીઓ પૈકી મહતમ સમાજના કયાં વર્ગમાંથી આવે છે ?

૧૯ સંસ્થામાં અંતેવાસીઓની પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવે છે કે કેમ ? હા/ના

૨૦ સંસ્થાની બહારની વ્યકિત માટેનો મુલાકાતનો સમય શું છે ?

૨૧ વહીવટી માળખા અંગેની નીચેની વિગતો આપો. જરૂરી જણાય તો અલગ પત્રક આપશો

| મંજુર થયેલ જગ્યા (હોદો) | જગ્યા ની સંખ્યા | ભરવામાં આવેલ સંખ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|

૨૨ સંસ્થામાં રહેલ સ્ટાફનું કાર્ય અને ફરજો શું છે ?

૨૩ સરકારશ્રી તરફથી કેટલી, કઈ–કઈ આર્થિક સહાય મળે છે ? તમામ પ્રકારની આર્થિક વ્યવસ્થા શું છે ?

૨૪ સંસ્થામાં દાતાઓ તરફથી કેવા પ્રકારનું દાન પ્રાપ્ત થાય છે ? રોકડ રકમની દાનમાં સ્વીકાર્યા પછીની શું વ્યવસ્થા છે ?

૨૫ સંસ્થા જો કોઈ કાનુન નીચે કામ કરતી હોય તો તેમની વિગતવાર માહિતી આપો.

૨૬. આ વિષય અંગે આપને મહત્વની અને જરૂરી લાગતી હોય તેવી કોઈ
અન્ય માહિતી

તારીખ : સહી /–

નોંધ : જો કોઈ માહિતી માટે જગ્યા ઓછી પડે તો ત્યાં બીજા કોરા કાગળમાં માહિતી આપવા વિનંતી.

# : સંદર્ભ સુચી :


**List of Websites :**

1. www.talimrojgar.org
2. www.pnrsociety.org
3. www.unicef.org

**State Administration Reports :**

4. Rajkot State 1923 - 24
5. Rajkot State 1924 - 25
6. Rajkot State 1925 - 26
7. Rajkot State 1926 - 27

**District Gazetters :**

8. Rajkot District Gazatters, Guj. Government, Ahmedabad, 1965
9. Kathiyawad Political Agency Gazaetters, Rajkot, 1882.

**List of Books :**

**(A) English Books :**

10. Munshi K. M., Majmudar R. C., Pusalker A. D., "The History and Culture of Indian People the Delhi Sultanate", Bhartiya Vidya Bhavan Kulpati Munshi, Mumbai, 1990 Forth Ed.
11. Shukla Rasikbhai "History of Saurashtra", Sau. Uni., 1993.

12. Vyas K. C. "The Social Renaissanccin in India", Vora & Co. Pub. Pvt. Ltd., Mumbai.
13. Sen S. P. (Edi) "Social and Religious Movement", Culcutta - 1979.
14. Rajgor S. B., "History of Gujarat", S. Chand & Company Ltd., Ramnagar, New Delhi.
15. Karve D. K. "On Looking Black", Pune, 1936
16. P. Thomas. "Indian Woman Through the age in 1969", Asia Publi. House, 1954.
17. Bell H. Willber Force "The History of Kathiawad", Ajay Book Service, New Delhi, 1980.
18. Everett Jama Matson "Woman and Social Change in India", New Delhi, 1979
19. Zala P. R. "Milton John, on His Blindness", Parikh Prakashan", 1990.
20. NINAD - AYJNIHH
21. Herring Impairment causes Prevention - ministry of Welfare Govt. of India
22. AT & T Technology Park for the Disabled.
23. Prevention of Ocotoxicity. - AYJNIHH
24. MORE ABOUT LISTENISLY AND SPEAKING - AYJNIHH
25. Under one umbrella - Sir JOHN Wilson memorial programme
26. Yearly Report - DDRC
27. Moric stec, The Meaning of Social Security 1948

28. Report of the Study Team on Social welfare and welfare of Backward Classes - 1959.

29. Dr. Majmudar R. C., Social Work in Ancient and Medieval Indian in History and Philosophy of Social Work 1961.

## sAlf lCgNL o

#_ VMD5|SFX c c5|FRLG EF¯TSF .lTCF; c c lJ,F; 5a,LS[XG lN<CL4 !)*!

#! VlLGCM+L JL³ S[³ c cEF¯TLI .lTCF; c c V[,F.0 5a,LS[XG4 gI] lN<CL4 !)))

#Z 0M³ .`J¯LI5|;FN c cEF¯T SF .lTCF; c c EFU v Z4 5|IFU4 !)%%

## U]~A1Fl;\US5]¯ c cEF¯T JQF'SF ;¯, .lTCF; c c V[;³ R\N V[g0 S\5GL4 gI] lN<CL4 !)&&

#$ ;CFI lXJ:J~5 c clCgN] ;FDFlHS ;\:YF^ c c lSTFA DC, 5|F.J[8 ,LDL8[04 V<CFAFN4 !)&(4 5|YD VFJ'lT

#% 0M³ ;tI5|SFX c cEF¯T SF .lTCF; c c lXJ,F, V[g0 S\5GL4 VFU|F

#& ;tIS[T] lJnF,\SF¯ c cEF¯T SL HGHFlTIF TYF ;\:YFV[ c c4 lJHI S'Q6 ,B5F, V[g0 S\5GL

#* 5|TF5l;\C c cDwISFl,G EF¯T c c¯L;R' 5a,LS[XG4 HI5]¯

#( EÎFRFI" ;]¯DI c cDCFEF¯T SFl,G ;DFH c c

#) ¯FW[XIFD c c;<TGT SFl,G EF¯T SF ;FDFlHS TYF VFlY'S .lTCF; c c4 VF,FCFAFN !)$*

$_ 5F\0[I ¯FHA1FL c c5|FRLG EF¯T c c4 G\NlSXM¯ V[g0 ;g;4 JF¯F6;L

$! JDF" J|H[`J¯ c cEÉT SlJ ;]¯NF; c c4 lCgNL Un 5n ;\U|C4 5'³ !(% ;[ !)%

$Z 0M³ N[J¯FH c clJ`J S[ ;\T5]~QF c c4 SFXL lJ`JlJnF,I4 JF¯F6;L4 5'³ !&)

$# VFC]HF ¯FD4 ;FDFHLS ;D:IFV[4 ¯FJT 5a,LS[XG HI5]¯ v!)))

$$ DNG HL3 VF¯3 ;DFH SFI"4 lJJ[S 5|SFXG HJFC¯ GU¯
lN<OL v !))&

$% lDzF 5L3 OL34 ;FDFHLS ;D:IFV[4 ;DFH SFI"

**(સી) ગુજરાતી :**

૪૬ આચાર્ય નવિનચંદ્ર "મધ્યકાલીન ભારત", યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૪૭ કોરાટ, નીઝી, ભાલ (સંપાદક), "ભાવનગર રાજયનો ઈતિહાસ", પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૫.

૪૮ ધારૈયા, કાજી, ભટ્ટ, જાની (સંપાદક), "ગ્રીસનો ઈતિહાસ", અમદાવાદ, છટ્ઠી આવૃતિ, ૧૯૭૪ – ૭૫.

૪૯ છત્રપતિ નિલકંઠરાય ડાયાભાઈ "પ્રસિધ્ધ થયેલા અંધમિત્રોના પરિચય" જ્ઞાન વિજ્ઞાન પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃતિ ૧૯૬૬.

૫૦ દેસાઈ શંભુપ્રસાદ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ", પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ.

૫૧ પેટલીકર ઈશ્વર "અપંગોની પ્રતિભા", નવજીવન પ્રકાશન, અમદાવાદ – ૧૯૭૪.

૫૨ પટેલ મગનભાઈ "પ્રાચીન ભારતમાં નારી", મગનભાઈ રણછોડભાઈ પટેલ, વલ્લભવિદ્યાનગર – ૧૯૮૯.

૫૩ મિસ્ત્રી ઠાકોરભાઈ છ. "અંધોનું શિક્ષણ", જ્ઞાન વિજ્ઞાન પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃતિ.

૫૪ રાવલ રવિશંકર "કુમાર અંક" હેલનકેલર, તંત્રી રાવત બચુભાઈ, અમદાવાદ, નવેમ્બર ૧૯૬૮.

૫૫ વોટસન જે. ડબલ્યુ (મૂળલેખક) નર્મદાશંકર લાભશંકર "કાઠીયાવાડી સર્વસંગ્રહ", એજયુકેશન સોસાયટી પ્રેસ, મુંબઈ ૧૯૮૬.

૫૬ વેદમુર્તી તપોનીષ્ઠ પંડીત શ્રી રામશર્મા આચાર્ય, માતા ભગવતીદેવી "ઋગવેદ સંહીતા", ભાગ – ૧, બ્રહ્મવર્ચસ શાંતિકુંજ, હરિદ્વાર – ૧૯૯૬.

૫૭ 'સ્મરણિકા', ભીખાભાઈ ચુનીલાલ શાહ, રાષ્ટ્રીય અંધ કલ્યાણ અંધ, ગુજરાત રાજય શાખા, વસ્ત્રાપુર, અમદાવાદ.

૫૮ જાની એસ. વી. "૧૪ મી સદીમાં સૌરાષ્ટ્રમાં સામાજિક સુધારાનું આંદોલન" સામિપ્ય, અમદાવાદ, ઓકટોબર ૧૯૯૩–૯૪.

૫૯ નાયક છોટુભાઈ "મધ્યયુગીન ભારત ભાગ – ૨", ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૬૦ પટેલ જશુભાઈ "ભારતનો ઈતિહાસ", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૬૧ પરીખ પી. સી. "ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ – ૧૯૭૪.

૬૨ શાહ અંજના "સમાજ સુધારણામાં ગાંધીજીનું પ્રદાન", ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ – ૧૯૮૧.

૬૩ શેઠ સુરેશચંદ્ર "ભારતમાં સામાજિક ધાર્મિક સુધારણા ચળવળો", યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ – ૧૯૮૦.

૬૪ પંડીત શાસ્ત્રી ગંગા પ્રસાદ "કૌટીલ્ય અર્થશાસ્ત્ર", દિલ્હી ૧૯૬૭.

૬૫ ગાંધી બંસીધર હીરાલાલ "બહેરામુંગાના શિક્ષણનો ઈતિહાસ", પ્રકાશક રામલાલ ડાયાભાઈ પરીખ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃતિ – ૧૯૬૪.

૬૬ પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે., ભારતની સામાજીક સમસ્યાઓ, અનડા પ્રકાશન અમદાવાદ – ૨૦૦૦–૨૦૦૧.

૬૭ ડો. ત્રિવેદી એમ. એમ., મનો વિશ્લેક્ષણ શાસ્ત્ર એક રૂપરેખા, યુની. ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય અમદાવાદ.

૬૮ કાબડીયા ઉજમશી એ. અને જોશી ભરતકુમાર બી., વ્યાવહારિક મનોવિજ્ઞાન, અનડા પ્રકાશન– ૧૯૬૭.

૬૯ રાવલ પ્રતિક્ષા, અસામાન્ય મનોવિજ્ઞાન, યુની. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય અમદાવાદ.

૭૦ ડો. પટેલ મફતલાલ , અસાધારણ મનોવિજ્ઞાન, યુની. ગ્રંથ નિમાર્ણ બોર્ડ, ગુજરાત રાજય.

૭૧ પ્રાચીન ભારતનો ઈતિહાસ – સી. જમનાદાસ કંપની, અમદાવાદ

૭૨ મધ્યકાલીન ભારતનો ઈતિહાસ – સી. જમનાદાસ કંપની, અમદાવાદ

૭૩ પ્રો. શાહ એ. જી. અને પ્રો. દવે જે. કે. , સામાજીક સંશોધન પધ્ધતિઓ, રચના પ્રકાશન, અમદાવાદ.

૭૪ પ્રો. સારડા કે.સી. અને પ્રો. ભટ્ટ આર.પી., સમાજલક્ષી મનોવિજ્ઞાન, સી.જમનાદાસ કંપની અમદાવાદ.

૭૫ જુવેનાઈલ જસ્ટીસ એકટ ૧૯૮૬

૭૬ ચિલ્ડ્રન એકટ ૧૯૬૦

૭૭ મુંબઈ બાળધારો, ૧૯૪૮

૭૮ સૌરાષ્ટ્ર ચિલ્ડ્રન એકટ ૧૯૫૪

૭૯ ભિક્ષા પ્રતિબંધકધારો–૧૯૫૯

૮૦ અપંગધારો –૧૯૬૫

૮૧ સમાજસુરક્ષા ખાતુ –મેન્યુઅલ –૧૯૯૩

૮૨ પુરુષ રાજય આવાસગૃહ –વ્યવસ્થા તંત્ર, પ્રકાશક–નિયામક સમાજ સુરક્ષા, અમદાવાદ –૧૯૭૫

૮૩ સમાજ સુરક્ષા ખાતાઓની યોજનાઓ, નિયામક સમાજસુરક્ષા ખાતુ, ગુ.રા. અમદાવાદ.

૮૪ ડો. શેઠ હંસાબેન, બાળ અપરાધ,

૮૫ 'પોલીયો' બાળકોનો શત્રુ નંબર –૧ પખવાડીક મેગેઝીન, સંદેશ –૧–૧૨–૨૦૦૦.

૮૬ નાણાવટી રમેશભાઈ, મદદ ન્યાયધીશ વડોદરા, ભિક્ષા નિવારણ સપ્તાહ વડોદરા સોવિનીયેર

૮૭ કોશિશ – મેગેઝીન

૮૮ કેરીયર ચેલેન્ઝ – મેગેઝીન

૮૯ સ્પર્શકિરણ – રૈયા નીતા હિંમતભાઈ – રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર

૯૦ શ્રવણમંદો માટે તાલિમ અભ્યાસ– શ્રી ખી. લ. બહેરા મુંગા શાળા, ભાવનગર

## પી.એચ.ડી. થીસીસ :

૯૧ ડો. લખતરીયા નરેન્દ્ર "સ્વાતંત્ર્ય પછી સૌરાષ્ટ્રમાં ઉચ્ચ શિક્ષણના વિકાસનો ઈતિહાસ અને તેની અસરો ૧૯૪૭ – ૧૯૭૯", સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ – ૧૯૯૦.

૯૨ ડો. કિકાણી દિપ્તી "રાજકોટનો ઐતિહાસિક, શૈક્ષણિક અને સામાજીક તથા સાંસ્કૃતિક ઈતિહાસ", સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ.

૯૩ ડો. કિકાણી એ. એમ. "જુનાગઢ રાજયનો રાજયકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ", સૌરાષ્ટ્ર યુનિ. ૧૯૯૦.

૯૪ ડો. વ્યાસ રશ્મિ ટી. "૧૯ મી સદીમાં ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સાંસ્કૃતિક પ્રદાન", સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ, ૧૯૮૬.

૯૫ ડો. રાવલ પ્રફુલ્લા જે. "રાજકોટ જિલ્લામાં મહિલા કલ્યાણ સંસ્થાઓ – સ્થાપના વિકાસ અને પ્રવૃતિઓ – એક મુલ્યાંકન ઈ.સ. ૧૯૪૭ થી ૧૯૮૭", સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ – ૨૦૦૦.

૯૬ ડો. જાની કલ્પા એસ. "સૌરાષ્ટ્રમાં મહિલાનું ઉચ્ચ શિક્ષણ : પ્રારંભ અને વિકાસ (ઈ.સ. ૧૯૪૭ થી ઈ.સ. ૧૯૯૩)" સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ – ૧૯૯૭.

**એમ. ફીલ થીસીસ :**

૯૭ સોરઠીયા અનસુયા એમ. "બાર્ટન ટ્રેનીંગ કોલેજ ફોર વીમેન રાજકોટની સ્થાપનાનો ઈતિહાસ તથા વિવિધ ક્ષેત્રે પ્રદાન", સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ.

૯૮ કોટેચા જયશ્રી એમ. "શ્રી વૃજલાલ દુર્લભજી પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ, રાજકોટ સ્થાપના વિકાસ અને પ્રવૃતિઓ (ઈ.સ. ૧૯૫૬ થી ઈ.સ. ૧૯૯૬)", સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ – ૨૦૦૧.

૯૯ જોષી જાગૃતિબેન "શ્રી અને શ્રીમતિ છગનલાલ શામજી વિરાણી બ્હેરામુંગા શાળા ટ્રસ્ટ રાજકોટ, સ્થાપના, વિકાસ અને પ્રવૃતિઓ (ઈ.સ. ૧૯૬૧ થી ઈ.સ. ૧૯૯૬), સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ.

**અહેવાલો :**

૧૦૦ શ્રી પી. લ. બહેરામુંગા શાળા, ભાવનગર, વાર્ષિક અહેવાલ

૧૦૧ શ્રી અને શ્રીમતિ છ. શા. વિરાણી બહેરામુંગા શાળા, રાજકોટ. રજતજયંતિવર્ષ ૧૯૮૭, વિશેષાંક

૧૦૨ વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ, રાજકોટ વર્ષ ૧૯૯૩ થી ૧૯૯૬.

૧૦૩ વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ, રાજકોટ પરિચય પુસ્તીકા, વર્ષ ૧૯૭૪.

૧૦૪ શ્રી અંધ સર્વોદય મંડળ, પંચવર્ષિય અહેવાલ, રાજકોટ, વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૬.

૧૦૫ ૧૯૬૦ ના જુન મહિનાના કેરિયરના જણાવ્યા મુજબ વિશ્વ સંસ્થામાં રજી. થયેલા અંધ વિષેની તપાસનો અહેવાલ.

૧૦૬ ટહુકો સોવેનિયર ૧૯૯૫ – ૯૬

૧૦૭ બહેરામુંગાનો ઈતિહાસ તથા શિક્ષણ વિશેષાંક અહેવાલ ફેબ્રુ. – ૧૯૯૬.

૧૦૮ રાવલ રવિશંકર "કુમાર", એક તંત્રી, બચુભાઈ રાવત, અમદાવાદ – ૧૯૬૮.

૧૦૯ મંદબુધ્ધિ એટલે શું ? સંકલન :– શ્રીરત્ના ઉપાધ્યાય વડોદરા, શ્રીરેશ્મા અજમેરા ભાવનગર

૧૧૦ બાળકોમાં અંધાપો અટકાવીએ :– સરજહોન વિલ્સન મેમોરિયલ કાર્યક્રમ

૧૧૧ બહેરાશ પ્રતિકાર – શ્રીમતી પી. એન. આર. સોસાયટી ફોર રીલીફ એન્ડ રીહેબિલિટેશન ઓફ ધી ડિસેબલ્ડ ભાવનગર

૧૧૨ મંદબુધ્ધિ – કારણો અને ઉપચાર અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, ભાવનગર

૧૧૩ શ્રી ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળ, વાર્ષિક અહેવાલ

૧૧૪ શ્રીમતિ પી. એન. આર. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય, વાર્ષિક અહેવાલ

૧૧૫ અંકુર મંદબુધ્ધિની શાળા – ભાવનગર, વાર્ષિક અહેવાલ

**વહીવટી ફાઈલોનું લીસ્ટ :**

૧૧૬ કાયમી આદેશ ફાઈલ

૧૧૭ મહેકમ ફાઈલ

૧૧૮ સરકારી ઠરાવ ફાઈલ

૧૧૯ કચેરીના પરિપત્રની ફાઈલ

૧૨૦ વિઝીટીંગ કમીટીની ફાઈલ

૧૨૧ ગ્રેચ્યુઈટી અંગેની ફાઈલ

૧૨૨ અંતેવાસીઓ ૨૫. ચો.મી. અંગેની ફાઈલ

૧૨૩ રેલ્વે વોરંટની ફાઈલ

૧૨૪ નાસી ગયેલ અંતેવાસીઓની રકમ જમા કરાવા અંગેની ફાઈલ

૧૨૫ ખાતાકીય ઓડીટ ફાઈલ

૧૨૬ વાર્ષિક અહેવાલની ફાઈલ

૧૨૭ સ્થાપના ફાઈલ

**હિસાબી ફાઈલોનું લીસ્ટ :**

૧૨૮ ખર્ચ પત્રક ફાઈલ

૧૨૯ પગાર બીલ ફાઈલ

૧૩૦ બજેટ ફાઈલ

૧૩૧ રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન ૫૦% ખર્ચ ફાઈલ

૧૩૨ ડી.સી.બી. ફાઈલ

૧૩૩ ગ્રાન્ટ ફાઈલ

૧૩૪ એબસ્ટ્રેક બીલની ફાઈલ

૧૩૫ કલોધીંગ બેડીંગ પત્રોની ફાઈલ

૧૩૬ મેડીકલ સવલત ફાઈલ

**કેશ વર્કસની ફાઈલોનુ લીસ્ટ :**

૧૩૭ રીમાન્ડ વિભાગની વાઉચર ફાઈલ

૧૩૮ ડીટેઈલ વિભાગની ફાઈલ
૧૩૯ કલ્યાણ ફંડની ફાઈલ
૧૪૦ રેલ્વે વોરંટની ફાઈલ
૧૪૧ અંતેવાસી પુનઃ સ્થાપનની ફાઈલ

## રજીસ્ટરોનું લીસ્ટ :

૧૪૨ રાઉન્ડઅપ રજીસ્ટર
૧૪૩ ડીટેઈન, એડમિશન રજીસ્ટર
૧૪૪ રીલીઝ રજીસ્ટર
૧૪૫ નાસી ગયેલ અંતેવાસીનું રજીસ્ટર
૧૪૬ તબદીલ રજીસ્ટર
૧૪૭ પ્રવેશ રજીસ્ટર
૧૪૮ પ્રોપર્ટી રજીસ્ટર
૧૪૯ ડાયેટ રજીસ્ટર
૧૫૦ ચેક રજીસ્ટર
૧૫૧ અંગત જામીનગીરી રજીસ્ટર
૧૫૨ તબીબી સહાય રજીસ્ટર

## રૂબરૂ મુલાકાત :

૧૫૩ શ્રી પ્રકાશભાઈ મંકોડી, મેને. ટ્રસ્ટી, અંધ મહિલા વિકાસ ગૃહ.
૧૫૪ શ્રીમતિ સંતોકબેન બેંગાલી, મેને. ટ્રસ્ટી, અંધ મહિલા વિકાસ ગૃહ.
૧૫૫ જયાબેન ઠકરાર, અંધ મહિલા વિકાસ ગૃહ.
૧૫૬ ઉષાબેન ત્રિવેદી, પ્રિન્સીપાલ, અંધ મહિલા વિકાસ ગૃહ.
૧૫૭ કુ. નીતાબેન સુતરીયા, ભૂ. ક. અંધમહિલા વિકાસ ગૃહ

૧૫૮ સુરેશભાઈ કાથરાણી – એકાઉટન્ટ, અંધ મહિલા વિકાસ ગૃહ

૧૫૯ રાજેન્દ્રભાઈ ટી. બાસ – ટ્રસ્ટી અંધ મહિલા વિકાસ ગૃહ

૧૬૦ રાડીયા ઈન્દુભાઈ જી., શિક્ષક – વી.ડી.પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ, રાજકોટ.

૧૬૧ શ્રી દેવજીભાઈ જે. ખોખરી – સંસ્થાના સ્થાપક શ્રી ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરૂકુળ, પોરબંદર

૧૬૨ શ્રી બાબુભાઈ એ. બાળવાણી – અધિક્ષકશ્રી અંધજન તાલીમ કેન્દ્ર, અમરેલી

૧૬૩ અધિક્ષકશ્રી બી. આર. સોલંકી ઓબ્ઝર્વેશન હોમ, જુનાગઢ

૧૬૪ પ્રિન્સીપાલશ્રી જે. એલ. રાવલ શ્રી અમે. પી. શાહ સરકારી અંધશાળા, જુનાગઢ

૧૬૫ શ્રી કે. એચ. દેથલીયા સાહેબ, સમાજસુરક્ષા અધિકારી, જુનાગઢ

૧૬૬ શ્રી કે. જે. રાવલ, પ્રિન્સીપાલશ્રી સરકારી બહેરામંગા શાળા, જુનાગઢ

૧૬૭ ડો. આના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ સમાજ કાર્ય ભવન ગુજ. વિદ્યાપીઠ, અમદાવાદ

૧૬૮ આર. ડી. વાઘાણી , એમ. એસ ડબલ્યુ ભવન, વડાશ્રી, સૌ. યુનીવર્સીટી, રાજકોટ.

૧૬૯ ડો. ડી. કે. શાહ ઓર્થો. સર્જન, માનદ વી. એમ. ઓ. અપંગ બાળગૃહ રાજકોટ.

૧૭૦ ડો. શ્યામ ગોહેલ ઓર્થો. સર્જન, રાજકોટ.

૧૭૧ ડો. પ્રકાશ મહેતા. મનોચીકીત્સક રાજકોટ

૧૭૨ ડો. પી. એમ. કરકરે માનદ વી. એમ. ઓ. ઓબ્ઝર્વેશન– રાજકોટ.

૧૭૩ એમ. ડી. રાઠોડ, સમાજ સુરક્ષા અધિકારી રાજકોટ

૧૭૪ એ. બી. પ્રજાપતિ, અધિક્ષક, ઓબ્ઝર્વેશન હોમ રાજકોટ.

૧૭૫ એ. એ. ઠાકુર, અધિક્ષક, સ્પેશ્યલ હોમ ફોર બોયઝ રાજકોટ

૧૭૬ કનકસિંહ વી. ઝાલા, નાયબ અધિક્ષક સ્ટેટ હોમ ફોર મેન રાજકોટ.

૧૭૭ શ્રીમતી સંસ્કૃતિ બને એ. ઠાકર , ઈ. ચા. અધિક્ષક સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ, રાજકોટ

૧૭૮ એન. બી. ચારણ અધિક્ષક અપંગ બાળગૃહ રાજકોટ.

૧૭૯ પી. બી. પટેલ ,અધિક્ષક, ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર રાજકોટ.

૧૮૦ સ્વ. જે. ડી. દાવડા, અધિક્ષક, મંદબુધ્ધિના બાળકોનું ગૃહ રાજકોટ.